શ્રીભુવનભાનુ સંસ્કૃત શ્રેણિ સોપાન-૨

# સરલ સંસ્કૃતમ્

## દ્વિતીયા



શત્રુંજય શણગાર
શ્રી આદિનાથ દાદા



જીરાવલાની જાન
શ્રી જીરાવલા પાર્શ્વનાથ દાદા



ત્રિભુવન તિલક
શ્રી મહાવીર મહારાજા



ગિરનારના ગૌરવ
શ્રી નેમિનાથ પરમાત્મા



શંખેશ્વર શૃંગાર
શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ દાદા



હે કલિકાલસર્વજ્ઞજી !

અર્હં થી માંડી સિદ્ધમ્ સુધીમાં આપે સમગ્ર અને સંપૂર્ણ વ્યાકરણપથ ગૂંથી દીધો. બસ ! હવે એવા આશિર્વાદ આ બાળક ઉપર વરસાવજો કે જેનાથી તે વ્યાકરણપથ દ્વારા અર્હં થી માંડી સિદ્ધમ્ સુધીમાં ગૂંથાયેલા મોક્ષપથને અમે મેળવી શકીએ. અર્હંમાં જાતને વિલીન કરી સિદ્ધસ્વરૂપી બનીએ !





ગુરુદેવ !

સાગરનું પાણી જેમ વરસાદ દ્વારા નદીમાં અને નદી દ્વારા આખરે પુનઃ સાગરમાં જ વિલીન થાય છે.

હે મહાસાગર ગુરુમૈયા !

અહીં પણ કંઇક આવી જ ઘટના ઘટી છે. આપનું જ, આપે જણાવેલું જ આજે આ સરલસંસ્કૃતમ્‌ની નદી દ્વારા પુનઃ આપનામાં વિલીન થઇ રહ્યું છે.

માટે આને સમર્પણ ન કહેતા વિલીનીકરણ જ કહીશ. હા ! પણ એક અપેક્ષા તો જરૂર છે.

ગુરુદેવ !

નદી જ્યારે સાગરમાં ભળે ત્યારે જેવી ઊર્મિઓ ઉછળે છે બસ તેવી જ પ્રસન્નતાની ઊર્મિ આપનામાં ઊઠે અને તેના દર્શનનો મને લ્હાવો મળે. બસ ! પછી તો મોહનું અને ખુદ મારી જાતનું વિલીનીકરણ થયું જ સમજો !

શ્રીભુવનભાનુ સંસ્કૃત શ્રેણિ સોપાન-૨

# સરલ સંસ્કૃતમ્

(સંસ્કૃતની સર્વાંગીણ સફર માટે)

## દ્વિતીયા

લેખક

પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ આચાર્ય દેવેશ
શ્રીમદ્ વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન
પરમ પૂજ્ય પૂના જીલ્લા ઉદ્ધારક પંન્યાસ પ્રવર
શ્રીવિશ્વકલ્યાણ વિજયજી મહારાજાના શિષ્ય
પંન્યાસ યશોવિજયજી મહારાજના શિષ્યાણુ
મુનિ ભક્તિયશવિજય

પ્રકાશક

**શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ**

C/o. કુમારપાળભાઈ વી. શાહ
૩૯, કલિકુંડ સોસાયટી
મફલીપુર ચાર રસ્તા પાસે,
ધોળકા-જિ. અમદાવાદ-૩૮૭ ૮૧૦

ગ્રન્થનું નામ :-

**સરલ સંસ્કૃતમ્ - ૨**

વિષય :- સંસ્કૃતના અભ્યાસ માટેના નિયમો
+ રૂપો તથા તે માટેનો સ્વાધ્યાય ભા. ૨

મૂલ્ય :- ₹ ૧૦૦

આવૃત્તિ :-પ્રથમ

**કોમ્પ્યુટર ટાઈપ સેટિંગ - મુદ્રકઃ**
**આઝાદ પ્રિન્ટર્સ**
રાજકોટ. ફોન : ૨૪૫૧૮૬૪
મો. ૯૯૯૮૮ ૫૪૨૫૩

**પ્રાપ્તિસ્થાન :-**
**(૧) પ્રકાશક**
**(૨) શ્રીયશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**
**શ્રી જૈન શ્રેયસ્કર મંડળ**
સ્ટેશન રોડ, રંગ મહોલના નાકે,
મહેસાણા-ઉત્તર ગુજરાત-૩૮૪ ૦૦૧.
**(૩)પંડિતવર્યશ્રી ચંદ્રકાંતભાઈ સંઘવી**
૬/B, અશોકા કોમ્પ્લેક્ષ, રેલ્વે ગરનાળા પાસે,
પાટણ - ૩૮૪ ૨૬૫
ઉત્તર ગુજરાત. ફોન : (૦૨૭૬૬) ૨૩૧૬૦૩
**(૪)મહેન્દ્રભાઈ ઝવેરી**
૫૦૨, સંસ્કૃતિ કોમ્પ્લેક્ષ, અતિથિ ચોકની પાસે,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.
મો. ૯૮૨૫૧ ૬૮૮૩૪

સૂચના :-
**આ પુસ્તક સંપૂર્ણતયા જ્ઞાનખાતાની રકમમાંથી છપાયું હોવાથી કોઈપણ ગૃહસ્થે જ્ઞાનખાતામાં કિંમત ચૂકવ્યા વિના આની માલિકી કરવી નહીં.**

# પ્રકાશકીય

જિનશાસનના અણમોલ તત્ત્વો, અજોડ પદાર્થો, અનુપમ પરમાર્થો અને અદ્‌ભુત તર્કો મહાનિધાન સમા છે. પણ એ નિધાનને તાળું મારેલું છે. આ તાળાની ચાવી એટલે સંસ્કૃતભાષા. આમે ય સંસ્કૃત જેવી પદ્ધતિસર, નિયમબદ્ધ અને રોચક બીજી એકે ય ભાષા નથી. પણ, આ સંસ્કૃત ભાષા થોડી અટપટી અને અઘરી છે. એટલે જ આ ભાષામાં સરલતાથી પ્રવેશ થઈ શકે તે માટે

આચાર્ય વિજય
**શ્રી ભુવનભાનુસૂરિ**
જન્મશતાબ્દી વર્ષે

સંસ્કૃતભાષા ભણવા માટે ઉપયોગી
પાંચ પુસ્તકોનો સેટ પ્રકાશિત કરતા
અમે અનહદ આનંદ અનુભવીએ છીએ.
નવા-નવા સ્વાધ્યાયો, નિયમોની સરળ રજૂઆત
અને રૂપો ગોખવાની સરળ પદ્ધતિઓથી
આ પાંચેય પુસ્તક જિનશાસનમાં
આદેય બનશે.
એવી ભાવનાસહ

લિ.
શ્રીદિવ્યદર્શન ટ્રસ્ટ વતી
કુમારપાળ વી. શાહના
પ્રણામ

**દિવ્યાશિષ :-**

પરમ પૂજ્ય સકલસંઘહિતચિંતક
આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય
**ભુવનભાનુ સૂરીશ્વરજી** મહારાજા

**શુભાશિષ :-**

પરમ પૂજ્ય સિદ્ધાન્તદિવાકર
ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **જયઘોષ સૂરીશ્વરજી** મ.સા.
પરમ પૂજ્ય પૂના જિલ્લાઉદ્ધારક
પંન્યાસ પ્રવર **શ્રી વિશ્વકલ્યાણવિજયજી** મ.સા.
પૂજ્ય પંન્યાસ પ્રવર **શ્રી યશોવિજયજી** મ.સા.

**પ્રસ્તુત પુસ્તકના લાભાર્થી :-**

વેરાવળ નગરમાં થયેલ
(૧) શ્રી કલ્પદ્રુમ સંભવનાથ દાદાની ઐતિહાસિક પ્રતિષ્ઠાના
(૨) પરમ પૂજ્ય ગણિવર્ય શ્રી યશોવિજયજી મ.સા.ની પંન્યાસપદવીના
(૩) પરમ પૂજ્ય મુનિરાજશ્રી ભાનુયશ વિજયજી મ.સા.ની પ્રવ્રજ્યાના
પરમોત્સવે થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી

**શ્રી વેરાવળ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ**
**વેરાવળ (સૌરાષ્ટ્ર)**
**ભૂરિ-ભૂરિ અનુમોદના**

# સંસ્કૃતિ સંસ્કૃતની

સુવાસ અને સોનાનો સંવેધ
આશ્ચર્યજનક બનીને જ રહે છે
કોકિલકંઠ અને કર્ણપ્રિય સંગીતનો અનુવેધ
આહ્લાદજનક બનીને જ રહે છે,
આરાધના + આરાધક ભાવનો સમાગમ
અનુમોદનાજનક બનીને જ રહે છે
બસ, તો
સ્વાધ્યાય અને સંયમનો સંવેધ,
અનુવેધ અને સમાગમ
આશ્ચર્યજનક, આહ્લાદજનક અને
અનુમોદનાજનક બનીને જ રહે છે.
સંયમ સાચવવા માટે સ્વાધ્યાય જેટલો
આવશ્યક છે તેટલી જ આવશ્યક
સ્વાધ્યાય માટે સંસ્કૃતભાષા છે.
આ સંસ્કૃતભાષામાં પ્રવેશ કરાવતું
પુસ્તક આજે શ્રીસંઘના
પાણિપદ્મમાં શોભી રહ્યું છે.
દેવ, ગુરુની કૃપાનું આ સુવાસિત પુષ્પ છે.
સંસ્કૃત ભાષામાં રહેલા સર્વશ્રેષ્ઠ
વિશેષતાઓને
આ પુસ્તકમાં સમાવવાનો
એક નમ્ર પ્રયાસ કર્યો છે.
એટલે જ કેવલ
પ્રથમાનો અભ્યાસ પર્યાપ્ત નથી.

તેનાથી અધૂરપ જણાય છે.

જ્યારે દ્વિતીયાના અભ્યાસથી એટલી જ

મધુરપ જણાય છે.

પણ, આનો અભ્યાસ ઘણો કઠીન છે.

એટલે જ જો પ્રથમા બુક પાકી હશે

અને

ક્રમશઃ દરેક સ્વાધ્યાયને કરતા-કરતા

આગળ વધવામાં આવશે તો વાંધો

નહીં આવે

ધ્યાન રહે -

❖ આ બુકમાં નિયમો ઘણા છે. પણ, વાસ્તવમાં તે નિયમો બધાં જરૂરી નથી. પણ નિયમોની જગ્યાએ કેવલ રૂપ ગોખી લેવાય તો પણ ચાલે. આમે ય પ્રેક્ટિકલ ઉપયોગમાં તો રૂપો જ આવવાના છે.

જેમ કે, 'अस् - ગ. ૨' ધાતુના ૫ નિયમો ગોખવા કરતા આખું રૂપ જ ગોખી લેવું એ પ્રેક્ટિકલમાં વધુ સરળ અને ઉપયોગી સાબિત થયું છે. તે નિયમો ફક્ત સમજી લઈએ તો પણ ચાલે.

હા ! અમુક આવશ્યક નિયમો ગોખવા પણ પડે.

તેથી તે-તે વખતે સૂચનાઓ આપી જ છે !

અદ્યતનને સૌથી છેલ્લે રાખવામાં આવેલ છે.

❖ આમ તો ૬ કાળ + ૪ અર્થને

વિભક્તિ કહેવાય.

છતાં શબ્દની વિભક્તિ અને
ધાતુની વિભક્તિ વચ્ચે
ગોટાળો ન થાય તે માટે
'૧૦ કાળ' એવો પ્રયોગ કરેલ છે.

આના અભ્યાસથી સંસ્કૃતવાંચન અવશ્ય
સરળતાથી થઈ શકશે તેવો વિશ્વાસ છે.
અધ્યાપક + અધ્યેતા વર્ગને વિનંતી કે કંઈ પણ
પ્રતિભાવ - સૂચન હોય તો અવશ્ય
જણાવશોજી.
જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો
મિચ્છા મિ દુક્કડમ્

લિ. ગુરુપાદપદ્મસદ્મનિવાસી
પંન્યાસ યશોવિજય

શ્રીભુવનભાનુસૂરિ જન્મશતાબ્દી વર્ષ
વિ. સં. ૨૦૬૭
શાંબ - પ્રદ્યુમ્ન મુક્તિગમન દિન
ફાગણ સુદ - ૧૩
જાગનાથ સંઘ, રાજકોટ

# અનુક્રમણિકા


| પાઠ ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧ | ૧, ૪, ૬, ૧૦ મા ગણમાં અનિયમિતતા [Part-I] | ૧ |
| ૨ | ૧, ૪, ૬, ૧૦ મા ગણમાં અનિયમિતતા [Part-II] | ૬ |
| ૩ | પાંચમો + આઠમો ગણ વર્તમાનકાળ | ૧૧ |
| ૪ | પાંચમો + આઠમો ગણ હ્યસ્તન ભૂતકાળ & આજ્ઞાર્થ | ૧૭ |
| ૫ | પાંચમો + આઠમો ગણ વિધ્યર્થ & કર્મણિ | ૨૫ |
| ૬ | ગણ – ૯ વર્તમાનકાળ & હ્યસ્તન ભૂતકાળ | ૩૦ |
| ૭ | ગણ – ૯ આજ્ઞાર્થ, વિધ્યર્થ & કર્મણિ | ૩૮ |
| ૮ | ગણ – ૭ વર્તમાનકાળ & હ્યસ્તન ભૂતકાળ | ૪૪ |
| ૯ | ગણ – ૭ આજ્ઞાર્થ, વિધ્યર્થ & કર્મણિ | ૫૩ |
| ૧૦ | ગણ – ૨ [Part-I] | ૬૦ |
| ૧૧ | ગણ – ૨ [Part-II] | ૭૩ |
| ૧૨ | ગણ – ૨ [Part-III] | ૮૩ |
| ૧૩ | ગણ – ૨ [Part-IV] | ૯૨ |
| ૧૪ | ગણ – ૩ [Part-I] | ૯૭ |
| ૧૫ | ગણ – ૩ [Part-II] | ૧૦૬ |
| ૧૬ | શ્વસ્તન ભવિષ્યકાળ [Part-I] | ૧૧૫ |
| ૧૭ | શ્વસ્તન ભવિષ્યકાળ [Part-II] | ૧૨૪ |
| ૧૮ | સામાન્ય ભવિષ્યકાળ & ક્રિયાતિપત્ત્યર્થ | ૧૩૧ |
| ૧૯ | આશીર્વાદાર્થ | ૧૩૮ |

| | | |
|---|---|---|
| ૨૦ | સંખ્યાદર્શક શબ્દો | ૧૪૪ |
| ૨૧ | પરોક્ષ ભૂતકાળ [Part-I] | ૧૫૮ |
| ૨૨ | પરોક્ષ ભૂતકાળ [Part-II] | ૧૬૯ |
| ૨૩ | પરોક્ષ ભૂતકાળ [Part-III] | ૧૭૯ |
| ૨૪ | પરોક્ષ ભૂતકાળ [Part-IV] | ૧૮૬ |
| ૨૫ | કૃદન્તો | ૧૯૪ |
| ૨૬ | પ્રેરક | ૨૦૦ |
| ૨૭ | ઈચ્છાદર્શક | ૨૦૭ |
| ૨૮ | તદ્ધિત & નામ સાધિત ધાતુ | ૨૧૫ |
| ૨૯ | અનિયમિત રૂપો | ૨૨૨ |
| ૩૦ | યઙન્ત–યઙ્લુબન્ત | ૨૩૧ |
| ૩૧ | અદ્યતન ભૂતકાળ [Part-I] | ૨૩૬ |
| ૩૨ | અદ્યતન ભૂતકાળ [Part-II] | ૨૪૨ |
| ૩૩ | અદ્યતન ભૂતકાળ [Part-III] | ૨૪૭ |
| ૩૪ | અદ્યતન ભૂતકાળ [Part-IV] | ૨૫૨ |
| **પરિશિષ્ટ – ૧.** | સંસ્કૃત - ગુજરાતી કોશ | ૨૫૬ |
| ૨. | ગુજરાતી - સંસ્કૃત કોશ | ૨૬૭ |




# સરલ સંસ્કૃતમ્

દ્વિતીયા

# પાઠ - ૧

## ૧- ૪ - ૬ - ૧૦મા ગણમાં અનિયમિતતા - [Part - I]

### પહેલી બુકના ગણોના અનિયમિત રૂપો

[1]

| ધાતુ → | गुप् | धूप् | विच्छ् | पण् | पन् |
|---|---|---|---|---|---|
| ગણ → | ૧ | ૧ | ૬ | ૧ | ૧ |
| પદ → | પરસ્મૈ. | પરસ્મૈ. | પરસ્મૈ. | ઉભય. | ઉભય. |
| અર્થ → | છૂપાવવું | તપાવવું | જવું | વખાણવું | સ્તુતિ કરવી |
| રૂપ → | गोपायति | धूपायति | विच्छायति | पणायति | पनायति |

આટલા ધાતુઓમાં કર્તરિ ચાર કાળમાં ગણની નિશાની લાગતા પહેલા કાયમ आय् લાગે. અને કર્તરિ છ કાળ, કર્મણિ, પ્રેરકમાં વિકલ્પે आय् લાગે.

દા.ત. 'गोपायति' ........ ઈત્યાદિ.

છ કાળમાં → 'गुप्' गोपायिता અથવા गोपिता ।

કર્મણિમાં → गोपाय्यते / गुप्यते । પ્રેરકમાં → गोपाययति / गोपयति ।

पण् અને पन् ધાતુને આત્મનેપદમાં आय् લાગે નહિં. દા.ત. पणते, पनते ।

[2]

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| भ्राश् | भ्लाश् | भ्रम् | क्रम् | क्लम् | त्रस् | लष् | ष्ठिव् |
| પ્રકાશવું | પ્રકાશવું | ભમવું | ચાલવું | કંટાળવું | ગભરાવું | ઈચ્છવું | થૂંકવું |
| यस् | सम् + यस् | आ + चम् | | આ (૧૧) ધાતુઓ પહેલા | | | |
| કષ્ટ દેવું | પ્રયાસ કરવો | આચમન કરવું | | તથા ચોથા ગણના છે. | | | |

**દા.ત.** भ्राशते - भ्राश्यते । भ्लाशते - भ्लाश्यते । संयसति - संयस्यति ।

[3] अक्ष्, तक्ष् પહેલા તથા પાંચમા ગણના છે.

**દા.ત.** अक्षति - अक्ष्णोति । तक्षति - तक्ष्णोति ।

[4] त्रुट् (તુટવું, કાપવું) પરસ્મૈપદી ચોથા તથા છઠ્ઠા ગણનો છે.

**દા.ત.** त्रुट्यति - त्रुटति ।

[5] 'गुह्' ધાતુનો उ ચાર કાળમાં સર્વત્ર દીર્ઘ થાય છે. બાકીના છ કાળમાં સ્વરાદિ વિકારક પ્રત્યય લાગે ત્યારે દીર્ઘ થાય. **દા.ત.** ➤ गूहति । ➤ अगूहत् ।

[6] सो, शो, दो, छो - આ ચોથા ગણના ધાતુઓમાં 'ओ' નો લોપ થાય છે.

દા.ત. ★ सो ➔ स्यति । ★ शो ➔ श्यति ।
★ दो ➔ द्यति । ★ छो ➔ छ्यति ।

[7] ધાતુમાં રહેલ દીર્ઘ 'ॠ'નો અવિકારક પ્રત્યય પૂર્વે 'इर्' થાય.

દા.ત. ★ कॄ = [છઠ્ઠો ગણ] किरति ।

પણ इर् + અવિકારક વ્યંજન = દીર્ઘ ईर् થાય.

દા.ત. कॄ + य [કર્મણિનો] + ते = कीर्यते ।

તથા ધાતુના અંતે ઓષ્ઠ્ય વ્યંજન કે व् + ॠ દીર્ઘ + અવિકારક વ્યંજન = દીર્ઘ ॠ નો ऊर् થાય.

દા.ત. पॄ [ગણ-૯] + य [કર્મણિનો] + ते = पूर्यते ।

[8] ધાતુમાં હ્રસ્વ इ કે उ પછી અંતે व् + અવિકારક વ્યંજન.
= દીર્ઘ ई કે ऊ + અંતે व् + અવિકારક વ્યંજન

દા.ત. ★ सिव् [ગણ-૪] ➔ सिव् + य + ति = सीव्यति

## ધાતુઓ

➤ **ગણ - ૧ - પરસ્મૈપદ :-**

गुप् = છુપાવવું, રક્ષવું *[To Hide]* *[To Protect]*

धूप् = તપાવવું *[To Heat]*

➤ **ગણ - ૧ - ઉભયપદ :-**

पण् = વખાણવું *[To Praise]*

पन् = સ્તુતિ કરવી *[To Honour]*

➤ **ગણ - ૬ - પરસ્મૈપદ :-**

विच्छ् = જવું [To Go]

कॄ = વિખેરવું *[To Scatter]*

➤ **ગણ - ૪ - પરસ્મૈપદ :-**

सो = નાશ કરવો *[To Destroy]*

शो = છોલવું *[To Peel]*

दो = છેદવું / કાપવું *[To Cut]*

छो = છેદવું / કાપવું *[To Cut]*

सिव् = સીવવું *[To Sew]*

➤ **ગણ - ૧ + ૪ - આત્મનેપદ :-**

भ्राश् = પ્રકાશવું *[To Shine]*

भ्लाश् = પ્રકાશવું *[To Glow]*

➤ **ગણ - ૧ + ૪ - પરસ્મૈપદ :-**

भ्रम् = ભમવું *[To Wander]*

क्रम् = ચાલવું *[To Walk]*

क्लम् = કંટાળવું *[To Be Bored]*

त्रस् = ગભરાવું *[To Be Afraid]*

लष् = ઈચ્છવું *[To Wish]*

ष्ठिव् = થૂંકવું *[To Spit]*

यस् = કષ્ટ દેવું *[To Trouble]*

सम्+यस् = પ્રયત્ન કરવો. *[To Attempt]*

आ+चम् = આચમન કરવું, પીવું *[To Drink]*

➤ **ગણ - ૧ + ૫ - પરસ્મૈપદ :-**

अक्ष् = ફેલાવવું, ફેલાવું *[To Spread ]*

तक्ष् = છોલવું *[To Peel]*

➤ **ગણ - ૪ + ૬ - પરસ્મૈપદ :-**

त्रुट् = તૂટવું, કાપવું *[To Break]*

## શબ્દો

**→ તત્સમ શબ્દો - પુલ્લિંગ :-**

प्रभाव = પ્રભાવ [*Lustre*]

सिंह = સિંહ [*Lion*]

**→ નૂતન શબ્દો - પુલ્લિંગ :-**

वह्नि = અગ્નિ [Fire]

सीवक = દરજી [*Tailor*]

मृग = હરણ [*Deer*]

तक्षक = સુથાર [*Carpenter*]

चातुर्मास = ચોમાસું [*Monsoon*]

अर्बुद = આબુ

विमल = વિમલ શાહ

**→ નપુંસકલિંગ :-**

काञ्चन = સોનું [ Gold ]

स्वन = અવાજ [*Voice*]

उदर = પેટ [*Stomach*]

जन्मन् = જન્મ [*Birth*]

वासस् = વસ્ત્ર [*Cloth*]

[पयस् પ્રમાણે રૂપ]

**→ અવ્યય :-**

कृते = માટે, વાસ્તે [*For*]

चेत् = જો [*If*]

**→ સર્વનામ :-**स्व = પોતે [*I / me*]

## સ્વાધ્યાય

[1] **સંસ્કૃતનું ગુજરાતી કરો :-** [સમાસ + સંધિ છૂટી પાડી અર્થ કરવા.]
[ નોંધ : હવે દરેક પાઠમાં જે નવા ધાતુ આવ્યા છે તે જ વાપરવા. ન આવ્યા હોય તો જ પ્રથમ બુકના કે જૂના ધાતુ વાપરવા. ]

1. सज्जनैरात्मनः सत्कर्माणि गोपाय्यन्ते ।
2. ये शत्रुञ्जयतीर्थं विच्छायन्ति, सिद्धाचलमारोहन्ति, आदिनाथजिनप्रतिमां च पनायन्ति ते न चिरं संसारे भ्रमन्ति ।
3. आदिनाथभगवत्प्रभावो जगत्यक्षति, स जीवस्य पापं स्यति ।
4. यथा यथा तैः काञ्चनं वह्नौ धूप्यते तथा तथा तत्काञ्चनं भ्राश्यते तथैव जीवेन तपसो वह्नौ यथा यथा स्वात्मा धूपाय्यते तथा तथाऽऽत्मा भ्लाशते ।
5. भगवान् महावीरो न व्याघ्रादपि त्रस्तवान्, न कदाऽपि क्लामति, मोक्षस्य कृते संयस्यति, देहं यसति, कर्माणि छ्यति, अत एव देवा महावीरं भगवन्तं पणायन्ति ।
6. क्रमन् क्रमन्नयं हस्ती वृक्षं किरति । स्वोदरञ्च तेन पूर्यते ।
7. अहं निर्वृत्तिं लषाम्यतो मया विषयाः ष्ठीव्यन्ते ।
8. सीवको वासांसि सीव्यति ।
9. उदकमाचाम्यन् मृगः सिंहस्वनमाकर्ण्याऽत्रस्यत् ।

## [2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-

1. ગર્જના કરતા સિંહના અવાજને સાંભળીને જંગલમાં હરણાઓ ત્રાસ પામ્યાં.
2. સુથાર લાકડાને જંગલમાંથી કાપી ઘરે લાવી પછી તેને છોલે છે.
3. 'હે શ્રાવક ! તું ક્રોધને છોડ, દયાને પાળ, વ્રતને આચર' - આ પ્રમાણે ભગવાન મહાવીરે દેશનામાં ભવ્ય જીવોને ઉપદેશ આપ્યો.
4. 'હે ભગવાન ! તું જ મારું શરણ છે, તું મને નરકથી બચાવ' - આ પ્રમાણે શ્રેણિક મહારાજાએ ભગવાન મહાવીરને પ્રાર્થના કરી.
5. સૂર્ય વડે પથરાતા પ્રકાશને બાળકો જુએ છે.
6. વિમલમંત્રીએ આબુ ઉપર સોનામહોરો ફેલાવી, પછી તે બધી સોનામહોરોના બદલામાં બ્રાહ્મણોએ પર્વત આપ્યો.
7. શ્રાવકે ચોમાસામાં પોતાના નગરની બહાર ન જવું જોઈએ.
8. રક્ષાયેલો ધર્મ સંકટમાં માનવને રક્ષે છે.
9. ધર્મ દુર્ગતિમાં પડતા જીવોને રક્ષે છે માટે તું વારંવાર ધર્મનું આચરણ કર.

## [3] રૂપ ઓળખાવો :-

| નં. | રૂપ | મૂળધાતુ | કાળ/અર્થ | પ્રયોગ | વચન | પુરુષ | ગણ | અર્થ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | अगोपायाम | | | | | | | |
| 2. | धूपायेतम् | | | | | | | |
| 3. | पणाय | | | | | | | |
| 4. | अपनायः | | | | | | | |
| 5. | अविच्छ्येथाम् | | | | | | | |

## [4] ખૂટતી વિગતો પૂરો :-

| નં. | ગુજરાતી અર્થ | રૂપ | મૂળધાતુ | કાળ/અર્થ | પદ | વચન | પુરુષ | ગણ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | તે બે ત્રાસ પામો. | | त्रस् | | | | | |
| 2. | તેઓએ છોલ્યું હતું. | | शो | | | | | |
| 3. | મારે આચમન કરવું જોઈએ. | | आ+चम् | | | | | |
| 4. | તમે બેએ ઈચ્છ્યું. | | लष् | | | | | |
| 5. | તેણે વિખેર્યું. | | कॄ | | | | | |

[5] **સાચું રૂપ પસંદ કરો :-**

1. ष्ठीव्यताम्, ष्ठीवताम्, ष्ठिव्यताम् ।
2. भ्लासयाथाम्, भ्लाश्याथाम्, भ्लाशेयाथाम् ।
3. लषन्ताम्, लषतम्, लष्यतम् ।
4. सीव्येः, सिव्येः, सिवेः ।
5. अद्याम्, अद्यम्, अद्यम ।

[6] **નીચેના ચિત્રો જોઈ કોઈપણ ત્રણ વાક્યો બનાવો :-**





(1) ____________________
(2) ____________________
(3) ____________________

(1) ____________________
(2) ____________________
(3) ____________________

[7] **રૂપ પૂરા કરો :-** [મૂળધાતુ, ગણ, પદ અને અર્થ પણ જણાવવા]

| | એ વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | ____ | ____ | ____ |
| દ્વિ.પુ. → | ____ | ____ | किरेत |
| તૃ. પુ. → | किरेत् | ____ | ____ |

| | એ વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | ____ | ____ | अगोपायाम |
| દ્વિ.પુ. → | ____ | ____ | ____ |
| તૃ. પુ. → | अगोपायत् | ____ | ____ |

ooo

**પાઠ - ૨**

# ૧-૪-૬-૧૦ મા ગણમાં અનિયમિતતા [ Part - II ]

## ✱ નિયમો ✱

[9] युज्, पृच्, सृ, वृज्, वृ, जृ, रिच्, तप्, तृप्, दृप्, अर्ह् આ (૧૧) ધાતુ પહેલા અને દશમા ગણના છે. **દા.ત.** योजति - योजयति । વગેરે......

[10] क्रम्, क्लम्, आ+चम्, ष्ठिव् આ ચાર ધાતુનો ઉપાંત્ય સ્વર પરસ્મૈપદમાં દીર્ઘ થાય. **દા.ત.** क्रामति - क्राम्यति । क्लामति - क्लाम्यति । વગેરે....

[11]

| शम् | तम् | दम् | श्रम् | मद् | भ्रम् | क्षम् |
|---|---|---|---|---|---|---|
| શાંત થવું | થાકવું | દમન કરવું | થાકવું | ભૂલવું | ભમવું | માફ કરવું |

આ ચોથા ગણના સાત ધાતુઓમાં પરસ્મૈપદમાં ઉપાંત્ય સ્વર દીર્ઘ થાય છે.

દા.ત. शम् → शाम्यति । भ्रम् → भ्राम्यति

[12] दंश् (પરસ્મૈ.), सञ्ज् (પરસ્મૈ.), स्वञ्ज् (આત્મને.), रञ्ज् (ઉભય.) આટલા ધાતુઓમાં અનુનાસિક લોપાય. **દા.ત.** दशामि । सजति ।

[13] लुप्, लिप्, खिद्, कृत्, पिश्, सिच्, विद्, मुच् આ (૮) છઠ્ઠા ગણના ધાતુઓમાં ચાર કાળના પ્રત્યયોમાં ધાતુની વચ્ચે સ્વવર્ગનો અનુનાસિક ઉમેરાય છે.

**દા.ત.** लुप् → लुम्पति । लिप् → लिम्पति - ते । सिच् → सिञ्चति ।

[14] નીચેના ધાતુઓમાં સૂચિત આદેશ થાય.

| ध्मा | घ्रा | म्ना | ऋ | सृ | यम् | दा |
|---|---|---|---|---|---|---|
| धमति | जिघ्रति | मनति | ऋच्छति | धावति | यच्छति | यच्छति |
| ફૂંકવું | સૂંઘવું | વિચારવું | જવું | દોડવું | કાબુમાં રાખવું | આપવું |

| शद् | व्यध् | भ्रस्ज् | व्रश्च् | मस्ज् | सस्ज् |
|---|---|---|---|---|---|
| शीयते | विध्यति | भृज्जति-ते | वृश्चति | मज्जति | सज्जति-ते । |
| નાશ પામવું | વીંધવું | ભૂંજવું | કાપવું | ડૂબવું | તૈયાર થવું |

[15] છઠ્ઠા ગણની નિશાની 'अ'ની પહેલાં હ્રસ્વ કે દીર્ઘ 'इ', 'उ' નો 'इय्', 'उव्' થાય છે.

**દા.ત.** ➤ रि = रियति । ➤ नू = नुवति । ➤ धू = धुवति

[16] દશમા ગણના तन्त्र्, चित्, भर्त्स्, मन्त्र्, दंश् વગેરે ધાતુઓ માત્ર આત્મનેપદી છે. બીજા પ્રાયઃ ઉભયપદી છે. ( चित् ધાતુ ક્વચિત્ પરસ્મૈપદી તરીકે પણ વપરાય છે.)

**દા.ત.** ➤ तन्त्र् = तन्त्रयते । ➤ चित् = चेतयते । ➤ भर्त्स् = भर्त्सयते ।

નોંધ :– આ બધા નિયમો પ્રથમ બુકના ચાર કાળ માટેના જ છે .

## ધાતુઓ

**➤ ગણ - ૧ - પરસ્મૈપદી :-**

सञ्ज् = ભેટવું, ચોંટવું [*To Embrace*]

ध्मा [धम्] = ફૂંકવું [*To Blow*]

घ्रा [जिघ्र्] = સૂંઘવું [*To Smell*]

म्ना [मन् ] = માનવું [*To Think*]

ऋ [ऋच्छ्] = જવું [*To Go*]

यम् [यच्छ्] = કાબુમાં રાખવું [*To Control*]

**➤ ગણ - ૪ - પરસ્મૈપદી :-**

शम् = શાંત થવું [*To Calm Down* ]

तम् = થાકી જવું [*To Tire*]

दम् = દમન કરવું [*To Subdue*]

श्रम् = થાકી જવું [*To Tire*]

मद् = ભૂલ કરવી [*To Make Mistake*]

क्षम् = માફ કરવું [*To Forgive*]

व्यध् [विध्] = વીંધવું [*To Pierce*]

**➤ ગણ - ૧૦ - આત્મનેપદી :-**

चित् = ચેતી જવું [*To Be Warned*]

भर्त्स् = તિરસ્કારવું [*To Humiliate*]

मन्त्र् = વિચારણા કરવી [*To discuss*]

**➤ ગણ – ૧ – આત્મનેપદી :-**

स्वञ्ज् = ભેટવું [*To Hug*]

शद् [शीय्] = નાશ પામવું [*To Perish*]

**➤ ગણ - ૧ -ઉભયપદી :-**

सस्ज् = તૈયાર થવું [*To Be Ready*]

रञ्ज् = રંગવું, આસક્ત થવું [*To Colour / To Be Attached*]

**➤ ગણ - ૬ - પરસ્મૈપદી :-**

खिद् = ખૂંદવું, દુઃખી થવું [*To Trample*]

कृत् = છેદવું [*To Cut*]

पिश् = પીસવું [*To Grind*]

धू = ધ્રૂજવું, નાશ કરવો [*To Tremble*]

नू = સ્તુતિ કરવી [*To Praise*]

रि = જવું [*To Go*]

मस्ज् [मज्ज्] = ડૂબવું [*To Drown*]

व्रश्च् [वृश्च्] = કાપવું [*To Cut*]

**➤ ગણ - ૬ - ઉભયપદી :-**

भ्रस्ज् [भृज्ज्] = ભૂંજવું [*To Roast*]

लुप् = કાપવું [*To Cut*]

लिप् = લીંપવું, લેપ કરવો [*To Anoint*]

➤ ગણ - ૧ + ૧૦

| ધાતુ | ૧લા ગણનું રૂપ | અર્થ | પદ | ૧૦મા ગણનું રૂપ | અર્થ | પદ |
|---|---|---|---|---|---|---|
| युज् | योजति | જોડવું | પરસ્મૈપદ | योजयति | જોડવું | ઉભયપદ |
| पृच् | पर्चति | ભળવું | પરસ્મૈપદ | पर्चयति | મિશ્રણ કરવું | ઉભયપદ |
| सृ | धावति | દોડવું | પરસ્મૈપદ | सारयति | ઢાંકવું | ઉભયપદ |
| वृज् | वर्जति | છોડવું | પરસ્મૈપદ | वर्जयति | છોડવું | ઉભયપદ |
| वृ | वरति | વરવું | પરસ્મૈપદ | वारयति | અટકાવવું | ઉભયપદ |
| जृ | जरति | જીર્ણ થવું | પરસ્મૈપદ | जारयति | ઘસાવું | ઉભયપદ |
| रिच् | रेचति | જુદું કરવું | પરસ્મૈપદ | रेचयति | જુદું કરવું | ઉભયપદ |
| तप् | तपति | તપવું | પરસ્મૈપદ | तापयति | તપાવવું | ઉભયપદ |
| तृप् | तर्पति | તૃપ્ત થવું | પરસ્મૈપદ | तर्पयति | ધરાવું | ઉભયપદ |
| दृप् | दर्पति | સળગાવવું | પરસ્મૈપદ | दर्पयति | સળગાવવું | ઉભયપદ |
| अर्ह् | अर्हति | યોગ્ય હોવું | પરસ્મૈપદ | अर्हयति | યોગ્ય હોવું | ઉભયપદ |
| दंश् | दशति | ડંખવું | પરસ્મૈપદ | दंशयते | ડંખવું | આત્મનેપદ |

## શબ્દો

**❀ તત્સમ શબ્દો - પુલ્લિંગ :-**

निरय = નરક [*Hell*]

**➜ સ્ત્રીલિંગ :-**

छाया = છાંયડો [*Shade*]

मदनरेखा = સતી મદનરેખા

**➜ નપુંસકલિંગ :-**

चन्दन = ચંદન [*Sandalwood*]

**➜ વિશેષણ :-**

दुर्लभ = દુર્લભ [*Rare*]

**❀ નૂતન શબ્દો - પુલ્લિંગ :-**

आमोद = સુગંધ, આનંદ [*Fragrance*]

पान्थ = મુસાફર [*Traveller*]

भुवनभानु = ભુવનભાનુસૂરિ

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. वृष्टेरामोदमुपजिघ्रन् हस्ती मत्तो जातस्ततश्च स वने धावितः ।
2. श्रान्तः पान्थो वृक्षच्छायायामुपविष्टः, स फलानि कृन्तति, खादति च ततस्तर्पयति ।
3. मदनरेखा अरीभूता अपि स्वपुत्रौ योजितवती ।
4. सज्जनः पापं कुर्वन्तमन्यं वारयति तस्य पापञ्च सारयति । यदि स न मन्यते तर्हि तं वर्जयति ।

5. हे भगवन् !

तव चेतसि वर्त्तेऽहमिति वार्त्ताऽपि दुर्लभा ।
मच्चेतसि वर्तसे चेत्त्वमलमन्येन केनचित् ॥

6. अभिषेकं कृत्वा प्रभोः प्रतिमां चन्दनेन लिम्पेत् ।
7. सर्वे जनाः रियन्तु जिनालयम् ।
8. दावानलेन सदृशं संसारं दृष्ट्वाऽपि किं न चेतयसे मूर्ख !
9. श्वभ्रे कीदृशं दुःखं भवति ? तत्रासुरा जीवं विध्यन्ति, वह्नौ भृज्जन्ति, वृश्चन्ति, लुम्पन्ति, खिन्दन्ति, पिंशन्ति, दशन्ति, धमन्ति, तापयन्ति, जीवस्याङ्गानि रेचन्ति, असङ्ख्येयानि वर्षाणि यावद् एतादृशं दुःखं त्वया सोढं तथापि किं न चेतयसे ? चेतयाऽऽचर धर्मं ।

## [2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-

1. ચંડકૌશિક સર્પ ડંખે છતે પણ ભગવાન મહાવીરે તેને ક્ષમા આપી.
2. મારા દ્વારા કરાયેલા પાપો મારા જ મનને ડંખે છે.
3. થાકેલા બાળકે રસોઈને માંગી.
4. 'તું કાપ, તું છેદ, તું સળગાવ' – આવી વાણી શ્રાવકે છોડવી જોઈએ.
5. માણસ ઘરડો થયો પણ તેની ઈચ્છાઓ ઘરડી ન થઈ.
6. કુમારપાળ રાજા હિંસાથી અત્યંત ધ્રૂજતા હતા.
7. સાધુઓએ સફેદ કપડાં જ લેવા જોઈએ – એ પ્રમાણે આચાર્યો વિચારણા કરે છે.
8. મારણાન્તિક ઉપસર્ગ આવે છતે પણ તેને સહન કરી ગજસુકુમાલ મુનિએ કર્મોને કાપી નાંખ્યા અને તે મોક્ષમાં ગયા.
9. તે લોકો આગમાં ઘી ભેળવે છે.

## [3] ખૂટતી વિગતો પૂરો :-

| નં. | રૂપ | ગુજરાતી અર્થ | મૂળધાતુ | અર્થ/કાળ | પદ | વચન | પુરુષ | ગણ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | | તેઓએ તિરસ્કાર્યું હતું. | | | | | | |
| 2. | रजेध्वम् | | | | | | | |
| 3. | | અમારે બધાંએ લીંપવું જોઈએ. | | | | | | |
| 4. | पर्चयेतम् | | | | | | | |
| 5. | | તમે બે પીસો. | | | | | | |

[4] **ખૂટતી વિગતો પૂરો :-**

| નં. | ધાતુ | ગણ | વ.કા. તૃ.પુ. એ. વ. | હ્ય.ભૂ. તૃ.પુ. એ. વ. | આ. તૃ.પુ. એ.વ. | વિ. તૃ.પુ. એ. વ. |
|---|---|---|---|---|---|---|
| 1. | खिद् | | | | | |
| 2. | अर्ह् | १० | | | | |
| 3. | दंश् | १० | | | | |
| 4. | सस्ज् | | | | | |
| 5. | वृ | १ | | | | |

[5] **જુદા પડતા પ્રયોગને દર્શાવો :-** [આ પાઠમાં આવેલ નિયમોને આધારે]

1. माद्यति, मुह्यति, क्षाम्यति
2. अरेचत्, अयच्छत्, अतर्पयत्
3. वर्जति, वर्जयति, क्लाम्यति
4. धावति, सारयति, जिघ्रति
5. सिञ्चति, ऋच्छति, यच्छति

[6] **રૂપ પૂરા કરો :-** [મૂળધાતુ, ગણ, પદ અને અર્થ પણ જણાવો.]

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | आर्ह्यै | ___ | ___ |
| દ્વિ.પુ. → | ___ | ___ | ___ |
| તૃ. પુ. → | ___ | आर्ह्येताम् | ___ |

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | ___ | आर्च्छाव | ___ |
| દ્વિ.પુ. → | ___ | ___ | ___ |
| તૃ. પુ. → | आर्च्छत् | ___ | ___ |

OOO

## પાંચમો + આઠમો ગણ - વર્તમાનકાળ

આ પાઠથી આપણે ૧, ૪, ૬, ૧૦ સિવાયના ગણો જોઈશું :-

### ૨, ૩, ૫, ૭, ૮ તથા ૯મા ગણ માટેના કાળના પ્રત્યયો

ઉપરોક્ત છ ગણના ચાર કાળના પરસ્મૈપદના તથા આત્મનેપદના પ્રત્યયો પ્રાયઃ પૂર્વોક્ત ૧, ૪, ૬, ૧૦ ગણના પ્રત્યયોને સમાન છે. છતાં તેમાં જે ફેરફાર છે તેને □ આવા ચોરસ બોક્ષમાં લખ્યાં છે.

જે પ્રત્યયો વિકારક છે તેને ○ આવા વર્તુળ આકારમાં લખ્યા છે.

જે પ્રત્યયોની નીચે ═ આવું કરેલ છે. તે પ્રત્યયો ત્રીજા ગણના તમામ ધાતુઓ અને બીજા ગણના शास्, जक्ष् આદિ પાંચ ધાતુઓ માટેના છે.

**પરસ્મૈપદ વર્તમાનકાળ આત્મનેપદ**

| | એકવચન | દ્વિવચન | બહુવચન | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|
| પ્ર. પુ. → | (मि) | वस् | मस् | ए | वहे | महे |
| દ્વિ. પુ. → | (सि) | थस् | थ | से | [आथे] | ध्वे |
| તૃ. પુ. → | (ति) | तस् | अन्ति/अति | ते | [आते] | [अते] |

**હ્યસ્તન ભૂતકાળના પ્રત્યયો**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર. પુ. → | (अम्) | व | म | इ | वहि | महि |
| દ્વિ. પુ. → | (स्) | तम् | त | थास् | [आथाम्] | ध्वम् |
| તૃ. પુ. → | (त्) | ताम् | अन् / उस् | त | [आताम्] | [अत] |

**આજ્ઞાર્થના પ્રત્યયો**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર. પુ. → | (आनि) | (आव) | (आम) | (ऐ) | (आवहै) | (आमहै) |
| દ્વિ. પુ. → | [हि] | तम् | त | स्व | [आथाम्] | ध्वम् |
| તૃ. પુ. → | (तु) | ताम् | अन्तु/अतु | ताम् | [आताम्] | [अताम्] |

## વિધ્યર્થના પ્રત્યયો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર. પુ. → | याम् | याव | याम | ईय | ईवहि | ईमहि |
| દ્વિ. પુ. → | यास् | यातम् | यात | ईथास् | ईयाथाम् | ईध्वम् |
| તૃ. પુ. → | यात् | याताम् | युस् | ईत | ईयाताम् | ईरन् |

## દ્વિતીય બુકના છ ગણ માટેના સામાન્ય નિયમો

૧. અંગને અંતે इ કે उ + સ્વરાદિ અવિકારક પ્રત્યય.
= इय् કે उव् + સ્વરાદિ અવિકારક પ્રત્યય.
દા.ત. आप् + नु + अन्ति = आप्नुवन्ति ।

૨. અનેક સ્વરી અંગને અંતે અસંયુક્ત વ્યંજન પછી હ્રસ્વ કે દીર્ઘ इ કે उ હોય તો તે इ કે ई નો इय् ના બદલે य् થાય છે. અને उ કે ऊ નો उव् ના બદલે व् થાય છે.
**દા.ત.** बिभी + अति = बिभ्यति । निनी + इव = निन्यिव ।
जुहु + अति = जुह्वति । चिनु + अन्ति = चिन्वन्ति ।

## પાંચમો / આઠમો ગણ

પાંચમા ગણની નિશાની → नु  આઠમા ગણની નિશાની → उ

**નિયમો :–**

I મિ આદિ વિકારક પ્રત્યયો લાગતા અંત્ય उ નો ગુણ ओ થાય છે.
**દા.ત.** चि → चिनोमि । अचिनवम् । चिनवानि । तन् → तनोमि ।

II આ બંને (૫-૮) ગણના ધાતુના અંગમાં અસંયુક્ત વ્યંજન પછી
उ + *वादि - માદિ પ્રત્યય હોય તો उ નો વિકલ્પે લોપ થાય.
**દા.ત.** 'चि' → चिन्वः / चिनुवः । चिन्मः / चिनुमः ।

III આ બંને (૫-૮) ગણમાં અસંયુક્ત અંગ ઉપર 'हि' નો લોપ થાય છે.
**દા.ત.** 'चि' → चिनु । तन् → तनु ।

IV. 'कृ' (૮મો ગણ)નું અંગ :
વિકારક પ્રત્યય પૂર્વે 'करो' થાય. **દા.ત.** करोमि । अकरवम् । करवाणि ।
અવિકારક वादि - માદિ - यादि પ્રત્યય પૂર્વે कुर् થાય.
**દા.ત.** कुर्वः । कुर्मः । कुर्याम् । कुर्याव ।
શેષ અવિકારક પ્રત્યય પૂર્વે 'कुरु' થાય. **દા.ત.** कुरुथः । कुरुतः ।

* માદિ = 'म'થી શરૂ થતા, वादि = 'व' થી શરૂ થતા

આપણે કેટલાંક વર્તમાનકાળના રૂપો પણ જોઈએ :-

(1) आप् = મેળવવું. પરસ્મૈપદ ગણ - ૫

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | आप्नोमि | आप्नुवः | आप्नुमः |
| દ્વિ.પુ. → | आप्नोषि | आप्नुथः | आप्नुथ |
| તૃ. પુ. → | आप्नोति | आप्नुतः | आप्नुवन्ति |

(2) अश्=મેળવવું, ભોગવવું. આ.પદ ગણ-૫

| એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|
| अश्नुवे | अश्नुवहे | अश्नुमहे |
| अश्नुषे | अश्नुवाथे | अश्नुध्वे |
| अश्नुते | अश्नुवाते | अश्नुवते |

(3) चि = એકઠું કરવું. ઉભયપદ ગણ - ૫

**પરસ્મૈપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | चिनोमि | चिनुवः<br>चिन्वः | चिनुमः<br>चिन्मः |
| દ્વિ.પુ. → | चिनोषि | चिनुथः | चिनुथ |
| તૃ. પુ. → | चिनोति | चिनुतः | चिन्वन्ति |

**આત્મનેપદ**

| એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|
| चिन्वे | चिनुवहे<br>चिन्वहे | चिनुमहे<br>चिन्महे |
| चिनुषे | चिन्वाथे | चिनुध्वे |
| चिनुते | चिन्वाते | चिन्वते |

(4) धृष् = હિમ્મત કરવી. પરસ્મૈપદ ગણ - ૫

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | धृष्णोमि | धृष्णुवः | धृष्णुमः |
| દ્વિ.પુ. → | धृष्णोषि | धृष्णुथः | धृष्णुथ |
| તૃ. પુ. → | धृष्णोति | धृष्णुतः | धृष्णुवन्ति |

(5) शृ = સાંભળવું. પરસ્મૈપદ ગણ - ૫

| એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|
| शृणोमि | शृणुवः<br>शृण्वः | शृणुमः<br>शृण्मः |
| शृणोषि | शृणुथः | शृणुथ |
| शृणोति | शृणुतः | शृण्वन्ति |

(6) कृ = કરવું. ઉભયપદ ગણ - ૮

**પરસ્મૈપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | करोमि | कुर्वः | कुर्मः |
| દ્વિ.પુ. → | करोषि | कुरुथः | कुरुथ |
| તૃ. પુ. → | करोति | कुरुतः | कुर्वन्ति |

**આત્મનેપદ**

| એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|
| कुर्वे | कुर्वहे | कुर्महे |
| कुरुषे | कुर्वाथे | कुरुध्वे |
| कुरुते | कुर्वाते | कुर्वते |

(7) तन् = તાણવું, પાથરવું, ફેલાવવું. ઉભયપદ ગણ - ૮

**પરસ્મૈપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | तनोमि | तनुवः<br>तन्वः | तनुमः<br>तन्मः |
| દ્વિ.પુ. → | तनोषि | तनुथः | तनुथ |
| તૃ. પુ. → | तनोति | तनुतः | तन्वन्ति |

**આત્મનેપદ**

| એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|
| तन्वे | तनुवहे<br>तन्वहे | तनुमहे<br>तन्महे |
| तनुषे | तन्वाथे | तनुध्वे |
| तनुते | तन्वाते | तन्वते |

(8) क्षण् = ઘાયલ કરવું. પરસ્મૈપદ ગણ - ૮

| | | એ વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|
| પ્ર. પુ. | → | क्षणोमि | क्षणुवः/क्षण्वः | क्षणुमः/क्षण्मः |
| દ્વિ. પુ. | → | क्षणोषि | क्षणुथः | क्षणुथ |
| તૃ. પુ. | → | क्षणोति | क्षणुतः | क्षण्वन्ति |

## ધાતુઓ

➤ **ગણ - ૪ - આત્મનેપદ :-**

दू = દુઃખી થવું [*To Be Afflicted*]

➤ **ગણ - ૫ - પરસ્મૈપદ :-**

आप् / प्र + आप् = મેળવવું [*To Achieve*]

दु = દુઃખ દેવું, પજવવું [*To Hurt*]

धृष् = હિંમત કરવી, હોડ બકવી, લડાઈ કરવી [*To Challenge*]

शक् = શકવું, શક્તિમાન હોવું [*To Be Strong*]

श्रु (शृ) = સાંભળવું [*To Listen*]

साध् = સાધવું [*To Achieve*]

हि = જવું [*To Go*]

प्र + हि = મોકલવું [*To Send*]

➤ **ગણ - ૫ - ઉભયપદ :-**

चि = એકઠું કરવું [*To Gather*]

प्र + चि = ભેગું કરવું [*To Gather*]

वि+चि = ભેગું કરવું, શોધવું [*To Gather*]

धू = ધ્રૂજાવવું, દૂર કરવું [*To Shake*]

धु = ધ્રૂજાવવું, દૂર કરવું [*To Shake*]

वृ = ઢાંકવું [*To Cover*]

अप+आ+वृ = ઉઘાડવું [*To Open*]

वि + वृ = વિવરણ કરવું [*To Describe*]

आ + वृ = કાબૂ રાખવો [*To Control*]

सम् + वृ = બંધ કરવું [*To Close*]

➤ **ગણ - ૫ - આત્મનેપદ :-**

अश् = મેળવવું [*To Get / Achieve*]

➤ **ગણ - ૮ - ઉભયપદ :-**

कृ = કરવું [*To Do*]

वशी + कृ = વશ કરવું [*To Control*]

अङ्गी+कृ = અંગીકાર કરવો [*To Accept*]

आविष्+कृ =આવિષ્કાર કરવો [*To Invent*]

तिरस् + कृ = ધિક્કારવું [*To Disgrace*]

प्रति + कृ = સામા થવું [*To Avenge*]

तन् = પાથરવું, તાણવું [*To Spread*]

प्र + तन् = પાથરવું [*To Spread*]

➤ **ગણ - ૮ - આત્મનેપદ :-**

वन् = માંગવું [*To Ask*]

➤ **ગણ - ૮ - પરસ્મૈપદ :-**

क्षण् = ઘાયલ કરવું [*To Hurt*]

## શબ્દો

**❀ તત્સમ શબ્દો ❀**

**→ પુલ્લિંગ :-**

वीर = વીર, પરાક્રમી [*Brave*]

मूढ = મૂઢ, મૂર્ખ [*Foolish*]

विरह = વિયોગ [*Separation*]

**→ વિશેષણ :-**

श्वेत = સફેદ [*White*]

➔ **નપુંસકલિંગ :-**
शास्त्र = શાસ્ત્ર [*Scripture*]
➔ **સ્ત્રીલિંગ :-**
कीर्ति = કીર્તિ [*Fame*]
❀ **નૂતન શબ્દો - પુલ્લિંગ :-**
स्मर = કામસુખ, કામદેવ [*God of Love*]
वनीपक = યાચક [*Beggar*]
➔ **વિશેષણ :-**
रक्त = લાલ [*Red*]
पीत = પીળું [*Yellow*]

## સ્વાધ્યાય

### [1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-

1. सत्कार्याणि मनुष्यस्य कीर्तिं सर्वेषु देशेषु तन्वन्ति ।
2. ये जनाः तपः कुर्वन्ति ते क्षीणकर्माणो मुक्तिं प्राप्नुवन्ति ।
3. स्थूलिभद्र एव वीरो यः स्मरगृहं गत्वा स्मरं धृष्णोति ।
4. *जिनपूजार्थमावां श्वेतपुष्पाणि चिन्वः, स रक्तपुष्पाणि च विचिनोति, यूयं पीतपुष्पाणि चिनुथ, एवं पुष्पाणि प्रचितानि भवन्ति ।
5. शिशिरे शीतलवातो गात्राणि धूनोति ।
6. यः *सर्वजीवार्थं स्वीयं हृदयमपावृणोति तस्य हृदये जिनः स्वयमागच्छति ।
7. राजा शस्त्रेण देशं वशीकुरुते, मुनिः शास्त्रेण विश्वं वशीकरोति ।
8. प्रभुर्महावीरो गौतमं मोक्षगमनकाल उपदेशदानार्थं अन्यत्र प्रहिणोति ।
9. श्वेतवासांस्यङ्गीकुर्वन्ति ये ते बाह्यतः साधवः, गुर्वाज्ञामङ्गीकुर्वते ये ते वस्तुतः साधवः ।

### [2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-

1. ક્રોધ સમતાને ઢાંકી દે છે, માન નમ્રતાને ઢાંકી દે છે.
2. જે પોતાના બધાં દોષોને ગુરુની પાસે સારી રીતે પ્રગટ કરે છે તે સાચી આલોચના કરે છે.
3. મૂઢ જીવો ઉપર કૃપા કરવા માટે આચાર્યો ગ્રન્થોનું વિવરણ કરે છે.
4. પ્રભુવિરહ ગૌતમસ્વામીને ખૂબ પીડે છે.
5. તે કોઈનો પણ તિરસ્કાર કરતો નથી અને કોઈની પણ સામે થતો નથી.
6. હું પાપ કરવાને શક્તિમાન નથી જ થતો.
7. તે પરિષહોને સહન કરીને મોક્ષ મેળવે છે.
8. જે માંગે તે યાચક કહેવાય છે.
9. તમે ભગવાનની વાણીને સાંભળો છો અને વાણી સાંભળી ભગવાન દ્વારા ઉપદેશાયેલ મોક્ષમાર્ગને સ્વીકારો પણ છો.

★ 'अर्थ' શબ્દનો અર્થ 'માટે' થાય અને તેનો પ્રયોગ નપુ. પ્ર. એ.વ.માં જ થાય.

[3] **રૂપ ઓળખાવો :-**

| નં. | રૂપ | મૂળધાતુ | કાળ/અર્થ | પદ | વચન | પુરુષ | ગણ | અર્થ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | अपावृण्वाथे | | | | | | | |
| 2. | शृण्मः | | | | | | | |
| 3. | धुन्वते | | | | | | | |
| 4. | आविष्कुर्वाते | | | | | | | |
| 5. | प्रतिकुरुध्वे | | | | | | | |

[4] **ખૂટતી વિગતો પૂરો :-**

| નં. | ગુજરાતી અર્થ | કાળ/અર્થ | રૂપ | પદ | મૂળધાતુ | વચન | પુરુષ | ગણ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | અમે બે પજવીએ છીએ. | | | | | | | |
| 2. | તમે બે શોધો છો. | | | | | | | |
| 3. | તેઓ બધાં વિવરણ કરે છે. | | | | | | | |
| 4. | તું હોડ બકે છે. | | | | | | | |
| 5. | તે માંગે છે. | | | | | | | |

[5] **આપેલ ધાતુને સમાનાર્થી બીજા ધાતુનું સમાન રૂપ લખો.**

**દા.ત.** वृणोति = संवृणोति / संवृणुते ।

1. अपावृण्वः = ________
2. चिनोषि = ________
3. धुनोमि = ________
4. तन्वाथे = ________
5. आप्नुथ = ________

[6] **નીચેના પ્રત્યયોની શું વિશેષતા છે તે જણાવો.**

**દા.ત.** तु = આજ્ઞાર્થ તૃતીય પુરુષ એકવચન પ્રત્યય – વિકારક

1. अतु = ________
2. युस् = ________
3. उस् = ________
4. आमहै = ________
5. अते = ________

[7] **રૂપ પૂરો :-** [મૂળધાતુ + ગણ + પદ + અર્થ બધું લખવું]

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | ____ | ____ | ____ |
| દ્વિ.પુ. → | धृष्णोषि | ____ | ____ |
| તૃ. પુ. → | ____ | धृष्णुतः | ____ |

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | ____ | ____ | क्षण्मः |
| દ્વિ.પુ. → | ____ | ____ | ____ |
| તૃ. પુ. → | क्षणोति | ____ | ____ |

## પાઠ - ૪

## પાંચમો + આઠમો ગણ - હ્યસ્તનભૂતકાળ + આજ્ઞાર્થ

**સાદા નિયમો :-**

1. બે વાર વપરાતો શબ્દ 'દરેક' અર્થને સૂચવે છે.
   **દા.ત.** → गृहे गृहे = દરેક ઘરે → दिने दिने = દરેક દિવસે
2. 'तः' પ્રત્યય પાંચમી વિભક્તિની જગ્યાએ આવી શકે છે.
   **દા.ત.** → ग्रामात् / ग्रामतः आगच्छति = ગામમાંથી આવે છે.
3. મુદત બતાવનાર શબ્દને બીજી વિભક્તિ લગાડવામાં આવે છે.
   **દા.ત.** → वर्षं यावत् = ૧ વર્ષ સુધી → वर्षाणि यावत् = વર્ષો સુધી
4. 'अर्थं = માટે' આ શબ્દથી પણ સમાસ થાય છે. પછી તેને કોઈ વિભક્તિ લાગતી નથી. **દા.ત.** → रक्षार्थं = રક્ષા માટે

**રૂપો :-** 1. आप् = મેળવવું. પરસ્મૈપદ ગણ - ૫

| | હ્યસ્તન ભૂતકાળ | | | આજ્ઞાર્થ | | |
|---|---|---|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર. પુ. → | आप्नवम् | आप्नुव | आप्नुम | आप्नवानि | आप्नवाव | आप्नवाम |
| દ્વિ.પુ. → | आप्नोः | आप्नुतम् | आप्नुत | आप्नुहि | आप्नुतम् | आप्नुत |
| તૃ. પુ. → | आप्नोत् | आप्नुताम् | आप्नुवन् | आप्नोतु | आप्नुताम् | आप्नुवन्तु |

2.अश् = વ્યાપવું, મેળવવું. આત્મનેપદ ગણ - ૫

| હ્યસ્તન ભૂતકાળ | | | આજ્ઞાર્થ | | |
|---|---|---|---|---|---|
| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| आश्नुवि | आश्नुवहि | आश्नुमहि | अश्नवै | अश्नवावहै | अश्नवामहै |
| आश्नुथाः | आश्नुवाथाम् | आश्नुध्वम् | अश्नुष्व | अश्नुवाथाम् | अश्नुध्वम् |
| आश्नुत | आश्नुवाताम् | आश्नुवत | अश्नुताम् | अश्नुवाताम् | अश्नुवताम् |

3. चि = એકઠું કરવું. ઉભયપદ - ગણ - ૫

**હ્યસ્તન ભૂતકાળ**
**પરસ્મૈપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | अचिनवम् | अचिनुव / अचिन्व | अचिनुम / अचिन्म |
| દ્વિ.પુ. → | अचिनोः | अचिनुतम् | अचिनुत |
| તૃ. પુ. → | अचिनोत् | अचिनुताम् | अचिन्वन् |

### આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | अचिन्वि | अचिनुवहि / अचिन्वहि | अचिनुमहि / अचिन्महि |
| દ્વિ.પુ. → | अचिनुथाः | अचिन्वाथाम् | अचिनुध्वम् |
| તૃ. પુ. → | अचिनुत | अचिन्वाताम् | अचिन्वत |

**આજ્ઞાર્થ - પરસ્મૈપદ** **આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર. પુ. → | चिनवानि | चिनवाव | चिनवाम | चिनवै | चिनवावहै | चिनवामहै |
| દ્વિ.પુ. → | चिनु | चिनुतम् | चिनुत | चिनुष्व | चिन्वाथाम् | चिनुध्वम् |
| તૃ. પુ. → | चिनोतु | चिनुताम् | चिन्वन्तु | चिनुताम् | चिन्वाताम् | चिन्वताम् |

આ પ્રમાણે બાકીના પાંચમા ગણના રૂપો સમજી લેવા.

4.कृ = કરવું. ઉભયપદ ગણ - ૮

**હ્યસ્તન ભૂતકાળ - પરસ્મૈપદ** **આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર. પુ. → | अकरवम् | अकुर्व | अकुर्म | अकुर्वि | अकुर्वहि | अकुर्महि |
| દ્વિ.પુ. → | अकरोः | अकुरुतम् | अकुरुत | अकुरुथाः | अकुर्वाथाम् | अकुरुध्वम् |
| તૃ. પુ. → | अकरोत् | अकुरुताम् | अकुर्वन् | अकुरुत | अकुर्वाताम् | अकुर्वत |

**આજ્ઞાર્થ - પરસ્મૈપદ** **આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર. પુ. → | करवाणि | करवाव | करवाम | करवै | करवावहै | करवामहै |
| દ્વિ.પુ. → | कुरु | कुरुतम् | कुरुत | कुरुष्व | कुर्वाथाम् | कुरुध्वम् |
| તૃ. પુ. → | करोतु | कुरुताम् | कुर्वन्तु | कुरुताम् | कुर्वाताम् | कुर्वताम् |

5. तन् = ફેલાવવું, પાથરવું. ઉભયપદ ગણ -૮

## હ્યસ્તન ભૂતકાળ - પરસ્મૈપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | अतनवम् | अतनुव / अतन्व | अतनुम / अतन्म |
| દ્વિ.પુ. → | अतनोः | अतनुतम् | अतनुत |
| તૃ. પુ. → | अतनोत् | अतनुताम् | अतन्वन् |

## આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | अतन्वि | अतनुवहि / अतन्वहि | अतनुमहि / अतन्महि |
| દ્વિ.પુ. → | अतनुथाः | अतन्वाथाम् | अतनुध्वम् |
| તૃ. પુ. → | अतनुत | अतन्वाताम् | अतन्वत |

## આજ્ઞાર્થ – પરસ્મૈપદ / આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર. પુ. → | तनवानि | तनवाव | तनवाम | तनवै | तनवावहै | तनवामहै |
| દ્વિ.પુ. → | तनु | तनुतम् | तनुत | तनुष्व | तन्वाथाम् | तनुध्वम् |
| તૃ. પુ. → | तनोतु | तनुताम् | तन्वन्तु | तनुताम् | तन्वाताम् | तन्वताम् |

6.क्षण् = ઘાયલ કરવું. પરસ્મૈપદ ગણ -૮

## હ્યસ્તન ભૂતકાળ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | अक्षणवम् | अक्षणुव / अक्षण्व | अक्षणुम / अक्षण्म |
| દ્વિ.પુ. → | अक्षणोः | अक्षणुतम् | अक्षणुत |
| તૃ. પુ. → | अक्षणोत् | अक्षणुताम् | अक्षण्वन् |

## આજ્ઞાર્થ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | क्षणवानि | क्षणवाव | क्षणवाम |
| દ્વિ.પુ. → | क्षणु | क्षणुतम् | क्षणुत |
| તૃ. પુ. → | क्षणोतु | क्षणुतम् | क्षण्वन्तु |

☛ કૃદન્તો તમે પહેલી બુકમાં સમજી જ ગયા છો. છતાં બીજી બુકના અત્યાર સુધી આવી ગયેલ ધાતુઓના નોંધનીય કૃદન્તોની યાદી આપવામાં આવે છે :-

➤ કૃદન્તો :–

| નં | ધાતુ | ગણ | પદ | હેત્વર્થ કૃદન્ત | સંબંધક ભૂતકૃદન્ત | કર્મણિ ભૂતકૃદન્ત | કર્તરિ ભૂતકૃદન્ત | વર્તમાન કર્મણિ કૃ. | વર્તમાન કર્તરિ કૃ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | क्षण् | 8 | પરસ્મૈ. | क्षणितुम् | क्षणित्वा | क्षत | क्षतवत् | क्षण्यमान | क्षण्वत् |
| २ | वन् | 8 | આત્મને. | वनितुम् | वनित्वा/वत्वा | वत | वतवत् | वन्यमान | वन्वान |
| ३ | प्र + तन् | 8 | ઉભય. | प्रतनितुम् | प्रतत्य | प्रतत | प्रततवत् | प्रतन्यमान<br>प्रतायमान | प्रतन्वत्<br>प्रतन्वान |
| ४ | अङ्गी+कृ | 8 | ઉભય. | अङ्गीकर्तुम् | अङ्गीकृत्य | अङ्गीकृत | अङ्गीकृतवत् | अङ्गीक्रियमाण | अङ्गीकुर्वत्<br>अङ्गीकुर्वाण |
| ५ | वि+चि | 5 | ઉભય. | विचेतुम् | विचित्य | विचित | विचितवत् | विचीयमान | विचिन्वत्<br>विचिन्वान |
| ६ | आ+वृ | 5 | ઉભય. | आवरितुम्<br>आवरीतुम् | आवृत्य | आवृत | आवृतवत् | आव्रियमाण | आवृण्वत्<br>आवृण्वान |
| ७ | स्तृ | 5 | ઉભય. | स्तर्तुम् | स्तृत्वा | स्तृत | स्तृतवत् | स्तर्यमाण | स्तृण्वत्<br>स्तृण्वान |
| ८ | प्र+हि | 5 | પરસ્મૈ. | प्रहेतुम् | प्रहित्य | प्रहित | प्रहितवत् | प्रहीयमाण | प्रहिण्वत् |
| ९ | प्र+साध् | 5 | પરસ્મૈ. | प्रसाद्धुम् | प्रसाध्य | प्रसाद्ध | प्रसाद्धवत् | प्रसाध्यमान | प्रसाध्नुवत् |
| १० | श्रृ | 5 | પરસ્મૈ. | श्रोतुम् | श्रुत्वा | श्रुत | श्रुतवत् | श्रूयमाण | शृण्वत् |
| ११ | शक् | 5 | પરસ્મૈ. | शक्तुम् | शक्त्वा | शक्त | शक्तवत् | शक्यमान | शक्नुवत् |
| १२ | धृष् | 5 | પરસ્મૈ. | धर्षितुम् | धर्षित्वा | धर्षित/धृष्ट | धर्षितवत् | धृष्यमाण | धृष्णुवत् |

| નં | ધાતુ | ગણ | પદ | હેત્વર્થ કૃદન્ત | સંબંધક ભૂતકૃદન્ત | કર્મણિ ભૂતકૃદન્ત | કર્તરિ ભૂતકૃદન્ત | વર્તમાન કર્મણિ કૃ. | વર્તમાન કર્તરિ કૃ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | धू | 5 | ઉભય. | धवितुम् | धूत्वा | धूत | धूतवत् | धूयमान | धून्वत् |
| | | | | धोतुम् | | | | | धून्वान |
| ૧૪ | अश् | 5 | આત્મને. | अशितुम् | अशित्वा | अष्ट | अष्टवत् | अश्यमान | अश्नुवान |
| | | | | अष्टुम् | अष्ट्वा | | | | |
| ૧૫ | प्र+आप् | 5 | પરસ્મૈ. | प्राप्तुम् | प्राप्य | प्राप्त | प्राप्तवत् | प्राप्यमाण | प्राप्नुवत् |
| ૧૬ | म्ना | 1 | પરસ્મૈ. | म्नातुम् | म्नात्वा | म्नान | म्नानवत् | म्नायमान | मनत् |
| ૧૭ | ऋ | 1 | પરસ્મૈ. | अर्तुम् | ऋत्वा | ऋत/ऋण | ऋतवत् | अर्यमाण | ऋच्छत् |
| ૧૮ | व्यध् | 4 | પરસ્મૈ. | व्यद्धुम् | विद्ध्वा | विद्ध | विद्धवत् | विध्यमान | विध्यत् |
| ૧૯ | रि | 6 | પરસ્મૈ. | रेतुम् | रित्वा | रित | रितवत् | रीयमाण | रियत् |
| ૨૦ | नू | 6 | પરસ્મૈ. | नुवितुम् | नूत्वा | नूत | नूतवत् | नूयमान | नुवत् |
| ૨૧ | कृ | 6 | પરસ્મૈ. | करीतुम् | करित्वा | कीर्ण | कीर्णवत् | कीर्यमाण | किरत् |
| | | | | करितुम् | करीत्वा | | | | |
| ૨૨ | शो | 4 | પરસ્મૈ. | शातुम् | शात्वा/शित्वा | शात/शित | शितवत् | शायमान | श्यत् |
| ૨૩ | सिव् | 4 | પરસ્મૈ. | सेवितुम् | सेवित्वा | स्यूत | स्यूतवत् | सीव्यमान | सीव्यत् |
| | | | | | स्यूत्वा | | | | |
| ૨૪ | शद् | 1 | આત્મને. | शत्तुम् | शत्त्वा | शन्न | शन्नवत् | शद्यमान | शीयमान |

## ધાતુઓ

➤ **ગણ - ૧ - પરસ્મૈપદ :-**

खन् = ખોદવું [*To Dig*]

अभि+गम् = હુમલો કરવો.[*To Attack*]

नद् = ગાજવું, ગર્જના કરવી.[*To Roar*]

➤ **ગણ - ૧ - ઉભયપદ :-**

गुह् = સંતાડવું [*To Hide*]

➤ **ગણ - ૪ - પરસ્મૈપદ :-**

वि+अव+सो = નિશ્ચય કરવો [*To Decide*]

➤ **ગણ - ૫ - ઉભયપદ :-**

सम्+स्तृ = ઢાંકવું, પાથરવું [*To Cover*]

सु = રસ કાઢવો [*To Press Out*]

➤ **ગણ - ૧૦ - ઉભયપદ :-**

प्र+ईर् = પ્રેરણા કરવી. [*To Inspire*]

## શબ્દો

**❀ તત્સમ શબ્દો ❀**

**→ પુલ્લિંગ :-**

इन्द्र = ઈન્દ્ર [*King of Heaven*]

पदार्थ = પદાર્થ, ચીજવસ્તુ [*Thing*]

श्रम = થાક [*Fatigue*]

शीत = ઠંડુ [*Cold*]

शब्द = શબ્દ [*Word*]

कोप = ગુસ્સો [*Anger*]

**→ સ્ત્રીલિંગ :-**

अपेक्षा = અપેક્ષા [*Expectation*]

कला = (ચંદ્રની) કળા [*Phase*]

देवी = દેવી [*Goddess*]

सरस्वती = સરસ્વતી માતા

लक्ष्मी = લક્ષ્મીદેવી

**❀ નૂતન શબ્દો ❀**

**→ પુલ્લિંગ :-**

कृष्णपक्ष = વદ પક્ષ

वारिद = વાદળું [*Cloud*]

प्रसाद = કૃપા [*Blessing*]

तुरग = ઘોડો [*Horse*]

सङ्ग्राम = યુદ્ધ [*War*]

स्यन्दन = રથ [*Chariot*]

सूरि = આચાર્ય ભગવંત

सुग्रीव = સુગ્રીવરાજા

सिंह = સિંહ અણગાર

स्कन्दक = ખંધકમુનિ

सिद्धार्थ = દેવનું નામ

श्रीमलयगिरि = એક જૈનાચાર્ય

श्रीहीरसूरि = અકબરના પ્રતિબોધક જગદ્ગુરુ

**→ અવ્યય :-**

अमुत्र = પરલોક [*In Other World*]

प्रत्यहम् = દરરોજ [*Everyday*]

## સ્વાધ્યાય

### [1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-

1. प्रभुमहावीरस्य सेवार्थं इन्द्रः सिद्धार्थाभिधानं देवं प्राहिणोत्, तथापि प्रभुर्वीरस्तदपेक्षारहित एव सर्वत्राऽहिनोत् ।
2. कृष्णपक्षे चन्द्रमसः कला जीर्यन्ति ।
3. वर्षं यावत् प्रभुर्वारिदो वारीव धनमवर्षत् ।
4. साधवो विश्वस्य सर्वान् रागान् वृश्चेयुः ।
5. शत्रुञ्जय-गिरनाराद्यनेकतीर्थं भ्रमित्वा वयं प्रभूतं पुण्यमचिन्महि ।
6. भ्रातरौ राम-लक्ष्मणौ व्यचिनुतां सीतां ।
7. तद् वान्यं यद् प्राप्य अन्यत् किमपि वनितुमिच्छा न भवेत् ।
8. देव्याः सरस्वत्याः प्रासादेन श्रीमलयगिरिसूरिः शास्त्राणि व्यवृणुत ।
9. समराङ्गणे रामो लक्ष्मणं प्राहिणोत् तत्पश्चात् स्वयमहिनोत्, राक्षसांश्च प्रत्यकरोत् ।

### [2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-

1. સીતાને શોધવા માટે સુગ્રીવે સૈન્યને ભેગું કર્યું.
2. તમે પુણ્યને ભેગું કરો, ધનને નહીં. પરલોકમાં પુણ્ય જ સાથે આવશે.
3. ભરત ચક્રવર્તી બાહુબલિને પરાજિત કરવાને શક્તિમાન ન થયો.
4. મોઢાને હાથ વડે ઢાંકી આ વાંદરો 'નિંદા ન કરવી જોઈએ' – આ પ્રમાણે કહે છે.
5. ભગવાનના જન્મ સમયે દેવોએ વિવિધ મહાસાગરોના પાણીને ભેગું કર્યું.
6. સજ્જનોની રક્ષા માટે શક્તિમાન અને પાપકાર્યમાં અશક્ત એવા રાજાઓ આ દેશમાં હતાં.
7. જ્યારે ભગવાનના રોગની વાત સિંહ મુનિએ સાંભળી ત્યારે તે અત્યંત દુઃખી થયા.
8. મારણાન્તિક ઉપસર્ગોને સહન કરી ખંધક મુનિએ મોક્ષને સાધી લીધો.
9. જમીન ખોદી તેણે પરમાત્મા પ્રગટ કર્યા.

### [3] ખૂટતી વિગત પૂરો :-

| નં. | ધાતુ | કાળ / અર્થ | પુરુષ | વચન | રૂપ | ગણ | પદ | અર્થ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | वन् | હ્યસ્તન ભૂતકાળ | ૧ | ૨ | | | | |
| 2. | ऋ | આજ્ઞાર્થ | ૨ | ૩ | | | | |
| 3. | शृ | હ્યસ્તન ભૂતકાળ | ૩ | ૧ | | | | |
| 4. | शो | આજ્ઞાર્થ | ૧ | ૧ | | | | |
| 5. | सं+स्तृ | હ્યસ્તન ભૂતકાળ | ૨ | ૨ | | | | |

[4] ખૂટતી વિગત પૂરો :-

| નં. | અર્થ | કાળ / અર્થ | પુરુષ | વચન | પ્રત્યય | મૂળધાતુ | રૂપ | ગણ | પદ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | વશ કરવું | આજ્ઞાર્થ | ૨ | ૧ | | | | | |
| 2. | માનવું | હ્યસ્તન ભૂતકાળ | ૩ | ૧ | | म्ना | | | |
| 3. | શોધવું | આજ્ઞાર્થ | ૨ | ૨ | | | | | |
| 4. | ફેલાવવું | હ્યસ્તન ભૂતકાળ | ૧ | ૩ | | | | | |
| 5. | સ્તુતિ કરવી | આજ્ઞાર્થ | ૩ | ૨ | | | | | |

[5] ખૂટતી વિગત પૂરો :-

| નં. | મૂળધાતુ | કાળ / અર્થ | ગણ | પદ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | अश् | હ્યસ્તન ભૂતકાળ | | | ૧ | | | |
| 2. | धू | આજ્ઞાર્થ | | | ૨ | | | |
| 3. | धृष् | હ્યસ્તન ભૂતકાળ | | | ૩ | | | |
| 4. | घ्रा | આજ્ઞાર્થ | | | ૨ | | | |
| 5. | भ्रस्ज् | હ્યસ્તન ભૂતકાળ | | | ૧ | | | |

[6] જોડકાં જોડો :-

| | A | | B |
|---|---|---|---|
| 1. | प्रहिणोमि | - | गूह |
| 2. | प्राहिणोत् | - | अगूहन् |
| 3. | प्राहिणुत | - | गूहतम् |
| 4. | प्रहिणुथः | - | अगूहाव |
| 5. | प्रहिणु | - | गूहामि |
| 6. | प्रहिण्वन्तु | - | अगूहत् |
| 7. | प्रहिणुतम् | - | गूहथः |
| 8. | प्राहिण्वन् | - | अगूहत |
| 9. | प्राहिण्व | - | गूहन्तु |

[7] રૂપ પૂરો :- [ધાતુ પણ ઓળખાવો]

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. | अशक्नुवम् | ____ | ____ |
| દ્વિ. પુ. | ____ | अशक्नुतम् | ____ |
| તૃ. પુ. | ____ | ____ | ____ |

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. | ____ | ____ | ____ |
| દ્વિ. પુ. | ____ | जिघ्रतम् | ____ |
| તૃ. પુ. | ____ | ____ | जिघ्रन्तु |

# પાઠ - ૫

## પાંચમો - આઠમો ગણ - વિધ્યર્થ & કર્મણિ

### વિધ્યર્થ રૂપો :-

1. आप् = મેળવવું. પરસ્મૈપદ ગણ - ૫ | 2. अश् = વ્યાપવું. આત્મનેપદ ગણ -૫

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર. પુ. | आप्नुयाम् | आप्नुयाव | आप्नुयाम | अश्नुवीय | अश्नुवीवहि | अश्नुवीमहि |
| દ્વિ.પુ. | आप्नुयाः | आप्नुयातम् | आप्नुयात | अश्नुवीथाः | अश्नुवीयाथाम् | अश्नुवीध्वम् |
| તૃ. પુ. | आप्नुयात् | आप्नुयाताम् | आप्नुयुः | अश्नुवीत | अश्नुवीयाताम् | अश्नुवीरन् |

3. चि = ભેગું કરવું, એકઠું કરવું. ઉભયપદ ગણ-૫

| | પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર. પુ. | चिनुयाम् | चिनुयाव | चिनुयाम | चिन्वीय | चिन्वीवहि | चिन्वीमहि |
| દ્વિ. પુ. | चिनुयाः | चिनुयातम् | चिनुयात | चिन्वीथाः | चिन्वीयाथाम् | चिन्वीध्वम् |
| તૃ. પુ. | चिनुयात् | चिनुयाताम् | चिनुयुः | चिन्वीत | चिन्वीयाताम् | चिन्वीरन् |

4. कृ = કરવું. ઉભયપદ ગણ - ૮

| | પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર. પુ. → | कुर्याम् | कुर्याव | कुर्याम | कुर्वीय | कुर्वीवहि | कुर्वीमहि |
| દ્વિ.પુ. → | कुर्याः | कुर्यातम् | कुर्यात | कुर्वीथाः | कुर्वीयाथाम् | कुर्वीध्वम् |
| તૃ. પુ. → | कुर्यात् | कुर्याताम् | कुर्युः | कुर्वीत | कुर्वीयाताम् | कुर्वीरन् |

5. तन् = ફેલાવવું, પાથરવું. ઉભયપદ ગણ - ૮

| | પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર. પુ. → | तनुयाम् | तनुयाव | तनुयाम | तन्वीय | तन्वीवहि | तन्वीमहि |
| દ્વિ.પુ. → | तनुयाः | तनुयातम् | तनुयात | तन्वीथाः | तन्वीयाथाम् | तन्वीध्वम् |
| તૃ. પુ. → | तनुयात् | तनुयाताम् | तनुयुः | तन्वीत | तन्वीयाताम् | तन्वीरन् |

➤ **કર્મણિ રૂપો :-** કર્મણિના નિયમો તો પૂર્વે આપણે જોઈ જ ગયા છીએ. છતાં ધ્યાન ખાતર પૂર્વેના જ પ્રત્યયો લગાડી કર્મણિના રૂપો શું થાય તેના દષ્ટાંત જોઈ લઈએ :-

1. चि = ભેગું કરવું. ગણ - ૫

| वर्तमानकाळ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | चीये | चीयावहे | चीयामहे |
| દ્વિ. પુ. → | चीयसे | चीयेथे | चीयध्वे |
| તૃ. પુ. → | चीयते | चीयेते | चीयन्ते |

| હ્યસ્તન ભૂતકાળ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. | अचीये | अचीयावहि | अचीयामहि |
| દ્વિ. પુ. | अचीयथाः | अचीयेथाम् | अचीयध्वम् |
| તૃ. પુ. | अचीयत | अचीयेताम् | अचीयन्त |

| આજ્ઞાર્થ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | चीयै | चीयावहै | चीयामहै |
| દ્વિ. પુ. → | चीयस्व | चीयेथाम् | चीयध्वम् |
| તૃ. પુ. → | चीयताम् | चीयेताम् | चीयन्ताम् |

| વિધ્યર્થ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. | चीयेय | चीयेवहि | चीयेमहि |
| દ્વિ. પુ. | चीयेथाः | चीयेयाथाम् | चीयेध्वम् |
| તૃ. પુ. | चीयेत | चीयेयाताम् | चीयेरन् |

2. तन् = ફેલાવવું, પાથરવું. ગણ - ૮

| वर्तमानकाळ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | तन्ये | तन्यावहे | तन्यामहे |
| દ્વિ. પુ. → | तन्यसे | तन्येथे | तन्यध्वे |
| તૃ. પુ. → | तन्यते | तन्येते | तन्यन्ते |

| હ્યસ્તનભૂતકાળ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. | अतन्ये | अतन्यावहि | अतन्यामहि |
| દ્વિ. પુ. | अतन्यथाः | अतन्येथाम् | अतन्यध्वम् |
| તૃ. પુ. | अतन्यत | अतन्येताम् | अतन्यन्त |

| આજ્ઞાર્થ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | तन्यै | तन्यावहै | तन्यामहै |
| દ્વિ. પુ. → | तन्यस्व | तन्येथाम् | तन्यध्वम् |
| તૃ. પુ. → | तन्यताम् | तन्येताम् | तन्यन्ताम् |

| વિધ્યર્થ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. | तन्येय | तन्येवहि | तन्येमहि |
| દ્વિ. પુ. | तन्येथाः | तन्येयाथाम् | तन्येध्वम् |
| તૃ. પુ. | तन्येत | तन्येयाताम् | तन्येरन् |

☛ **કેટલાંક નોંધનીય વિધ્યર્થ કૃદન્તો :-**

| નં. | ધાતુ | ગણ | પદ | तव्य | अनीय | य |
|---|---|---|---|---|---|---|
| 1. | वन् | ૮ | આત્મને. | वनितव्य | वननीय | वान्य |
| 2. | अङ्गी+कृ | ૮ | ઉભય. | अङ्गीकर्तव्य | अङ्गीकरणीय | अङ्गीकृत्य<br>अङ्गीकार्य |
| 3. | अश् | ૫ | આત્મને. | अशितव्य<br>अष्टव्य | अशनीय | आश्य |
| 4. | म्ना | ૧ | પરસ્મૈ. | म्नातव्य | म्नानीय | म्नेय |
| 5. | नू | ૬ | પરસ્મૈ. | नुवितव्य | नुवनीय | नाव्य |
| 6. | भ्रस्ज् | ૬ | ઉભય. | भ्रष्टव्य,<br>भर्ष्टव्य | भृज्जनीय | भर्ज्य<br>भ्रज्ज्य |

| નં. | ધાતુ | ગણ | પદ | तव्य | अनीय | य |
|---|---|---|---|---|---|---|
| 7. | धू | ૫ | ઉભય. | धवितव्य<br>धोतव्य | धवनीय | धाव्य |
| 8. | श्रु | ૫ | પરસ્મૈ. | श्रोतव्य | श्रवणीय | श्रव्य/श्राव्य |
| 9. | शद् | ૧ | આત્મને. | शत्तव्य | शदनीय | शाद्य |

આ રીતે બીજા પણ વિધ્યર્થકૃદન્તો સમજી લેવા.

## ધાતુઓ

➤ **ગણ - ૬ - પરસ્મૈપદ :-**

नि+मस्ज् = અત્યંત ડૂબી જવું [*To Sink*]

सू = હડસેલવું, ધકેલવું [*To Push*]

➤ **ગણ - ૫ - ઉભયપદ :-**

अप+चि = ઘટાડો થવો [*To Decrease*]

वि+आप् = ફેલાવું [*To Spread*]

सम्+चि = ભેગું કરવું [*To Gather*]

➤ **ગણ - ૮ - ઉભયપદ :-**

सन् = દાન કરવું [*To Donate*]

क्षिण् = હિંસા કરવી [*To Kill*]

➤ **ગણ - ૮ - આત્મનેપદ :-**

मन् = મનન કરવું [*To Ponder*]

## શબ્દો

**❀ તત્સમ શબ્દો – પુલ્લિંગ :-**

तिरस्कार = તિરસ્કાર [*Hatred*]

प्रतिकार = પ્રતિકાર [*Rebel*]

**➜ નપુંસકલિંગ :-**

कल्याण = કલ્યાણ [*Blessing*]

उदाहरण = ઉદાહરણ [*Example*]

**➜ વિશેષણ :-**

तीक्ष्ण = તીક્ષ્ણ [*Sharp*]

**❀ નૂતન શબ્દો - પુલ્લિંગ :-**

कुथ = શેત્રંજી [*Carpet*]

कम्बल = કામળી [*Blanket*]

धन्य = ધન્ના અણગાર

**➜ સ્ત્રીલિંગ :-**

धारा = ધારા, પ્રવાહ [*Stream*]

**➜ નપુંસકલિંગ :-**

वातायन = બારી [*Window*]

दुर्ग = કિલ્લો [*Fort*]

श्रोत्र = કાન [*Ear*]

तोय = પાણી [*Water*]

मत = અભિપ્રાય [*Opinion*]

विपिन = જંગલ [*Forest*]

पथ्य = હિતકારી [*Beneficial*]

आलवाल = ક્યારો [*Waterbasin around the tree-root*]

द्वार = દરવાજો [*Door*]

आचाम्ल = આયંબિલ તપ

**➜ शशिन् પ્રમાણે રૂપ ચાલે તેવા શબ્દો :-**

*प्रियभाषिन् = પ્રિય બોલનાર

मितभाषिन् = ઓછું બોલનાર

हितभाषिन् = હિતકારી બોલનાર

★प्रियभाषिन् = प्रियं भाषते यः सः = प्रियभाषी

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. आचाम्लं कृत्वाऽऽत्मकल्याणमसाध्नोद् धन्यसाधुः । भवताऽपि तथैव साद्धव्यम् ।
2. तिरस्कारस्यैव तिरस्कारः प्रतिकारस्यैव प्रतिकार आविष्करणीयः ।
3. अहं सामायिकं करवाणि, त्वमपि कुरु, यतः सामायिके श्रमण इव भवति श्रावकः ।
4. उदधेरयं ध्वनिः श्रूयताम् ।
5. त्वं यदि प्रियभाषी, मितभाषी हितभाषी च भवेः तर्हि सर्वस्य मनसि प्रविशेः ।
6. अधुनाऽऽपदि निमग्नोऽहं करवाणि किम् ?
7. असिधारातुल्यानि तीक्ष्णपर्णानि असुराः 'क्षिणवानी' ति सङ्कल्पेनाऽस्यन्ति ।
8. सुखमाप्नुवन्तु सर्वे जना इति चिन्तयन्ति सज्जनाः ।
9. यदि ज्ञानं जीवैः सञ्चीयेत, सद्गुरवो विचीयेरन् तदाऽञ्जसा मोक्षमार्गं प्राप्य निर्वृतिं प्रसाध्नुयुः जीवाः ।

**[2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-**

1. સેવક દ્વારા શેત્રંજીઓથી જમીન ઢંકાય.
2. તું જ્ઞાનને પ્રાપ્ત કર, સત્યને શોધ, તે સત્યને સ્વીકારવા માટે મહેનત કર.
3. ધનને તમે ઓછું કરો, ધર્મને ભેગું કરો.
4. જીવોની રક્ષા માટે સાંજે તું કામળીને ઓઢ. (ઢાંક)
5. તે તત્ત્વને જાણતો નથી માટે ઉદાહરણથી હું વિવરણ કરું.(ઈચ્છા)
6. તમે પોતાના જીવનને ખોલી દો, આલોચના કરી લો જેથી આત્માની શુદ્ધિ સારી રીતે થાય.
7. આ પ્રતિમાને ઢાંકો.
8. રાગ વગેરે આધ્યાત્મિક શત્રુઓને તારે કાયમ વશમાં રાખવા જોઈએ.
9. બારીને તું બંધ કર, જેથી અવાજ ન આવે.

**[3] ખૂટતી વિગતો પૂરો :-**

| નં. | ધાતુ | કાળ/અર્થ | પુરુષ | વચન | પ્રયોગ | રૂપ | ગણ | પદ | સાદો અર્થ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | मन् | વિધ્યર્થ | ૨ | ૧ | કર્તરિ | | | | |
| 2. | सन् | આજ્ઞાર્થ | ૩ | ૨ | કર્મણિ | | | | |
| 3. | अप+आ+वृ | હ્યસ્તનભૂતકાળ | ૧ | ૩ | કર્તરિ | | | | |
| 4. | क्षिण् | વર્તમાનકાળ | ૨ | ૨ | કર્મણિ | | | | |
| 5. | धृष् | વિધ્યર્થ | ૩ | ૩ | કર્મણિ | | | | |

[4] ખૂટતી વિગતો પૂરો :-

| નં. | અર્થ | કાળ / અર્થ | પુરુષ | વચન | પ્રયોગ | ધાતુ | રૂપ | ગણ | પદ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ફેલાવું | વિધ્યર્થ | ૨ | ૨ | કર્મણિ | | | | |
| 2. | પાથરવું | આજ્ઞાર્થ | ૧ | ૩ | કર્તરિ | | | | |
| 3. | સ્વીકારવું | હ્યસ્તન ભૂતકાળ | ૩ | ૨ | કર્મણિ | | | | |
| 4. | ઢાંકવું | વર્તમાનકાળ | ૩ | ૩ | કર્તરિ | | | | |
| 5. | ધ્રૂજાવવું | વિધ્યર્થ | ૨ | ૧ | કર્તરિ | | | | |

[5] ખૂટતી વિગતો પૂરો :-

| નં. | ધાતુ | અર્થ | કાળ / અર્થ | પુરુષ | વચન | પ્રયોગ | રૂપ | ગણ | પદ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | | ઘટવું | વિધ્યર્થ | ૧ | ૨ | કર્મણિ | | | |
| 2. | वि+वृ | | આજ્ઞાર્થ | ૨ | ૧ | કર્તરિ | | | |
| 3. | | માંગવું | આજ્ઞાર્થ | ૩ | ૨ | કર્તરિ | | | |
| 4. | प्र+हि | | વિધ્યર્થ | ૨ | ૨ | કર્મણિ | | | |
| 5. | | દુ:ખી કરવું | વર્તમાનકાળ | ૩ | ૧ | કર્તરિ | | | |

[6] **નિમ્નોક્ત કોષ્ઠકના બધાં શબ્દો વાપરી ધાતુઓના રૂપ / કૃદન્ત વગેરે બનાવો.** (એકના એક શબ્દ બે વાર ન વાપરવા. કુલ ૧૪ રૂપ બનશે.)

| | | | | |
|---|---|---|---|---|
| चि | स | न | न | चि |
| ण्वा | न्व | अ | अ | तम् |
| नु | ध्वम् | वृ | अ | ता |
| यै | स | ते | णु | थाम् |
| त | व्रि | त | णु | क्रि |
| या | चि | स्तृ | या | य |
| य | क्षि | क्ष | न्वी | ■ |
| चि | ण्वी | न्वी | या | थाम् |
| न्म | मा | न्वी | क्षि | णो: |

[7] રૂપ પૂરો :-

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ.→ | ____ | ____ | मन्वीमहि |
| દ્વિ. પુ.→ | ____ | ____ | ____ |
| તૃ. પુ.→ | मन्वीत | ____ | ____ |

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ.→ | ____ | ____ | ____ |
| દ્વિ. પુ.→ | ____ | ____ | वनुध्वम् |
| તૃ. પુ.→ | ____ | वन्वाताम् | ____ |

## ગણ - ૯ વર્તમાનકાળ & હ્યસ્તન ભૂતકાળ

**નિયમો :-** ગણની નિશાની → ना, नी, न्

- ✸ વિકારક પ્રત્યય પૂર્વે 'ना' **દા.ત.** ज्ञा [जा] → जानामि
- ✸ અવિકારક વ્યંજનથી શરૂ થતા પ્રત્યય પૂર્વે 'नी' **દા.ત.** जानीवः, जानीमः
- ✸ અવિકારક સ્વરથી શરૂ થતા પ્રત્યય પૂર્વે 'न्' **દા.ત.** जानन्ति

1. ली, लू, धू, पू અને દીર્ઘ ॠ કારાન્ત ધાતુમાં કર્તરિ પ્રયોગમાં સ્વર હ્રસ્વ થાય છે.
   **દા.ત.** ➤ ली → लिनाति । गॄ → गृणाति ।
2. ધાતુની વચ્ચે રહેલો અનુનાસિક લોપાય.
   **દા.ત.** ➤ बन्ध् → बध्नाति । ➤ स्तम्भ् → स्तभ्नाति ।
3. વ્યંજનાન્ત ધાતુમાં આજ્ઞાર્થ દ્વિ. પુ. એ. વ.માં 'नीहि' ના બદલે आन લાગે.
   **દા.ત.** ग्रह् [गृह्] गृहाण ।
4. क्षुभ् ધાતુમાં न् નો ण् થતો નથી. **દા.ત.** → क्षुभ्नाति

**રૂપો :-** **1.** क्री = ખરીદવું. ઉભયપદ ગણ - ૯

**પરસ્મૈપદ ← વર્તમાનકાળ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર. પુ.→ | क्रीणामि | क्रीणीवः | क्रीणीमः | क्रीणे | क्रीणीवहे | क्रीणीमहे |
| દ્વિ.પુ. → | क्रीणासि | क्रीणीथः | क्रीणीथ | क्रीणीषे | क्रीणाथे | क्रीणीध्वे |
| તૃ. પુ.→ | क्रीणाति | क्रीणीतः | क्रीणन्ति | क्रीणीते | क्रीणाते | क्रीणते |

**હ્યસ્તન ભૂતકાળ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. | अक्रीणाम् | अक्रीणीव | अक्रीणीम | अक्रीणि | अक्रीणीवहि | अक्रीणीमहि |
| દ્વિ.પુ. | अक्रीणाः | अक्रीणीतम् | अक्रीणीत | अक्रीणीथाः | अक्रीणाथाम् | अक्रीणीध्वम् |
| તૃ.પુ. | अक्रीणात् | अक्रीणीताम् | अक्रीणन् | अक्रीणीत | अक्रीणाताम् | अक्रीणत |

**2. मुष् = ચોરવું. પરસ્મૈપદ ગણ - ૯**

| | વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | मुष्णामि | मुष्णीवः | मुष्णीमः | अमुष्णाम् | अमुष्णीव | अमुष्णीम |
| દ્વિ.પુ. → | मुष्णासि | मुष्णीथः | मुष्णीथ | अमुष्णाः | अमुष्णीतम् | अमुष्णीत |
| તૃ.પુ. → | मुष्णाति | मुष्णीतः | मुष्णन्ति | अमुष्णात् | अमुष्णीताम् | अमुष्णन् |

3. अश् = ખાવું, વાપરવું. પરસ્મૈપદ ગણ - ૯

| | વર્તમાનકાળ એ. વ. | દ્વિ.વ. | બ.વ. | હ્યસ્તન ભૂતકાળ એ. વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | अश्नामि | अश्नीवः | अश्नीमः | आश्नाम् | आश्नीव | आश्नीम |
| દ્વિ.પુ. → | अश्नासि | अश्नीथः | अश्नीथ | आश्नाः | आश्नीतम् | आश्नीत |
| તૃ.પુ. → | अश्नाति | अश्नीतः | अश्नन्ति | आश्नात् | आश्नीताम् | आश्नन् |

4. ग्रह् = ગ્રહણ કરવું. ઉભયપદ ગણ - ૯

પરસ્મૈપદ ← વર્તમાનકાળ → આત્મનેપદ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | गृह्णामि | गृह्णीवः | गृह्णीमः | गृह्णे | गृह्णीवहे | गृह्णीमहे |
| દ્વિ.પુ. → | गृह्णासि | गृह्णीथः | गृह्णीथ | गृह्णीषे | गृह्णाथे | गृह्णीध्वे |
| તૃ.પુ. → | गृह्णाति | गृह्णीतः | गृह्णन्ति | गृह्णीते | गृह्णाते | गृह्णते |

પરસ્મૈપદ ← હ્યસ્તનભૂતકાળ → આત્મનેપદ

| | | | | | |
|---|---|---|---|---|---|
| अगृह्णाम् | अगृह्णीव | अगृह्णीम | अगृह्णि | अगृह्णीवहि | अगृह्णीमहि |
| अगृह्णाः | अगृह्णीतम् | अगृह्णीत | अगृह्णीथाः | अगृह्णाथाम् | अगृह्णीध्वम् |
| अगृह्णात् | अगृह्णीताम् | अगृह्णन् | अगृह्णीत | अगृह्णाताम् | अगृह्णत |

5. ज्ञा [जा] = જાણવું. ઉભયપદ ગણ - ૯

પરસ્મૈપદ ← વર્તમાનકાળ → આત્મનેપદ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | जानामि | जानीवः | जानीमः | जाने | जानीवहे | जानीमहे |
| દ્વિ.પુ. → | जानासि | जानीथः | जानीथ | जानीषे | जानाथे | जानीध्वे |
| તૃ.પુ. → | जानाति | जानीतः | जानन्ति | जानीते | जानाते | जानते |

પરસ્મૈપદ ← હ્યસ્તનભૂતકાળ → આત્મનેપદ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. | अजानाम् | अजानीव | अजानीम | अजानि | अजानीवहि | अजानीमहि |
| દ્વિ.પુ. | अजानाः | अजानीतम् | अजानीत | अजानीथाः | अजानाथाम् | अजानीध्वम् |
| તૃ.પુ. | अजानात् | अजानीताम् | अजानन् | अजानीत | अजानाताम् | अजानत |

6. बन्ध् = બાંધવું. પરસ્મૈપદ ગણ - ૯

| | વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | बध्नामि | बध्नीवः | बध्नीमः | अबध्नाम् | अबध्नीव | अबध्नीम |
| દ્વિ.પુ. → | बध्नासि | बध्नीथः | बध्नीथ | अबध्नाः | अबध्नीतम् | अबध्नीत |
| તૃ.પુ. → | बध्नाति | बध्नीतः | बध्नन्ति | अबध्नात् | अबध्नीताम् | अबध्नन् |

7. पू = પવિત્ર કરવું. ઉભયપદ ગણ - ૯

પરસ્મૈપદ ← વર્તમાનકાળ → આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | पुनामि | पुनीवः | पुनीमः | पुने | पुनीवहे | पुनीमहे |
| દ્વિ.પુ. → | पुनासि | पुनीथः | पुनीथ | पुनीषे | पुनाथे | पुनीध्वे |
| તૃ.પુ. → | पुनाति | पुनीतः | पुनन्ति | पुनीते | पुनाते | पुनते |

પરસ્મૈપદ ← હ્યસ્તન ભૂતકાળ → આત્મનેપદ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | अपुनाम् | अपुनीव | अपुनीम | अपुनि | अपुनीवहि | अपुनीमहि |
| દ્વિ.પુ. → | अपुनाः | अपुनीतम् | अपुनीत | अपुनीथाः | अपुनाथाम् | अपुनीध्वम् |
| તૃ.પુ. → | अपुनात् | अपुनीताम् | अपुनन् | अपुनीत | अपुनाताम् | अपुनत |

8. स्तॄ = ઢાંકવું, ઉભયપદ ગણ - ૯

પરસ્મૈપદ ← વર્તમાનકાળ → આત્મનેપદ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | स्तृणामि | स्तृणीवः | स्तृणीमः | स्तृणे | स्तृणीवहे | स्तृणीमहे |
| દ્વિ.પુ. → | स्तृणासि | स्तृणीथः | स्तृणीथ | स्तृणीषे | स्तृणाथे | स्तृणीध्वे |
| તૃ.પુ. → | स्तृणाति | स्तृणीतः | स्तृणन्ति | स्तृणीते | स्तृणाते | स्तृणते |

પરસ્મૈપદ ← હ્યસ્તન ભૂતકાળ → આત્મનેપદ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. | अस्तृणाम् | अस्तृणीव | अस्तृणीम | अस्तृणि | अस्तृणीवहि | अस्तृणीमहि |
| દ્વિ.પુ. | अस्तृणाः | अस्तृणीतम् | अस्तृणीत | अस्तृणीथाः | अस्तृणाथाम् | अस्तृणीध्वम् |
| તૃ.પુ. | अस्तृणात् | अस्तृणीताम् | अस्तृणन् | अस्तृणीत | अस्तृणाताम् | अस्तृणत |

9. मृद् = ચૂરેચૂરો કરવો. પરસ્મૈપદ ગણ - ૯

| | વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | मृद्नामि | मृद्नीवः | मृदनीमः | अमृद्नाम् | अमृद्नीव | अमृद्नीम |
| દ્વિ.પુ. → | मृद्नासि | मृद्नीथः | मृद्नीथ | अमृद्नाः | अमृद्नीतम् | अमृद्नीत |
| તૃ.પુ. → | मृद्नाति | मृद्नीतः | मृद्नन्ति | अमृद्नात् | अमृद्नीताम् | अमृद्नन् |

| નં | ધાતુ | હેત્વર્થ | સંબંધક ભૂત | વર્તમાન કર્તરિ | વર્તમાન કર્મણિ | કર્મણિ ભૂત | કર્તરિ ભૂત | तव्य | अनीय | य |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | क्री | क्रेतुम् | क्रीत्वा | क्रीणत्<br>क्रीणान | क्रीयमाण | क्रीत | क्रीतवत् | क्रेतव्य | क्रयणीय | क्रेय<br>क्रय्य |
| 2. | मुष् | मोषितुम् | मुषित्वा | मुष्णत् | मुष्यमाण | मुषित | मुषितवत् | मोषितव्य | मोषणीय | मोष्य |
| 3. | अश् | अशितुम् | अशित्वा | अश्नत् | अश्यमान | अशित | अशितवत् | अशितव्य | अशनीय | आश्य |
| 4. | ज्ञा[जा] | ज्ञातुम् | ज्ञात्वा | जानत्<br>जानान | ज्ञायमान | ज्ञात | ज्ञातवत् | ज्ञातव्य | ज्ञानीय | ज्ञेय |
| 5. | ग्रह् | ग्रहीतुम् | गृहीत्वा | गृह्णत्<br>गृह्णान | गृह्यमाण | गृहीत | गृहीतवत् | ग्रहीतव्य | ग्रहणीय | ग्राह्य |
| 6. | मृद् | मर्दितुम् | मृदित्वा | मृद्नत् | मृद्यमान | मृदित | मृदितवत् | मर्दितव्य | मर्दनीय | मृद्य |
| 7. | बन्ध् | बद्धुम् | बद्ध्वा | बध्नत् | बध्यमान | बद्ध | बद्धवत् | बन्द्धव्य | बन्धनीय | बन्द्धय |
| 8. | पू | पवितुम् | पूत्वा<br>पवित्वा | पुनत्<br>पुनान | पूयमान | पूत | पूतवत् | पवितव्य | पवनीय | पव्य<br>पाव्य |
| 9. | स्तृ | स्तरितुम्<br>स्तरीतुम् | स्तीर्त्वा | स्तृणत्<br>स्तृणान | स्तीर्यमाण | स्तीर्ण | स्तीर्णवत् | स्तरितव्य | स्तरणीय | स्तार्य |

**મિત્રો ! કેટલાંક શબ્દોના રૂપો અનિયમિત હોય છે. તો દરેક પાઠમાં એવા એકાદ - બે રૂપો પણ જોતા જઈએ જેથી એકસાથે બહુ રૂપો ગોખવા ન પડે :-**

**1. अक्षि = આંખ [નપું.]**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ.વિ. ➔ | अक्षि | अक्षिणी | अक्षीणि |
| દ્વિ.વિ. ➔ | " | " | " |
| તૃ.વિ. ➔ | अक्ष्णा | अक्षिभ्याम् | अक्षिभि: |
| ચ.વિ. ➔ | अक्ष्णे | " | अक्षिभ्य: |
| પ.વિ. ➔ | अक्ष्ण: | " | " |
| ષ.વિ. ➔ | " | अक्ष्णो: | अक्ष्णाम् |
| સ.વિ. ➔ | अक्ष्णि, अक्षिणि | " | अक्षिषु |
| સંબો. ➔ | अक्षि !, अक्षे ! | अक्षिणी ! | अक्षीणि ! |

**2. अनडुह् = બળદ [પુ.]**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ.વિ. ➔ | अनड्वान् | अनड्वाहौ | अनड्वाह: |
| દ્વિ.વિ. ➔ | अनड्वाहम् | " | अनडुह: |
| તૃ.વિ. ➔ | अनडुहा | अनडुद्भ्याम् | अनडुद्भि: |
| ચ.વિ. ➔ | अनडुहे | " | अनडुद्भ्य: |
| પ.વિ. ➔ | अनडुह: | " | " |
| ષ.વિ. ➔ | " | अनडुहो: | अनडुहाम् |
| સ.વિ. ➔ | अनडुहि | " | अनडुत्सु |
| સંબો. ➔ | अनड्वन् ! | अनड्वाहौ ! | अनड्वाह: ! |

## ધાતુઓ

**❀ ગણ -૧ - આત્મનેપદ :-**

स्तम्भ् = ચોંટી જવું, ગર્વિષ્ઠ થવું [*To be proud*]

**➤ ગણ -૬ - પરસ્મૈપદ :-**

अभि+सिच् [सिञ्च्] = અભિષેક કરવો. [*To Sprinkle / Coronate*]

**➤ ગણ -૮ - ઉભયપદ :-**

नमस्+कृ = નમસ્કાર કરવો. [*To Salute*]

**➤ ગણ -૯ - પરસ્મૈપદ :-**

अश् = ખાવું [*To Eat*]

ग्रन्थ् = ગૂંથવું [*To Knit*]

पुष् = પાળવું [*To Nourish*]

प्लुष् = બળવું, બાળવું [*To Burn*]

बन्ध् = બાંધવું [*To Tie*]

मुष् = ચોરવું [*To Steal*]

ली = લીન થવું, ઓગળવું [*To Melt*]

स्तम्भ् = અટકાવવું, ગર્વિષ્ઠ થવું

[To Stop]
मृद् = ચૂરેચૂરા કરવા. [To Crush]
➤ ગણ -૯ - ઉભયપદ :-
क्री = ખરીદવું. [To Buy]
ग्रह् [गृह्] = ગ્રહણ કરવું. [To Grasp]
ज्ञा [जा] = જાણવું. [To Know]
अनु+ज्ञा = અનુજ્ઞા આપવી [To Permit]
पू = પવિત્ર કરવું. [To Purify]
मी = નાશ કરવું. [To Destroy]
लू = કાપવું. [To Cut]
वृ = પસંદ કરવું. [To Select]
स्तृ / आ +स्तृ = ઢાંકવું, પાથરવું. [To Spread]

## શબ્દો

❁ તત્સમ શબ્દો - પુલ્લિંગ :-
गुण = ગુણ [Virtue]
सङ्ग = સંગ, સોબત [Company]
वर्ण = રંગ [Colour]
➤ નપુંસકલિંગ :-
वैभव = વૈભવ [Wealth]
➤ સ્ત્રીલિંગ :-
काया = કાયા [Body]
❁ નૂતન શબ્દો - પુલ્લિંગ :-
भूप = રાજા [King]
पाषाण = આરસ, પથ્થર [Rock]
अनडुह् = બળદ [અનિયમિત] [Ox]
इशानेन्द्र = બીજા દેવલોકનો ઈન્દ્ર
अर्थ = અર્થ [Meaning]
गणधर = ગણધર ભગવંતો
महाव्रत = પાંચ મહાવ્રત
➤ નપુંસકલિંગ :-
आपण = દુકાન [Shop]
अक्षि = આંખ [અનિયમિત] [Eye]
सूत्र = સૂત્ર [Motto]
➤ વિશેષણ :-
महार्घ = કિંમતી [Costly]
➤ અવ્યય :-
प्रायः = લગભગ [Generally]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. वनुष्व यदिच्छसि – इति भूपेन अनुज्ञातो वस्तुपालो जिनप्रतिमार्थं पाषाणमवृणात् ।
2. जानन्तोऽपि धर्ममाहात्म्यमुज्ज्वलं न कुर्वन्ति जना धर्मम् ।
3. दुर्जनाः सद्गुणवैभवं मुष्णन्ति अतः दुर्जनसङ्गं परित्यज्य सज्जनसङ्गेन स्वीयाः सद्विचाराः पोषणीयाः ।

4. तपस्विनः स्वं जानन्ति, गुणान् गृह्णन्ति, दोषान् मीनन्ति, पापं लुनते, कर्माणि मृद्नन्ति, आत्मनि लिनन्ति मोक्षञ्च वशीकुर्वन्ति, धन्यास्ते, नमस्कुर्महे वयं तान् ।
5. जिनपूजार्थं वयं श्रेष्ठं महार्घं चन्दनं क्रीणीमहे ।
6. जिनदेशनाकाले सुराः विविधवर्णैः पुष्पैर्भूमिमास्तृणते ।
7. भूत्वाऽनड्वान् इशानेन्द्रः प्रभुं मेरा अभ्यसिञ्चत् ।
8. स्वीयेन ज्ञानेन यः स्तभ्नाति तस्य ज्ञानमपि स्तभ्नाति ।
9. गौतमस्वामी प्रभुविरहेण स्वयमप्लुष्णात् पश्चात् स्वीयानि कर्माणि दहति स्म ।

## [2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-

1. તેણે સદ્વિચારોથી મનને અને સત્કાર્યોથી કાયાને પવિત્ર કરી.
2. આળસ અને ગુસ્સો બુદ્ધિનો નાશ કરે છે.
3. તીર્થંકરો અર્થને કહે છે અને ગણધરો તે અર્થને સૂત્રમાં ગૂંથે છે.
4. ધનને છોડી શાલિભદ્રે ધર્મને પસંદ કર્યો.
5. રાગ-દ્વેષ આત્માને કર્મોથી બાંધે છે.
6. તે ક્યારેય પણ દુકાનમાંથી ખરીદેલું ભોજન ખાતો નથી. તેથી તેના શરીરમાં રોગ ઉત્પન્ન થતો જ નથી.
7. જિનપૂજા મનને, વચનને અને કાયાને પવિત્ર કરે છે.
8. ખંધક મુનિ દ્વારા પુષ્ટ કરાયેલા મહાવ્રતોએ કર્મોના ચૂરેચૂરા કરી નાંખ્યા.
9. પુરુષ પ્રાયઃ કરીને યૌવનથી અને ધનથી ગર્વિષ્ઠ થતો હોય છે પણ આ તો રાજા હોવા છતાં અને યુવાનીમાં રહેલો હોવા છતાં ગર્વિષ્ઠ થતો નથી.

## [3] ખૂટતી વિગતો પૂરો :-

| નં. | ધાતુ | અર્થ | ગણ | પદ | કાળ | વચન | પ્ર.પુ. | દ્વિ.પુ | તૃ.પુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | अश् | | | | વર્તમાન | ૩ | | | |
| 2. | ग्रन्थ् | | | | હ્યસ્તન | ૧ | | | |
| 3. | ग्रह् | | | | વર્તમાન | ૨ | | | |
| 4. | पुष् | | | | હ્યસ્તન | ૩ | | | |
| 5. | ली | | | | વર્તમાન | ૧ | | | |

**[4] ખૂટતી વિગતો પૂરો :-**

| નં. | ધાતુ | અર્થ | ગણ | પદ | કાળ | પુરુષ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | प्लुष् | | | | હ્યસ્તન | ૧ | | | |
| 2. | स्तम्भ् | | | | વર્તમાન | ૨ | | | |
| 3. | लू | | | | હ્યસ્તન | ૩ | | | |
| 4. | मी | | | | વર્તમાન | ૨ | | | |
| 5. | पू | | | | હ્યસ્તન | ૨ | | | |

**[5] ખૂટતી વિગતો પૂરો :-**

| નં. | અર્થ | મૂળધાતુ | ગણ | પદ | પ્રત્યય | પુરુષ | વચન | રૂપ | કાળ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | તે બેએ જાણ્યું | | | | | | | | |
| 2. | અમે બધાંએ પસંદ કર્યું. | | | | | | | | |
| 3. | તું ખરીદે છે. | | | | | | | | |
| 4. | તમે બધાંએ ચૂરેચૂરો કરી દીધો. | | | | | | | | |
| 5. | અમે બેએ ખાધું. | | | | | | | | |

**[6] ખાલી જગ્યા પૂરો :-**

1. अश् – ........ [હેત્વર્થ કૃદન્ત]
2. ज्ञा [जा] – ...... [હેત્વર્થ કૃદન્ત]
3. मृद् – ....... [કર્તરિ વર્તમાન કૃદન્ત]
4. स्तृ – ...... [સંબંધક ભૂતકૃદન્ત]
5. ग्रह् – ......[કર્મણિ ભૂતકૃદન્ત]

**[7] જોડકાં જોડો :–**

| | A | B |
|---|---|---|
| 1. | अक्रीणीतम् | अचिनोः |
| 2. | क्रीणन्ति | चिन्वे |
| 3. | अक्रीणात् | चिन्वन्ति |
| 4. | क्रीणे | अचिनुतम् |
| 5. | अक्रीणाः | अचिनोत् |

OOO

## પાઠ - ૭

# ગણ - ૯ આજ્ઞાર્થ & વિધ્યર્થ + કર્મણિ

**રૂપો :-1.** ज्ञा [जा] = જાણવું. ઉભયપદ ગણ - ૯

**પરસ્મૈપદ ← આજ્ઞાર્થ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | जानानि | जानाव | जानाम | जानै | जानावहै | जानामहै |
| દ્વિ.પુ. → | जानीहि | जानीतम् | जानीत | जानीष्व | जानाथाम् | जानीध्वम् |
| તૃ.પુ. → | जानातु | जानीताम् | जानन्तु | जानीताम् | जानाताम् | जानताम् |

**પરસ્મૈપદ ← વિધ્યર્થ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | जानीयाम् | जानीयाव | जानीयाम | जानीय | जानीवहि | जानीमहि |
| દ્વિ.પુ. → | जानीयाः | जानीयातम् | जानीयात | जानीथाः | जानीयाथाम् | जानीध्वम् |
| તૃ.પુ. → | जानीयात् | जानीयाताम् | जानीयुः | जानीत | जानीयाताम् | जानीरन् |

**2.** पू = પવિત્ર કરવું. ઉભયપદ ગણ - ૯

**પરસ્મૈપદ ← આજ્ઞાર્થ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | पुनानि | पुनाव | पुनाम | पुनै | पुनावहै | पुनामहै |
| દ્વિ.પુ. → | पुनीहि | पुनीतम् | पुनीत | पुनीष्व | पुनाथाम् | पुनीध्वम् |
| તૃ.પુ. → | पुनातु | पुनीताम् | पुनन्तु | पुनीताम् | पुनाताम् | पुनताम् |

**પરસ્મૈપદ ← વિધ્યર્થ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | पुनीयाम् | पुनीयाव | पुनीयाम | पुनीय | पुनीवहि | पुनीमहि |
| દ્વિ.પુ. → | पुनीयाः | पुनीयातम् | पुनीयात | पुनीथाः | पुनीयाथाम् | पुनीध्वम् |
| તૃ.પુ. → | पुनीयात् | पुनीयाताम् | पुनीयुः | पुनीत | पुनीयाताम् | पुनीरन् |

3. ग्रह् [गृह्] = ગ્રહણ કરવું. ઉભયપદ ગણ - ૯

**પરસ્મૈપદ ← આજ્ઞાર્થ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | गृह्णानि | गृह्णाव | गृह्णाम | गृह्णै | गृह्णावहै | गृह्णामहै |
| દ્વિ.પુ. → | गृहाण | गृह्णीतम् | गृह्णीत | गृह्णीष्व | गृह्णाथाम् | गृह्णीध्वम् |
| તૃ.પુ. → | गृह्णातु | गृह्णीताम् | गृह्णन्तु | गृह्णीताम् | गृह्णाताम् | गृह्णताम् |

**પરસ્મૈપદ ← વિધ્યર્થ → આત્મનેપદ**

| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|
| गृह्णीयाम् | गृह्णीयाव | गृह्णीयाम | गृह्णीय | गृह्णीवहि | गृह्णीमहि |
| गृह्णीयाः | गृह्णीयातम् | गृह्णीयात | गृह्णीथाः | गृह्णीयाथाम् | गृह्णीध्वम् |
| गृह्णीयात् | गृह्णीयाताम् | गृह्णीयुः | गृह्णीत | गृह्णीयाताम् | गृह्णीरन् |

4. स्तृ = પાથરવું, ઢાંકવું. ઉભયપદ ગણ -૯

**પરસ્મૈપદ ← આજ્ઞાર્થ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | स्तृणानि | स्तृणाव | स्तृणाम | स्तृणै | स्तृणावहै | स्तृणामहै |
| દ્વિ.પુ. → | स्तृणीहि | स्तृणीतम् | स्तृणीत | स्तृणीष्व | स्तृणाथाम् | स्तृणीध्वम् |
| તૃ.પુ. → | स्तृणातु | स्तृणीताम् | स्तृणन्तु | स्तृणीताम् | स्तृणाताम् | स्तृणताम् |

**પરસ્મૈપદ ← વિધ્યર્થ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. | स्तृणीयाम् | स्तृणीयाव | स्तृणीयाम | स्तृणीय | स्तृणीवहि | स्तृणीमहि |
| દ્વિ.પુ. | स्तृणीयाः | स्तृणीयातम् | स्तृणीयात | स्तृणीथाः | स्तृणीयाथाम् | स्तृणीध्वम् |
| તૃ.પુ. | स्तृणीयात् | स्तृणीयाताम् | स्तृणीयुः | स्तृणीत | स्तृणीयाताम् | स्तृणीरन् |

5. क्री = ખરીદવું, ઉભયપદ, ગણ - ૯

**પરસ્મૈપદ ← આજ્ઞાર્થ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | क्रीणानि | क्रीणाव | क्रीणाम | क्रीणै | क्रीणावहै | क्रीणामहै |
| દ્વિ.પુ. → | क्रीणीहि | क्रीणीतम् | क्रीणीत | क्रीणीष्व | क्रीणाथाम् | क्रीणीध्वम् |
| તૃ.પુ. → | क्रीणातु | क्रीणीताम् | क्रीणन्तु | क्रीणीताम् | क्रीणाताम् | क्रीणताम् |

## પરસ્મૈપદ ← વિધ્યર્થ → આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. | क्रीणीयाम् | क्रीणीयाव | क्रीणीयाम | क्रीणीय | क्रीणीवहि | क्रीणीमहि |
| દ્વિ.પુ. | क्रीणीयाः | क्रीणीयातम् | क्रीणीयात | क्रीणीथाः | क्रीणीयाथाम् | क्रीणीध्वम् |
| તૃ.પુ. | क्रीणीयात् | क्रीणीयाताम् | क्रीणीयुः | क्रीणीत | क्रीणीयाताम् | क्रीणीरन् |

## ★ કર્મણિ રૂપ ★

ज्ञा = જાણવું. ઉભયપદ ગણ - ૯

**વર્તમાનકાળ** | **હ્યસ્તન ભૂતકાળ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | ज्ञाये | ज्ञायावहे | ज्ञायामहे | अज्ञाये | अज्ञायावहि | अज्ञायामहि |
| દ્વિ.પુ. → | ज्ञायसे | ज्ञायेथे | ज्ञायध्वे | अज्ञायथाः | अज्ञायेथाम् | अज्ञायध्वम् |
| તૃ.પુ. → | ज्ञायते | ज्ञायेते | ज्ञायन्ते | अज्ञायत | अज्ञायेताम् | अज्ञायन्त |

**આજ્ઞાર્થ** | **વિધ્યર્થ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | ज्ञायै | ज्ञायावहै | ज्ञायामहै | ज्ञायेय | ज्ञायेवहि | ज्ञायेमहि |
| દ્વિ.પુ. → | ज्ञायस्व | ज्ञायेथाम् | ज्ञायध्वम् | ज्ञायेथाः | ज्ञायेयाथाम् | ज्ञायेध्वम् |
| તૃ.પુ. → | ज्ञायताम् | ज्ञायेताम् | ज्ञायन्ताम् | ज्ञायेत | ज्ञायेयाताम् | ज्ञायेरन् |

## ★ અનિયમિત રૂપો ★

1. अर्यमन् = સૂર્ય [પુલ્લિંગ]

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર.વિ. → | अर्यमा | अर्यमणौ | अर्यमणः |
| દ્વિ.વિ. → | अर्यमणम् | " | अर्यम्णः |
| તૃ.વિ. → | अर्यम्णा | अर्यमभ्याम् | अर्यमभिः |
| ચ.વિ. → | अर्यम्णे | " | अर्यमभ्यः |
| પં.વિ. → | अर्यम्णः | " | " |
| ષ.વિ. → | " | अर्यम्णोः | अर्यम्णाम् |
| સ.વિ. → | अर्यम्णि, अर्यमणि | " | अर्यमसु |
| સંબો. → | अर्यमन् ! | अर्यमणौ ! | अर्यमणः ! |

2. अप् = પાણી [સ્ત્રીલિંગ] [માત્ર બહુવચનમાં જ પ્રયોગ થાય.]

| | | | |
|---|---|---|---|
| પ્ર.વિ. → आपः | ચ.વિ. → अद्भ्यः | સ.વિ. → अप्सु |
| દ્વિ.વિ. → अपः | પં.વિ. → अद्भ्यः | સંબો. → आपः ! |
| તૃ.વિ. → अद्भिः | ષ.વિ. → अपाम् | |

3. अर्ध = અડધું

| | એ વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર.વિ. ➜ | अर्धः | अर्धौ | अर्धाः, अर्धे |

બાકીના રૂપો પુલ્લિંગ 'जिन' પ્રમાણે.

अल्प = થોડું, चरम = છેલ્લું

આ બધા શબ્દોના રૂપો 'अर्ध' પ્રમાણે.

## ધાતુઓ

➤ **ગણ-૧-ઉભયપદ :-**

धू = ધ્રૂજાવવું, દૂર કરવું [*To Shake*]

➤ **ગણ-૧-આત્મનેપદ :-**

परि+वृत् = બદલાવું [*To Change*]

➤ **ગણ-૪-આત્મનેપદ :-**

ली = ઓગળવું, લીન થવું. [*To Melt*]

➤ **ગણ-૫-ઉભયપદ :-**

कृ = મારવું [*To Hit*]

➤ **ગણ-૬-પરસ્મૈપદ :-**

प्र+विश् = પ્રવેશવું [*To Enter*]

गृ = ગળવું [*To Swallow*]

➤ **ગણ-૬-આત્મનેપદ :-**

सम्+गृ = વચન આપવું [*To Promise*]

➤ **ગણ-૯-પરસ્મૈપદ :-**

गृ = ગળવું, બોલવું [*To Speak*]

जृ = ઘરડું થવું, ઘસાઈ જવું [*To Decay*]

दृ = ફાડવું [*To Tear*]

पृ = ભરવું [*To Fill*]

मन्थ् = વલોવવું [*To Churn*]

वि + ली = ઓગળી જવું [*To Melt*]

➤ **ગણ-૯-ઉભયપદ :-**

कृ = મારવું [*To Hit*]

धू = ધ્રૂજાવવું, દૂર કરવું [*To Shake*]

प्री = ખુશ કરવું [*To Please*]

श्री = રાંધવું [*To Cook*]

आ+ज्ञा = આજ્ઞા કરવી [*To Order*]

अभि+ज्ञा = ઓળખવું [*To Recognize*]

➤ **ગણ-૧૦-ઉભયપદ :-**

वि+धू [धून्] = ધ્રૂજાવવું, દૂર કરવું [*To Shake*]

## શબ્દો

❁ **તત્સમ શબ્દો-પુલ્લિંગ :-**

दुष्प्रभाव = ખરાબ પ્રભાવ [*Bad Influence*]

➤ **નપુંસકલિંગ :-**

आरोग्य = આરોગ્ય [*Health*]

➤ **સ્ત્રીલિંગ :-**

शङ्का = શંકા [*Doubt*]

❁ **નૂતન શબ્દો - પુલ્લિંગ :-**

श्वशुर = સસરો [*Father-in-Law*]

अष्टापद = અષ્ટાપદ પર્વત

वृश्चिक = વીંછી [*Scorpion*]

निर्जर = દેવ [*Deity*]

स्वादु = સ્વાદિષ્ટ [*Tasty*]

जह्नु = જહ્નુકુમાર

➤ **નપુંસકલિંગ :-**

तक्र = છાશ [*Butter Milk*]

नवनीत = માખણ [*Butter*]

➤ **સ્ત્રીલિંગ :-**

परिखा = ખાઈ [*Ditch*]

अप् = પાણી [*Water*]

➤ **વિશેષણ :-**

अर्ध = અડધું [*Half*]

अल्प = થોડું [*Little*]

चरम = છેલ્લું [*Last*]

➤ **વ્યંજનાંત શબ્દો :-**

गृहिन् = ગૃહસ્થ [*House holder*]

अर्यमन् = સૂર્ય [*Sun*]

नागराज् = નાગરાજ [દેવયોનિ]

➤ **અવ્યય :-**

अन्यथा = બાકી તો [*Otherwise*]

➤ **ક્રિયાવિશેષણ :-**

यावज्जीव = જાવજ્જીવ [*Until Death*]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. अधूनोत् क्रोधमधुनोद् मानमधुनाद् मायामधुवल्लोभं जिनो व्यधूनयत् प्रमादम्, अधवदसत्यं ततश्च प्राप्नोत्केवलज्ञानम् ।
2. साधुना स्वयं श्रेतुं न युज्यते, स्वकृते श्रीतं च ग्रहीतुं न युज्यते । गृहिणा स्वकृते श्रीतं यत्, तदेव ग्राह्यं साधुना ।
3. स्तीर्णे कुथे व्रतिनो न चलन्ति जीवहिंसाशङ्कया ।
4. भगवति विलीनो स्वमातरमपि अभिज्ञातुं न शक्नोति ।
5. यो जीवान् दृणाति कृणाति च स आत्मानं पापैः पृणाति, धिक्तम् ।
6. काया गृणाति जृणाति च अल्पे अर्धे वा वयसीदानीं, एतत् सर्वं आपणस्य भोजनस्य दुष्प्रभावः इति व्यवसीयते । अतः त्यज आपणान्नं स्वादु अपि ।
7. अहं गृहागतान् सर्वान् अप्रीणाम् अधुनाऽपि प्रीणामि ततश्च मम हृदयं आमोदेन पृणातु ।
8. विचिन्त्य सङ्गिरणीयम्, यतः सज्जनाः सङ्गीर्य न परिवर्तन्ते ।
9. यथा लोकाः तक्रं मन्थित्वा नवनीतं प्राप्नुवन्ति तथैव श्रमणाः शास्त्राणि मन्थित्वा तत्त्वं गृह्णन्ति ।

**[2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-**

1. મને બાળી રહેલો મારો સસરો વાસ્તવમાં બાળવા યોગ્ય મારા કર્મોને બાળી મને મોક્ષમાં મોકલે છે – આ પ્રમાણે ગજસુકુમાલ મુનિએ વિચાર્યુ.
2. જીવનમાં પ્રવેશતા પાપોને તું અટકાવ. બાકી નરકમાં અસુરો તને ફાડી નાંખશે.
3. તું સાચું પસંદ કર.
4. ધનને છોડ, ધર્મને પસંદ કર, અતિથિઓને ખુશ કર.

5. જહ્નુકુમાર અષ્ટાપદની ખીણને જ્યારે પાણીથી ભરે છે ત્યારે ગુસ્સે થયેલા નાગરાજે જહ્નુકુમારને બાળી નાંખ્યો.
6. તમે પોતાના દોષોને કાપો, જેથી જલદી મોક્ષ થાય.
7. દીક્ષા સમયે સાધુએ મહાવ્રતો લીધા અને જાવજ્જીવ પાળ્યા.
8. ભગવાનના વચનો સાંભળી તેને આચરવા માટે હું અત્યંત પ્રયત્ન કરું છું.
9. તું તારી જાતને જાણ, દોષને કાપ. કારણ કે આ રીતે જીવ પાપોને કાપે છે અને મોક્ષને મેળવે છે.

## [3] નિમ્નોક્ત વાક્યોનું કર્મણિમાં રૂપાંતરણ કરો :-

1. गौतमं महावीर आजानीते ।
2. कृपाधारया गुरुः शिष्यमास्तृणात् ।
3. सर्वजीवान् अनुकम्पया स प्रीणाति ।
4. न कृणीयात् कमपि जीवम् ।
5. श्रीणीहि ओदनं शीघ्रं ।

## [4] ખૂટતી વિગતો પૂરો :-

| નં. | મૂળધાતુ | અર્થ | ગણ | પદ | પ્રયોગ | કાળ | વચન | પ્ર.પુ. | દ્વિ.પુ | તૃ.પુ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | अभि+ज्ञा | | | | કર્તરિ | હ્યસ્તન | ૧ | | | |
| 2. | कृ | | | | કર્મણિ | આજ્ઞાર્થ | ૨ | | | |
| 3. | मन्थ् | | | | કર્તરિ | વર્તમાન | ૩ | | | |
| 4. | पृ | | | | કર્મણિ | વિધ્યર્થ | ૨ | | | |
| 5. | गृ | | | | કર્તરિ | આજ્ઞાર્થ | ૧ | | | |

## [5] ખૂટતી વિગતો પૂરો :-

| નં. | અર્થ | મૂળધાતુ | ગણ | પદ | પ્રયોગ | કાળ | પુરુષ | એ. વ. | દ્વિ. વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ગ્રહણ કરવું | | | | કર્મણિ | વિધ્યર્થ | ૧ | | | |
| 2. | ચૂરેચૂરા કરવા | | | | કર્તરિ | વર્તમાન | ૨ | | | |
| 3. | ગર્વિષ્ઠ થવું | | | | કર્મણિ | આજ્ઞાર્થ | ૩ | | | |
| 4. | પસંદ કરવું | | | | કર્તરિ | હ્યસ્તન | ૨ | | | |
| 5. | ચોરવું | | | | કર્મણિ | વિધ્યર્થ | ૩ | | | |

## [6] કૌંસમાં આપેલ ધાતુના સમાન રૂપો વડે ખાલી જગ્યા પૂરો :-

1. कृण्मः - ........ [ गृ ]
2. अवृणुत - ....... [मृद्]
3. धुनवाव - ...... [धू ગણ–૧૦]
4. आश्नुवाथाम् - ...... [प्र+तन्]
5. स्तृणुयाताम् - ......[क्री]

## [7] સંપૂર્ણ સાધનિકા બનાવો :- [નીચેના રૂપો કેવી રીતે થયા ? નિયમ – પ્રત્યય – તેનાથી થતા ફેરફાર ઈત્યાદિ તમામ વિગત]

1. अपुनन् । 2. अबध्नाम् । 3. लिनन्ति । 4. अस्तभ्नात् । 5. स्तृणासि ।

# પાઠ - ૮

## ગણ - ૭ વર્તમાનકાળ & હ્યસ્તનભૂતકાળ

**નિયમો :-** → ગણની નિશાની – न, न्

1. ગણની નિશાની ધાતુના સ્વર અને અન્ત્ય વ્યંજનની વચ્ચે આવે.
   - ★ વિકારક પ્રત્યય પૂર્વે न [સ્વર સહિત] લાગે. **દા.ત.** रुणध्मि ।
   - ★ અવિકારક પ્રત્યય પૂર્વે न् [સ્વર રહિત] લાગે. **દા.ત.** रुन्ध्वः ।

2. વિકારક પ્રત્યય લાગતા ધાતુનો અનુનાસિક લોપાય. **દા.ત.** → भञ्ज् – भनक्ति । તથા વ્યંજનથી શરૂ થતા વિકારક પ્રત્યયો લાગતા 'तृह्' ધાતુને 'न' ના બદલે 'णे' લાગે છે.

**દા.ત.** ☛ तृह् + मि = तृणेह्मि પરંતુ અવિકારક પ્રત્યયોમાં तृंह्वः । तृंह्मः

**રૂપો :-** 1. तृह् = મારવું, પરસ્મૈપદ ગણ - ૭

| | વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|---|
| | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** |
| **પ્ર.પુ.** → | तृणेह्मि | तृंह्वः | तृंह्मः | अतृणहम् | अतृंह्व | अतृंह्म |
| **દ્વિ.પુ.** → | तृणेक्षि | तृण्ढः | तृण्ढ | अतृणेट्-ड् | अतृण्ढम् | अतृण्ढ |
| **તૃ.પુ.** → | तृणेढि | तृण्ढः | तृंहन्ति | अतृणेट्-ड् | अतृण्ढाम् | अतृंहन् |

2. रुध् = રોકવું, ઘેરો ઘાલવો. ગણ - ૭, ઉભયપદ

| | પરસ્મૈપદ ← | વર્તમાનકાળ | | → આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** |
| **પ્ર.પુ.** → | रुणध्मि | रुन्ध्वः | रुन्ध्मः | रुन्धे | रुन्ध्वहे | रुन्ध्महे |
| **દ્વિ.પુ.** → | रुणत्सि | रुन्द्धः | रुन्द्ध | रुन्त्से | रुन्धाथे | रुन्द्ध्वे |
| **તૃ.પુ.** → | रुणद्धि | रुन्द्धः | रुन्धन्ति | रुन्द्धे | रुन्धाते | रुन्धते |

| | પરસ્મૈપદ ← | હ્યસ્તનભૂતકાળ | | → આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** |
| **પ્ર.પુ.** | अरुणधम् | अरुन्ध्व | अरुन्ध्म | अरुन्धि | अरुन्ध्वहि | अरुन्ध्महि |
| **દ્વિ.પુ.** | अरुणः/त्/द् | अरुन्द्धम् | अरुन्द्ध | अरुन्द्धाः | अरुन्धाथाम् | अरुन्द्ध्वम् |
| **તૃ.પુ.** | अरुणत्/द् | अरुन्द्धाम् | अरुन्धन् | अरुन्द्ध | अरुन्धाताम् | अरुन्धत |

3. अञ्ज् = ચોપડવું. પરસ્મૈપદ ગણ - ૭

| | વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ. → | अनज्मि | अञ्ज्वः | अञ्ज्मः | आनजम् | आञ्ज्व | आञ्ज्म |
| દ્વિ.પુ. → | अनक्षि | अङ्क्थः | अङ्क्थ | आनक्-ग् | आङ्क्तम् | आङ्क्त |
| તૃ.પુ. → | अनक्ति | अङ्क्तः | अञ्जन्ति | आनक्-ग् | आङ्क्ताम् | आञ्जन् |

4. पिंष् = પીસવું. પરસ્મૈપદ ગણ - ૭

| | વર્તમાનકાળ | | | હ્યસ્તનભૂતકાળ | | |
|---|---|---|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ. → | पिनष्मि | पिंष्वः | पिंष्मः | अपिनषम् | अपिंष्व | अपिंष्म |
| દ્વિ.પુ. → | पिनक्षि | पिंष्ठः | पिंष्ठ | अपिनट्-ड् | अपिंष्टम् | अपिंष्ट |
| તૃ.પુ. → | पिनष्टि | पिंष्टः | पिंषन्ति | अपिनट्-ड् | अपिंष्टाम् | अपिंषन् |

5. रिच् = ખાલી કરવું. ઉભયપદ ગણ - ૭

પરસ્મૈપદ ← વર્તમાનકાળ → આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | रिणच्मि | रिञ्च्वः | रिञ्च्मः | रिञ्चे | रिञ्च्वहे | रिञ्च्महे |
| દ્વિ.પુ. → | रिणक्षि | रिङ्क्थः | रिङ्क्थ | रिङ्क्षे | रिञ्चाथे | रिङ्ग्ध्वे |
| તૃ.પુ. → | रिणक्ति | रिङ्क्तः | रिञ्चन्ति | रिङ्क्ते | रिञ्चाते | रिञ्चते |

પરસ્મૈપદ ← હ્યસ્તનભૂતકાળ → આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. | अरिणचम् | अरिञ्च्व | अरिञ्च्म | अरिञ्चि | अरिञ्च्वहि | अरिञ्च्महि |
| દ્વિ.પુ. | अरिणक्-ग् | अरिङ्क्तम् | अरिङ्क्त | अरिङ्क्थाः | अरिञ्चाथाम् | अरिङ्ग्ध्वम् |
| તૃ.પુ. | अरिणक्-ग् | अरिङ्क्ताम् | अरिञ्चन् | अरिङ्क्त | अरिञ्चाताम् | अरिञ्चत |

6. छिद् = કાપવું. ઉભયપદ ગણ - ૭

**પરસ્મૈપદ ← વર્તમાનકાળ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | छिनद्मि | छिन्द्वः | छिन्द्मः | छिन्दे | छिन्द्वहे | छिन्द्महे |
| દ્વિ.પુ. → | छिनत्सि | छिन्त्थः | छिन्त्थ | छिन्त्से | छिन्दाथे | छिन्द्ध्वे |
| તૃ.પુ. → | छिनत्ति | छिन्त्तः | छिन्दन्ति | छिन्त्ते | छिन्दाते | छिन्दते |

**પરસ્મૈપદ ← હ્યસ્તનભૂતકાળ → આત્મનેપદ**

| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|
| अच्छिनदम् | अच्छिन्द्व | अच्छिन्द्म | अच्छिन्दि | अच्छिन्द्वहि | अच्छिन्द्महि |
| अच्छिनः<br>अच्छिनत्/द् | अच्छिन्तम् | अच्छिन्त | अच्छिन्था: | अच्छिन्दाथाम् | अच्छिन्द्ध्वम् |
| अच्छिनत्/द् | अच्छिन्ताम् | अच्छिन्दन् | अच्छिन्त | अच्छिन्दाताम् | अच्छिन्दत |

7. हिंस् = હિંસા કરવી. પરસ્મૈપદ ગણ - ૭

**વર્તમાનકાળ** **હ્યસ્તનભૂતકાળ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | हिनस्मि | हिंस्वः | हिंस्मः | अहिनसम् | अहिंस्व | अहिंस्म |
| દ્વિ.પુ. → | हिनस्सि | हिंस्थः | हिंस्थ | अहिनः,<br>अहिनत्-द् | अहिंस्तम् | अहिंस्त |
| તૃ.પુ. → | हिनस्ति | हिंस्तः | हिंसन्ति | अहिनत्-द् | अहिंस्ताम् | अहिंसन् |

8. इन्ध् = સળગાવવું. આત્મનેપદ ગણ - ૭

**વર્તમાનકાળ** **હ્યસ્તનભૂતકાળ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | इन्धे | इन्ध्वहे | इन्ध्महे | ऐन्धि | ऐन्ध्वहि | ऐन्ध्महि |
| દ્વિ.પુ. → | इन्त्से | इन्धाथे | इन्द्ध्वे | ऐन्द्धाः | ऐन्धाथाम् | ऐन्द्ध्वम् |
| તૃ.પુ. → | इन्द्धे | इन्धाते | इन्धते | ऐन्द्ध | ऐन्धाताम् | ऐन्धत |

9. भुज् = જમવું, ભોગવવું. ઉભયપદ ગણ - ૭

**પરસ્મૈપદ ← વર્તમાનકાળ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | भुनज्मि | भुञ्ज्वः | भुञ्ज्मः | भुञ्जे | भुञ्ज्वहे | भुञ्ज्महे |
| દ્વિ.પુ. → | भुनक्षि | भुङ्क्थः | भुङ्क्थ | भुङ्क्षे | भुञ्जाथे | भुङ्ग्ध्वे |
| તૃ.પુ. → | भुनक्ति | भुङ्क्तः | भुञ्जन्ति | भुङ्क्ते | भुञ्जाते | भुञ्जते |

**પરસ્મૈપદ ← હ્યસ્તનભૂતકાળ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. | अभुनजम् | अभुञ्ज्व | अभुञ्ज्म | अभुञ्जि | अभुञ्ज्वहि | अभुञ्ज्महि |
| દ્વિ.પુ. | अभुनक्-ग् | अभुङ्क्तम् | अभुङ्क्त | अभुङ्क्थाः | अभुञ्जाथाम् | अभुङ्ग्ध्वम् |
| તૃ.પુ. | अभुनक्-ग् | अभुङ्क्ताम् | अभुञ्जन् | अभुङ्क्त | अभुञ्जाताम् | अभुञ्जत |

**કેટલાંક અનિયમિત રૂપો :-**

1. अनेहस् = કાળ [પુ.]

| | | |
|---|---|---|
| अनेहा | अनेहसौ | अनेहसः |
| अनेहसम् | ” | ” |
| अनेहसा | अनेहोभ्याम् | अनेहोभिः |
| अनेहसे | ” | अनेहोभ्यः |
| अनेहसः | ” | ” |
| ” | अनेहसोः | अनेहसाम् |
| अनेहसि | ” | अनेहस्सु |
| अनेहः ! | अनेहसौ ! | अनेहसः ! |

2. अहन् = દિવસ [નપું.]

| | | |
|---|---|---|
| अहः | अह्नी, अहनी | अहानि |
| ” | ” ” | ” |
| अह्ना | अहोभ्याम् | अहोभिः |
| अह्ने | ” | अहोभ्यः |
| अह्नः | ” | ” |
| ” | अह्नोः | अह्नाम् |
| अह्नि,अहनि | ” | अहस्सु |
| अहः ! | अह्नी,अहनी ! | अहानि ! |

કૃદન્તો :–

| નં | ધાતુ | હેત્વર્થ | સંબંધક ભૂત | વર્તમાન કર્તરિ | વર્તમાન કર્મણિ | કર્તરિ ભૂત | કર્મણિ ભૂત | तव्य | अनीय | य |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | भुज् | भोक्तुम् | भुक्त्वा | भुञ्जत् | भुज्यमान | भुक्तवत् | भुक्त | भोक्तव्य | भोजनीय | भोज्य |
| | | | | | | | | | | भोग्य |
| 2. | इन्ध् | इन्धितुम् | इन्धित्वा | इन्धान | इध्यमान | इद्धवत् | इद्ध | इन्धितव्य | इन्धनीय | इन्ध्य |
| 3. | छिद् [પ.] | छेत्तुम् | छित्त्वा | छिन्दत् | छिद्यमान | छिन्नवत् | छिन्न | छेत्तव्य | छेदनीय | छेद्य |
| 4. | रिच् [આ.] | रेक्तुम् | रिक्त्वा | रिञ्चान | रिच्यमान | रिक्तवत् | रिक्त | रेक्तव्य | रेचनीय | रेच्य |
| 5. | पिष् | पेष्टुम् | पिष्ट्वा | पिंषत् | पिष्यमाण | पिष्टवत् | पिष्ट | पेष्टव्य | पेषणीय | पेष्य |
| 6. | अञ्ज् | अङ्क्तुम् | अङ्क्त्वा | अञ्जत् | अज्यमान | अङ्क्तवत् | अङ्क्त | अङ्क्तव्य | अञ्जनीय | अञ्ज्य |
| 7. | हिंस् | हिंसितुम् | हिंसित्वा | हिंसत् | हिंस्यमान | हिंसितवत् | हिंसित | हिंसितव्य | हिंसनीय | हिंस्य |
| 8. | रुध् [પ.] | रोद्धुम् | रुद्ध्वा | रुन्धत् | रुध्यमान | रुद्धवत् | रुद्ध | रोद्धव्य | रोधनीय | रोध्य |
| 9. | तृह् | तर्हितुम् | तर्हित्वा | तृंहत् | तृह्यमाण | तृहितवत् | तृहित | तर्हितव्य | तर्हणीय | तर्ह्य |

## ધાતુઓ

➤ **ગણ - ૧ - પરસ્મૈપદ :-**

अनु+सृ = અનુસરવું [*To Follow*]

नि+युज्=નીમવું[+ગણ ૧૦][*To Appoint*]

हिंस्= હિંસા કરવી. [+ગણ ૧૦][*To Kill*]

➤ **ગણ - ૧ - ઉભયપદ :-**

आ+श्रि = આશ્રય લેવો.[*To Take Refuge*]

➤ **ગણ - ૧૦ -ઉભયપદ :-**

छिद् = કાપવું [*To Cut*]

➤ **ગણ - ૪ - આત્મનેપદ :-**

खिद् = ખેદ પામવું [*To Be Upset*]

युज् = સંગત હોવું. [*To Be Proper*]

➤ **ગણ - ૭ -ઉભયપદ :-**

क्षुद् = ખાંડવું, ચૂરેચૂરા કરવા [*To Grind*]

छिद् = કાપવું [*To Cut*]

भिद् = ચીરવું [*To Rip*]

भुज् = જમવું, ભોગવવું [*To Eat*]

युज् = જોડવું [*To Join*]

नि+युज् = નીમવું [*To Appoint*]

रिच् = ખાલી કરવું [*To Empty*]

रुध् = ઘેરો ઘાલવો, રોકવું [*To Surround*]

➤ **ગણ - ૭-પરસ્મૈપદ :-**

अञ्ज् = ચોપડવું,આંજવું [*To* Anoint]

वि+अञ्ज् =ખુલ્લું કરવું. [*To Open*]
સ્પષ્ટ હોવું [*To Reveal*]

तृह् = મારવું, નાશ કરવો. [*To Kill*]

पिष् = દળવું [*To Grind*]

भञ्ज् = ભાંગવું [*To Break*]

शिष् = ભેદ કરવો [*To Differentiate*]

हिंस् = હિંસા કરવી [*To Kill*]

सम्+पृच् = સંબંધમાં આવવું
[*To Come In Contact*]

➤ **ગણ - ૭ -આત્મનેપદ :-**

इन्ध् = સળગાવવું. [*To burn*]

## શબ્દો

❁ **તત્સમ શબ્દો-પુલ્લિંગ :-**

वेग = વેગ, ઝડપ [*Speed*]

मानवभव=મનુષ્યભવ [*Human Life*]

➤ **નપુંસકલિંગ :-**

अङ्ग = અંગ, અવયવ [*Part*]

स्मशान = સ્મશાન [*Grave Yard*]

हास्य = હાસ્ય [*Laughter*]

लावण्य = લાવણ્ય [*Beauty*]

➤ **સ્ત્રીલિંગ :-**

चेष्टा = ચેષ્ટા [*Movement*]

❁ **નૂતન શબ્દો - પુલ્લિંગ :-**

वृजिन = નિર્દયી [*Heartless*]

वृषल = શૂદ્ર, પાપી [*Cold Hearted*]

कमठ = કમઠ

अनेहस् = કાળ [અનિ.] [*Time*]

➤ **નપુંસકલિંગ :-**

अगार = ઘર [*House*]

क्षीर = દૂધ [*Milk*]

काष्ठ = લાકડું [*Wood*]

कलत्र = પત્ની [*Wife*]

अहन् = દિવસ [અનિ.] [*Day*]

➤ **સ્ત્રીલિંગ :-**

पञ्चमी = પાંચમ

अष्टमी = આઠમ

चतुर्दशी= ચૌદશ

श्रमणोपासिका = શ્રાવિકા

➤ **વિશેષણ :-**

व्याकुल = વ્યગ્ર [*Uneasy*]

❀ **વ્યંજનાંત શબ્દો :-**

सुखिन् = સુખી [शशिन् પ્રમાણે] [*Happy*]

➤ **અવ્યયો :-**

पुरा = પહેલા [*First*]

ननु = ખરેખર, પ્રશ્નવાચક [*Certainly*]

अथ = હવે [શરૂઆતમાં] [*Now*]

## સ્વાધ્યાય

### [1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-

1. साधुः तपसाऽशुभां कायचेष्टां रुद्ध्वा पापानि तृणेढि ।
2. पञ्चम्यष्टमी–चतुर्दश्यहस्सु श्रमणोपासिका धान्यानि न पिंषन्ति ।
3. माता शिशोर्नेत्रयोः प्रत्यहं आनक्, अतः शिशोर्नेत्रेऽधुनाऽत्यन्तं प्रकाशेते ।
4. व्यक्तमिदं – यो न कमपि जीवं हिनस्ति तर्हि तं न कोऽपि हिनस्ति ।
5. कमठोऽज्ञानेन काष्ठमिन्धित्वा तपः कृतवान् तदा पार्श्वप्रभुरुदितवान्–काष्ठं नेन्धितव्यम्, किन्त्वज्ञानमिन्ध्यम् ।
6. मानवभवं प्राप्य कर्माण्येव छेत्तव्यानीति श्रुत्वा गजसुकुमालः प्रव्रज्य कर्माणि छेत्तुं स्मशानङ्गतवान्, तत्रोपसर्ग आगते सत्यपि समतया सहमानः सः गजसुकुमालः सर्वकर्माणि छित्त्वा संसारं छिन्नवान् ।
7. न हिनस्म्यहं कदापि कमपि जीवं, यतः प्रभुणा महावीरेणोपदिष्टं मार्गमनुसराम्यहम् ।
8. येन भोगा भुक्ताः सोऽपि न तुष्टः, येन भुज्यमानाः सोऽपि न सुखी, ये भोक्तुमिच्छन्ति तेऽपि व्याकुलाः । किन्तु यैः भोगाः त्यक्ताः ते श्रमणाः सुखिनः सन्ति, अतः भोगाः न भोग्याः किन्तु त्याज्याः ।
9. यैः देहात्मनौ शिष्टौ ते सिद्धीभूता उद्यन्ते ये च तौ शेष्टुं संयस्यन्ति ते साधवः कथ्यन्ते ।

### [2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-

1. શ્રમણોની સાથે સંપર્કમાં રહેલો હું દીક્ષા લેવાને સમર્થ થયો.

2. જ્યારે નરકમાં પાપી એવા તને નિર્દયી એવા અસુરોએ સળગાવ્યો હતો, ખાંડ્યો હતો, કાપ્યો હતો, માર્યો હતો, દળ્યો હતો, ચીર્યો હતો ત્યારે તને રક્ષવા માટે કોઈ સમર્થ ન હતું.
3. ધર્મ જ તને નરકમાં રક્ષવા માટે સમર્થ છે માટે ધર્મને આચર.
4. જેમ લાકડું અગ્નિથી સળગાવાય છે તેમ ખરાબ શબ્દોથી માણસ સળગાવાય છે.
5. પોતાના કર્મને તમે બેએ ભેદી નાંખ્યા.
6. તે સાધુઓએ કોઈ પણ જીવને માર્યા નહીં.
7. પોતાના અંગોને કાપતા એવા માણસ ઉપર પણ તે સાધુએ ગુસ્સો કર્યો નહીં.
8. તેમની આ ક્રિયા તેમની દયાને ખુલ્લી કરે છે.
9. આપત્તિમાં સમતાથી દુઃખોને સહન કર. કારણ કે સમતા કર્મોને અને દુઃખોને નષ્ટ કરે છે.

## [3] ખૂટતી વિગતો પૂરો :-

| નં. | ધાતુ | અર્થ | કાળ | ગણ | પદ | પુરુષ | એ. વ. | દ્વિ. વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | सम्+पृच् | | વર્તમાન | | | ૧ | | | |
| 2. | भिद् | | હ્યસ્તન ભૂત. | | | ૨ | | | |
| 3. | भञ्ज् | | વર્તમાન | | | ૩ | | | |
| 4. | तृह् | | હ્યસ્તન ભૂત. | | | ૨ | | | |
| 5. | इन्ध् | | વર્તમાન | | | ૩ | | | |

## [4] ખૂટતી વિગતો પૂરો :-

| નં. | અર્થ | ધાતુ | કાળ | ગણ | પદ | વચન | પ્ર. પુ. | દ્વિ.પુ. | તૃ. પુ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | નીમવું | | વર્તમાન | | | ૧ | | | |
| 2. | ખાલી કરવું | | હ્યસ્તન | | | ૨ | | | |
| 3. | ભેદ કરવો | | વર્તમાન | | | ૩ | | | |
| 4. | દળવું | | હ્યસ્તન | | | ૨ | | | |
| 5. | જમવું | | વર્તમાન | | | ૨ | | | |

## [5] કૃદન્તો જણાવો.

| નં. | ધાતુ | હેત્વર્થ | સંબંધક | વર્તમાન કર્તરિ | વર્તમાન કર્મણિ | કર્તરિ ભૂત | કર્મણિ ભૂત | તવ્ય | અનીય | ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | छिद् | | | | | | | | | |
| 2. | अञ्ज् | | | | | | | | | |
| 3. | रुध् | | | | | | | | | |
| 4. | पिष् | | | | | | | | | |
| 5. | रिच् | | | | | | | | | |

## [6] રૂપ પૂરો :- [તે તે ધાતુની ઓળખ પણ આપો.]

1.
___ ___ तृंह्मः
___ ___ ___
___ ___ तृंहन्ति

2.
अच्छिनदम् ___ ___
___ ___ ___
___ ___ अच्छिन्दन्

## [7] રૂપ પૂરો :- [તે તે શબ્દોની ઓળખ પણ આપો.]

1.
___ ___ ___
___ ___ अनेहसः
___ ___ ___
___ ___ ___
___ ___ ___
___ ___ ___
___ ___ ___
___ ___ ___

2.
___ ___ ___
___ ___ ___
___ ___ ___
अर्यम्णे ___ ___
___ ___ ___
___ ___ ___
___ ___ अर्यमसु
___ ___ ___

○○○

# ગણ - ૭ આજ્ઞાર્થ, વિધ્યર્થ તથા કર્મણિ

રૂપાખ્યાનઃ- 1. तृह् = મારવું. ગણ - ૭, પરસ્મૈપદ

| | આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ. → | तृणहानि | तृणहाव | तृणहाम | तृंह्याम् | तृंह्याव | तृंह्याम |
| દ્વિ.પુ. → | तृण्ढि | तृण्ढम् | तृण्ढ | तृंह्याः | तृंह्यातम् | तृंह्यात |
| તૃ.પુ. → | तृणेढु | तृण्ढाम् | तृंहन्तु | तृंह्यात् | तृंह्याताम् | तृंह्युः |

2. रुध् = રોકવું, ઘેરો ઘાલવો. ગણ - ૭, ઉભયપદ

| | પરસ્મૈપદ ← | આજ્ઞાર્થ | | → આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ. → | रुणधानि | रुणधाव | रुणधाम | रुणधै | रुणधावहै | रुणधामहै |
| દ્વિ.પુ. → | रुन्द्धि | रुन्द्धम् | रुन्द्ध | रुन्त्स्व | रुन्धाथाम् | रुन्द्ध्वम् |
| તૃ.પુ. → | रुणद्धु | रुन्द्धाम् | रुन्धन्तु | रुन्द्धाम् | रुन्धाताम् | रुन्धताम् |

| | પરસ્મૈપદ ← | વિધ્યર્થ | | → આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ. → | रुन्ध्याम् | रुन्ध्याव | रुन्ध्याम | रुन्धीय | रुन्धीवहि | रुन्धीमहि |
| દ્વિ.પુ. → | रुन्ध्याः | रुन्ध्यातम् | रुन्ध्यात | रुन्धीथाः | रुन्धीयाथाम् | रुन्धीध्वम् |
| તૃ.પુ. → | रुन्ध्यात् | रुन्ध्याताम् | रुन्ध्युः | रुन्धीत | रुन्धीयाताम् | रुन्धीरन् |

3. अञ्ज् = ચોપડવું, ગણ - ૭, પરસ્મૈપદ

| | આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ. → | अनजानि | अनजाव | अनजाम | अञ्ज्याम् | अञ्ज्याव | अञ्ज्याम |
| દ્વિ.પુ. → | अङ्ग्धि | अङ्क्तम् | अङ्क्त | अञ्ज्याः | अञ्ज्यातम् | अञ्ज्यात |
| તૃ.પુ. → | अनक्तु | अङ्क्ताम् | अञ्जन्तु | अञ्ज्यात् | अञ्ज्याताम् | अञ्ज्युः |

4. पिष् = પીંસવું. ગણ -૭, પરસ્મૈપદ

| | આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ. → | पिनषाणि | पिनषाव | पिनषाम | पिंष्याम् | पिंष्याव | पिंष्याम |
| દ્વિ.પુ. → | पिण्ड्ढि | पिंष्टम् | पिंष्ट | पिंष्याः | पिंष्यातम् | पिंष्यात |
| તૃ.પુ. → | पिनष्टु | पिंष्टाम् | पिंषन्तु | पिंष्यात् | पिंष्याताम् | पिंष्युः |

5. रिच् = ખાલી કરવું. ગણ - ૭, ઉભયપદ

| પરસ્મૈપદ | ← આજ્ઞાર્થ → | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ. → रिणचानि | रिणचाव | रिणचाम | रिणचै | रिणचावहै | रिणचामहै |
| દ્વિ.પુ. → रिङ्ग्ध | रिङ्क्तम् | रिङ्क्त | रिङ्क्ष्व | रिञ्चाथाम् | रिङ्ग्ध्वम् |
| તૃ.પુ. → रिणक्तु | रिङ्क्ताम् | रिञ्चन्तु | रिङ्क्ताम् | रिञ्चाताम् | रिञ्चताम् |

| પરસ્મૈપદ | ← વિધ્યર્થ → | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ. → रिञ्च्याम् | रिञ्च्याव | रिञ्च्याम | रिञ्चीय | रिञ्चीवहि | रिञ्चीमहि |
| દ્વિ.પુ. → रिञ्च्याः | रिञ्च्यातम् | रिञ्च्यात | रिञ्चीथाः | रिञ्चीयाथाम् | रिञ्चीध्वम् |
| તૃ.પુ. → रिञ्च्यात् | रिञ्च्याताम् | रिञ्च्युः | रिञ्चीत | रिञ्चीयाताम् | रिञ्चीरन् |

6. छिद् = છેદવું, ગણ - ૭, ઉભયપદ

| પરસ્મૈપદ | ← આજ્ઞાર્થ → | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ. → छिनदानि | छिनदाव | छिनदाम | छिनदै | छिनदावहै | छिनदामहै |
| દ્વિ.પુ. → छिन्द्धि | छिन्त्तम् | छिन्त्त | छिन्त्स्व | छिन्दाथाम् | छिन्द्ध्वम् |
| તૃ.પુ. → छिनत्तु | छिन्त्ताम् | छिन्दन्तु | छिन्त्ताम् | छिन्दाताम् | छिन्दताम् |

| પરસ્મૈપદ | ← વિધ્યર્થ → | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ. → छिन्द्याम् | छिन्द्याव | छिन्द्याम | छिन्दीय | छिन्दीवहि | छिन्दीमहि |
| દ્વિ.પુ. → छिन्द्याः | छिन्द्यातम् | छिन्द्यात | छिन्दीथाः | छिन्दीयाथाम् | छिन्दीध्वम् |
| તૃ.પુ. → छिन्द्यात् | छिन्द्याताम् | छिन्द्युः | छिन्दीत | छिन्दीयाताम् | छिन्दीरन् |

7. हिंस् = હિંસા કરવી, ગણ - ૭, પરસ્મૈપદ

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ. → हिनसानि | हिनसाव | हिनसाम | हिंस्याम् | हिंस्याव | हिंस्याम |
| દ્વિ.પુ. → हिन्धि | हिंस्तम् | हिंस्त | हिंस्याः | हिंस्यातम् | हिंस्यात |
| તૃ.પુ. → हिनस्तु | हिंस्ताम् | हिंसन्तु | हिंस्यात् | हिंस्याताम् | हिंस्युः |

8. इन्ध् = સળગાવવું. ગણ - ૭, આત્મનેપદ

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ. → इनधै | इनधावहै | इनधामहै | इन्धीय | इन्धीवहि | इन्धीमहि |
| દ્વિ.પુ. → इन्त्स्व | इन्धाथाम् | इन्द्ध्वम् | इन्धीथाः | इन्धीयाथाम् | इन्धीध्वम् |
| તૃ.પુ. → इन्द्धाम् | इन्धाताम् | इन्धताम् | इन्धीत | इन्धीयाताम् | इन्धीरन् |

9. भुज् = જમવું. ગણ - ૭, ઉભયપદ

**પરસ્મૈપદ ← આજ્ઞાર્થ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | भुनजानि | भुनजाव | भुनजाम | भुनजै | भुनजावहै | भुनजामहै |
| દ્વિ.પુ. → | भुङ्ग्धि | भुङ्क्तम् | भुङ्क्त | भुङ्क्ष्व | भुञ्जाथाम् | भुङ्ग्ध्वम् |
| તૃ.પુ. → | भुनक्तु | भुङ्क्ताम् | भुञ्जन्तु | भुङ्क्ताम् | भुञ्जाताम् | भुञ्जताम् |

**પરસ્મૈપદ ← વિધ્યર્થ → આત્મનેપદ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | भुञ्ज्याम् | भुञ्ज्याव | भुञ्ज्याम | भुञ्जीय | भुञ्जीवहि | भुञ्जीमहि |
| દ્વિ.પુ. → | भुञ्ज्याः | भुञ्ज्यातम् | भुञ्ज्यात | भुञ्जीथाः | भुञ्जीयाथाम् | भुञ्जीध्वम् |
| તૃ.પુ. → | भुञ्ज्यात् | भुञ्ज्याताम् | भुञ्ज्युः | भुञ्जीत | भुञ्जीयाताम् | भुञ्जीरन् |

**કર્મણિ રૂપ :-** इन्ध् = સળગાવવું. ગણ - ૭, આત્મનેપદ

**વર્તમાનકાળ** | **હ્યસ્તનભૂતકાળ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | इध्ये | इध्यावहे | इध्यामहे | ऐध्ये | ऐध्यावहि | ऐध्यामहि |
| દ્વિ.પુ. → | इध्यसे | इध्येथे | इध्यध्वे | ऐध्यथाः | ऐध्येथाम् | ऐध्यध्वम् |
| તૃ.પુ. → | इध्यते | इध्येते | इध्यन्ते | ऐध्यत | ऐध्येताम् | ऐध्यन्त |

**આજ્ઞાર્થ** | **વિધ્યર્થ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | इध्यै | इध्यावहै | इध्यामहै | इध्येय | इध्येवहि | इध्येमहि |
| દ્વિ.પુ. → | इध्यस्व | इध्येथाम् | इध्यध्वम् | इध्येथाः | इध्येयाथाम् | इध्येध्वम् |
| તૃ.પુ. → | इध्यताम् | इध्येताम् | इध्यन्ताम् | इध्येत | इध्येयाताम् | इध्येरन् |

➤ **અનિયમિત રૂપ :-**

**अधर - નીચે. પુલ્લિંગ** | **સ્ત્રીલિંગ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| अधरः | अधरौ | अधरे/अधराः | अधरा | अधरे | अधराः |
| अधरम् | ” | अधरान् | अधराम् | ” | ” |
| अधरेण | अधराभ्याम् | अधरैः | अधरया | अधराभ्याम् | अधराभिः |
| अधराय / अधरस्मै | ” | अधरेभ्यः | अधरस्यै | ” | अधराभ्यः |
| अधरात् / अधरस्मात् | ” | ” | अधरस्याः | ” | ” |
| अधरस्य | अधरयोः | अधरेषाम् | ” | अधरयोः | अधरासाम् |
| अधरे / अधरस्मिन् | ” | अधरेषु | अधरस्याम् | ” | अधरासु |
| अधर ! | अधरौ ! | अधराः ! | अधरे ! | अधरे ! | अधराः ! |

નપુંસકલિંગ :-

| | | |
|---|---|---|
| अधरम् | अधरे | अधराणि |
| ” | ” | ” |
| अधरेण | अधराभ्याम् | अधरैः |
| अधरस्मै | ” | अधरेभ्यः |
| अधरस्मात् | ” | ” |
| अधरस्य | अधरयोः | अधरेषाम् |
| अधरस्मिन् | ” | अधरेषु |
| अधर ! | अधरे ! | अधराणि ! |

આ પ્રમાણે જ अन्तर = તફાવત, આંતરું

अपर = બીજું, અન્ય

अवर = પાછળ, અન્ય

पर = બીજું

उत्तर = પછી

दक्षिण = જમણી બાજુ

पूर्व = પૂર્વનું-આ બધાં રૂપો સમજી લેવા.

## ધાતુઓ

➤ **ગણ -૧-પરસ્મૈપદ :-**

सम् + पृच् = સંબંધમાં આવવું [+ગણ ૧૦] [*To Come In Contact*]

➤ **ગણ -૧-આત્મનેપદ :-**

उद्+विज् = કંપવું, બીવું [*To Fear*]

➤ **ગણ -૪-પરસ્મૈપદ :-**

गृध् = આસક્તિ કરવી [*To Covet*]

➤ **ગણ -૭ - પરસ્મૈપદ :-**

वृज् = વેગળા રહેવું [*To Stay Away*]

उद् + विज् = ધ્રૂજવું [*To Be Afraid*]

वि + शिष् = વિગતવાર વિવરણ કરવું, વિશેષતા દેખાડવી, વિશિષ્ટ હોવું [*To Distinguish*]

➤ **ગણ -૭ -આત્મનેપદ :-**

विद् = વાદવિવાદ કરવો [*To Dispute*]

खिद् = ખેદ પામવું [*To Be Unhappy*]

➤ **ગણ -૭ -ઉભયપદ :-**

अनु+युज् = પૂછવું [*To Ask*]

उद्+युज् = પ્રયત્ન કરવો [*To Attempt*]

## શબ્દો

❀ **તત્સમ શબ્દો-પુલ્લિંગ :-**

दयालु = દયાળુ [*Kind*]

विधि = વિધિ [*Process*]

➤ **નપુંસકલિંગ :-**

राज्य = રાજ્ય [*Kingdom*]

सुराष्ट्र = સારું રાષ્ટ્ર, સૌરાષ્ટ્ર

➤ **સ્ત્રીલિંગ :-**

प्रजा = પ્રજા [*People*]

भाषा = ભાષા [*Language*]

भावना = ભાવના [*Wish*]

➤ **વિશેષણ :-**

योग्य = યોગ્ય [*Capable*]

उत्तम = ઉત્તમ [*Best*]

❀ **નૂતન શબ્દો - પુલ્લિંગ :-**

आलाप = વાતચીત [*Conversation*]

अधिकार = હોદ્દો, હક [*Right*]

क्षितिपति = રાજા [*King*]

➤ **નપુંસકલિંગ :-**

अपथ्य = અહિતકારી [*Harmful*]

वर्धन = વધવું [*Increase*]

[वर्ध्+अन = वर्धन]

पद = હોદ્દો [*Post*]

भूत = પ્રાણી [*Creature*]

वसु = ધન [*Money*]

➤ **સ્ત્રીલિંગ :-**

एतादृशी = આવી [*Like This*]

➤ **વિશેષણ :-**

सावद्य = પાપયુક્ત [*Sinful*]

मदीय = મારું [*Mine*]

त्वदीय = તારું [*Yours*]

तदीय = તેનું [*Theirs/His/Her*]

स्व = પોતે ['सर्व' પ્રમાણે રૂપ][*I/Self*]

अप्रमत्त = અપ્રમાદી [*Active*]

हिंस्र = હિંસક [*Violent*]

अभिप्रेत = ઈચ્છિત [*Desired*]

➤ **વ્યંજનાંત શબ્દો - शशिन् પ્રમાણે :-**

रोगिन् = રોગી [*Patient*]

विद्यार्थिन् = વિદ્યાર્થી [*Student*]

अर्थिन् = યાચક [*Beggar*]

दायिन् = આપનાર [*Giver*]

➤ **भवत् પ્રમાણે રૂપ :-**

कियत् = કેટલું [*How Much*]

➤ **અવ્યય :-**

अद्यप्रभृति = આજથી માંડીને [*From Today*]

पुरः = સામે, આગળ [*In Front Of*]

अक्षरशः=શબ્દે શબ્દ [*Word To Word*]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. दयालुर्वृजिनैः समं सङ्गं वृङ्क्ते । उत्तमो जनो वृषलैः सार्धमालापं वृणक्ति, न सज्जनैः साकम्, यथा रोगी अपथ्यं वर्जति किन्तु अगदं न वर्जयति ।
2. तीर्थङ्करा मनसैवानुत्तरसुराणां शङ्काः छिन्दन्ति, वचसा च मानवानां शङ्काः छेदयन्ति ।
3. 'त्वं तृण्ढि, रुन्द्धि, पिण्ड्ढि, छिन्त्स्व, क्षुन्द्धि, भिन्त्स्व, हिन्धि, इन्त्स्व' एतादृशी भाषा सावद्यभाषा कथ्यते । तां वृङ्ग्धि त्वम् ।
4. परकीयस्वकीययोरन्तरं छिन्द्याः, मदीयं सर्वं त्वदीयमिति भावनां च व्यञ्ज्याः ।
5. [1]श्रीमहावीरः सङ्गमस्योपसर्गेषु नाऽखिन्दत्, किन्तु तस्य संसारवर्धनात् अखिन्दत् ।
6. आचार्यः स्वयोग्यशिष्यं आचार्यपदे नियुञ्ज्यात् ।

---

1 श्रीमहावीरः = श्रिया युक्तः महावीरः = ઐશ્વર્ય સંપન્ન મહાવીર. આ રીતે શ્રી યુક્તપદનો બધે સમાસ છૂટો પાડવો.

7. पापेन पालकेन क्षुण्णाः साधवः स्वीयानि क्षोद्यानि कर्माणि क्षुत्त्वा मुक्तिङ्गताः ।

8. केचित् धनाय धावन्ति, केचित् कलत्राय धावन्ति किन्तु न कोऽपि [1]सर्वाऽभिप्रेतदायिने धर्माय उद्युङ्क्ते ।

9. न हिंस्यात् सर्वभूतानि इत्येतं विधिमक्षरशोऽनुसरन्ति जैनाः ।

## [2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-

1. માંગતા એવા યાચકને ધન આપતા એવા મને તું ન અટકાવ.
2. આજથી માંડી હું તને ઉપાધ્યાયપદ ઉપર નિયુક્ત કરું છું તેથી તું તારા હોદ્દાને વિશે અપ્રમત્ત થા.
3. જંગલમાં કેટલાક પશુઓ બીજાની હિંસા કરે છે. આથી તે પશુઓને હિંસક કહેવાય છે.
4. જે કાંઈ તને મળે તે જ તારે ભોગવવું જોઈએ. બીજા કોઈના ધનની આસક્તિ ન કર.
5. પોતાના ઘરે આવેલા યાચકને 'તારે કેટલું ધન જોઈએ છે?' [= કેટલું ધન જરૂરી છે?]- આ પ્રમાણે તેણે પૂછ્યું.
6. મેં મારા દુઃખોને તેની આગળ ખુલ્લા કરી દીધા. તેથી તેનું હૈયું ખેદ પામ્યું.
7. વિદ્યાર્થીઓને સાચા જ્ઞાનમાં જોડવા જોઈએ અને પ્રજાને સાચા માર્ગે જોડવી જોઈએ. જે રાજા આ રીતે જોડે છે તેનું રાજ્ય સુરાષ્ટ્ર થાય છે.
8. જુઓ! તેણે પશુઓને વિગતવાર ગણાવ્યા છે, હવે તમારે પણ પશુઓને વિગતવાર ગણાવવા જોઈએ.
9. તીર્થંકર ભગવાનની દેશના સાંભળીને તેનું અજ્ઞાન છેદાઈ ગયું, કર્મો ભેદાઈ ગયા, મિથ્યાત્વ ખાલી થઈ ગયું.

## [3] ખૂટતી વિગત પૂરો :-

| નં. | ધાતુ | અર્થ | કાળ અર્થ | પ્રયોગ | પદ | પુરુષ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | भुज् | | હ્યસ્તન | કર્તરિ | | ૧ | | | |
| 2. | भञ्ज् | | આજ્ઞાર્થ | કર્તરિ | | ૨ | | | |
| 3. | पिष् | | વિધ્યર્થ | કર્તરિ | | ૩ | | | |
| 4. | खिद् | | હ્યસ્તન | કર્મણિ | | ૨ | | | |
| 5. | वृज् | | આજ્ઞાર્થ | કર્મણિ | | ૩ | | | |

1 सर्वाभिप्रेतदायिने = सर्वाणि च तानि अभिप्रेतानि च इति कर्मधारयः सर्वाभिप्रेतानि यच्छति यः सः = सर्वाभिप्रेतदायी इति बहुव्रीहिः [तस्मै]

[4] **નિમ્નોક્ત કર્તરિ વાક્યોને કર્મણિમાં રૂપાંતરિત કરો :-**

1. काष्ठाय वृक्षं त्वं मा छिन्द्धि ।
2. परकीयं वसु तेऽगृध्यन् ।
3. अर्यमा अन्धकारं भिनत्ति ।
4. मा हिंस्याः सर्वभूतानि ।
5. याचमानायाऽर्थिने वसु यच्छन्तं मां मा रुन्द्धि ।

[5] **ખૂટતી વિગતો પૂરો :-**

| નં. | ગુજરાતી અર્થ | મૂળધાતુ | ગણ | પદ | પ્રત્યય | પુરુષ | વચન | કાળ | રૂપ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | તે બન્ને ડર્યા હતા. | | | | | | | | |
| 2. | તમારે બન્નેએ નીમવું જોઈએ. | | | | | | | | |
| 3. | અમે બન્નેએ પૂછ્યું. | | | | | | | | |
| 4. | તમે બન્ને વેગળા રહો. | | | | | | | | |
| 5. | તેઓ બધાં ખેદ પામ્યાં. | | | | | | | | |

[6] **નિમ્નોક્ત નંબર મુજબ કોઈ પણ એક-એક શબ્દ લઈ રૂપ બનાવી ઓળખાવો.**




Numbers **રૂપ** **ઓળખાવો.**

1. 19 = वृड्ग्ध, ____________
2. 2483 = ____, ____________
3. 676 = _____, ____________
4. 2143 = ____, ____________
5. 18 = ______, ____________
6. 2587 = ____, ____________
7. 694 = _____, ____________
8. 357 = _____, ____________
9. 59 = ______, ____________

[7] **રૂપ પૂરો :-**

| 1. | | | |
|---|---|---|---|
| | ___ | ___ | खिन्दीमहि |
| | खिन्दीथाः | ___ | ___ |
| | ___ | ___ | ___ |

| 2. | | | |
|---|---|---|---|
| | ___ | विशिनषाव | ___ |
| | ___ | ___ | ___ |
| | ___ | ___ | विशिंषन्तु |

# પાઠ - ૧૦

## ગણ - ૨ [ Part - I ]

➜ આ ગણમાં ધાતુને માત્ર પ્રત્યયો લગાડવાથી રૂપ થાય છે.

➜ आ કારાંત સિવાયના તમામ ધાતુઓના રૂપો પ્રાયઃ અનિયમિત છે. તે અંગેના નિયમો નીચે દર્શાવ્યા છે.

**નિયમો :-**

[મિત્રો ! નીચેના નિયમો જે તે શબ્દોના રૂપો બનાવવા માટે છે. જો તે રૂપો જ ગોખી લેવામાં આવે તો નીચેના નિયમો ગોખવાની જરૂર નથી. પણ રૂપ મુખપાઠ જોઈએ !]

**1.** दा, रा, भा, मा, पा, या, ला, ख्या, प्सा, श्रा, स्ना વગેરે आ કારાંત ધાતુમાં હ્યસ્તન ભૂતકાળ ત્રીજો પુરુષ બહુવચનમાં અંત્ય आ + अन् ના બદલે વિકલ્પે 'उस्' લાગે છે. **દા.ત.** दा ➜ अदुः / अदान्

**2. 'अस्' ધાતુ માટેના નિયમો :-**

**A.** ધાતુમાં અવિકારક પ્રત્યય પૂર્વે अ લોપાય. **દા.ત.** स्वः । स्मः ।

**B.** ધાતુ અંતે स् + स् કે ध् થી શરૂ થતાં પ્રત્યયો હોય તો ધાતુનો 'स्' લોપાય.

**દા.ત.** अस् + सि = असि । असे ।

अस् + ध्वे = ध्वे ⎤ અહીં અવિકારક પ્રત્યય હોઈ<br>
अस् + स्व = स्व ⎦ अ નો લોપ થયેલ છે.

**C.** પરસ્મૈપદમાં હ્યસ્તન ભૂતકાળ બીજો/ત્રીજો પુરુષ એકવચનના 'स्', 'त्' પ્રત્યયના બદલે ક્રમશઃ 'ईस्', 'ईत्' થાય છે. **દા.ત.** आसीः । आसीत् ।

**D.** પરસ્મૈપદ આજ્ઞાર્થ દ્વિતીય પુરુષ એકવચનનું 'एधि' રૂપ થાય છે. અને આત્મનેપદ વર્તમાનકાળ પ્રથમ પુરુષ એકવચનનું 'हे' રૂપ થાય છે.

**3.** 'इ' (જવું) પરસ્મૈપદના વર્તમાનકાળ ત્રીજો પુરુષ બહુવચનમાં 'यन्ति' રૂપ થાય છે. આજ્ઞાર્થ ત્રીજો પુરુષ બહુવચનમાં 'यन्तु' રૂપ થાય છે.

**4.** अधि + इ (આત્મને. ભણવું)માં इ નો સ્વરાદિ અવિકારક પ્રત્યય પૂર્વે 'इय्' થાય. હ્યસ્તન ભૂતકાળમાં 'इ' ની વૃદ્ધિ કરતા પહેલાં 'इय्' કરવો.

**દા.ત.** अधि + इ + इ

= अधि + इय् + इ = अधि + ऐय् + इ = अध्यैयि ।

5. यु, नु, स्तु, रु આ હ્રસ્વ उ કારાંત ધાતુ + વિકારક વ્યંજનાદિ પ્રત્યય
= ગુણના બદલે વૃદ્ધિ + વિકારક વ્યંજનાદિ પ્રત્યય.

**દા.ત.** 'नु' → नौमि । नौषि । नौति ।

6. 'स्तु' અને 'रु' ધાતુને વ્યંજનાદિ વિકારક પ્રત્યય પૂર્વે વિકલ્પે (દીર્ઘ) 'ई' લાગે. અને ત્યારે વૃદ્ધિના બદલે ગુણ થાય. તથા વ્યંજનાદિ અવિકારક પ્રત્યય પૂર્વે પણ વિકલ્પે 'ई' લાગે.

**દા.ત.** 'स्तु' → स्तौति કે स्तवीति । 'रु' → रौति કે रवीति ।

| | **વિકારક** | **અવિકારક** |
|---|---|---|
| વ્યંજનાદિ પ્રત્યય પૂર્વે અંગ → | स्तौ કે स्तवी | स्तु કે स्तुवी |
| સ્વરાદિ પ્રત્યય પૂર્વે અંગ → | स्तव् | स्तुव् |

7. 'शी' (આ.પ. સૂવું) ધાતુનું બધા પ્રત્યયો પર 'शे' અંગ થાય.

**દા.ત.** शये । शेवहे । તેમજ તૃતીય પુરુષ બહુવચનના अते, अत, अताम् ના બદલે ક્રમશઃ रते, रत, रताम् પ્રત્યયો લાગે.

**દા.ત.** शेरते । अशेरत । शेरताम् ।

8. 'ब्रू' ધાતુમાં વર્તમાનકાળ પરસ્મૈપદમાં પાંચ વધારાના રૂપ થાય.

| | **એકવચન** | **દ્વિવચન** | **બહુવચન** |
|---|---|---|---|
| દ્વિતીયપુરુષ → | ब्रवीसि, आत्थ | ब्रूथः, आहथुः | ब्रूथ |
| તૃતીયપુરુષ → | ब्रवीति, आह | ब्रूतः, आहतुः | ब्रुवन्ति, आहुः |

➤ વ્યંજનાદિ વિકારક પ્રત્યય પૂર્વે ધાતુમાં દીર્ઘ ई ઉમેરાય છે.

**દા.ત.** ब्रू + ति = ब्रू + ई + ति = ब्र + व् + ई + ति = ब्रवीति ।

9. 'सू' (આત્મનેપદ) માં આજ્ઞાર્થના બધા પ્રત્યયો અવિકારક છે.

**દા.ત.** सुवै , सुवावहै , सुवामहै ।

10. अन्, जक्ष्, श्वस्, स्वप्, रुद् માં વિધ્યર્થ સિવાયના વ્યંજનાદિ પ્રત્યય પૂર્વે 'इ' ઉમેરાય છે. **દા.ત.** रोदिति । जक्षिति ।

9. ગાયને જેમ ગોવાળ દોહે તેમ શાસ્ત્રના પદાર્થોને તું દોહ.

**[3] ખૂટતી વિગત પૂરો :-**

| નં. | ધાતુ | અર્થ | ગણ | પદ | કાળ | વચન | પ્ર.પુ. | દ્વિ.પુ. | તૃ. પુ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | लिह् | | | | હ્યસ્તન | ૧ | | | |
| 2. | दुह् | | | | વર્તમાન | ૨ | | | |
| 3. | दिह् | | | | વિધ્યર્થ | ૩ | | | |
| 4. | हन् | | | | આજ્ઞાર્થ | ૨ | | | |
| 5. | द्विष् | | | | વર્તમાન | ૩ | | | |
| 6. | विद् | | | | હ્યસ્તન | ૧ | | | |
| 7. | चक्ष् | | | | આજ્ઞાર્થ | ૩ | | | |
| 8. | ईड् | | | | વિધ્યર્થ | ૧ | | | |
| 9. | ईश् | | | | હ્યસ્તન | ૨ | | | |

[4] ખૂટતી વિગત પૂરો :- [એકના એક ધાતુ બે વાર ન વાપરવા]

| નં. | અર્થ | ધાતુ | ગણ | પદ | કાળ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | પ્રકાશવું | | | | વર્તમાન | ૧ | | | |
| 2. | ગરીબ થવું | | | | હ્યસ્તન | ૨ | | | |
| 3. | ઈચ્છવું | | | | આજ્ઞાર્થ | ૩ | | | |
| 4. | ઈચ્છવું | | | | વિધ્યર્થ | ૨ | | | |
| 5. | સાફ કરવું | | | | વર્તમાન | ૩ | | | |
| 6. | ધિક્કારવું | | | | હ્યસ્તન | ૧ | | | |
| 7. | મારવું | | | | આજ્ઞાર્થ | ૩ | | | |
| 8. | લેપવું | | | | વિધ્યર્થ | ૧ | | | |
| 9. | ખાવું | | | | આજ્ઞાર્થ | ૨ | | | |

[5] રૂપ ઓળખો :-

| નં. | રૂપ | ધાતુ | ગણ | પદ | કાળ | પુરુષ | વચન | પ્રત્યય | અર્થ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | अवेः | | | | | | | | |
| 2. | अद्विषुः | | | | | | | | |
| 3. | चकास्यात् | | | | | | | | |
| 4. | अशासुः | | | | | | | | |
| 5. | ऐडत | | | | | | | | |
| 6. | औशन् | | | | | | | | |
| 7. | धुग्ध्वम् | | | | | | | | |
| 8. | घ्नीध्वम् | | | | | | | | |
| 9. | लीढ्वम् | | | | | | | | |

[6] યોગ્ય ક્રમમાં આવતા રૂપોથી ખાલી જગ્યા પૂરો :-

1. वश्मि, ____, ____, ____, ____, उष्ठ ।
2. दोहाम, ____, ____, ____, ____, ____, दुहन्तु ।
3. अलिहाथाम्, ____, ____, अलिहाताम् ।
4. अस्थि, ____, ____, ____, अस्थ्ने ।
5. लीढ्वम्, ____, ____, लिहताम् ।

[7] રૂપ પૂરો :-

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | हनै ____ ____<br>____ ____ ____<br>हताम् ____ ____ | 2. | ____ अदुह्व ____<br>____ ____ अदुग्ध<br>____ ____ ____ | 3. | द्वेषाणि ____ ____<br>____ ____ ____<br>____ ____ द्विषन्तु |

# ગણ - ૨ [ Part - IV ]

➔ આ પાઠમાં અત્યાર સુધી આવેલ નિયમાદિનું પુનરાવર્તન તથા ગણ–૨ના ધાતુઓના કૃદન્ત અને કર્મણિ પ્રયોગો જોઈશું.

**★ કૃદન્તો :–**

| નં. | ધાતુ | હેત્વર્થ કૃદન્ત | સંબંધક ભૂત કૃદન્ત | વર્તમાન કર્તરિ કૃદન્ત | વર્તમાન કર્મણિ કૃદન્ત | કર્મણિભૂત કૃદન્ત |
|---|---|---|---|---|---|---|
| 1. | लिह् | लेढुम् | लीढ्वा | लिहत्/लिहान | लिह्यमान | लीढ |
| 2. | दुह् | दोग्धुम् | दुग्ध्वा | दुहत्/दुहान | दुह्यमान | दुग्ध |
| 3. | दिह् | देग्धुम् | दिग्ध्वा | दिहत्/दिहान | दिह्यमान | दिग्ध |
| 4. | विद् | वेदितुम् | विदित्वा | विदत्/विद्वस् | विद्यमान | विदित |
| 5. | द्विष् | द्वेष्टुम् | द्विष्ट्वा | द्विषत्/द्विषाण | द्विष्यमाण | द्विष्ट |
| 6. | हन् | हन्तुम् | हत्वा | घ्नत्/घ्नान | हन्यमान | हत |

➤ બીજા ગણના ધાતુઓના કર્મણિ તૃ. પુ. એકવચન અહીં આપેલ છે. તે આધારે બાકીના રૂપ બનાવી શકાશે.

| નં. | ધાતુ | વર્તમાનકાળ | હ્યસ્તન ભૂતકાળ | આજ્ઞાર્થ | વિધ્યર્થ |
|---|---|---|---|---|---|
| 1. | इ | ईयते | ऐयत | ईयताम् | ईयेत |
| 2. | अभि+इ | अभीयते | अभ्यैयत | अभीयताम् | अभीयेत |
| 3. | अव+इ | अवेयते | अवैयत | अवेयताम् | अवेयेत |
| 4. | उद्+इ | उदीयते | उदैयत | उदीयताम् | उदियेत |
| 5. | ईड् | ईड्यते | ऐड्यत | ईड्यताम् | ईड्येत |
| 6. | जक्ष् | जक्ष्यते | अजक्ष्यत | जक्ष्यताम् | जक्ष्येत |
| 7. | स्वप् | **सुप्यते** | असुप्यत | सुप्यताम् | सुप्येत |
| 8. | यु | यूयते | अयूयत | यूयताम् | यूयेत |
| 9. | जागृ | **जागर्यते** | अजागर्यत | जागर्यताम् | जागर्येत |
| 10. | हन् | हन्यते | अहन्यत | हन्यताम् | हन्येत |
| 11. | स्तु | **स्तूयते** | अस्तूयत | स्तूयताम् | स्तूयेत |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 12. | पा | पायते | अपायत | पायताम् | पायेत |
| 13. | श्वस् | श्वस्यते | अश्वस्यत | श्वस्यताम् | श्वस्येत |
| 14. | शी | शय्यते | अशय्यत | शय्यताम् | शय्येत |
| 15. | शास् | **शिष्यते** | अशिष्यत | शिष्यताम् | शिष्येत |
| 16. | आ+शास् | **आशास्यते** | आशास्यत | आशास्यताम् | आशास्येत |
| 17. | चक्ष् | **ख्यायते / क्शायते** | अख्यायत / अक्शायत | ख्यायताम् / क्शायताम् | ख्यायेत / क्शायेत |
| 18. | ब्रू | **उच्यते** | औच्यत | उच्यताम् | उच्येत |

આના આધારે બાકીના રૂપો સમજી શકાય તેમ છે.

## ✱ અનિયમિત રૂપો ✱

**गो = ગાય [પુલ્લિંગ]**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. વિ. ➜ | गौः | गावौ | गावः |
| દ્વિ. વિ. ➜ | गाम् | " | गाः |
| તૃ. વિ. ➜ | गवा | गोभ्याम् | गोभिः |
| ચ. વિ. ➜ | गवे | " | गोभ्यः |
| પં. વિ. ➜ | गोः | " | " |
| ષ. વિ. ➜ | " | गवोः | गवाम् |
| સ. વિ. ➜ | गवि | " | गोषु |
| સંબો. ➜ | गौः ! | गावौ ! | गावः ! |

**गिर् = ભાષા [સ્ત્રીલિંગ]**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. વિ. | गीः | गिरौ | गिरः |
| દ્વિ. વિ. | गिरम् | " | " |
| તૃ. વિ. | गिरा | गीर्भ्याम् | गीर्भिः |
| ચ. વિ. | गिरे | " | गीर्भ्यः |
| પં. વિ. | गिरः | " | " |
| ષ. વિ. | " | गिरोः | गिराम् |
| સ. વિ. | गिरि | " | गीर्षु |
| સંબો. | गीः ! | गिरौ ! | गिरः ! |

## ધાતુઓ

➤ **ગણ -૧ - પરસ્મૈપદ :–**

उत् + तॄ = વિશેષ રીતે તરી જવું, પાર પામવું [*To Overcome*]

वि+रम् = અટકવું [*To Stop*]

वि+शस् = મારવું [*To Kill*]

आ/वि+क्रुश् = ઊંચા સ્વરે રડવું, ગુસ્સો કરવો / શોક કરવો. [*To Weep / To Be Angry*]

भण् = બોલવું [*To Speak*]

ज्वल् = પ્રકાશવું [*To Shine*]

➤ **ગણ -૧ - આત્મનેપદ :–**

परा + अय् = નાસવું [पराનું पला કરવું] [*To Run Away*]

➤ **ગણ -૧૦- ઉભયપદ :–**

प्रति+अर्प् = પાછું આપવું [*To Give Back*]

➤ **ગણ - ૮ - ઉભયપદ :–**

अप+आ+कृ = દૂર કરવું [*To Remove*]

➤ **ગણ - ૨ આત્મનેપદ :–**

वि+आ+चक्ष् = વિશેષ રીતે સમજાવવું. [*To Explain*]

प्र+सू = જન્મ આપવો. [*To Give Birth*]

## શબ્દો

➤ **તત્સમ શબ્દો - પુલ્લિંગ :–**

भाव = સદ્ભાવ [*Sentiment*]

➤ **વિશેષણ :–**

सफल = સફળ [*Successful*]

➤ **નૂતન શબ્દો - પુલ્લિંગ :–**

विश्वनाथ = ભગવાન [*God*]

गुड = ગોળ [*Treacle*]

बिडाल = બિલાડી [*Cat*]

पुण्य = પુણિયો શ્રાવક

बिभीषण = બિભીષણ

दशानन = રાવણ

गो = ગાય [*Cow*] [અનિ.]

भास्वत् = સૂર્ય [भगवत् પ્રમાણે રૂપ] [*Sun*]

संयमिन् = સંયમી [*Saint*] ['शशिन्' પ્રમાણે રૂપ]

➤ **સ્ત્રીલિંગ :–**

निशा = રાત્રિ [*Night*]

गिर् = વાણી, ભાષા [*Speech, Language*]

मन्दोदरी = મંદોદરી

जानकी = સીતા

शर्करा = સાકર [*Sugar*]

➤ **નપુંસકલિંગ :–**

श्रोत्र = કાન [*Ear*]

तमस् = અંધારુ [पयस् પ્રમાણે રૂપ] [*Darkness*]

दुग्ध = દૂધ [*Milk*]

नित्य = કાયમ, સદા [*Always*]

➤ **અવ્યય :–**

भृशम् = ઘણું, પુષ્કળ [*A Lot*]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. शुभस्वप्नस्य दर्शने[1] निशायां जागरित्वा न स्वप्यात् किन्तु चित्तं धर्मध्यानादिषु योजयेत्, अशुभस्वप्नदर्शने तु स्वप्यात् ।
2. पुण्यश्रावको वित्तैरदरिद्रात् न तु भावैः ।
3. या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
4. विश्वमीशितुं बहव इच्छन्ति, स्वात्मानं तु न ।

---

1. અહીં વાક્યનો અર્થ સતિસપ્તમી પ્રમાણે કરવો. એટલે કે 'શુભ સ્વપ્નને જોયે છતે' આ પ્રમાણે અર્થ કરવો. આ રીતે 'सति' પદ ન લખ્યું હોવા છતા સતિસપ્તમી હોઈ શકે છે – તે ધ્યાનમાં રાખવું.

5. यैर्मनसा विश्वनाथः स्तूयते, गिरा सज्जनगुणा नूयन्ते, श्रोत्राभ्याञ्च कथा श्रूयते ते अञ्जसा भवमुत्तरन्ति ।
6. सर्वं ख्येयं बिभीषणेन क्शातम्, मन्त्रिणोऽपि व्याख्याय विरताः, मन्दोदर्यपि व्याक्शातुम् प्रायतत, किन्तु दशाननो जानकीं न प्रत्यर्पितवान् ।
7. स्वपापानि स्वदोषाश्च येन द्विष्टाः स शीघ्रं सिद्धिं प्राप्नोति ।
8. जागृत नराः ! नित्यं, जाग्रतो नाऽस्ति भयम् ।
9. सारमेयोऽस्थि लेढि, बिडालाः दुग्धं लिहन्ति, बालश्शर्करां लीढे, गुडश्च भवता लिह्यते ।

[2] **ગુજરાતીનું સંસ્કૃત કરો :-**

1. બધી ભાષાઓમાં સંસ્કૃત ભાષા સૂર્યની જેમ પ્રકાશે છે.
2. જેના દ્વારા જાણવા યોગ્ય જણાયેલું છે અને કરવા યોગ્ય કરાયું છે તેનું જીવન સફળ છે.
3. શ્રેણિક મહારાજાએ અત્યંત ભક્તિથી ભગવાન મહાવીરને સ્તવ્યા.
4. ગાયને દોહવા માટે તે આવે છે.
5. તમે મને જે ધર્મ કીધો હતો, તે ધર્મને જ હું રોજેરોજ આચરું છું.
6. તું તેવી રીતે રાજ કર જેથી બધાં સુખી થાય.
7. સજ્જનોને સ્તવવા જોઈએ. કારણ કે જે સજ્જનોને સ્તવે છે તેના આત્મામાં સજ્જનના ગુણો પ્રકાશે છે.
8. તેં પ્રજા ઉપર રાજ કર્યું પણ તારા દ્વારા શું પ્રજાને ખુશ કરાઈ ?
9. તેના દ્વારા સંસ્કૃત ભાષા ભણાઈ.

[3] **નિમ્નોક્ત કર્તરિ વાક્યોને કર્મણિ વાક્યો બનાવી ગુજરાતી કરો :-**

1. महावीरप्रभोः वियोगाद् गणधरो गौतमो भृशमरोदत् ।
2. जिनवचनानि जीवहृदये चकासित्वाऽज्ञानतमोऽपाकुर्वन्ति ।
3. धर्मो दुर्गतिं यतो जनान् पाति ।
4. अतः त्वं सङ्कटेऽपि धर्मं पायाः ।
5. धर्ममहमाशासि हृदयेन, अधुना सम्यगाचराम्यपि तम्, त्वमपि हृदयेन धर्ममाशास्य तमाचर ।
6. तारकाणि ग्रहाश्च गगने चकासति ।
7. श्रावका भगवदुपदेशाज्जक्ष्यमेवाऽजक्षुः ।
8. त्रिशलामाता श्रीवीरं मध्यरात्रौ प्रासूत सुखेन ।
9. न द्विष्यात् शत्रुमपि, यतः पूर्वभवेषु शत्रुरपि मित्र आसीत् ।

## [4] નિમ્નોક્ત કર્તરિ પ્રયોગોનું કર્મણિ કરો :-

| નં. | કર્તરિ | કર્મણિ | નં. | કર્તરિ | કર્મણિ | નં. | કર્તરિ | કર્મણિ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | स्तुवीध्वे | ___ | 7. | ईशते | ___ | 13. | अजक्षुः | ___ |
| 2. | अब्रूध्वम् | ___ | 8. | आशासीमहि | ___ | 14. | दुग्ध | ___ |
| 3. | ह्रुवीरन् | ___ | 9. | शासतु | ___ | 15. | ऐड्वाः | ___ |
| 4. | आहुः | ___ | 10. | अदरिद्रित | ___ | 16. | मृड्ढि | ___ |
| 5. | अस्तुवाथाम् | ___ | 11. | चकाद्धि | ___ | 17. | द्वेषामहै | ___ |
| 6. | घ्नन्तु | ___ | 12. | अमृष्टाम् | ___ | 18. | अरोदत् | ___ |

## [5] ખૂટતી વિગત પૂરો :-

| નં. | ધાતુ | ગણ | પદ | કાળ | પ્રયોગ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | यु | | | વર્તમાન | કર્તરિ | ૧ | | | |
| 2. | स्वप् | | | હ્યસ્તન | " | ૨ | | | |
| 3. | श्वस् | | | આજ્ઞાર્થ | " | ૩ | | | |
| 4. | शास् | | | વિધ્યર્થ | " | ૨ | | | |
| 5. | चक्ष् | | | વર્તમાન | " | ૩ | | | |
| 6. | पा | | | હ્યસ્તન | " | ૧ | | | |
| 7. | स्तु | | | આજ્ઞાર્થ | " | ૩ | | | |
| 8. | उद्+इ | | | વિધ્યર્થ | " | ૨ | | | |
| 9. | ब्रू | | | હ્યસ્તન | કર્મણિ | ૧ | | | |

## [6] સાચા કર્મણિ પ્રયોગો જણાવો :-

1. औच्यताम्, उच्यति, उच्येत
2. श्वस्यत्, श्वस्यात्, श्वस्ये
3. रुद्यात्, रुद्येत, रुद्येयुः
4. जक्ष्यतु, जक्ष्येयुः, जक्ष्यताम्
5. ऐड्ये, ऐड्ये, ऐट्टि

## [7] નિમ્નોક્ત રૂપોની સાધનિકા જણાવો :-

**દા.ત.** लेक्षि = लिह् + सि = लिढ् + सि [સામાન્ય -નિયમ - ૧ મુજબ] = लेढ् + सि [ગુણ થવાથી] = लेक् + सि [સામાન્ય નિયમ -૨ મુજબ] = लेक्+षि [વ્યંજન સંધિ નિયમ -૧૮ મુજબ] = लेक्षि ।

1. लीढ्वे 2. धुग्ध्वम् 3. लिक्ष्व 4. धुक्षे 5. दोग्धु

# પાઠ - ૧૪

## ગણ - ૩ [ Part - I ]

→ આ પાઠમાં આપણે ત્રીજો ગણ જોઈશું :–

પહેલાં નિયમો જોઈ લઈએ. નિયમો ગોખ્યા પછી પણ રૂપો ગોખવા જરૂરી હોવાથી નિયમો માત્ર સમજી થોડા ધારી લઈએ અને રૂપો ગોખીએ તો પણ ચાલે. હા ! દ્વિરુક્તિના નિયમો ખાસ ગોખશો !

**નિયમો :-**

૧. ત્રીજા ગણના ધાતુમાં દ્વિરુક્તિ (અભ્યાસ) કરવામાં આવે છે. અર્થાત્ ધાતુનો આદ્ય વ્યંજન સ્વર સહિત બેવડાય અને જો પહેલા એકલો સ્વર હોય તો એ સ્વર બેવડાય છે. **દા.ત.** दा ☛ दादा । निज् ☛ निनिज् । इष् ☛ इइष् ।

૨. દ્વિરુક્તિમાં થતા ફેરફારો

**(A)** વર્ગીય બીજાનો પહેલો થાય. **દા.ત.** फल् ☛ फफल्, पफल् ।
વર્ગીય ચોથાનો ત્રીજો થાય. **દા.ત.** धा ☛ धाधा, दाधा ।

**(B)** કંઠ્યનો તેટલામો જ તાલવ્ય થાય. ह નો ज થાય.
**દા.ત.** खन् ☛ खखन्, कखन्, चखन् । हा ☛ हाहा, जाहा ।

**(C)** દીર્ઘ સ્વરનો હ્રસ્વસ્વર અને ऋ નો अ થાય છે.
**દા.ત.** ☛ दादा नुं ददा । जाहा नुं जहा । कृ ☛ कृकृ, चृकृ, चकृ ।

**(D)** સંયુક્ત વ્યંજનમાં માત્ર પ્રથમ અક્ષરની દ્વિરુક્તિ થાય. પણ જો પ્રથમ અક્ષર ઉષ્માક્ષર હોય અને બીજો અક્ષર અઘોષ હોય તો અઘોષની દ્વિરુક્તિ થાય.
**દા.ત.** ह्री ☛ हीह्री – जीह्री – जिह्री ।
स्पर्ध् ☛ पस्पर्ध् । स्वन् ☛ सस्वन् ।

**(E)** मा, हा (આ. જવું) भृ, पृ, पृ તથા ऋ ના દ્વિરુક્તમાં સ્વરનો હ્રસ્વ इ થાય છે.
**દા.ત.** मा ☛ मामा, मिमा । भृ ☛ भृभृ, बृभृ, बिभृ । ऋ ☛ ऋऋ, इऋ ।
हा ☛ हाहा–जाहा–जहा–जिहा । पृ ☛ पृपृ, पिपृ ।

**(F)** પૂર્વમાં રહેલ દ્વિરુક્તિના 'इ' અને 'उ' પછી કોઈ પણ વિજાતીય સ્વર આવે તો અનુક્રમે 'इ', 'उ' નો 'इय्', 'उव्' થાય છે.
**દા.ત.** इऋ, इयृ । નિયમ (E) થી इऋ થયેલ અને (F) થી इ નો इय् થયો

**(G)** निज्, विज्, विष् ધાતુની દ્વિરુક્તિમાં इ નો ए થાય અને સ્વરાદિ વિકારક પ્રત્યય પૂર્વે ધાતુના ઉપાંત્ય इ નો ગુણ ન થાય.

**દા.ત.** निज् ☛ निनिज् = नेनिज् + मि = नेनेज्मि, नेनिज्वः, नेनिज्मः ।
स्वरादि विकारक प्रत्ययमां → अनेनिजम् ।

૩. તૃતીય પુરુષ બહુવચનના अन्ति અને अन्तु પ્રત્યયના બદલે अति અને अतु પ્રત્યય લાગે दा ☛ ददति । ददतु ।

૪. હ્યસ્તન ભૂતકાળ તૃતીય પુરુષ બહુવચનના 'अन्' પ્રત્યયના બદલે 'उस्' પ્રત્યય લાગે. उस् લાગતા પહેલા आ નો લોપ અને હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ નો ગુણ થાય. **દા.ત.** भी ☛ बिभी – अबिभे + उस् = अबिभयुः ।

૫. मा, हा (આત્મનેપદ) + વ્યંજનથી શરૂ થતા અવિકારક પ્રત્યય હોય તો ધાતુના आ નો ई થાય. અને સ્વરાદિ અવિકારકમાં आ નો લોપ થાય છે.

**દા.ત.** વ્યંજનાદિ અવિકારકમાં मा ☛ मामा, ममा, मिमा + वहे = मिमीवहे ।
સ્વરાદિ અવિકારકમાં मा ☛ मिमा + अते = मिमते ।

૬. **I** हा (પરસ્મૈ.) + વ્યંજનથી શરૂ થતા અવિકારક પ્રત્યય
= हा ના आ નો વિકલ્પે इ / ई + વ્યંજન અવિકારક પ્રત્યય

દા.ત. हा ☛ जहा + वस् = जहिवः / जहीवः ।

**II** વિધ્યર્થ તથા સ્વરાદિ અવિકારક પ્રત્યય હોય તો हा નો आ લોપાય છે.

**દા.ત.** વિધ્યર્થમાં जहा + यात् = जह्यात् ।

સ્વરાદિમાં અવિકારકમાં जहा + अति = जहति ।

**III** આજ્ઞાર્થ બીજો પુ. એ. વ. માં ત્રણ રૂપો થાય जहाहि, जहिहि, जहीहि ।

૭. भी + વ્યંજનથી શરૂ થતા અવિકારક પ્રત્યય
भि કે भी + વ્યંજનથી શરૂ થતા અવિકારક પ્રત્યય.

**દા.ત.** 'भी' ☛ बिभी + वस् = बिभिवः, बिभीवः । પરન્તુ વિકારકમાં बिभेति ।

૮. **A** दा, धा + બધા અવિકારક પ્રત્યય
= અંત્ય आ નો લોપ + અવિકારક પ્રત્યય

**દા.ત.** दा ☛ ददा + वस् = दद्वः । धा ☛ दधा + वस् = दध्वः ।

**B** આજ્ઞાર્થ બીજો પુ. એક વ. માં 'दा' નું 'देहि' અને 'धा' નું 'धेहि' રૂપ થાય.

**C** 'दा' નું અંગ ददा + અવિકારક स्, ध्व, त्, थ् થી શરૂ થતા પ્રત્યય
= दत् + અવિકારક स्, ध्व, त्, थ् વાળા પ્રત્યય

**દા.ત.** ददा + थस् = दत्थः । ददा + ध्वे = दद्ध्वे ।
ददा + से = दत्से । ददा + ते = दत्ते ।

**D** 'धा' નું અંગ दधा + અવિકારક स्, ध्व्, त्, थ् થી શરૂ થતા પ્રત્યય
= धत् + અવિકારક स्, ध्व्, त्, थ् પ્રત્યય

દા.ત. दधा + थस् = धत्थः । दधा + से = धत्से ।
दधा + ध्वे = धद्ध्वे । दधा + ते = धत्ते ।
કૃદન્તોમાં પણ 'दत्तः' ઈત્યાદિ રીતે પ્રસ્તુત નિયમ લાગુ પડે છે.
આ નિયમો સમજી હવે થોડા રૂપો ગોખી લઈએ :–

રૂપો :- 1. भृ = આશ્રય આપવો, ભરવું [ઉભયપદ]

**પરસ્મૈપદ ← વર્તમાનકાળ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | बिभर्मि | बिभृवः | बिभृमः | बिभ्रे | बिभृवहे | बिभृमहे |
| દ્વિ.પુ. → | बिभर्षि | बिभृथः | बिभृथ | बिभृषे | बिभ्राथे | बिभृध्वे |
| તૃ.પુ. → | बिभर्ति | बिभृतः | बिभ्रति | बिभृते | बिभ्राते | बिभ्रते |

**પરસ્મૈપદ ← હ્યસ્તન ભૂતકાળ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | अबिभरम् | अबिभृव | अबिभृम | अबिभ्रि | अबिभृवहि | अबिभृमहि |
| દ્વિ.પુ. → | अबिभः | अबिभृतम् | अबिभृत | अबिभृथाः | अबिभ्राथाम् | अबिभृध्वम् |
| તૃ.પુ. → | अबिभः | अबिभृताम् | अबिभरुः | अबिभृत | अबिभ्राताम् | अबिभ्रत |

**પરસ્મૈપદ ← આજ્ઞાર્થ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | बिभराणि | बिभराव | बिभराम | बिभरै | बिभरावहै | बिभरामहै |
| દ્વિ.પુ. → | बिभृहि | बिभृतम् | बिभृत | बिभृष्व | बिभ्राथाम् | बिभृध्वम् |
| તૃ.પુ. → | बिभर्तु | बिभृताम् | बिभ्रतु | बिभृताम् | बिभ्राताम् | बिभ्रताम् |

**પરસ્મૈપદ ← વિધ્યર્થ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | बिभृयाम् | बिभृयाव | बिभृयाम | बिभ्रीय | बिभ्रीवहि | बिभ्रीमहि |
| દ્વિ.પુ. → | बिभृयाः | बिभृयातम् | बिभृयात | बिभ्रीथाः | बिभ्रीयाथाम् | बिभ्रीध्वम् |
| તૃ.પુ. → | बिभृयात् | बिभृयाताम् | बिभृयुः | बिभ्रीत | बिभ्रीयाताम् | बिभ्रीरन् |

2. दा = આપવું [ઉભયપદ]

**પરસ્મૈપદ ← વર્તમાનકાળ → આત્મનેપદ**

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | ददामि | दद्वः | दद्मः | ददे | दद्वहे | दद्महे |
| દ્વિ.પુ. → | ददासि | दत्थः | दत्थ | दत्से | ददाथे | दद्ध्वे |
| તૃ.પુ. → | ददाति | दत्तः | ददति | दत्ते | ददाते | ददते |

પરસ્મૈપદ ← હ્યસ્તન ભૂતકાળ → આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | अददाम् | अदद्व | अदद्म | अददि | अदद्वहि | अदद्महि |
| દ્વિ.પુ. → | अददाः | अदत्तम् | अदत्त | अदत्थाः | अददाथाम् | अदद्ध्वम् |
| તૃ.પુ. → | अददात् | अदत्ताम् | अददुः | अदत्त | अददाताम् | अददत |

પરસ્મૈપદ ← આજ્ઞાર્થ → આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | ददानि | ददाव | ददाम | ददै | ददावहै | ददामहै |
| દ્વિ.પુ. → | देहि | दत्तम् | दत्त | दत्स्व | ददाथाम् | दद्ध्वम् |
| તૃ.પુ. → | ददातु | दत्ताम् | ददतु | दत्ताम् | ददाताम् | ददताम् |

પરસ્મૈપદ ← વિધ્યર્થ → આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | दद्याम् | दद्याव | दद्याम | ददीय | ददीवहि | ददीमहि |
| દ્વિ.પુ. → | दद्याः | दद्यातम् | दद्यात | ददीथाः | ददीयाथाम् | ददीध्वम् |
| તૃ.પુ. → | दद्यात् | दद्याताम् | दद्युः | ददीत | ददीयाताम् | ददीरन् |

3. धा = ધારણ કરવું [ઉભયપદ]

પરસ્મૈપદ ← વર્તમાનકાળ → આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | दधामि | दध्वः | दध्मः | दधे | दध्वहे | दध्महे |
| દ્વિ.પુ. → | दधासि | धत्थः | धत्थ | धत्से | दधाथे | धद्ध्वे |
| તૃ.પુ. → | दधाति | धत्तः | दधति | धत्ते | दधाते | दधते |

પરસ્મૈપદ ← હ્યસ્તન ભૂતકાળ → આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | अदधाम् | अदध्व | अदध्म | अदधि | अदध्वहि | अदध्महि |
| દ્વિ.પુ. → | अदधाः | अधत्तम् | अधत्त | अधत्थाः | अदधाथाम् | अधद्ध्वम् |
| તૃ.પુ. → | अदधात् | अधत्ताम् | अदधुः | अधत्त | अदधाताम् | अदधत |

પરસ્મૈપદ ← આજ્ઞાર્થ → આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | दधानि | दधाव | दधाम | दधै | दधावहै | दधामहै |
| દ્વિ.પુ. → | धेहि | धत्तम् | धत्त | धत्स्व | दधाथाम् | धद्ध्वम् |
| તૃ.પુ. → | दधातु | धत्ताम् | दधतु | धत्ताम् | दधाताम् | दधताम् |

## પરસ્મૈપદ ← વિધ્યર્થ → આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | दध्याम् | दध्याव | दध्याम | दधीय | दधीवहि | दधीमहि |
| દ્વિ.પુ. → | दध्याः | दध्यातम् | दध्यात | दधीथाः | दधीयाथाम् | दधीध्वम् |
| તૃ.પુ. → | दध्यात् | दध्याताम् | दध्युः | दधीत | दधीयाताम् | दधीरन् |

4. हा = છોડવું [પરસ્મૈપદ]

| વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|
| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| जहामि | जहिवः<br>जहीवः | जहिमः<br>जहीमः | अजहाम् | अजहिव<br>अजहीव | अजहिम<br>अजहीम |
| जहासि | जहिथः<br>जहीथः | जहिथ<br>जहीथ | अजहाः | अजहितम्<br>अजहीतम् | अजहित<br>अजहीत |
| जहाति | जहितः<br>जहीतः | जहति | अजहात् | अजहिताम्<br>अजहीताम् | अजहुः |

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| जहानि | जहाव | जहाम | जह्याम् | जह्याव | जह्याम |
| जहाहि<br>जहिहि<br>जहीहि | जहितम्<br>जहीतम् | जहित<br>जहीत | जह्याः | जह्यातम् | जह्यात |
| | | | जह्यात् | जह्याताम् | जह्युः |
| जहातु | जहिताम्<br>जहीताम् | जहतु | | | |

5. भी = ડરવું [પરસ્મૈપદ]

| વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|
| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| बिभेमि | बिभिवः<br>बिभीवः | बिभिमः<br>बिभीमः | अबिभयम् | अबिभिव<br>अबिभीव | अबिभिम<br>अबिभीम |
| बिभेषि | बिभिथः<br>बिभीथः | बिभिथ<br>बिभीथ | अबिभेः | अबिभितम्<br>अबिभीतम् | अबिभित<br>अबिभीत |
| बिभेति | बिभितः<br>बिभीतः | बिभ्यति | अबिभेत् | अबिभिताम्<br>अबिभीताम् | अबिभयुः |

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| बिभयानि | बिभयाव | बिभयाम | बिभियाम्<br>बिभीयाम् | बिभियाव<br>बिभीयाव | बिभियाम<br>बिभीयाम |
| बिभिहि<br>बिभीहि | बिभितम्<br>बिभीतम् | बिभित<br>बिभीत | बिभियाः<br>बिभीयाः | बिभियातम्<br>बिभीयातम् | बिभियात<br>बिभीयात |
| बिभेतु | बिभिताम्<br>बिभीताम् | बिभ्यतु | बिभियात्<br>बिभीयात् | बिभियाताम्<br>बिभीयाताम् | बिभियुः<br>बिभीयुः |

## ધાતુઓ

**➤ ગણ - ૬ પરસ્મૈપદ :-**

सम् + धि [संधियति] = સંધિ કરવી [*To Compromise*]

**➤ ગણ -૪ - આત્મનેપદ :-**

सम्+पद् = સંપન્ન થવું, થવું [*To Become*]

**➤ ગણ - ૩ -પરસ્મૈપદ :–**

भी = ડરવું [*To Fear*]

हा = છોડવું [*To Leave*]

**➤ ગણ -૩ - ઉભયપદ :-**

दा = આપવું [*To Give*]

आ + दा = લેવું [*To Take*]

धा = ધરવું [*To Hold*]

वि+धा = કરવું, વિધાન કરવું [*To Do*]

परि + धा = પહેરવું [*To Wear*]

सम्+आ+धा = સમાધાન કરવું. [*To Solve*]

अपि / पि + धा = બંધ કરવું. [*To Close*]

अव+धा = ધ્યાન દેવું [*To Concentrate*]

नि+धा = મૂકવું, રાખી મૂકવું [*To Keep*]

भृ = ભરવું, આશ્રય આપવો [*To Fill / To Support*]

## શબ્દો

**➤ તત્સમ શબ્દો -પુલ્લિંગ :-**

वृद्ध = ઘરડો [*Old*]

अभिलाष = ઈચ્છા [*Wish*]

विरोध = વિરોધ [*Opposition*]

भोग = ભોગવવું [*Enjoyment*]

नाश = નાશ [*Destruction*]

अविवेक = અવિવેક [*Incivility*]

गर्व = અભિમાન [*Arrogance*]

परिग्रह = પરિગ્રહ

**➤ નપુંસકલિંગ :-**

धैर्य = ધીરજ [*Patience*]

मूल = મૂળ [*Root*]

पतन = પતન [*Declination*]

**➤ સ્ત્રીલિંગ :-**

प्रतिज्ञा = પ્રતિજ્ઞા [*Oath*]

शक्ति = તાકાત [*Strength*]

गति = ઝડપ / અવસ્થા [*Speed*]
हानि = હાનિ, નુકશાની [*Loss*]

**❀ નૂતન શબ્દો - પુલ્લિંગ :-**

दण्ड = દાંડો, લાકડી [*Stick*]
पिण्ड = સમૂહ [*Lot*]
मेधाविन् = બુદ્ધિશાળી [शशिन् પ્રમાણે] [*Intelligent*]

**➤ નપુંસકલિંગ :-**

स्खलन = ભૂલ [*Mistake*]
तारुण्य = જુવાની [*Youth*]
हृषीक = ઈન્દ્રિય [*Sense Organ*]
मुण्ड = માથું [*Head*]
तुण्ड = મોઢું [*Face*]
उपायन = ભેટ [*Present*]
दशन = દાંત [*Teeth*]
पद = સ્થાન [*Place*]
ब्रह्मन् = શુદ્ધ ચૈતન્યવાળો [कर्मन् પ્રમાણે] [*Supreme Spirit*]

**➤ વિશેષણ :-**

गलित = ગળી ગયેલું [*Melted*]
पलित = સફેદ થઈ ગયેલ [*Pale*]
विहीन = રહિત [*Without*]
लुब्ध = લોભાયેલ [*Greedy*]
मर्यादासहित = મર્યાદા સભર [*With Modesty*]
कारिन् = કરનાર [*Creator*] [शशिन् પ્રમાણે ૩૫]

**➤ સ્ત્રીલિંગ :-**

लेश्या = આત્માનો એક પરિણામ
कातरता = કાયરતા [*Cowardness*]
रेवती = રેવતી શ્રાવિકા

**➤ અવ્યય :-**

सहसा = અચાનક [*Suddenly*]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. [1]गच्छतः स्खलनं क्वाऽपि, भवत्येव प्रमादतः ।
   हसन्ति दुर्जनास्तत्र, समादधति सज्जनाः ॥
2. न बिभेति यदा चायं, यदा चाऽस्मान्न बिभ्यति ।
   यदा नेच्छति न द्वेष्टि, ब्रह्म सम्पद्यते तदा ॥
3. तारुण्ये गते सत्यपि हृषीकेषु हानिं प्राप्नुवत्सु सत्सु अपि हा ! वृद्धोऽपि विषयाभिलाषं न जहाति ।
4. अङ्गं गलितं पलितं मुण्डं, दशनविहीनं जातं तुण्डम् ।
   वृद्धो याति गृहीत्वा दण्डं, तदपि न मुञ्चति आशापिण्डम् ॥
5. विधेहि सर्वशक्त्या हि, महात्मन्नात्मनो रक्षाम् ।
   केनाऽपि सार्धं मेधावी, विरोधं विदधीत न ॥

---

1. મિત્રો ! આ પાઠથી થોડા શ્લોકો આપણે જોઈશું. શ્લોકમાં શબ્દ આડાઅવળા હોય છે. માટે દરેક શબ્દનો પહેલા અર્થ વિચારી પછી ગુજરાતીમાં વ્યવસ્થિત ગોઠવવા. શબ્દો ઓછા હશે, અર્થ વધારે હશે, માટે તાત્પર્યાર્થ પકડવા માટે શ્લોકમાં ન લખેલો એકાદ શબ્દ જાતે ઉમેરવો પણ પડે.

6. दानं भोगो नाशः [1]तिस्रो, गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुङ्क्ते, तस्य [2]तृतीया गतिर्भवेत् ॥

7. सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम् ।
वृणते हि विमृश्य कारिणं गुणलुब्धाः स्वयमेव सम्पदः ॥

8. मा शोकं कुरु, कातरतां त्यज, धैर्यं धेहि ।

9. न गर्वं बिभृमहे वयं, यतः पतनमूलं हि मानं, त्वमपि मा गर्वं बिभ्रीथाः ।

## [2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-

1. બાળકો અંધારાથી ડરે છે.
2. જ્યારે જ્યારે પણ તને ડર લાગે ત્યારે ત્યારે તું નવકાર ગણ.
3. રેવતીની જેમ અમે પણ સાધુઓને ઔષધિઓ આપીએ છીએ.
4. જે માતા–પિતાની આજ્ઞાનો અમલ નથી કરતો તે પોતાની જાતે જ સ્વર્ગનો દરવાજો બંધ કરે છે.
5. આ રાખી મૂકું, આ રાખી મૂકું, આ પણ રાખી મૂકું - આવી લેશ્યા પરિગ્રહની છે. આ લેશ્યાને છોડવી જોઈએ.
6. તારી પ્રતિજ્ઞામાં ધ્યાન આપ, લીધેલી પ્રતિજ્ઞાને મરણાન્ત ઉપસર્ગમાં પણ પ્રાજ્ઞ માણસો છોડતા નથી.
7. જે અતિથિઓને આશરો આપે છે તે લોકમાં સજ્જન કહેવાય છે.
8. તે બે જણાએ યુદ્ધ ન કર્યું અને સંધિ કરી દીધી. માટે તેઓ પરસ્પર ભેટ આપે છે.
9. તું મર્યાદાસભર વસ્ત્રોને પહેર.

## [3] ખૂટતી વિગત પૂરો :-

| નં. | ધાતુ | અર્થ | ગણ | પદ | કાળ | પુરુષ | એ. વ. | દ્વિ. વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | आ + दा | | | | વર્તમાન | ૧ | | | |
| 2. | धा | | | | હ્યસ્તન | ૨ | | | |
| 3. | वि+धा | | | | આજ્ઞાર્થ | ૩ | | | |
| 4. | अपि+धा | | | | વિધ્યર્થ | ૨ | | | |
| 5. | सम्+आ+आ | | | | આજ્ઞાર્થ | ૩ | | | |
| 6. | दुह् | | | | હ્યસ્તન | ૧ | | | |
| 7. | भी | | | | વર્તમાન | ૩ | | | |
| 8. | लिह् | | | | વિધ્યર્થ | ૨ | | | |
| 9. | द्विष् | | | | હ્યસ્તન | ૧ | | | |

1. ત્રણ. 2. ત્રીજી

[4] ખૂટતી વિગતો પૂરો :-

| નં. | અર્થ | મૂળધાતુ | ગણ | પદ | કાળ | વચન | પ્ર.પુ. | દ્વિ.પુ. | તૃ.પુ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ધ્યાન દેવું | | | | વર્તમાન | ૧ | | | |
| 2. | આશ્રય આપવો | | | | હ્યસ્તન | ૨ | | | |
| 3. | મૂકવું | | | | આજ્ઞાર્થ | ૩ | | | |
| 4. | પહેરવું | | | | વિધ્યર્થ | ૨ | | | |
| 5. | સંધિ કરવી | | | | વર્તમાન | ૧ | | | |

[5] સરખા રૂપ લખો :-

दा – भृ [જે રૂપ दा ધાતુનું લખ્યું છે તેવું જ भृ ધાતુનું રૂપ જણાવો.]

1. दत्स्व – ______
2. ददीत – ______
3. दत्तः – ______
4. दद्यात् – ______
5. दद्ध्वम् – ______
6. अदत्थाः – ______
7. अदत्त – ______
8. ददते – ______
9. दत्थ – ______

[6] નીચે આપેલા શબ્દોમાં છૂપાયેલ રૂપ શોધો :-

[કૌંસમાં આપેલ સંખ્યા રૂપના અક્ષરની સંખ્યાને સૂચવે છે.]

1. आ बि तम् अ भि भी [4]
2. ही हा थः ज च त [3]
3. ध द त् च् स्व सु [2]
4. पी बि क्रि श्री थाम् या [4]
5. भ प फ बि णि रा [4]

[7] રૂપ પૂરો :–

1. अजहाम् ____ ____
____ ____ ____
अजहात् ____ ____

2. बिभयानि ____ ____
____ ____ ____
बिभेतु ____ ____

3. परिदधै ____ ____
____ ____ ____
____ परिदधाताम् ____

OOO

# પાઠ - ૧૫

## ગણ - ૩ [ Part - II ]

રૂપો :–

→ 1. ह्री = લજ્જા પામવી [પરસ્મૈપદ]

| | વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ. → | जिह्रेमि | जिह्रीवः | जिह्रीमः | अजिह्रयम् | अजिह्रीव | अजिह्रीम |
| દ્વિ.પુ. → | जिह्रेषि | जिह्रीथः | जिह्रीथ | अजिह्रेः | अजिह्रीतम् | अजिह्रीत |
| તૃ.પુ. → | जिह्रेति | जिह्रीतः | जिह्रियति | अजिह्रेत् | अजिह्रीताम् | अजिह्रयुः |

| | આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | जिह्रयाणि | जिह्रयाव | जिह्रयाम | जिह्रीयाम् | जिह्रीयाव | जिह्रीयाम |
| દ્વિ.પુ. → | जिह्रीहि | जिह्रीतम् | जिह्रीत | जिह्रीयाः | जिह्रीयातम् | जिह्रीयात |
| તૃ.પુ. → | जिह्रेतु | जिह्रीताम् | जिह्रियतु | जिह्रीयात् | जिह्रीयाताम् | जिह्रीयुः |

2. मा = માપવું [આત્મનેપદ]

| | વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | मिमे | मिमीवहे | मिमीमहे | अमिमि | अमिमीवहि | अमिमीमहि |
| દ્વિ.પુ. → | मिमीषे | मिमाथे | मिमीध्वे | अमिमीथाः | अमिमाथाम् | अमिमीध्वम् |
| તૃ.પુ. → | मिमीते | मिमाते | मिमते | अमिमीत | अमिमाताम् | अमिमत |

| | આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | मिमै | मिमावहै | मिमामहै | मिमीय | मिमीवहि | मिमीमहि |
| દ્વિ.પુ. → | मिमीष्व | मिमाथाम् | मिमीध्वम् | मिमीथाः | मिमीयाथाम् | मिमीध्वम् |
| તૃ.પુ. → | मिमीताम् | मिमाताम् | मिमताम् | मिमीत | मिमीयाताम् | मिमीरन् |

3. हा = જવું [આત્મનેપદ]

| | વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | जिहे | जिहीवहे | जिहीमहे | अजिहि | अजिहीवहि | अजिहीमहि |
| દ્વિ.પુ. → | जिहीषे | जिहाथे | जिहीध्वे | अजिहीथाः | अजिहाथाम् | अजिहीध्वम् |
| તૃ.પુ. → | जिहीते | जिहाते | जिहते | अजिहीत | अजिहाताम् | अजिहत |

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| जिहै | जिहावहै | जिहामहै | जिहीय | जिहीवहि | जिहीमहि |
| जिहीष्व | जिहाथाम् | जिहीध्वम् | जिहीथाः | जिहीयाथाम् | जिहीध्वम् |
| जिहीताम् | जिहाताम् | जिहताम् | जिहीत | जिहीयाताम् | जिहीरन् |

4. निज् = સ્વચ્છ કરવું [ઉભયપદ]

| | પરસ્મૈપદ ← | વર્તમાનકાળ | | → આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | नेनेज्मि | नेनिज्वः | नेनिज्मः | नेनिजे | नेनिज्वहे | नेनिज्महे |
| દ્વિ.પુ. → | नेनेक्षि | नेनिक्थः | नेनिक्थ | नेनिक्षे | नेनिजाथे | नेनिग्ध्वे |
| તૃ.પુ. → | नेनेक्ति | नेनिक्तः | नेनिजति | नेनिक्ते | नेनिजाते | नेनिजते |

| પરસ્મૈપદ ← | હ્યસ્તન ભૂતકાળ | | → આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| अनेनिजम् | अनेनिज्व | अनेनिज्म | अनेनिजि | अनेनिज्वहि | अनेनिज्महि |
| अनेनेक्-ग् | अनेनिक्तम् | अनेनिक्त | अनेनिक्थाः | अनेनिजाथाम् | अनेनिग्ध्वम् |
| अनेनेक्-ग् | अनेनिक्ताम् | अनेनिजुः | अनेनिक्त | अनेनिजाताम् | अनेनिजत |

| | પરસ્મૈપદ ← | આજ્ઞાર્થ | | → આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | नेनिजानि | नेनिजाव | नेनिजाम | नेनिजै | नेनिजावहै | नेनिजामहै |
| દ્વિ.પુ. → | नेनिग्धि | नेनिक्तम् | नेनिक्त | नेनिक्ष्व | नेनिजाथाम् | नेनिग्ध्वम् |
| તૃ.પુ. → | नेनेक्तु | नेनिक्ताम् | नेनिजतु | नेनिक्ताम् | नेनिजाताम् | नेनिजताम् |

| પરસ્મૈપદ ← | વિધ્યર્થ | | → આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| नेनिज्याम् | नेनिज्याव | नेनिज्याम | नेनिजीय | नेनिजीवहि | नेनिजीमहि |
| नेनिज्याः | नेनिज्यातम् | नेनिज्यात | नेनिजीथाः | नेनिजीयाथाम् | नेनिजीध्वम् |
| नेनिज्यात् | नेनिज्याताम् | नेनिज्युः | नेनिजीत | नेनिजीयाताम् | नेनिजीरन् |

આ પ્રમાણે विज् = જૂદું પાડવું – ઉભયપદનું રૂપ પણ સમજી લેવું.

5. हु = હોમવું [પરસ્મૈપદ]

| | વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | जुहोमि | जुहुवः | जुहुमः | अजुहवम् | अजुहुव | अजुहुम |
| દ્વિ.પુ. → | जुहोषि | जुहुथः | जुहुथ | अजुहोः | अजुहुतम् | अजुहुत |
| તૃ.પુ. → | जुहोति | जुहुतः | जुह्वति | अजुहोत् | अजुहुताम् | अजुहवुः |

| | આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ. → | जुहवानि | जुहवाव | जुहवाम | जुहुयाम् | जुहुयाव | जुहुयाम |
| દ્વિ.પુ. → | जुहुधि | जुहुतम् | जुहुत | जुहुयाः | जुहुयातम् | जुहुयात |
| તૃ.પુ. → | जुहोतु | जुहुताम् | जुह्वतु | जुहुयात् | जुहुयाताम् | जुहुयुः |

6. पृ = ભરવું [પરસ્મૈપદ]

| | વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્ર.પુ.→ | पिपर्मि | पिपृवः | पिपृमः | अपिपरम् | अपिपृव | अपिपृम |
| દ્વિ.પુ.→ | पिपर्षि | पिपृथः | पिपृथ | अपिपः | अपिपृतम् | अपिपृत |
| તૃ.પુ.→ | पिपर्ति | पिपृतः | पिप्रति | अपिपः | अपिपृताम् | अपिपरुः |
| | આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
| પ્ર.પુ.→ | पिपराणि | पिपराव | पिपराम | पिपृयाम् | पिपृयाव | पिपृयाम |
| દ્વિ.પુ.→ | पिपृहि | पिपृतम् | पिपृत | पिपृयाः | पिपृयातम् | पिपृयात |
| તૃ.પુ.→ | पिपर्तु | पिपृताम् | पिप्रतु | पिपृयात् | पिपृयाताम् | पिपृयुः |

7. पृ = ભરવું [પરસ્મૈપદ]

| | વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ.→ | पिपर्मि | पिपूर्वः | पिपूर्मः | अपिपरम् | अपिपूर्व | अपिपूर्म |
| દ્વિ.પુ.→ | पिपर्षि | पिपूर्थः | पिपूर्थ | अपिपः | अपिपूर्तम् | अपिपूर्त |
| તૃ.પુ.→ | पिपर्ति | पिपूर्तः | पिपुरति | अपिपः | अपिपूर्ताम् | अपिपरुः |
| | આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
| પ્ર.પુ.→ | पिपराणि | पिपराव | पिपराम | पिपूर्याम् | पिपूर्याव | पिपूर्याम |
| દ્વિ.પુ.→ | पिपूर्हि | पिपूर्तम् | पिपूर्त | पिपूर्याः | पिपूर्यातम् | पिपूर्यात |
| તૃ.પુ.→ | पिपर्तु | पिपूर्ताम् | पिपुरतु | पिपूर्यात् | पिपूर्याताम् | पिपूर्युः |

8. ऋ = જવું [પરસ્મૈપદ]

| | વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ.→ | इयर्मि | इयृवः | इयृमः | ऐयरम् | ऐयृव | ऐयृम |
| દ્વિ.પુ.→ | इयर्षि | इयृथः | इयृथ | ऐयः | ऐयृतम् | ऐयृत |
| તૃ.પુ.→ | इयर्ति | इयृतः | इय्रति | ऐयः | ऐयृताम् | ऐयरुः |
| | આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
| પ્ર.પુ.→ | इयराणि | इयराव | इयराम | इयृयाम् | इयृयाव | इयृयाम |
| દ્વિ.પુ.→ | इयृहि | इयृतम् | इयृत | इयृयाः | इयृयातम् | इयृयात |
| તૃ.પુ.→ | इयर्तु | इयृताम् | इय्रतु | इयृयात् | इयृयाताम् | इयृयुः |

9. विष् = ઘેરવું [ઉભયપદ]

| | પરસ્મૈપદ ← | વર્તમાનકાળ | | → આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર.પુ.→ | वेवेष्मि | वेविष्वः | वेविष्मः | वेविषे | वेविष्वहे | वेविष्महे |
| દ્વિ.પુ.→ | वेवेक्षि | वेविष्ठः | वेविष्ठ | वेविक्षे | वेविषाथे | वेविड्ढ्वे |
| તૃ.પુ.→ | वेवेष्टि | वेविष्टः | वेविषति | वेविष्टे | वेविषाते | वेविषते |

### પરસ્મૈપદ ← હ્યસ્તનભૂતકાળ → આત્મનેપદ

| એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|
| अवेविषम् | अवेविष्व | अवेविष्म | अवेविषि | अवेविष्वहि | अवेविष्महि |
| अवेवेट्-ड् | अवेविष्टम् | अवेविष्ट | अवेविष्ठाः | अवेविषाथाम् | अवेविड्ढ्वम् |
| अवेवेट्-ड् | अवेविष्टाम् | अवेविषुः | अवेविष्ट | अवेविषाताम् | अवेविषत |

### પરસ્મૈપદ ← આજ્ઞાર્થ → આત્મનેપદ

| | | | | | |
|---|---|---|---|---|---|
| वेविषाणि | वेविषाव | वेविषाम | वेविषै | वेविषावहै | वेविषामहै |
| वेविड्ढि | वेविष्टम् | वेविष्ट | वेविक्ष्व | वेविषाथाम् | वेविड्ढ्वम् |
| वेवेष्टु | वेविष्टाम् | वेविषतु | चेविष्टाम् | वेविषाताम् | वेविषताम् |

### પરસ્મૈપદ ← વિધ્યર્થ → આત્મનેપદ

| | | | | | |
|---|---|---|---|---|---|
| वेविष्याम् | वेविष्याव | वेविष्याम | वेविषीय | वेविषीवहि | वेविषीमहि |
| वेविष्याः | वेविष्यातम् | वेविष्यात | वेविषीथाः | वेविषीयाथाम् | वेविषीध्वम् |
| वेविष्यात् | वेविष्याताम् | वेविष्युः | वेविषीत | वेविषीयाताम् | वेविषीरन् |

**કર્મણિ પ્રયોગો :-** [દરેક ધાતુનું તૃતીય પુરુષ એકવચન આપેલ છે.]

| નં. | ધાતુ | વર્તમાનકાળ | હ્યસ્તન ભૂ.કા. | આજ્ઞાર્થ | વિધ્યર્થ |
|---|---|---|---|---|---|
| 1 | भृ | भ्रियते | अभ्रियत | भ्रियताम् | भ्रियेत |
| 2 | ह्री | ह्रीयते | अह्रीयत | ह्रीयताम् | ह्रीयेत |
| 3 | मा | मीयते | अमीयत | मीयताम् | मीयेत |
| 4 | हा | हीयते | अहीयत | हीयताम् | हीयेत |
| 5 | भी | भीयते | अभीयत | भीयताम् | भीयेत |
| 6 | दा | दीयते | अदीयत | दीयताम् | दीयेत |
| 7 | धा | धीयते | अधीयत | धीयताम् | धीयेत |
| 8 | निज् | निज्यते | अनिज्यत | निज्यताम् | निज्येत |
| 9 | विज् | विज्यते | अविज्यत | विज्यताम् | विज्येत |
| 10 | हु | हूयते | अहूयत | हूयताम् | हूयेत |
| 11 | पृ | पूर्यते | अपूर्यत | पूर्यताम् | पूर्येत |
| 12 | पृ | प्रियते | अप्रियत | प्रियताम् | प्रियेत |
| 13 | ऋ | अर्यते | आर्यत | अर्यताम् | अर्येत |
| 14 | विष् | विष्यते | अविष्यत | विष्यताम् | विष्येत |

કૃદન્તો :—

| નં | ધાતુ | હેત્વર્થ | સંબંધક | વર્તમાન કર્તરિ | વર્તમાન કર્મણિ | કર્મણિ ભૂત | तव्य | अनीय | य |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | भृ | भर्तुम् | भृत्वा | बिभ्रत् / बिभ्राण | भ्रियमाण | भृत | भर्तव्य | भरणीय | भृत्य |
| 2. | ह्री | ह्रेतुम् | ह्रीत्वा | जिह्रियत् | ह्रीयमाण | ह्रीत / ह्रीण | ह्रेतव्य | ह्रयणीय | ह्रेय |
| 3. | मा | मातुम् | मित्वा | मिमान | मीयमान | मित | मातव्य | मानीय | मेय |
| 4. | हा [પ.] | हातुम् | हित्वा | जहत् | हीयमान | हीन | हातव्य | हानीय | हेय |
| 5. | हा | हातुम् | हात्वा | जिहान | हायमान | हान | हातव्य | हानीय | हेय |
| 6. | भी | भेतुम् | भीत्वा | बिभ्यत् | भीयमान | भीत | भेतव्य | भयनीय | भेय |
| 7. | दा | दातुम् | दत्त्वा | ददत् / ददान | दीयमान | [1]दत्त | दातव्य | दानीय | देय |
| 8. | धा | धातुम् | **हित्वा** | दधत् / दधान | धीयमान | **हित** | धातव्य | धानीय | धेय |
| 9. | निज् | नेक्तुम् | निक्त्वा | नेनिजत् / नेनिजान | निज्यमान | निक्त | नेक्तव्य | नेजनीय | नेज्य |
| 10. | हु | होतुम् | हुत्वा | जुह्वत् | हूयमान | हुत | होतव्य | हवनीय | हव्य / हाव्य |
| 11. | पृ | पर्तुम् | पृत्वा | पिप्रत् | प्रियमाण | पृत | पर्तव्य | परणीय | पार्य / पृत्य |
| 12. | पॄ | परितुम् / परीतुम् | पूर्त्वा | पिपुरत् | पूर्यमाण | पूर्ण / पूर्त | परीतव्य / परितव्य | परणीय | पार्य |
| 13. | ऋ | अर्तुम् | ऋत्वा | इयृत् | अर्यमाण | ऋत | अर्तव्य | अरणीय | अर्य / आर्य |
| 14. | विष् | वेष्टुम् | विष्ट्वा | वेविषत्/वेविषाण | विष्यमाण | विष्ट | वेष्टव्य | वेषणीय | वेष्य |

1. नि + दा = नीत्त / निदत्त, आ + दा = आत्त, उप + दा = उपात्त, अव + दा = अवत्त / अवदत्त

**અનિયમિત રૂપો :-**

**1.** पथिन् = માર્ગ [પુ.]

| | | |
|---|---|---|
| पन्थाः | पन्थानौ | पन्थानः |
| पन्थानम् | ” | पथः |
| पथा | पथिभ्याम् | पथिभिः |
| पथे | ” | पथिभ्यः |
| पथः | ” | ” |
| ” | पथोः | पथाम् |
| पथि | ” | पथिषु |
| पन्थाः ! | पन्थानौ ! | पन्थानः ! |

**2.** दिव् = દિવસ, સ્વર્ગ [સ્ત્રી.]

| | | |
|---|---|---|
| द्यौः | दिवौ | दिवः |
| दिवम् | ” | ” |
| दिवा | द्युभ्याम् | द्युभिः |
| दिवे | ” | द्युभ्यः |
| दिवः | ” | ” |
| ” | दिवोः | दिवाम् |
| दिवि | ” | द्युषु |
| द्यौः ! | दिवौ ! | दिवः ! |

આની જેમ मन्थिन् = રવૈયાનું રૂપ પણ સમજવું.

## ધાતુઓ

➤ **ગણ - ૧ - પરસ્મૈપદ :-**

अव + दै = સાફ કરવું [*To Clean*]

➤ **ગણ - ૪ - પરસ્મૈપદ :-**

अव + दो = કાપવું [*To cut*]

➤ **ગણ - ૩ - પરસ્મૈપદ :-**

हु = હોમવું [*To Offer*]

ह्री = લાજવું, શરમાવું [*To Be Shy*]

पृ / पॄ = ભરવું [*To Fill*]

ऋ = જવું [*To Go*]

➤ **ગણ - ૩ - ઉભયપદ :-**

निज् = સ્વચ્છ કરવું [*To Clean*]

अव+निज् = ધોવું [*To Wash*]

विज् = જૂદું પાડવું. [*To Separate*]

वि+विज् = ભેદ કરવો. [*To Differentiate*]

विष् = ઘેરી લેવું [*To Surround*]

उप + आ + दा = ગ્રહણ કરવું [*To Accept*]

➤ **ગણ - ૩ - આત્મનેપદ :-**

मा = માપવું [*To Measure*]

हा = જવું [*To Go*]

उद् + हा = ઊંચે જવું [*To Go High*]

## શબ્દો

❖ **તત્સમ શબ્દો - પુલ્લિંગ :-**

हंस = હંસ [*Swan*]

शील = શીલ, સદાચાર [*Chastity*]

दास = દાસ [*Slave*]

सेवक = સેવક [*Servant*]

असंयम = નિયમન ન રાખવું. [*Unrestrained*]

नाथ = નાથ, સ્વામી [*Master*]

➤ **નપુંસકલિંગ :-**

अपात्र = અપાત્ર, અયોગ્ય [*Unworthy*]

छल = કપટ [*Fraud*]

राज्य = રાજ્ય [*Kingdom*]

➤ **વિશેષણ :-**

निर्धन = નિર્ધન [*Poor*]

अशक्त = અશક્ત [*Unable*]

इष्ट = ઈચ્છિત [*Desired*]

✿ **નૂતન શબ્દો - પુલ્લિંગ :-**

प्रेष्य = નોકર [*Servant*]

किङ्कर = ચાકર [*Slave*]

विद्विष् = દુશ્મન [द्विष् પ્રમાણે રૂપ] [*Enemy*]

पथिन् = રસ્તો [*Road*] (અનિ.)

➤ **નપુંસકલિંગ :-**

द्रविण = પૈસા [*Money*]

भूरि = ઘણું [*Lot*]

दारिद्र्य = ગરીબી [*Poverty*]

संज्ञान = વિશિષ્ટજ્ઞાન [*Knowledge*]

मध्य = વચ્ચે [*Between*]

भाजन = વાસણ, સ્થાન [*Utensil*]

शिरस् = મસ્તક [*Head*] [पयस् પ્રમાણે રૂપ]

➤ **સ્ત્રીલિંગ :-**

दिव् = દેવલોક, દિવસ [*Heaven / Day*]

➤ **વિશેષણ :-**

मित = પરિમિત [*Limited*]

अमृतोपम = અમૃત જેવું [*Like Nectar*]

हास्य = હાસ્યાસ્પદ [*Ridiculous*]

लघु = નાનું [*Small*]

प्राज्य = મોટું [*Big*]

निर्मित = બનાવેલ [*Product*]

➤ **અવ્યય :-**

ओम् = હા [*Yes*]

क्वचित् = ક્યાંક [*Somewhere*]

अतः परम् = આના પછી [*After This*]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. सोऽवदायति कीर्त्तिम्, शिरोऽवद्यति विद्विषाम् ।
   ददाति द्रविणं भूरि, दाति दारिद्र्यमर्थिनाम् ॥
2. अदत्तं नाददीत तृणमपि क्वचित् ।
3. यो मितं भुङ्क्ते स हि बहु भुङ्क्ते ।
4. यो हि दद्यादपात्राय, संज्ञानममृतोपमम् ।
   स हास्यः स्यात् सतां मध्ये, भवेच्चाऽनर्थभाजनम् ॥
5. हत्वा गुरूनपि लघून्वञ्चयित्वा छलेन च ।
   यदुपादीयते राज्यं तत्प्राज्यमपि मास्तु मे ॥
6. कोऽलङ्कारः सतां ? शीलम्, न तु काञ्चननिर्मितम् ।
7. तव प्रेष्योऽस्मि दासोऽस्मि, सेवकोऽस्म्यस्मि किङ्करः ।
   ओमिति प्रतिपद्यस्व, नाथ ! नातः परं ब्रुवे ॥

8. ब्राह्मणोऽब्राह्मणो वा यः कोऽपि निर्धनः अशक्तश्च भवेत् तस्मै धनं दत्त ।
9. आपदां कथितः पन्थाः, इन्द्रियाणामसंयमः ।
तज्जयः सम्पदां मार्गो, येनेष्टं तेन गम्यताम् ॥

## [2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-

1. હું મોતથી ડરતો નથી. કારણ કે જિનેશ્વર ભગવાનના અમૃત જેવા વચનો મેં પીધા છે.
2. તેઓ ચોરી કરતા કે જૂઠું બોલતા લજ્જા નથી પામતા.
3. તપની આગમાં કર્મના લાકડાઓને તું હોમ.
4. તેઓએ હિંસાને છોડી દીધી.
5. જેમ હંસ દૂધમાંથી પાણીને છૂટું કરે છે તેમ સમ્યગ્દષ્ટિ શરીરમાંથી આત્માને જુદો કરે છે.
6. શત્રુ સૈન્યથી ઘેરાયેલા કુમારપાળ રાજાએ ધૈર્યને છોડ્યું નહીં.
7. તેની કીર્તિ દેવલોક સુધી ઉપર જાય છે.
8. બૃહસ્પતિ દ્વારા પણ પરમાત્માના ગુણો માપી શકાતા નથી. જેમ દેવલોકમાં દેવો અને આકાશમાં તારા અસંખ્ય છે તેમ ભગવાનમાં ગુણો પણ અગણ્ય છે.
9. તું જૈન છે તો પણ રાત્રિભોજન કરતા લજ્જા નથી પામતો ? રાત્રિભોજન છોડ અને તારા આત્માને ચોખ્ખો કર.

## [3] ખૂટતી વિગત પૂરો :-

| નં. | ધાતુ | અર્થ | ગણ | પદ | કાળ | પ્રયોગ | પુરુષ | એ. વ. | દ્વિ. વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | | જવું | | | વર્તમાન | કર્મણિ | ૧ | | | |
| 2. | ऋ | | | | હ્યસ્તન | કર્તરિ | ૨ | | | |
| 3. | | હોમવું | | | આજ્ઞાર્થ | કર્તરિ | ૩ | | | |
| 4. | ह्री | | | | વિધ્યર્થ | કર્મણિ | ૨ | | | |
| 5. | मा | | | | વર્તમાન | કર્તરિ | ૩ | | | |
| 6. | | આપવું | | | હ્યસ્તન | કર્મણિ | ૧ | | | |
| 7. | | ધારવું | | | વિધ્યર્થ | કર્તરિ | ૨ | | | |
| 8. | | | | | | | | | अपिपूर्ताम् | |
| 9. | | | | | | | | | | नेनिग्ध्वम् |

[4] સાધનિકા જણાવો :-

1. वेवेष्टि 2. नेनेक्ति 3. बिभीवः 4. बिभृहि 5. दधाति

[5] રૂપ પૂરો :-

1.

| | | |
|---|---|---|
| वेविषै | ___ | ___ |
| ___ | ___ | ___ |
| ___ | ___ | वेविषताम् |

2.

| | | |
|---|---|---|
| मिमीय | ___ | मिमीवहि |
| ___ | ___ | ___ |
| ___ | ___ | ___ |

3.

| | | |
|---|---|---|
| ___ | ___ | ___ |
| ___ | ___ | अजिह्रीत |
| अजिह्रेत् | ___ | ___ |

OOO

## પાઠ - ૧૬

# શ્વસ્તન ભવિષ્યકાળ [ Part - I ]

### ગણકાર્ય રહિત કાળ

→ અહીં ધાતુના ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે.

સેટ્ = જેને 'इ' ઉમેરાય.

અનિટ્ = જેને 'इ' ન ઉમેરાય.

વેટ્ = જેને 'इ' વિકલ્પે ઉમેરાય.

**ધાતુ - ૧ સ્વરાંત ધાતુ** **૨. વ્યંજનાન્ત ધાતુ**

૧. સ્વરાંત ધાતુ - **A** અનેક સ્વરી તમામ ધાતુઓ સેટ્ છે.

**B** એકસ્વરી સેટ્ અને વેટ્ ધાતુઓ બતાવેલા છે.

**C** બાકીના એકસ્વરી ધાતુઓ અનિટ્ છે.

૨. વ્યંજનાંત ધાતુ - **A** અનિટ્ + વેટ્ ધાતુઓ બતાવેલા છે.

**B** બાકીના બધાય સેટ્ છે.

➤ **સેટ્ સ્વરાંત ધાતુઓ :-**

દીર્ઘ ऊ, ॠ કારાંત તથા यु, रु, क्ष्णु, शी, स्नु, नु, क्षु, श्वि, डी, श्रि, वृ, वॄ [ગણ–૯/૫ પરસ્મૈ.] તથા અનેક સ્વરી ધાતુઓ સેટ્ છે. આ સિવાયના બધાં સ્વરાંત ધાતુઓ અનિટ્ છે.

➤ **અનિટ્ વ્યજનાંત ધાતુઓ :-**

[क्] शक् [च्] पच्, मुच्, रिच्, विच्, वच्, सिच्,

[छ्] प्रच्छ् [ज्] त्यज्, निज्, भज्, भञ्ज्, भुज्, भ्रस्ज्, मस्ज्, यज्, युज्, रुज्, रञ्ज्, विज्, स्वञ्ज्, सञ्ज्, सृज् [द्] अद्, क्षुद्, खिद्, छिद्, तुद्, नुद्, यद्, भिद्, विद्, पद्, शद्, सद्, स्विद्, स्कन्द्, हद्, [ध्] क्रुध्, क्षुध्, बुध्, बन्ध्, युध्, रुध्, राध्, व्यध्, शुध्, साध्, सिध्, [न्] मन्, हन्, [प्] आप्, क्षिप्, छुप्, तप्, तिप्, तृप्, दृप्, लिप्, लुप्, वप्, शप्, स्वप्, सृप्, [भ्] यभ्, रभ्, लभ् [म्] गम्, नम्, यम्, रम्

श् क्रुश्, दंश्, दिश्, दृश्, मृश्, रिश्, रुश्, लिश्, विश्, स्पृश्

ष् कृष्, त्विष्, तुष्, द्विष्, दुष्, पुष्, पिष्, विष्, शिष्, शुष्, श्लिष्

स् घस्, वस् ह् दह्, दिह्, दुह्, नह्, मिह्, रुह्, लिह्, वह् ।

ઉપરોક્ત 102 વ્યંજનાંત ધાતુઓ અનિટ્ છે. ગોખવા માટે શોર્ટ પદ્ધતિ :-

**क्** = शक् - 1 **च्** = मुविपरिवसिच् - 6

અહીં છેલ્લે જે શબ્દ આવે તે આગળ બધે લગાડી દેવાનો. જેમ કે मुच्, विच् વગેરે. પાછળ આપેલી સંખ્યા કેટલા ધાતુઓ છે તે સૂચવે છે.

**छ्** = प्रच्छ् 1 **ज्** = भभुरुययुसृविनित्यज् / स्वसभरञ्ज् / भ्रमस्ज् -15

**द्** = हछितुअयस्कन्द् सखिविनुभिक्षु शपस्विद् –15

**ध्** = युरासिसाबुक्रुरुव्यशुबंक्षुध् –11 **न्** = महन् – 2

**प्** = सृक्षिआलिलुछुवशस्वतिततृदृप्–13 **भ्** = यरलभ्–3 **म्** = नरगयम् – 4

**श्** = दंदिक्रुरुमृदृलिविरिस्पृश् – 10 **ष्** = विपुश्लिकृत्विदुशिशुतुद्विपिष् 11

**स्** = घवस् – 2 **ह्** = ददिदुरुनवमिलिह् = 8

➤ **સ્વરાન્ત વેટ્** ✱ स्वृ, ✱ सू (ગણ 4 આત્મને.), ✱ सू (ગણ 2 આત્મને.) ✱ धू - (ગણ 5 ઉભય.) ✱ धू (ગણ 9 ઉભય.)

➤ **વ્યંજનાન્ત વેટ્** (૩૩) च् तञ्च्, व्रश्च् ज् अञ्ज् , तञ्ज्, मृज् द् क्लिद्, स्यन्द्, ध् रध्, सिध् प् क्लृप्, गुप्, तृप्, त्रप्, दृप् म् क्षम्, श् अश्, क्लिश्, नश् क्ष् अक्ष्, निस् + कृष्, तक्ष्, त्वक्ष् ह् गाह्, गृह्, गर्ह्, तृह्, द्रुह्, बृह्, मुह्, स्तृह्, स्निह्, स्नुह्.

(પૃથક્કરણ)



**★ ભવિષ્યકાળ - ૧. શ્વસ્તન ભવિષ્યકાળ ૨. સામાન્ય ભવિષ્યકાળ.**

૧. બીજે દિવસે થનારી ક્રિયાનું સૂચક રૂપ તે શ્વસ્તન ભવિષ્યકાળનું રૂપ.

**દા.ત.** स श्वो जयपुरं गन्ता = તે આવતી કાલે જયપુર જશે.

★ શ્વસ્તન ભવિષ્યકાળના પ્રત્યયો ★

| પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| तास्मि | तास्वः | तास्मः | ताहे | तास्वहे | तास्महे |
| तासि | तास्थः | तास्थ | तासे | तासाथे | ताध्वे |
| ता | तारौ | तारः | ता | तारौ | तारः |

**પ્રત્યયો માટેની સામાન્ય સૂચના :–**

આશીર્વાદના પરસ્મૈપદી પ્રત્યયોને છોડીને બાકીના બધા પ્રત્યયો વિકારક છે. અને ત્યાં ગુણનો નિયમ લાગે છે.

શ્વસ્તન ભવિષ્યકાળ વગેરેના स् તથા त् થી શરૂ થતા પ્રત્યય પૂર્વે

સેટ્ ધાતુને નિત્ય 'इ' લાગે.

વેટ્ ધાતુને વિકલ્પે 'इ' લાગે.

અનિટ્ ધાતુને 'इ' ન લાગે.

**દા.ત.** गम् = ગણ - ૧ પરસ્મૈપદ

| | | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|
| **પ્રથમ પુ.** | રૂપ → | गन्तास्मि | गन्तास्वः | गन्तास्मः |
| | અર્થ → | હું જઈશ | અમે બે જઈશું | અમે બધાં જઈશું |
| **દ્વિતીય પુ.** | રૂપ → | गन्तासि | गन्तास्थः | गन्तास्थ |
| | અર્થ → | તું જઈશ | તમે બે જશો | તમે બધાં જશો |
| **તૃતીય પુ.** | રૂપ → | गन्ता | गन्तारौ | गन्तारः |
| | અર્થ → | તે જશે | તે બે જશે | તેઓ બધાં જશે |

**❀ છ કાળના સામાન્ય નિયમો ❀**

૧. ધાતુના અંતે ए, ऐ, ओ, औ હોય તો તેનો आ થાય.

**દા.ત.** धे → धाता શ્વસ્તન. । धास्यति સામાન્ય. । अधास्यत् ક્રિયાતિ. । अधात् અદ્યતન. । धेयात् આશી. ।

गै → गाता । ग्लै → ग्लाता । शो → शाता ।

આ પ્રમાણે અન્ય કાળમાં પણ આ કરીને રૂપો કરવા.

૨. मि, मी, दी માં વિકારક પ્રત્યય પૂર્વે आ થાય.

અને ली માં વિકારક પ્રત્યય પૂર્વે વિકલ્પે आ થાય.

**દા.ત.** मि (ગણ ૫ આ. ફેંકવું) = माता । दी (ગણ ૪ આ. નષ્ટ થવું) = दाता । ली - (ગણ ૫/૪ આ. ચોંટવું) = लाता કે लेता ।

मी - (ગણ ૯ ઉ. હિંસા કરવી) = माता । અન્ય કાળમાં પણ 'आ' કરવો.

૩. **A** દશમા ગણ સિવાયના નવે ગણના મૂળધાતુ પર જ સમાન રીતે છ કાળનું કાર્ય થાય. અર્થાત્ ગણની નિશાની લાગે નહિં. **દા.ત.** गन्तास्मि ।

**B** દશમા ગણના ધાતુને ગુણ - વૃદ્ધિ સહ 'अय्' લાગે. **દા.ત.** कथयितास्मि ।

૪. गुप्, धूप् આદિમાં વિકલ્પે आय् લાગે. गोपिष्यति । गोपायिष्यति ।

૫. (૧) अस् નો भू આદેશ થાય. भविता । भविष्यति । अभूत् । अभविष्यत् ।

(૨) ब्रू નો वच् આદેશ થાય. वक्ता । वक्ष्यति । उवाच । अवोचत् ।

(૩) भ्रस्ज् નો भ्रज्ज् કે भर्ज् આદેશ થાય. **દા.ત.** भ्रष्टा । भर्ष्टा ।

૬. सृज् અને दृश् + વ્યંજનથી શરૂ થતા વિકારક પ્રત્યય

= स्रज् અને द्रश् + વ્યંજન વિકારક પ્રત્યય **દા.ત.** स्रष्टा । द्रष्टा ।

પરન્તુ જ્યારે સેટ્ નો 'इ' લાગે ત્યારે अर् થાય છે.

**દા.ત.** ससृज् + इ + थ = ससर्जिथ ।

૭. 'दरिद्रा' નો 'आ' લોપાય પણ અદ્યતનમાં વિકલ્પે आ લોપાય.

**દા.ત.** दरिद्रिष्यति । अदरिद्रीत् - अदरिद्रासीत् ।

૮. 'मस्ज्' અને 'नश्' + અઘોષ વ્યંજનાદિ વિકારક પ્રત્યય આવે તો વિકલ્પે સેટ્નો इ ન લાગે ત્યારે ધાતુના अ પછી न् ઉમેરાય.

**દા.ત.** मस्ज् + ता = मङ्क्ता । પરોક્ષમાં ममञ्ज ।

नश् + ता = नंष्टा કે नशिता । પરોક્ષમાં नश् + थ = ननंष्ठ ।

૯. चक्ष् નો ख्या અને क्शा આદેશ થાય. પરોક્ષમાં વિકલ્પે થાય.

**દા.ત.** ख्याता । क्शाता । પરોક્ષમાં चचक्षे ।

તેમ જ પરસ્મૈપદમાં चख्यौ । આત્મનેપદમાં - चख्ये ।

પરસ્મૈપદમાં - चक्शौ । આત્મનેપદમાં - चक्शे ।

મિત્રો ! આમાં ૧ -૨ ધાતુઓને જ જે નિયમો લાગુ પડે છે તેના નિયમો ગોખવાના બદલે રૂપો જ ગોખી લો તો ચાલે ! આખરે રૂપો તો ગોખવાના જ છે ને !

**રૂપો :-**

**1. भू = ગણ - ૧ - પરસ્મૈપદ**

| એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|
| भवितास्मि | भवितास्वः | भवितास्मः |
| भवितासि | भवितास्थः | भवितास्थ |
| भविता | भवितारौ | भवितारः |

**2. शुच् = ગણ - ૧ - પરસ્મૈપદ**

| એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|
| शोचितास्मि | शोचितास्वः | शोचितास्मः |
| शोचितासि | शोचितास्थः | शोचितास्थ |
| शोचिता | शोचितारौ | शोचितारः |

**3. गै = ગણ - ૧ - પરસ્મૈપદ**

| | | |
|---|---|---|
| गातास्मि | गातास्वः | गातास्मः |
| गातासि | गातास्थः | गातास्थ |
| गाता | गातारौ | गातारः |

**4. नश् = ગણ - ૪ - પરસ્મૈપદ**

| | | |
|---|---|---|
| नशितास्मि | नशितास्वः | नशितास्मः |
| नंष्टास्मि | नंष्टास्वः | नंष्टास्मः |
| नशितासि | नशितास्थः | नशितास्थ |
| नंष्टासि | नंष्टास्थः | नंष्टास्थ |
| नशिता | नशितारौ | नशितारः |
| नंष्टा | नंष्टारौ | नंष्टारः |

**5. नी = ગણ - ૧ - પરસ્મૈપદ & આત્મનેપદ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| नेतास्मि | नेतास्वः | नेतास्मः | नेताहे | नेतास्वहे | नेतास्महे |
| नेतासि | नेतास्थः | नेतास्थ | नेतासे | नेतासाथे | नेताध्वे |
| नेता | नेतारौ | नेतारः | नेता | नेतारौ | नेतारः |

**6. गुप् = ગણ - ૧ - પરસ્મૈપદ**

| | | |
|---|---|---|
| गोपायितास्मि | गोपायितास्वः | गोपायितास्मः |
| गोपायितासि | गोपायितास्थः | गोपायितास्थ |
| गोपायिता | गोपायितारौ | गोपायितारः |

**7. मी = ગણ - ૯ - પરસ્મૈપદ & આત્મનેપદ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| मातास्मि | मातास्वः | मातास्मः | माताहे | मातास्वहे | मातास्महे |
| मातासि | मातास्थः | मातास्थ | मातासे | मातासाथे | माताध्वे |
| माता | मातारौ | मातारः | माता | मातारौ | मातरः |

8. ली = ગણ - ૪ - આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| | लेताहे | लेतास्वहे | लेतास्महे |
| વિકલ્પે | लाताहे | लातास्वहे | लातास्महे |
| | लेतासे | लेतासाथे | लेताध्वे |
| વિકલ્પે | लातासे | लातासाथे | लाताध्वे |
| | लेता | लेतारौ | लेतार: |
| વિકલ્પે | लाता | लातारौ | लातार: |

9. चुर् = ગણ - ૧૦ - પરસ્મૈપદ

| | | |
|---|---|---|
| चोरयितास्मि | चोरयितास्व: | चोरयितास्म: |
| चोरयितासि | चोरयितास्थ: | चोरयितास्थ |
| चोरयिता | चोरयितारौ | चोरयितार: |

& આત્મનેપદ

| | | |
|---|---|---|
| चोरयिताहे | चोरयितास्वहे | चोरयितास्महे |
| चोरयितासे | चोरयितासाथे | चोरयिताध्वे |
| चोरयिता | चोरयितारौ | चोरयितार: |

10. सृज् = ગણ - ૬ - પરસ્મૈપદ

| | | |
|---|---|---|
| स्रष्टास्मि | स्रष्टास्व: | स्रष्टास्म: |
| स्रष्टासि | स्रष्टास्थ: | स्रष्टास्थ |
| स्रष्टा | स्रष्टारौ | स्रष्टार: |

11. दृश् = ગણ - ૬- પરસ્મૈપદ

| | | |
|---|---|---|
| द्रष्टास्मि | द्रष्टास्व: | द्रष्टास्म: |
| द्रष्टासि | द्रष्टास्थ: | द्रष्टास्थ |
| द्रष्टा | द्रष्टारौ | द्रष्टार: |

12. मस्ज् = ગણ - ૬ - પરસ્મૈપદ

| | | |
|---|---|---|
| मङ्क्तास्मि | मङ्क्तास्व: | मङ्क्तास्म: |
| मङ्क्तासि | मङ्क्तास्थ: | मङ्क्तास्थ |
| मङ्क्ता | मङ्क्तारौ | मङ्क्तार: |

13. वृत् = ગણ - ૧ - આત્મનેપદ

| | | |
|---|---|---|
| वर्तिताहे | वर्तितास्वहे | वर्तितास्महे |
| वर्तितासे | वर्तितासाथे | वर्तिताध्वे |
| वर्तिता | वर्तितारौ | वर्तितार: |

14. स्मृ = ગણ - ૧ - પરસ્મૈપદ

| | | |
|---|---|---|
| स्मर्तास्मि | स्मर्तास्व: | स्मर्तास्म: |
| स्मर्तासि | स्मर्तास्थ: | स्मर्तास्थ |
| स्मर्ता | स्मर्तारौ | स्मर्तार: |

15. शक् = ગણ - ૫ - પરસ્મૈપદ

| | | |
|---|---|---|
| शक्तास्मि | शक्तास्व: | शक्तास्म: |
| शक्तासि | शक्तास्थ: | शक्तास्थ |
| शक्ता | शक्तारौ | शक्तार: |

**થોડા રૂપો પછીના પાઠમાં જોઈશું.**

પણ, જે રૂપો અહીં ન આપ્યા હોય છતાં સમાન જ હોય તે જાતે સમજી લેવા. જેમ કે गै ઉપરથી ग्लै, धे વગેરે, गम् ઉપરથી हन् વગેરે.

અનિયમિત રૂપો :- 1. पति = પતિ, માલિક [પુ.]

| | | | |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ → | पतिः | पती | पतयः |
| દ્વિતીયા વિભક્તિ → | पतिम् | ” | पतीन् |
| તૃતીયા વિભક્તિ → | पत्या | पतिभ्याम् | पतिभिः |
| ચતુર્થી વિભક્તિ → | पत्ये | ” | पतिभ्यः |
| પંચમી વિભક્તિ → | पत्युः | ” | ” |
| ષષ્ઠી વિભક્તિ → | ” | पत्योः | पतीनाम् |
| સપ્તમી વિભક્તિ → | पत्यौ | ” | पतिषु |
| સંબોધન વિભક્તિ → | पते ! | पती ! | पतयः ! |

## ધાતુઓ

➤ **ગણ - ૧ - પરસ્મૈપદ :-**

अभि+गम् = હુમલો કરવો [*To Attack*]

क्वथ्/उत्+क्वथ् = ઉકળવું, ઉકાળવું [*To Boil*]

प्रति+भाष् = જવાબ આપવો. [*To Answer*]

क्लिन्द् = શોક કરવો [*To Mourn*]

उष् = બાળવું [*To Burn*]

फल् = ફળવું [*To Benefit*]

म्लै = મ્લાન થવું [*To Fade*]

गद् = બોલવું [*To Speak*]

नि+वस् = પહેરવું [*To Wear*]

द्रु = દોડવું, પીગળવું [*To Run / Dissolve*]

स्तन् = ગાજવીજ કરવી [*To Thunder*]

क्रन्द् = બૂમ પાડવી [*To Shout*]

ग्लै = થાકી જવું [*To Be Tired*]

परि+भू = પરાભવ કરવો [*To Defeat*]

## શબ્દો

➤ **પુલ્લિંગ :-**

विषाद = ખેદ [*Sorrow*]

पृथिवीपति = રાજા [*King*]

जनक = જનક રાજા

कपि = વાંદરો [*Monkey*]

प्रभव = પ્રભવ ચોર

जम्बूकुमार = જંબૂકુમાર

पति = વર, માલિક [*Husband*]

घृत = ઘી [*Ghee*]

➤ **નપુંસકલિંગ :-**

कथन = કથન [*Narration*]

चेतस् = મન [पयस् પ્રમાણે] [*Mind*]

अनीक = સૈન્ય [*Army*]

वैषम्य = સંકટ [*Problem*]

राष्ट्र = દેશ [*Country*]

निवर्तन = અટકવું [*Cessation*]

➤ **સ્ત્રીલિંગ :-**

संध्या = સાંજ [*Evening*]

विभूति = મોટાઈ, ઐશ્વર્ય [*Might*]

बुद्धि = બુદ્ધિ [*Wisdom*]

लघुता = હલકાઈ [*Inferiority*]

भवितव्यता = નસીબ [*Luck*]

प्रव्रज्या = દીક્ષા [*Sainthood*]

➤ **વિશેષણ :-**

प्रसन्न = ખુશ [*Happy*]

अनुरूप = યોગ્ય [*Eligible/Capable*]

➤ **અવ્યય :-**

दिवानिशम् = દિવસ રાત [જુઓ સમાહાર સમાસ] [*Day/Night*]

कल्ये = કાલે [*Tomorrow*]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. श्वो यदा सूर्यः चकासिता तदा वयं भोक्तास्मः ।
2. 'श्वो राजगृहं महावीरो जिन आगन्ता' इति श्रुत्वाऽतीव प्रसन्नीभूतः श्रेणिकः प्रेष्यं निष्कान् स्वालङ्कारांश्च दत्तवान् ।
3. ते सम्यक् प्रव्रज्यां पालयितारः, अतो मा शङ्कां कुरु ।
4. श्वोऽहं शत्रुञ्जयगिरिं गन्तास्मि, तत्राऽऽआदिनाथजिनप्रतिमां दृष्टास्मि, नन्तास्मि च ।
5. श्वः किं भविता ? श्वो वयं वर्तितास्महे न वा ? इत्यपि ज्ञातुं वयं न शक्नुवन्तः ।
6. अद्याऽपि जनाः स्नान्ति, कल्येऽपि स्नातारः तथापि मलीमसमिदं शरीरं न निर्मलीभविता ।
7. अनुरूपः पतिः कोऽस्या भवितेति दिवानिशमचिन्तयत् तज्जनको जनकः पृथिवीपतिः ।
8. श्वोऽहं शोचितास्मि गातास्मि वा को जानाति ?
9. शुद्धेन चेतसाऽद्य नमस्कारमहामन्त्रं जप, कल्ये वैषम्ये तदेव त्वां गोपायिता ।

**[2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-**

1. તારા પુત્રને હું શોધીશ, તું વિષાદ ના કર.
2. આ વાંદરાઓ મને અનુસરે છે, માટે હું આને ફેંકીશ તો તેઓ પણ ફેંકશે.
3. કાલે જ્યારે તે ગાશે ત્યારે હરણો આવશે. તે જોવા માટે કાલે અમે નગરમાં જવાના છીએ.
4. હું છાશને મથીશ, માખણ મેળવીશ, ઘીને કરીશ.... એ પ્રમાણે તે સ્વપ્નને જોવે છે.
5. હું કાલે ભગવાનની પ્રતિમાના દર્શન કરીશ, પૂજીશ પછી જ જમીશ.
6. જો સાંજે તમારા બેની માતા નહીં આવે તો અમે શોધીશું.
7. કાલે બધાં લોકોને તે શત્રુંજય લઈ જશે. હું પણ જઈશ.
8. કાલે આપણે જંબૂકુમારની સંપત્તિ ચોરશું આ પ્રમાણે પ્રભવે વિચાર્યું.
9. તારું કથન સાચું છે કે ખોટું ? તે હું કાલે જાણી લઈશ.

[3] ખૂટતી વિગત પૂરો :-

| નં. | રૂપ | મૂળધાતુ | અર્થ | ગણ | પુરુષ | વચન |
|---|---|---|---|---|---|---|
| जुगोप | जुगुपतुः | जुगुपुः |

*Or*

| | | |
|---|---|---|
| गोपायाञ्चकार-कर | गोपायाञ्चकृव | गोपायाञ्चकृम |
| गोपायाञ्चकर्थ | गोपायाञ्चक्रथुः | गोपायाञ्चक्र |
| गोपायाञ्चकार | गोपायाञ्चक्रतुः | गोपायाञ्चक्रुः |

**4. विच्छ् - 6/P**

| | | |
|---|---|---|
| विविच्छ | विविच्छिव | विविच्छिम |
| विविच्छिथ | विविच्छथुः | विविच्छ |
| विविच्छ | विविच्छतुः | विविच्छुः |

*Or*

| | | |
|---|---|---|
| विच्छायाञ्चकार-कर | विच्छायाञ्चकृव | विच्छायाञ्चकृम |
| विच्छायाञ्चकर्थ | विच्छायाञ्चक्रथुः | विच्छायाञ्चक्र |
| विच्छायाञ्चकार | विच्छायाञ्चक्रतुः | विच्छायाञ्चक्रुः |

**5. धूप् - 1/P**

| | | |
|---|---|---|
| दुधूप | दुधुपिव | दुधुपिम |
| दुधूपिथ | दुधुपथुः | दुधुप |
| दुधूप | दुधुपतुः | दुधुपुः |

*Or*

| | | |
|---|---|---|
| धूपायाञ्चकार-कर | धूपायाञ्चकृव | धूपायाञ्चकृम |
| धूपायाञ्चकर्थ | धूपायाञ्चक्रथुः | धूपायाञ्चक्र |
| धूपायाञ्चकार | धूपायाञ्चक्रतुः | धूपायाञ्चक्रुः |

**6. पण् - 1/P**

| | | |
|---|---|---|
| पणायाञ्चकार–कर | पणायाञ्चकृव | पणायाञ्चकृम |
| पणायाञ्चकर्थ | पणायाञ्चक्रथुः | पणायाञ्चक्र |
| पणायाञ्चकार | पणायाञ्चक्रतुः | पणायाञ्चक्रुः |

**7. दरिद्रा - 2/P**

| | | |
|---|---|---|
| ददरिद्रौ | ददरिद्रिव | ददरिद्रिम |
| ददरिद्रिथ | ददरिद्रथुः | ददरिद्र |
| ददरिद्रौ | ददरिद्रतुः | ददरिद्रुः |

*Or*

दरिद्राञ्चकार–कर etc. दरिद्राम्बभूव etc. दरिद्रामास etc.

**8. जागृ - 2/P**

| | | |
|---|---|---|
| जजागार–गर | जजागरिव | जजागरिम |
| जजागरिथ | जजागरथुः | जजागर |
| जजागार | जजागरतुः | जजागरुः |

*Or* जागराञ्चकार-कर etc.

**9. भी - 3/P**

| | | |
|---|---|---|
| बिभाय, बिभय | बिभ्यिव | बिभ्यिम |
| बिभयिथ, बिभेथ | बिभ्यथुः | बिभ्य |
| बिभाय | बिभ्यतुः | बिभ्युः |

*Or* बिभयांचकार etc. बिभयामास etc. बिभयांबभूव etc.

**10. ह्री - 3/P**

| | | |
|---|---|---|
| जिह्राय, जिह्रय | जिह्रियिव | जिह्रियिम |
| जिह्रयिथ, जिह्रेथ | जिह्रियथुः | जिह्रिय |
| जिह्राय | जिह्रियतुः | जिह्रियुः |

*Or* जिह्रयांचकार जिह्रयामास जिह्रयांबभूव etc.

**11. विद् - 2/P**

| | | |
|---|---|---|
| विवेद | विविदिव | विविदिम |
| विवेदिथ | विविदथुः | विविद |
| विवेद | विविदतुः | विविदुः |

विदांचकार-कर etc.

**12. भृ - 3/P**

| | | |
|---|---|---|
| बभार, बभर | बभृव | बभृम |
| बभर्थ | बभ्रथुः | बभ्र |
| बभार | बभ्रतुः | बभ्रुः |

*Or* बिभरांचकार बिभरामास बिभरांबभूव

**13. हु - 3/P**

| | | |
|---|---|---|
| जुहाव, जुहव | जुहुविव | जुहुविम |
| जुहविथ, जुहोथ | जुहुवथुः | जुहुव |
| जुहाव | जुहुवतुः | जुहुवुः |

*Or* जुहवाञ्चकार–कर etc.

**14. कम् - 1/A**

| | | |
|---|---|---|
| चकमे | चकमिवहे | चकमिमहे |
| चकमिषे | चकमाथे | चकमिध्वे |
| चकमे | चकमाते | चकमिरे |

***Or***

| | | |
|---|---|---|
| कामयाञ्चक्रे | कामयाञ्चकृवहे | कामयाञ्चकृमहे |
| कामयाञ्चकृषे | कामयाञ्चक्राथे | कामयाञ्चकृढ्वे |
| कामयाञ्चक्रे | कामयाञ्चक्राते | कामयाञ्चक्रिरे |

**15. घस् - 1/P**

| | | |
|---|---|---|
| जघास, जघस | जक्षिव | जक्षिम |
| जघसिथ | जक्षथुः | जक्ष |
| जघास | जक्षतुः | जक्षुः |

**❁ અનિયમિત રૂપો :-**

**1. कति** = કેટલા

| | |
|---|---|
| પ્ર. | कति |
| દ્વિ. | कति |
| તૃ. | कतिभिः |
| ચ. | कतिभ्यः |
| પ. | कतिभ्यः |
| ષ. | कतीनाम् |
| સ. | कतिषु |
| સંબો. | कति ! |

**2. कतिपय** = કેટલાંક

कतिपयः, कतिपयौ, कतिपयाः / कतिपये

બાકીના રૂપો – जिन [પુ.] પ્રમાણે

સ્ત્રીલિંગમાં कतिपया અથવા कतिपयी ના

રૂપ शाला અથવા नदी પ્રમાણે

નપુંસકલિંગમાં वन પ્રમાણે

## ધાતુઓ

➤ **ગણ - ૧ - પરસ્મૈપદ :-**

अव + सद् [सीद्] = સીદાવું. [*To Despair*]

➤ **ગણ - ૧૦ - ઉભયપદ :-**

प्रेष् = મોકલવું [*To Send*]

➤ **ગણ - ૧ - આત્મનેપદ :-**

क्लृप् = સમર્થ હોવું [*To Be Adequate*]

## શબ્દો

➤ **પુલ્લિંગ :-**

नैमित्तिक = નૈમિત્તિક [*Astrologer*]

वासव = ઈન્દ્ર [*King of Heaven*]

सुभट = સૈનિક [*Soldier*]

मुष्टि = મુઠ્ઠી [*Fist*]
अग्रज = મોટાભાઈ [*Elder Brother*]
आर्द्रककुमार = આર્દ્રકુમાર
ऋषभदेव = ઋષભદેવ

➤ **સ્ત્રીલિંગ :-**

दुन्दुभि = દુંદુભિ [*Large Kettle-Drum*]
सङ्कथा = વાતચીત [*Conversation*]

➤ **વિશેષણ :-**

चमत्कृत = ચમત્કૃત [*Surprised*]
विनाशक = નાશ કરનાર [*Destroyer*]
कठिन = કઠોર [*Severe*]
विस्मित = આશ્ચર્યચકિત [*Astonished*]
अद्भुत = અદ્ભુત [*Marvellous*]
अप्रतिरूप = અજોડ [*Unique*]

➤ **નપુંસકલિંગ :-**

उपायन = ભેટણું [*Gift*]
साङ्गत्य = સંગ [*Company*]
मित्रत्व = મિત્રતા [*Friendship*]
सौख्य = સુખ [*Happiness*]
चक्ररत्न = ચક્રરત્ન
लुञ्चन = લોચ [*Plucking*]
आदर्शभवन = આરીસા ભુવન [*Dressing Room*]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. अभयकुमार आर्द्रककुमारं उपायन ऋषभदेवप्रतिमां प्रेषयामास ।
2. राजा नैमित्तिकान् स्वप्नफलं पप्रच्छ, नैमित्तिकास्तस्योत्तमानि फलानि वर्णयामासुः ।
3. तादृशं सर्वं विस्मितः स ईक्षाञ्चक्रे ।
4. कदाचिद्वासवो जिनस्याद्भुतामप्रतिरूपां साधनां वर्णयामास, किन्तु सङ्गमो न तत् स्वीचकार, परीक्षितुञ्चाऽऽगतः ।
5. आर्यखपुटाचार्याणां प्रभावं दृष्ट्वा चमत्कृतैः सर्वैः सूरिः वर्णयाञ्चक्रे ।
6. देवा जिनदेशनाकाले दुन्दुभीस्ताडयामासुः ।
7. कुरङ्गोऽपि [1]अधिज्यधन्वानं तं दृष्ट्वा पलायाञ्चकार ।
8. पण्डितैस्सह साङ्गत्यम्, पण्डितैस्सह सङ्कथा ।
   पण्डितैस्सह मित्रत्वम्, कुर्वाणो नावसीदति ॥
9. सर्वे जानन्ति जीवा हि, पापं दुःखस्य कारणम् ।
   तथापि तन्न मुञ्चन्ति, पापं सौख्यविनाशकम् ॥

**[2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-**

1. સંપ્રતિ રાજા પૂર્વભવમાં દુકાળમાં અત્યંત દરિદ્ર થઈ ગયા હતા.
2. છતાં પણ દીક્ષાને લઈ એક જ દિવસ પાળી સંયમના પ્રભાવે બીજા ભવે રાજા થયા.
3. ઋષભદેવ ભગવાનની દીક્ષા પછી ભરત અને બાહુબલિની સેનાએ યુદ્ધ કર્યું હતું.
4. છેલ્લે માત્ર ભરત અને બાહુબલિએ યુદ્ધ કર્યું હતું.

1. अधिज्यधन्वन् શબ્દનો સમાસ પૂર્વે સમાસ પ્રકરણમાં આવી ગયેલ છે.

5. તેમાં બાહુબલિએ ભરતને જીતી લીધા ત્યારે ગુસ્સે થયેલા ભરતે ચક્રરત્ન છોડી દીધું.
6. પરંતુ, ચક્રરત્ને બાહુબલિને માર્યા નહીં. અન્યાયને કારણે ગુસ્સે ભરાયેલા બાહુબલિ મુઠ્ઠીથી ભરતને મારી નાંખવા માટે દોડ્યા.
7. 'આ તો મારા મોટા ભાઈ છે' – એ પ્રમાણે વિચારીને બાહુબલિએ તે જ મુઠ્ઠી વડે લોચ કર્યો.
8. એક વરસ સુધી અત્યંત કઠિન સાધના કરી તેઓએ કેવલજ્ઞાન મેળવ્યું.
9. ભરત મહારાજા ચક્રવર્તી થયા અને એકવાર અરીસા ભુવનમાં તેમણે પણ કેવલજ્ઞાન મેળવ્યું.

## [3] ખૂટતી વિગત પૂરો :-

| નં. | ધાતુ | ગણ | પદ | અર્થ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | चुर् | | | | 1 | | | |
| 2. | प्र+ईक्ष् | | | | 2 | | | |
| 3. | कथ् | | | | 3 | | | |
| 4. | वर्ण् | | | | 2 | | | |
| 5. | ह्री | | | | 3 | | | |
| 6. | भृ | | | | 1 | | | |
| 7. | जागृ | | | | 3 | | | |
| 8. | रच् | | | | 2 | | | |
| 9. | विद् | | | | 1 | | | |

## [4] રૂપ પૂરા કરો :–

| | એ વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | कामयाञ्चक्रे | ___ | ___ |
| દ્વિ.પુ. → | ___ | ___ | ___ |
| તૃ. પુ. → | ___ | ___ | ___ |

| એ વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|
| ईशामास | ___ | ___ |
| ___ | ___ | ___ |
| ___ | ___ | ___ |

| | એ વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. પુ. → | ___ | ___ | ___ |
| દ્વિ.પુ. → | बिभयांबभूविथ | ___ | ___ |
| તૃ. પુ. → | ___ | ___ | ___ |

[5] રૂપ ઓળખાવો :-

| નં. | રૂપ | મૂળધાતુ | અર્થ | પુરુષ | વચન | બાકી રહેલા બે રૂપો |
|---|---|---|---|---|---|---|
| 1. | जक्षतुः | | | | | |
| 2. | विदाञ्चक्रथुः | | | | | |
| 3. | ईशामासतुः | | | | | |
| 4. | बिभयामासथुः | | | | | |
| 5. | जागराम्बभूवतुः | | | | | |
| 6. | गोपायाञ्चक्र | | | | | |
| 7. | पणायाञ्चकर्थ | | | | | |
| 8. | ताडयाम्बभूविम | | | | | |
| 9. | धूपायाञ्चक्रुः | | | | | |

OOO

**પાઠ - ૨૫**

# કૃદન્તો

## 1. કર્મણિ ભૂતકૃદન્ત માટેના નિયમો :-

૧. કર્મણિ ભૂતકૃદન્તમાં (અવિકારક त પ્રત્યય લાગે ત્યારે) સેટ્ ધાતુને इ લાગે. **દા.ત.** चल् ➔ चलितः । પરન્તુ હ્રસ્વ / દીર્ઘ उ-ऋ કારાંતમાં ન લાગે. **દા.ત.** नु ➔ नुतः, भू ➔ भूतः । कॄ ➔ कीर्णः । कृ ➔ कृतः ।

૨. त નો न થવાના નિયમ.

A. र् અંતવાળા ધાતુમાં થાય. **દા.ત.** शॄ ➔ (शीर्) - शीर्णः ।

B द् અંતવાળા ધાતુમાં द् નો પણ न् થાય. **દા.ત.** भिद् ➔ भिन्नः ।

C 1. સંયુક્ત વ્યંજનના 2. બીજા વર્ણ અંતઃસ્થ પછી 3. आ કારાંત હોય તેવા 4. એક સ્વરી ધાતુમાં થાય. **દા.ત.** ग्लै ➔ ग्ला-ग्लानः ।

D नुद्, विद्, उन्द्, त्रै, घ्रा, ह्री ધાતુમાં વિકલ્પે ન થાય છે. **દા.ત.** नुद् - नुन्नः, नुत्तः ।

E ध्या, ख्या, मद् માં ન થાય. **દા.ત.** ध्यातः । ख्यातः । मत्तः ।

૩. शी, स्विद्, मिद्, क्ष्विद्, धृष् માં इ લાગે ત્યારે ગુણ થાય.
**દા.ત.** शी ➔ शयितः । धृष् ➔ धर्षितः / धृष्टः ।

૪. यम्, रम्, नम्, गम्, हन्, मन्, तन्, क्षण्, क्षिण्, ऋण् અને वन् ધાતુનો અનુનાસિક લોપાય. **દા.ત.** गम् ➔ गतः । रम् ➔ रतः । नम् ➔ नतः ।

૫. ઉપર સિવાયના अम् કે अन् અંતવાળા ધાતુઓમાં इ ન લાગે ત્યારે હ્રસ્વ સ્વર દીર્ઘ થાય. **દા.ત.** क्षम् ➔ क्षान्तः । शम् ➔ शान्तः ।

૬. ઉપાંત્ય અનુનાસિકવાળા ધાતુમાં इ ન લાગે ત્યારે અનુનાસિક લોપાય.
**દા.ત.** रञ्ज् ➔ रक्तः । अञ्ज् ➔ अक्तः ।

## 2. સંબંધક ભૂતકૃદન્ત માટેના નિયમો :-

a. સંબંધક ભૂતકૃદન્તમાં इ ન લાગે ત્યારે નિયમ ૪, ૫ અને ૬ લાગે. પરન્તુ ઉપસર્ગવાળા ધાતુને નિયમ ૪ વિકલ્પે લાગે. **દા.ત.** नम् ➔नत्वा, प्रणत्य, प्रणम्य।

b 1. વીપ્સાર્થે વિકલ્પે अम् પ્રત્યય લાગે અને ત્યારે ૧૦મા ગણનો વૃદ્ધિનો નિયમ લાગે. **દા.ત.** ➔ कृत्वा कृत्वा = कारं कारं ।

2 आ કારાંતને यम् પ્રત્યય લાગે. **દા.ત.** पीत्वा पीत्वा = पायं पायं

3. **પરોક્ષભૂતકૃદન્ત :-**

(૧) પરોક્ષકર્તરિ કૃદન્તમાં પરસ્મૈપદમાં वस् પ્રત્યય લાગે.

I પરોક્ષભૂતકાળ તૃતીય પુરુષ બહુવચનના उस् ના સ્થાને वस् લગાડવાથી પરોક્ષ ભૂતકૃદન્ત બને. **દા.ત.** नम् → नेमुः = नेमिवस् ।

II એકસ્વરી (एत्व વાળું) રૂપ હોય અથવા આ કારાંત હોય ત્યારે वस् લાગતા પહેલા इ લાગે. **દા.ત.** पच् → पेचिवस् । दा → ददिवस् ।

III गम्, हन्, विद्, विश्, दृश् માં वस् પૂર્વે વિકલ્પે इ લાગે

**દા.ત.** गम् → जग्मुः = जग्मिवस् । जगन्वस् ।

IV बन्ध्, अञ्ज् નો અનુનાસિક લોપાય.

**દા.ત.** बन्ध् → बबध्वस् । अञ्ज् → आजिवस् ।

V ऋ કારાંત ધાતુમાં ગુણ ન થાય. **દા.ત.** कृ → चकृवस् । तृ → तितीर्वस् ।

**આત્મનેપદ आन પ્રત્યય :-**

I પરોક્ષભૂતકાળ તૃતીયા પુરુષ બહુવચનના રૂપમાંથી इरे કાઢી आन લગાડવાથી બને. **દા.ત.** अश् → आनशिरे – आनशानः ।

II પરોક્ષ કર્મણિ કૃદન્ત કરવા આત્મનેપદનો आन પ્રત્યય લાગે.

**દા.ત.** पच् → पेचानः ।

## સ્ત્રીલિંગ પરોક્ષ ભૂતકૃદન્ત

પરોક્ષ ભૂતકાળના તૃતીય પુરુષ બહુવચનના રૂપને ई લગાડવાથી બને.

**દા.ત.** गम् → जग्मुस् + ई = जग्मुषी । રૂપ नदी જેવા કરવા.

## નપુંસક પરોક્ષ ભૂતકૃદન્ત

પ્રથમા / દ્વિતીયા વિભક્તિ દ્વિવચનના રૂપ માટે ઉપરનો નિયમ લાગે. બાકીના રૂપ પુ. જેવા થાય.

4. **સામાન્ય ભવિષ્ય કૃદન્ત :- 1. કર્તરિ.**

| પરસ્મૈપદ | આત્મનેપદ |
|---|---|
| त् પ્રત્યય | मान પ્રત્યય |
| ति ના સ્થાને લાગે | ते ના સ્થાને લાગે |
| करिष्यति | करिष्यते |
| करिष्यत् | करिष्यमाणः । |

→ કરનારો ←

→ રૂપ गच्छत् જેવા    રૂપ जिन જેવા ←

→ સામાન્યભવિ. તૃ. પુ. એકવચન ←

સ્ત્રીલિંગમાં स्यत् ના સ્થાને स्यती કે स्यन्ती

कथ् → कथयिष्यती । कथयिष्यन्ती । રૂપ नदी જેવા નપું.માં महत् જેવા

2. કર્મણિ → करिष्यमाण:

કેટલાંક કૃદન્તો :–

| નં. | ધાતુ | ગણ / પદ | પરોક્ષ ભૂતકૃદન્ત કર્તરિ | પરોક્ષ ભૂતકૃદન્ત કર્મણિ | સામાન્ય ભવિષ્ય કૃદન્ત કર્તરિ | સામાન્ય ભવિષ્ય કૃદન્ત કર્મણિ |
|---|---|---|---|---|---|---|
| 1. | अञ्ज् | 7/P | आजिवस् | आजान | आञ्जिष्यत् | अञ्जिष्यमाण |
| 2. | अद् | 2/P | आदिवस् | आदान | अत्स्यत् | अत्स्यमान |
| 3. | भू | 1/P | बभूवस् | बभूवान | भविष्यत् | भविष्यमाण |
| 4. | आप् | 5/P | आपिवस् | आपान | आप्स्यत् | आप्स्यमान |
| 5. | उञ्छ् | 6/P | उञ्छाञ्चकृवस् | उञ्छाञ्चक्राण | उञ्छिष्यत् | उञ्छिष्यमाण |
| 6. | कृ | 9/U | चिक्रीर्वस् | चिक्रियाण | करिष्यत् | करिष्यमाण |
| 7. | क्री | 9/U | चिक्रीवस् | चिक्रीयाण | क्रेष्यत् | क्रेष्यमाण |
| 8. | गृह् | 9/U | जगृह्वस् | जगृहाण | ग्रहीष्यत् | ग्रहीष्यमाण |
| 9. | गम् | 1/P | जग्मिवस् | जग्मान | गमिष्यत् | गमिष्यमाण |
| 10. | ज्ञा | 9/U | जज्ञिवस् | जज्ञान | ज्ञास्यत् | ज्ञास्यमान |
| 11. | जन् | 4/A | जज्ञान | जज्ञान | जनिष्यमाण | जनिष्यमाण |
| 12. | तुद् | 6/U | तुतुद्वस्<br>तुतुदान | तुतुदान | तोत्स्यमान<br>तोत्स्यत् | तोत्स्यमान |
| 13. | तन् | 8/U | तेनिवस्<br>तेनान | तेनान | तनिष्यत्<br>तनिष्यमाण | तनिष्यमाण |
| 14. | त्यज् | 1/P | तत्यज्वस् | तत्यजान | त्यक्ष्यत् | त्यक्ष्यमाण |
| 15. | दा | 3/U | ददिवस् | ददान | दास्यत् | दास्यमान |
| 16. | दुह् | 2/U | दुदुह्वस्<br>दुदुहान | दुदुहान | धोक्ष्यत्<br>धोक्ष्यमाण | धोक्ष्यमाण |
| 17. | छिद् | 7/U | चिच्छिद्वस्<br>चिच्छिदान | चिच्छिदान | छेत्स्यत्<br>छेत्स्यमान | छेत्स्यमान |
| 18. | ताड् | 10/U | ताडयाञ्चकृवस् | ताडयाञ्चक्राण | ताडयिष्यत् | ताडयिष्यमाण |

**અનિયમિત રૂપો :-**

| 1. स्त्री = સ્ત્રી [સ્ત્રી.] | | | 2. हृदय / हृद् = હૃદય [નપું.] | | |
|---|---|---|---|---|---|
| પ્ર.➔ स्त्री | स्त्रियौ | स्त्रियः | हृदयम् | हृदये | हृदयानि |
| દ્વિ.➔ स्त्रियम् | " | ", स्त्रीः | " | " | ", हृन्दि |
| તૃ.➔ स्त्रिया | स्त्रीभ्याम् | स्त्रीभिः | हृदयेन<br>हृदा | हृदयाभ्याम्<br>हृद्भ्याम् | हृदयैः<br>हृद्भिः |
| ચ.➔ स्त्रियै | " | स्त्रीभ्यः | हृदयाय<br>हृदे | " | हृदयेभ्यः<br>हृद्भ्यः |
| પં.➔ स्त्रियाः | " | " | हृदयात्<br>हृदः | " | " |
| ષ.➔ " | स्त्रियोः | स्त्रीणाम् | हृदयस्य<br>हृदः | हृदययोः,<br>हृदोः | हृदयानाम्<br>हृदाम् |
| સ.➔ स्त्रियाम् | " | स्त्रीषु | हृदये<br>हृदि | " | हृदयेषु<br>हृत्सु |
| સંબો.➔ स्त्रि ! | स्त्रियौ ! | स्त्रियः ! | हृदय ! | हृदये ! | हृदयानि ! |

## ધાતુઓ

➤ **ગણ - ૧ - આત્મનેપદ :-**

प्रति+भास् = લાગવું [*To Seem*]

➤ **ગણ - ૧ - ઉભયપદ :-**

सम्+वि+भज् = વિભાગ કરવો, ભાગ આપવો. [*To Divide*]

## શબ્દો

➤ **પુલ્લિંગ :-**

कितव = લુચ્ચો [*Cunning*]
म्लेच्छ = મ્લેચ્છ [*Barbarian*]
दन्दशूक = સાપ [*Snake*]
परिवार = પરિવાર [*Family*]
अनुचर = દાસ [*Slave*]
मनोरथ = ઈચ્છા [*Desire*]
घर्म = ગરમી [*Heat*]
मारुत = પવન [*Air*]
स्वेद = પરસેવો [*Sweat*]
सम्मुख = સામે [*Front*]
मिथ्यादृश् = મિથ્યાદષ્ટિ [तादृश् પ્રમાણે રૂપ] [*False Viewer*]
शान्तिजिन = શાંતિનાથ ભગવાન
कायोत्सर्ग = કાયોત્સર્ગ
वारिधि = સમુદ્ર [*Ocean*]
शैल = પર્વત [*Mountain*]
उपद्रव = ઉપદ્રવ [*Harrasment*]
अम्बुज = કમળ [*Lotus*]
गज = હાથી [*Elephant*]
तिलक = તિલક, શ્રેષ્ઠ
चुलुक = ખાબોચીયું [*Puddle*]

➤ **સ્ત્રીલિંગ :-**

सफलता = સફળતા [*Success*]

स्त्री = સ્ત્રી [*Woman*]

➤ **વિશેષણ :-**

स्थिर = સ્થિર [*Stable*]

अन्तिम = છેલ્લું [*Last*]

प्रमाण = માપ (જેટલું) [*As much as*]

➤ **નપુંસકલિંગ :-**

माणिक्य = માણેક [*Jewel*]

मौक्तिक = મોતી [*Pearl*]

नृत्य = નૃત્ય, નાચ [*Dance*]

चरण = પગ [*Feet, Leg*]

हृदय, हृद् = હૃદય [*Heart*]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. देवा जिनं नेमिनाथं नेमिवांसः, तत्रैको देवः प्रभुसम्मुखमागत्य प्रणम्य चोचिवान् - अनुजानीत भगवन्! नृत्यं कर्तुम् ।
2. मिथ्यादृशा आचरिष्यमाणाऽपि साधना न मोक्षं दास्यति ।
3. विनयः श्रेष्ठः सर्वगुणेषु, मूलं हि विनयो धर्मस्येति महावीरो जिनः अन्तिमदेशनायां कथयामासिवान् ।
4. शान्तिजिनो विश्वे शान्तिं तेनान उपद्रवञ्च शान्तं चकृवान् ।
5. जीवाः शुद्धाभिरद्भिः स्नायं स्नायं पुनरपि पुनः मलिनीभवन्ति ।
6. रामलक्ष्मणसीता वनं जग्मिवांसः पितृवचनपालनार्थम् ।
7. अद्याऽभवत्सफलता नयनद्वयस्य, देव ! त्वदीयचरणाम्बुजवीक्षणेन ।
   अद्य त्रिलोकीतिलक ! प्रतिभासते मे, संसारवारिधिरयं चुलुकप्रमाणः॥
8. दानशीलतपोभाव-मये धर्मे चतुर्विधे ।
   यतनीयं भवद्भिश्च, स्वर्गमोक्षसुखार्थिभिः ॥
9. शैले शैले न माणिक्यम्, मौक्तिकं न गजे गजे ।
   साधवो न हि सर्वत्र, चन्दनं न वने वने ॥

**[2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-**

1. તે સંસ્કૃત ભણીને ગ્રંથ લખશે.
2. તેં જે ચારિત્ર પાળ્યું હતું તેના કારણે તું દેવલોકમાં જઈશ.
3. ગજસુકુમાલમુનિએ પોતાના કર્મને કાપી નાંખ્યા.
4. ખંધક મુનિ કાયોત્સર્ગમાં અત્યંત સ્થિર ઊભા રહ્યા.
5. ગણધરોએ બાર અંગસૂત્રો બનાવ્યા હતા.
6. તેમાં નવતત્ત્વની પ્રરૂપણા કરી હતી.
7. એ નવતત્ત્વમાં ત્રીજું તત્ત્વ પુણ્ય નામનું છે. આ પુણ્યના પ્રભાવે કુમારપાળ રાજાએ મોટા રાજ્યને મેળવ્યું હતું.
8. કુમારપાળ રાજાએ પૂર્વભવમાં ભગવાનની ફૂલોથી પૂજા કરી હતી.
9. તેનાથી તેવું પુણ્ય બાંધ્યું કે જેથી મોટું રાજ્ય તેમણે મેળવ્યું.

[3] કૃદન્ત ઓળખાવો :-

| નં. | કૃદન્ત | મૂળધાતુ | ગણ | પદ | પ્રયોગ | તે સિવાયનું બીજું કૃદન્ત |
|---|---|---|---|---|---|---|
| 1. | उदयाञ्चक्राण | | | | | |
| 2. | आनर्द्वस् | | | | | |
| 3. | उञ्छाञ्चकृवस् | | | | | |
| 4. | काङ्क्षिष्यत् | | | | | |
| 5. | चिक्रीर्वस् | | | | | |
| 6. | चिक्रियाण | | | | | |
| 7. | चखाद्वस् | | | | | |
| 8. | जगाहान | | | | | |
| 9. | गमिष्यत् | | | | | |

[4] નિમ્નોક્ત ધાતુના કૃદન્તો લખો :-

| નં. | ધાતુ | પરોક્ષ કૃદન્ત | ભવિષ્ય કૃદન્ત |
|---|---|---|---|
| 1. | वर्ण् | | |
| 2. | शंस् | | |
| 3. | भाष् | | |
| 4. | भञ्ज् | | |
| 5. | भक्ष् | | |
| 6. | वच् | | |
| 7. | पाल् | | |
| 8. | प्री | | |
| 9. | बुध् | | |

[5] જોડકાં જોડો :-

| | A | | B |
|---|---|---|---|
| 1. | बबध्वस् | - | वक्ष्यत् |
| 2. | पुपूर्वस् | - | पठिष्यत् |
| 3. | दुधुवस् | - | धाविष्यमाण |
| 4. | ऊचिवस् | - | भन्त्स्यत् |
| 5. | पठिवस् | - | ध्रोक्ष्यत् |

| | A | | B |
|---|---|---|---|
| 6. | दधान | - | परीष्यत् |
| 7. | सस्यन्दान | - | धविष्यमाण |
| 8. | दुद्रुह्वस् | - | स्यन्स्यत् |
| 9. | दधाव्वस् | - | धास्यत् |

# પાઠ - ૨૬

## પ્રેરક

### પ્રેરક રૂપના નિયમ

★ દરેક ધાતુના પ્રેરક રૂપ થઈ શકે છે.

★ બીજા પાસે ક્રિયા કરાવવી કે તે કરવા માટે પ્રેરણા કરવી—આવો અર્થ જણાવવા માટે પ્રેરક પ્રયોગનો ઉપયોગ થાય છે.

**દા.ત.** 'મેં ખાધું' આ વાક્યમાં બોલનાર વ્યક્તિ સ્વયં ખાનાર છે. તેથી અહીં પ્રેરક પ્રયોગ નથી. પરન્તુ 'તેણે મને ખવડાવ્યું' અહીં તેને ખાવાની ક્રિયા કરવામાં બીજા તરફથી પ્રેરણા મળે છે. માટે પ્રેરક કહેવાય.

गम् → જવું. गमय → મોકલવું.

करोति = તે કરે છે. कारयति = તે કરાવે છે.

૧. સામાન્ય વાક્યનો કર્તા સામાન્યકર્તા કે **'પ્રયોજ્યકર્તા'** કહેવાય.અને તે જ ક્રિયામાં જે પ્રેરક બને તે **'પ્રયોજક કર્તા'** કહેવાય છે.

**દા.ત.** रामः गच्छति = રામ જાય છે. અહીં રામ કર્તા છે.

दशरथः रामं गमयति = દશરથ રામને મોકલે છે. અહીં દશરથ પ્રેરક છે. રામ પ્રયોજ્યકર્તા છે.

૨. પ્રેરક બનાવવા માટે ધાતુ પર દસમા ગણની જેમ ગુણ—વૃદ્ધિના નિયમ તથા અય લાગે. દશમા ગણના ધાતુનું મૂળ રૂપ જ પ્રેરક રૂપ બને છે. આ પ્રેરક રૂપો ઉભયપદી છે.

**દા.ત.** गण् → गणयति - गणयते ।

૩. ધાતુના અંત્ય ए, ऐ, ओ, औ નો आ થાય છે. **દા.ત.** धे → धाययति ।

૪. अम् → જવું ★ कम् → ચાહવું

चम् → ખાવું ★ यम् → દમન કરવું

**આ સિવાયના अम् અંતવાળા અને નીચેના ધાતુમાં વૃદ્ધિ ન થાય.**

अक्, स्तक्, चक्, कख्, कग्, अग्, ह्रग्, **लग्**, रग्, सग्, स्तग्, क्षञ्ज्, **रञ्ज्**, घट्, वट्, भट्, नट्, गड्, लड्, हेड्, फण्, कण्, रण्, शण्, श्रण्, **क्वथ्**, क्रथ्, **प्रथ्**, **व्यथ्**, श्रथ्, कन्द्, **क्लन्द्**, छन्द्, **मद्**, स्खद्, म्रद्, चन्, **जन्**, **ध्वन्**, **वन्**, **स्वन्**, ज्वर्, **त्वर्**, **ज्वल्**, ह्वल्, ह्मल्, **चल्**, दक्ष्, कस्, प्रस्, **स्मृ**, दृ, नृ, **श्रा**, ज्ञा (હણવું) વગેરે.

**દા.ત.** अक् → अकयति । रञ्ज् → रञ्जयति ।

[અહીં જે જુદા ટાઈપમાં બતાવ્યા છે તેટલા જ ધાતુ તમારે અત્યાર સુધી આવ્યા છે.]

**અપવાદ** → ઉપસર્ગ રહિત वम्, नम्, वन्, ज्वल्, ह्वल्, ह्मल् ધાતુમાં વિકલ્પે વૃદ્ધિ થાય. ઉપસર્ગ હોય તો ન થાય. **દા.ત.** नम् → नमयति – नामयति ।
प्र + नम् → प्रणमयति।

**૫.** I पा (૧ ગણ, પીવું) पा (૨ ગણ, રક્ષણ કરવું) આ બે ધાતુ સિવાયના आ કારાંત ધાતુ, તથા II वे (હલાવવું) व्ये, ह्वे, शो, छो, सो સિવાયના ए, ऐ, औ કારાંત ધાતુ, III તથા ऋ, ह्री, री, ब्ली ધાતુમાં अय ના બદલે पय લાગે.

**દા.ત.** दा, दे, दो → दापयति । धे → धापयति । गै → गापयति । ऋ (૯ ગણ જવું, ૪ ગણ વહેવું) अर्पयति । री → रेपयति । પરંતુ शो → शाययति । ह्वे → ह्वाययति ।

**૬.** मि, मी, दी, जि, क्री ધાતુમાં અંત્ય સ્વરનો आ થાય. પછી पय લાગે છે.
**દા.ત.** मि (ફેંકવું), मी (નાશ કરવો) → मापयति ।
जि → जापयति । क्री → क्रापयति ।

**૭.** क्षै, श्रा, श्रै, ज्ञा ધાતુમાં સ્વર હ્રસ્વ થાય. તેમજ ઉપસર્ગ રહિત स्ना, ग्लै ધાતુમાં વિકલ્પે હ્રસ્વ થાય છે. ઉપસર્ગ હોય ત્યારે દીર્ઘ જ રહે.
**દા.ત.** क्षै → क्षपयति । श्रै → श्रपयति । ज्ञा → ज्ञपयति
(જાણવું અર્થમાં ज्ञा હોય તો ज्ञापयति થાય) स्ना → स्नपयति, स्नापयति
ग्लै → ग्लपयति, ग्लापयति ઉપસર્ગ હોય ત્યારે – उपस्नापयति, प्रग्लापयति ।

**૮.** जभ्, रध्, रभ्, लभ् ધાતુમાં અનુનાસિક ઉમેરાય.
**દા.ત.** जभ् → जम्भयति । रध् → रन्धयति ।

**૯.** गुप् વગેરે પાંચ ધાતુના પ્રેરક રૂપ બે પ્રકારે થાય. 1.મૂળધાતુ પર अय લગાવીને. **દા.ત.** गुप्+अय+ति = गोपयति । 2. आय् લગાવી પછી अय લગાવીને. **દા.ત.** गुप् + आय् + अय + ति = गोपाययति ।

**૧૦.** दीधी, वेवी, दरिद्रा ધાતુનો અંત્ય સ્વર લોપાય અને अय લાગે.
**દા.ત.** दीधी → दीधयति । वेवी → वेवयति । दरिद्रा → दरिद्रयति ।

## ૧૧. નીચેના ધાતુઓના પ્રેરક આદેશ

| ધાતુ | અર્થ | રૂપ | ધાતુ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|---|
| इ | જવું. | गमयति | दुष् | દોષિત કરવું | दूषयति– दोषयति |
| अधि+इ | ભણવું | अध्यापयति | | | |
| क्नु | અવાજ કરવો. | क्नोपयति | अधि + इ | સ્મરણ કરવું | अधिगमयति |
| क्ष्माय् | ધ્રૂજવું | क्ष्मापयति | प्रति+इ | પ્રતીતિ કરવી | प्रत्याययति |
| गूह् | છુપાવવું | गूहयति | | | |
| जागृ | જાગવું | जागरयति | रुह् | ઉગવું | रोहयति– रोपयति |
| दुष् | પાપ કરવું | दूषयति | | | |

| ધાતુ | અર્થ | રૂપ | ધાતુ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|---|
| ला | લાલન | लालयति | रञ्ज् | ખુશ થવું | रञ्जयति |
| | કરવું | | | શિકાર કરવો | रजयति |
| ली | લય થવો | लीनयति- | चि | ભેગું કરવું | चाययति |
| | | लापयति | | | चापयति |
| वि+ली | વિલય થવો | विलापयति | भ्रस्ज् | તળવું | भ्रज्जयति |
| वी | જવું | वापयति | | | भर्जयति |
| | | वाययति | वि+स्मि | હસવું | विस्मापयति |
| वे | કંપવું | वाययति | | આશ્ચર્ય | |
| वा | વીંઝવું | वापयति | | પામવું | |
| | | वाजयति | शद् | નાશ પામવું | शातयति |
| धू | ધ્રૂજવું | धूनयति | शद् | જવું | शादयति |
| प्री | ખુશ કરવું | प्रीणयति | सिध् | તૈયાર કરવું | साधयति |
| भी | ભય | भाययति | सिध् | પૂર્ણ કરવું | सेधयति |
| | પામવો | भापयति | स्फाय् | સોજો | स्फावयति |
| | | भीषयति | | આવવો | |
| मृज् | સાફ | मार्जयति | स्फुर् | ધ્રૂજવું | स्फोरयति- |
| | કરવું | | | ચમકવું | स्फारयति |
| | | | हन् | હણવું | घातयति |

## ૧૨. પ્રેરક કર્મણિ

1 ચાર કાળ માં અય લોપાય. **દા.ત.** बुध् → बोध्यते ।

2 બંને ભવિષ્યકાળ / ક્રિયાતિપત્ત્યર્થમાં વિકલ્પે અય લોપાય.

**દા.ત.** बुध् → बोधिता – बोधयति । बोधिष्यते – बोधयिष्यते ।

अबोधिष्यत - अबोधयिष्यत ।

3 પરોક્ષકાળમાં आम् યુક્ત પરોક્ષ કર્મણિ થાય. **દા.ત.** बोधयांचक्रे ।

4 અદ્યતન પાંચમા પ્રકારમાં વિકલ્પે અય લોપાય. **દા.ત.** अबोधि - अबोधायि

## ૧૩. પ્રેરક કૃદન્ત

કૃદન્ત માટે દશમા ગણની જેમ નિયમો સમજવા.

વિશેષ - ઉપાંત્ય હ્રસ્વ સ્વરવાળા ઉપસર્ગ સહિત ધાતુને સંબંધક ભૂતકૃદન્તમાં य પ્રત્યય લાગતા પહેલાં अय ના अ નો લોપ થાય.

**દા.ત.** प्रणमय + य = प्रणमय्य ।

## પ્રયોજ્યકર્તાને વિભક્તિવિધાન

૧) સામાન્ય રીતે તૃતીયા વિભક્તિ લાગે. દા.ત. विरागी संसारं त्यजति = गुरुः विरागिणा संसारं त्याजयति । અર્થ : ગુરુ વૈરાગીને સંસાર છોડાવે છે.

**અપવાદ**

નીચેના પ્રયોગોમાં પ્રયોજ્યકર્તાને દ્વિ. વિભ. આવે છે.

1 **ગત્યર્થક ધાતુઓ** ☛ मुनिः ग्रामं गच्छति = श्रावकः मुनिं ग्रामं गमयति ।

2 **બોધાર્થક ધાતુઓ** ☛ शिष्यः शास्त्रं बोधति = गुरुः शिष्यं शास्त्रं बोधयति ।

3 **આહારાર્થક ધાતુઓ** ☛ बालोऽन्नं भुङ्क्ते = माता बालं अन्नं भोजयति ।

4 **શબ્દકર્મક ધાતુઓ** ☛ बालः व्याकरणं पठति = गुरुः बालं व्याकरणं पाठयति ।

5 **અકર્મક ધાતુઓ** ☛ सैनिकाः शेरते = सेनापतिः सैनिकान् शाययति ।

★ **અપવાદમાં અપવાદ :-**

૧. नी, वह्, खाद्, क्रन्द्, शब्दाय આટલા ધાતુના યોગમાં પ્રયોજ્યકર્તાને તૃતીયા વિભક્તિ આવે. **દા.ત.** किंकरः भारं वहति = किंकरेण भारं वाहयति ।

૨. दृश् ધાતુના પ્રયોજ્યકર્તાને દ્વિ. વિભ. લાગે.
**દા.ત.** बालः जिनं पश्यति = जननी बालं जिनं दर्शयति ।

૩. हृ, कृ ધાતુના પ્રયોજ્યકર્તાને દ્વિ. / તૃ. વિભક્તિ લાગે.
**દા.ત.** चौरो धनं हरति = नायकः चौरं चौरेण वा धनं हारयति ।
श्रावकः सामायिकं करोति = गुरुः श्रावकं श्रावकेण वा सामायिकं कारयति ।

૪. સકર્મક ધાતુના કર્મની વિવક્ષા ન હોય ત્યારે દ્વિ. / તૃ. વિભ. લાગે.
**દા.ત.** रमेशः करोति = दिनेशः रमेशं / रमेशेन कारयति ।

➤ **અનિયમિત રૂપો :-**

1 **नौ = નાવ [સ્ત્રી.]**

| | | | |
|---|---|---|---|
| **પ્ર.→** | नौः | नावौ | नावः |
| **દ્વિ.→** | नावम् | ,, | ,, |
| **તૃ.→** | नावा | नौभ्याम् | नौभिः |
| **ચ.→** | नावे | ,, | नौभ्यः |
| **પં.→** | नावः | नौभ्याम् | नौभ्यः |
| **ષ.→** | ,, | नावोः | नावाम् |
| **સ.→** | नावि | ,, | नौषु |
| **સંબો.→** | नौः ! | नावौ ! | नावः ! |

| 2 | पुंस् = માણસ [પુ.] | | |
|---|---|---|---|
| પ્ર.→ | पुमान् | पुमांसौ | पुमांसः |
| દ્વિ.→ | पुमांसम् | " | पुंसः |
| તૃ.→ | पुंसा | पुम्भ्याम् | पुम्भिः |
| ચ.→ | पुंसे | " | पुम्भ्यः |
| પં.→ | पुंसः | " | " |
| ષ.→ | " | पुंसोः | पुंसाम् |
| સ.→ | पुंसि | " | पुंषु |
| સંબો. | पुमन् ! | पुमांसौ ! | पुमांसः ! |

| 3 | सखि = મિત્ર [પુ.] | | |
|---|---|---|---|
| પ્ર.→ | सखा | सखायौ | सखायः |
| દ્વિ.→ | सखायम् | " | सखीन् |
| તૃ.→ | सख्या | सखिभ्याम् | सखिभिः |
| ચ.→ | सख्ये | " | सखिभ्यः |
| પં.→ | सख्युः | " | " |
| ષ.→ | " | सख्योः | सखीनाम् |
| સ.→ | सख्यौ | " | सखिषु |
| સંબો. | सखे ! | सखायौ ! | सखायः ! |

## ધાતુઓ

➤ **ગણ - ૧ - આત્મનેપદ :-**

प्र+स्था = પ્રસ્થાન કરવું, પ્રતિષ્ઠા કરવી. [*To Depart*]

➤ **ગણ - ૪ - પરસ્મૈપદ :-**

अव+शिष् = બાકી રહેવું [*To Be Leftout*]

➤ **ગણ - ૯ - ઉભયપદ :-**

सम्+अनु+ज्ञा = અનુજ્ઞા આપવી [*To Permit*]

## શબ્દો

➤ **પુલ્લિંગ :-**

हंस = હંસ [*Swan*]

बक = બગલો [*Crane*]

द्राविड = દ્રાવિડ રાજા

वारिखिल्ल = વારિખિલ્લ રાજા

अङ्गुष्ठ = અંગુઠો [*Thumb*]

सपाद = સવા [*One & Quarter*]

भाग = ભાગ [*Part*]

महोत्सव = મહોત્સવ [*Celebration*]

सूर्योदय = સૂર્યોદય [*Sun Rise*]

वैरिन् = વૈરી ['शशिन्' પ્રમાણે] [*Enemy*]

पुंस् = માણસ [*Man*]

सखि = મિત્ર [*Friend*]

➤ **નપુંસકલિંગ :-**

सञ्चरण = સંચરવું તે [*Movement*]

➤ **અવ્યય :-**

अर्वाक् = પહેલાં [*Before*]

➤ **ક્રિયાવિશેષણ :-**

समयानुगुणं = સમયસર [*Punctual*]

➤ **સ્ત્રીલિંગ :-**

उर्वी = પૃથ્વી [*Earth*]

शङ्का = શંકા [*Doubt*]

तन्त्री = વીણા [*Lute*]

तरी = હોડી [*Boat*]

नौ = નાવ [*Boat*]

अजा = બકરી [*She-goat*]

पद्धति = પદ્ધતિ [*Style / Way*]

सभा = સભા [*Assembly*]

आशातना = આશાતના [*Insult*]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. माता वैरी पिता शत्रुः, बालो येन न पाठितः ।
न शोभते सभामध्ये, हंसमध्ये बको यथा ॥
2. अहमात्मा, न किञ्चित् करोमि किन्तु शरीरेण कारयामि, नाहं भुञ्जे किन्तु शरीरं भोजयामि इति विमृश्य न कदापि रागद्वेषौ कर्तव्यौ ।
3. स्वकृतपापकर्मभिर्जीवो बहुकालं संसारं भ्रामितः कर्माण्येव च भ्रामयन्ति भ्रामयिष्यन्ति च ।
4. द्राविडवारिखिल्लौ कथयामसतुः हे स्वामिन् ! भवान् श्रीशत्रुञ्जयगिरेः माहात्म्यं श्रावयतु ।
5. जिनो महावीर इन्द्रस्य शङ्कां नाशयितुम् पादाङ्गुष्ठेनैव मेरुं चालितवान् ।
6. यो वस्तुतो जिनभक्तिमान्, तं न कोऽपि भापयितुं प्रत्यलः ।
7. सम्प्रतिराज्ञा सपादलक्षानि जिनालयानि कारितानि, सपादकोटिश्च प्रतिमानां कारिता ।
8. कुमारपालराज्ञा स्वीयान् प्रेष्यान् सर्वथाहिंसापालनार्थमाज्ञा दत्ता, यैराज्ञा न पालिता, ते सैनिकैर्दण्डापिताः ।
9. आहारस्य तु द्वौ भागौ, तृतीयमुदकस्य तु ।
वायोः सञ्चरणार्थं हि, चतुर्थमवशेषयेत् ॥

**[2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-**

1. કરેલા કર્મોથી છોડાવવાને કોઈ સમર્થ નથી.
2. 'હું કોઈને મારીશ નહીં, કોઈના દ્વારા બીજાને મરાવીશ નહીં, જે મારતા હશે તેને અનુજ્ઞા નહીં આપું, તેની પ્રશંસા નહીં કરું' – આ પ્રમાણે પહેલું મહાવ્રત ગુરુએ શિષ્યને કરાવડાવ્યું.
3. તે પોતાના દીકરાને સંસ્કાર પણ આપે છે અને ભણાવે પણ છે. તેથી દીકરો વિનયી અને હોંશિયાર થાય છે.
4. બધાં જિનાલયોમાં તેણે ભગવાનનો અભિષેક કરાવડાવ્યો.
5. વસ્તુપાલે બધાં જિનાલયોમાં મહોત્સવ પ્રવર્તાવ્યો.
6. માતા બાળકને રાત્રે સમયસર સૂવાડે છે અને સવારે સૂર્યોદય પહેલાં ઉઠાડે છે.
7. બળી ગયેલા સાપને પાર્શ્વનાથ ભગવાને સેવક દ્વારા નમસ્કાર મહામંત્ર સંભળાવડાવ્યો.
8. ભગવાનની આશાતના ગોશાળાને સાતમી નરકમાં લઈ જશે.
9. આચાર્ય ભગવંત ભગવાનની પ્રતિષ્ઠા કરે છે.

[3] **કૌંસમાં આપેલ શબ્દનો ઉપયોગ કરી પ્રેરક વાક્ય બનાવો :-**

**દા.ત.** माता भुङ्क्ते [बाल] =माता बालं भोजयति ।

1. वयं जागृमः [तद्]
2. माता गच्छति [बाल]
3. गुरुरधीते [शिष्य]
4. साधुर्न हन्ति [अन्यत्]
5. जिनः जयति [भव्य]
6. शिक्षकः पठति [विद्यार्थिन्]
7. हरिभद्रसूरिः शृणोति [श्रोतृ]
8. माता श्राति [पुत्री]
9. राजा एति [प्रेष्य]

[4] **રૂપ ઓળખાવો :-**

| નં. | રૂપ | મૂળધાતુ | કાળ/અર્થ | પુરુષ | વચન | પ્રેરક અંગ | બાકીના બે રૂપ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | अभोजयिष्येथाम् | | | | | | |
| 2. | पालयाञ्चक्रतुः | | | | | | |
| 3. | दापयितारः | | | | | | |
| 4. | आशयाव | | | | | | |
| 5. | क्रापयेथाः | | | | | | |
| 6. | ग्राह्यास्त | | | | | | |
| 7. | ह्रेपयाम | | | | | | |
| 8. | नेजयिषीय | | | | | | |
| 9. | अभेदयः | | | | | | |

[5] **પ્રેરક રૂપ બનાવો :-** [વર્તમાનકાળ તૃ. પુ. એ. વ.]

1. सिध्  2. दुष्  3. शद्  4. वा  5. प्री

6. ली  7. चि  8. भी  9. रुह्

## પાઠ - ૨૭

# ઈચ્છાદર્શક [સનન્ત]

**ઈચ્છાદર્શક રૂપનો અર્થ ક્રિયા કરવાની ઈચ્છા અથવા ક્રિયા કરવાની તૈયારી.**

**દા.ત.** गम् → जिगमिष् (ઈચ્છાદર્શક અંગ) અર્થ :- જવાની ઈચ્છા અથવા જવાની તૈયારી ★ मृ → मुमूर्षु = મરવાની તૈયારીવાળો, મરવાની અણી પર હોનાર કે મરવાની ઈચ્છાવાળો.

**અપવાદ :-**

★ કેટલાક રૂપો ઈચ્છાદર્શકના ન હોવા છતાં તેવા લાગતા હોય છે.

૧. તેવા રૂપોનો અર્થ ઈચ્છાનો નહીં પરન્તુ સાદો કરવો.

૨. તેવા રૂપોને ઈચ્છાદર્શક બનાવવા દ્વિરુક્તિ કર્યા વિના ફરીથી ઈચ્છાદર્શક स् પ્રત્યય લાગે. **દા.ત.** जुगुप्स् (ઘૃણા કરવી) जुगुप्स् + इ + ष् + ति = जुगुप्सिषति । જુગુપ્સા કરવા ઈચ્છે છે.

## ઈચ્છાદર્શક બનાવવાના નિયમ

૧) ધાતુમાં આદ્યવ્યંજનની દ્વિરુક્તિ થાય. गम् → गगम् ।
પછી ત્રીજા ગણની જેમ દ્વિરુક્તિના નિયમો લાગે.

૨) 1 સેટ્ ધાતુને इ લાગ્યા પછી स् લાગે.
2 અનિટ્માં इ ન લાગે તેથી સીધો स् લાગે.
3 પહેલી બુકના કાળોમાં स (अ સ્વર સહિતનો) લાગે. जिगमिषति

૩) સંધિના નિયમાનુસાર स् નો ष् થાય. તે વખતે ધાતુના स् નો ष् ન થાય.
**દા.ત.** सू → सुसूस् = सुसूष् ।

૪) આત્મનેપદી ધાતુના રૂપો આત્મનેપદમાં થાય. **દા.ત.** मन् → मिमंसते ।

૫) ચાર કાળમાં ધાતુના રૂપો છટ્ઠા ગણ મુજબ કરવા

## સેટ્નો इ લાગવાના નિયમ

૧. ग्रह्, गूह्, હ્રસ્વ ऋ તથા लृ કારાંત અને उ–ऊ કારાંત ધાતુને इ ન લાગે.
**દા.ત.** ग्रह् → जिघृक्षति । भू → बुभूषति ।
**અપવાદ** ऋ (૧ પરસ્મૈ. જવું) दृ (૬ આ. આદર કરવો)
धृ (૬ આ. ધારણ કરવું) पू (૧ આ. પવિત્ર કરવું) આટલા ધાતુને इ લાગે છે.
**દા.ત.** ऋ → अरिरिषति । दृ → दिदरिषते ।
धृ → दिधरिषते । पू → पिपविषते ।

૨. स्मि, अञ्ज्, प्रच्छ्, अश् धातुने नित्य इ लागे.

**દા.ત.** अञ्ज् → अञ्जिजिषते । स्मि → सिस्मयिषते ।

૩. क्लृप्, वृत्, वृध्, शृध्, स्यन्द् આટલા ધાતુને પરસ્મૈપદમાં इ ન લાગે.

**દા.ત.** क्लृप् → चिक्लृप्सति । वृत् → विवृत्सति – विवर्त्तिषते ।

૪. क्लृप् અને स्यन्द् ધાતુને આત્મનેપદમાં વિકલ્પે इ લાગે છે.

**દા.ત.** क्लृप् → चिकल्पिषते - चिक्लृप्सते।

स्यन्द् → सिस्यन्दिषते - सिस्यन्त्सते ।

૫. દીર્ઘ ॠ કારાંત ધાતુ, इव् અંતવાળા ધાતુ તથા दरिद्रा, श्रि, ऊर्णु, यु, भृ, वृ, स्वृ, ऋध्, दम्भ्, भ्रस्ज्, ज्ञप्, तन्, पत्, कृत्, चृत्, छृत्, तृद् અને नृत् ધાતુમાં વિકલ્પે इ લાગે **દા.ત.** दिव् → दुद्यूषति - दिदेविषति । दरिद्रा → दिदरिद्रासति - दिदरिद्रिषति। श्रि → शिश्रीषति - शिश्रयिषति ।

**અપવાદઃ–** जॄ, पॄ વગેરે દીર્ઘ ॠ કારાંતમાં વિકલ્પે દીર્ઘ ई લાગે છે.

**દા.ત.** जॄ → जिजरीषति । ई લાગ્યો

जिजरिषति । इ લાગ્યો

जिजीर्षति । इ લાગ્યો નહીં.

2 कॄ (વેરવું) गॄ (ગળવું) આ બે ધાતુમાં इ લાગે.

**દા.ત.** कॄ → चिकरिषति । गॄ → जिगरिषति ।

गॄ (૯ ગણ) ★ जिगरिषति । ★ जिगरीषति। ★ जिगीर्षति ।

આમ ત્રણ રૂપ થાય છે.

૬. क्रम्, गम्, स्वृ ધાતુને પરસ્મૈપદમાં इ લાગે પરન્તુ આત્મનેપદમાં ન લાગે.

**દા.ત.** गम् → जिगमिषति - संजिगंसते ।

क्रम् → चिक्रमिषति – चिक्रंसते । स्वृ → सिस्वरिषति - सुसूर्षति।

## ગુણ કરવા અંગેના નિયમ

સામાન્યથી ગુણના નિયમ લાગે. ★ इ + स् પ્રત્યય વિકારક છે.

**દા.ત.** वृत् → विवर्तिषति, विवृत्सति । दिव् → दिदेविषति । दुद्यूषति । એકલો स् પ્રત્યય અવિકારક છે.

**દા.ત.** नी → निनी + स् + अ + ति = निनीषति ।

૧. य्, व् સિવાયના વ્યંજનાંત વ્યંજનાદિ ધાતુમાં ઉપાંત્યે રહેલ હ્રસ્વ इ - उ નો इ + स् લાગે ત્યારે વિકલ્પે ગુણ થાય છે.

**દા.ત.** द्युत् → दिद्युतिषते - दिद्योतिषते ।

क्लिद् → चिक्लिदिषति, चिक्लेदिषति, चिक्लित्सति ।

२. रुद्, विद्, मुष् ધાતુમાં ગુણ ન થાય. **દા.ત.** विद् → विविदिषति ।
मुष् → मुमुषिर्षति ।

**સામાન્ય નિયમો :-**

૧ ग्रह्, प्रच्छ्, स्वप् ધાતુમાં સંપ્રસારણ થાયછે.

**દા.ત.** ग्रह् → जिघृक्षति । प्रच्छ् → पिपृच्छिषति । स्वप् → सुषुप्सति ।

२. इ નો गम् થાય. દ્વિરુક્તિના સ્વર પછીના ज् નો ग्, ह् નો घ् થાય. (हन् – घन्) चि નો चि કે कि થાય છે.

૩. ધાતુના અંત્ય હ્રસ્વ इ – उ દીર્ઘ થાય છે अधि + इ નો આદેશ अधि + गम् નો તેમજ हन् નો સ્વર દીર્ઘ થાય છે. **દા.ત.** द्रु → दुद्रूषति ।

अधि + इ → अधिजिगांसते – जिघांसति । અંત્ય હ્રસ્વ / દીર્ઘ ऋ–ॠ નો ईर् થાય છે. **દા.ત.** कृ → चिकीर्षति । तृ → तितीर्षति । પણ, मृ માં मुमूर्षति ।

૪. मि, मी, मा, दा, धा [તેવા અંગવાળા], शक्, पत्, पद् ધાતુમાં

A ધાતુના સ્વરનો इ થાય. B દ્વિરુક્તિ ન થાય. C સ્વરાંત ધાતુને स् ને બદલે त्स् લાગે. **દા.ત.** दा → दित्सति । रभ् → रिप्सति ।

**❀ અનિયમિત રૂપો :-**

प्रति + इ → प्रतीषिषति ।
तन् → तितांसति, तितंसति, तितनिषति ।
दम्भ् → धिप्सति, धीप्सति, दिदम्भिषति ।
ज्ञप् → ज्ञीप्सती, जीज्ञपयिषति । आप् → ईप्सति ।
पू → पिपविषते । ऋ → अरिरिषति । यु → यियविषति ।

૫. પ્રેરક અને દસમા ગણમાં અંગ ઉપરથી ઈચ્છાદર્શક રૂપ થાય.
**દા.ત.** चुर् → चुचोरयिषति । बुध् → बुबोधयिषति ।

૬. ज्ञा, श्रु, स्मृ, दृश्, ધાતુના રૂપો આત્મનેપદમાં થાય.
**દા.ત.** ज्ञा → जिज्ञासते ।

૭. ઈચ્છાદર્શક અંગને उ (હ્રસ્વ) લગાડવાથી ઈચ્છાદર્શક નામ બને છે.
**દા.ત.** चिकीर्षुः पटम् । કપડાને કરવાની ઈચ્છાવાળો.

૮. ઈચ્છાદર્શક અંગને आ લગાડવાથી ભાવવાચક નામ બને છે.
**દા.ત.** चिकीर्षा = કરવાની ઈચ્છા.

✿ **ઈચ્છાદર્શકમાં ૯ કાળના રૂપો :-**

गम् = જવું, ગણ - ૧, પરસ્મૈપદ

**વર્તમાનકાળ**

| | | |
|---|---|---|
| जिगमिषामि | जिगमिषाव: | जिगमिषाम: |
| जिगमिषसि | जिगमिषथ: | जिगमिषथ |
| जिगमिषति | जिगमिषत: | जिगमिषन्ति |

**હ્યસ્તનભૂતકાળ**

| | | |
|---|---|---|
| अजिगमिषम् | अजिगमिषाव | अजिगमिषाम |
| अजिगमिष: | अजिगमिषतम् | अजिगमिषत |
| अजिगमिषत् | अजिगमिषताम् | अजिगमिषन् |

**આજ્ઞાર્થ**

| | | |
|---|---|---|
| जिगमिषाणि | जिगमिषाव | जिगमिषाम |
| जिगमिष | जिगमिषतम् | जिगमिषत |
| जिगमिषतु | जिगमिषताम् | जिगमिषन्तु |

**વિધ્યર્થ**

| | | |
|---|---|---|
| जिगमिषेयम् | जिगमिषेव | जिगमिषेम |
| जिगमिषे: | जिगमिषेतम् | जिगमिषेत |
| जिगमिषेत् | जिगमिषेताम् | जिगमिषेयु: |

**શ્વસ્તન ભવિષ્યકાળ**

| | | |
|---|---|---|
| जिगमिषितास्मि | जिगमिषितास्व: | जिगमिषितास्म: |
| जिगमिषितासि | जिगमिषितास्थ: | जिगमिषितास्थ |
| जिगमिषिता | जिगमिषितारौ | जिगमिषितार: |

**સામાન્ય ભવિષ્યકાળ**

| | | |
|---|---|---|
| जिगमिषिष्यामि | जिगमिषिष्याव | जिगमिषिष्याम |
| जिगमिषिस्यसि | जिगमिषिष्यथ: | जिगमिषिष्यथ |
| जिगमिषिष्यति | जिगमिषिष्यत: | जिगमिषिष्यन्ति |

**ક્રિયાતિપત્ત્યર્થ**

| | | |
|---|---|---|
| अजिगमिषिष्यम् | अजिगमिषिष्याव | अजिगमिषिष्याम |
| अजिगमिषिष्य: | अजिगमिषिष्यतम् | अजिगमिषिष्यत |
| अजिगमिषिष्यत् | अजिगमिषिष्यताम् | अजिगमिषिष्यन् |

**આશીર્વાદાર્થ**

| | | |
|---|---|---|
| जिगमिष्यासम् | जिगमिष्यास्व | जिगमिष्यास्म |
| जिगमिष्या: | जिगमिष्यास्तम् | जिगमिष्यास्त |
| जिगमिष्यात् | जिगमिष्यास्ताम् | जिगमिष्यासु: |

## પરોક્ષ ભૂતકાળ

| | | |
|---|---|---|
| जिगमिषाञ्चकार / कर | जिगमिषाञ्चकृव | जिगमिषाञ्चकृम |
| जिगमिषाञ्चकर्थ | जिगमिषाञ्चक्रथुः | जिगमिषाञ्चक्र |
| जिगमिषाञ्चकार | जिगमिषाञ्चक्रतुः | जिगमिषाञ्चक्रुः |

## ઈચ્છાદર્શક + પ્રેરક વર્તમાનકાળ

| | | |
|---|---|---|
| जिगमयिषामि | जिगमयिषावः | जिगमयिषामः |
| जिगमयिषसि | जिगमयिषथः | जिगमयिषथ |
| जिगमयिषति | जिगमयिषतः | जिगमयिषन्ति |

આ રીતે ઈચ્છાદર્શક + પ્રેરકમાં પણ ૧૦એ કાળના રૂપ થાય. આ રીતે બાકીના ધાતુ સમજી લેવા.

➤ **અનિયમિત રૂપો :-**

1 **पाद् / पद् = પગ [પુ.]**

| | | | |
|---|---|---|---|
| પ્ર.→ | पादः | पादौ | पादाः |
| દ્વિ.→ | पादम् | ” | पादान्,पदः |
| તૃ.→ | पादेन, पदा | पादाभ्याम्, पद्भ्याम् | पादैः, पद्भिः |
| ચ.→ | पादाय, पदे | ” , ” | पादेभ्यः, पद्भ्यः |
| પં.→ | पादात्, पदः | ” , ” | ” , ” |
| ષ.→ | पादस्य, पदः | पादयोः, पदोः | पादानाम्, पदाम् |
| સ.→ | पादे, पदि | ” , ” | पादेषु, पत्सु |
| સંબો.→ | पाद ! | पादौ ! | पादाः ! |

2 **जरा = ઘડપણ [સ્ત્રી.]**

| | | | |
|---|---|---|---|
| પ્ર.→ | जरा | जरे, जरसौ | जराः, जरसः |
| દ્વિ.→ | जराम्, जरसम् | ” , ” | ” , ” |
| તૃ.→ | जरया, जरसा | जराभ्याम् | जराभिः |
| ચ.→ | जरायै, जरसे | ” | जराभ्यः |
| પં.→ | जरायाः, जरसः | ” | ” |
| ષ.→ | ” , ” | जरयोः, जरसोः | जराणाम्, जरसाम् |
| સ.→ | जरायाम्, जरसि | ” , ” | जरासु |
| સંબો.→ | जरे ! | जरे !, जरसौ ! | जराः ! जरसः ! |

## ધાતુઓ

➤ **ગણ - ૯ - ઉભયપદ :-**

वि + क्री = વેચવું [*To Sell*]

➤ **ગણ - ૧ - આત્મનેપદ :-**

प्र+आ+रभ् = પ્રારંભ કરવો [*To Begin*]

वि+लोक् = જોવું, નીહાળવું. [*To See*]

## શબ્દો

➤ **પુલ્લિંગ :-**

स्तव = સ્તુતિ [*Praise*]

पद् / पाद् = પગ [*Leg*]

पङ्गु = પાંગળો [*Disabled*]

सार्थवाह = સાર્થવાહ [*Leader of a Caravan*]

वसन्तपुर = વસન્તપુર [નગરનું નામ]

तरुण = જુવાન [*Young*]

अनुज = નાનો ભાઈ [*Younger Brother*]

नरेन्द्र = રાજા [*King*]

ग्रन्थकृत् = ગ્રન્થકાર [*Author*] [मरुत् પ્રમાણે રૂપ]

काम = કામ, વિષયેચ્છા [*Lust*]

पशु = પશુ [*Animal*]

➤ **સ્ત્રીલિંગ :-**

परिसमाप्ति = સમાપ્તિ [*End*]

देवता = દેવ [*Deity*]

शीघ्रता = ઝડપ [*Speed*]

अरण्यानी = મોટું જંગલ [*Forest*]

गति = ગતિ [*Motion*]

वसुन्धरा = પૃથ્વી [*Earth*]

➤ **નપુંસકલિંગ :-**

ऐश्वर्य = ઐશ્વર્ય [*Prosperity*]

ज्ञानमात्र = ફક્ત જ્ઞાન [*Only Knowledge*]

➤ **વિશેષણ :-**

निर्विघ्न = વિઘ્નરહિત [*Safely*]

अभीष्ट = ઈચ્છિત [*Desired*]

अनर्थक = નિરર્થક [*Worthless*]

पथज्ञ = રસ્તાને જાણનાર [*Guide*]

विनीत = વિનયી [*Humble*]

मुग्ध = મુગ્ધ [*Simple-hearted*]

विरहित = રહિત [*Without*]

➤ **અવ્યય :-**

हन्त = ખરેખર / પાદપૂર્તિ માટે [*Really*]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. प्रारिप्सितस्य ग्रन्थस्य निर्विघ्नपरिसमाप्तये गन्थकृदभीष्टदेवतां स्तौति ।
2. सर्वे जीवा अजिजीविषन्, जिजीविषन्ति, जिजीविषिष्यन्ति । अतः न कोऽपि मारयितव्यः-इति भगवदुक्तं श्रुत्वा वयं न कमपि जिघांसामः ।
3. शीघ्रतया भवसमुद्रस्य तितीर्षा चेत् तर्हि धर्मस्याचिचरिषाऽपि स्यादेव ।

4. क्वाहं पशोरपि पशुः, वीतरागस्तवः क्व च ।
उत्तितीर्षुररण्यानीं, पद्भ्यां पङ्गुरिवास्म्यतः ॥

5. असौ धनः सार्थवाहो वसन्तपुरमेष्यति ।
ये केऽप्यत्र यियासन्ति, ते चलन्तु सहामुना ॥

6. सुरिरूचे भवदत्त ! तरुणः कोऽयमागतः ?
सोऽवदद्भगवन् ! दीक्षां जिघृक्षुर्मेऽनुजः ॥

7. क्रियाविरहितं हन्त ज्ञानमात्रमनर्थकम् ।
गतिं विना पथज्ञोऽपि नाऽऽप्नोति पुरमीप्सितम् ॥

8. सन्तोषैश्वर्यलिप्सूनां न राज्ये रमते मतिः ।
9. देवेन्द्राः नरेन्द्राश्च तीर्थङ्करं सदा सिसेविषन्ते ।

## [2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-

1. આસન ઉપરથી ઉઠીને ચાલવાની ઈચ્છાવાળા ગુરુનો હાથ વિનયી શિષ્યે પકડ્યો.
2. કામ ખરેખર સ્ત્રીશસ્ત્ર દ્વારા જ આ જગતને જીતી લેવાને ઈચ્છે છે.
3. વસ્ત્રને મેળવવાની ઈચ્છાવાળો તે બ્રાહ્મણ પ્રભુ વીર પાસે ગયો.
4. દીક્ષા લેવાની ઈચ્છાવાળા રાજાએ પોતાના દીકરાને રાજ્ય સોંપ્યું.
5. ખાવાની ઈચ્છાવાળો તે બાળક અત્યંત રડે છે.
6. મુગ્ધજીવોને ઉદ્ધરવાની ઈચ્છાવાળા ભગવાન આ પૃથ્વી ઉપર વિચર્યા.
7. બેસવાની ઈચ્છાવાળા શ્રમણો પહેલા જમીનને જોવે છે.
8. અનાજ ખરીદવાની ઈચ્છા હોય તો મારી સાથે ચાલ. કારણ કે મારી અનાજ વેચવાની ઈચ્છા છે.
9. ચોરેલા ધનને છૂપાવવાની ઈચ્છાવાળા ચોરોએ જમીન ખોદી.

## [3] નિમ્નોક્ત સાદા વાક્યને ઈચ્છાદર્શકમાં ફેરવો :-

1. श्रमणाः मोक्षं गच्छन्ति ।
2. सम्यक् संस्कृतं पठेत् ।
3. मोक्षं स अविन्दत ।
4. प्रव्रज्यां वयं गृह्णीमः ।
5. अतीवायासं संस्कृतपठनाय युवां कुरुथः ।

6. जैनं धर्मं जानाति सः ।

7. अहं ज्ञानमयं भोजनं भुञ्जे ।

8. कथां यूयं श्रुणुत ।

9. न जीवं हन्तः ।

**[4] રૂપ ઓળખાવો :**

| નં. | રૂપ | મૂળધાતુ | કાળ | સાદો અર્થ | પુરુષ | વચન | બાકીના બે રૂપ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | शिश्लाघिषितास्वहे | | | | | | |
| 2. | आर्जिजिषिष्यतम् | | | | | | |
| 3. | बुबोधिष्यासुः | | | | | | |
| 4. | तिष्ठासामः | | | | | | |
| 5. | असिसीर्षः | | | | | | |
| 6. | पिपक्षिष्यतः | | | | | | |
| 7. | डिडयिषेत | | | | | | |
| 8. | सिसिक्षाञ्चक्रे | | | | | | |
| 9. | पिपृच्छिषतु | | | | | | |

**[5] ઈચ્છાદર્શક રૂપ લખો :** [વર્તમાનકાળ તૃ. પુ. એ. વ.]

1. धृ - ______
2. दृश् - ______
3. भू - ______
4. क्रम् - ______
5. गृ - ______
6. वृत् - ______
7. स्वप् - ______
8. पत् - ______
9. प्रच्छ् - ______

OOO

## પાઠ - ૨૮

# તદ્ધિત & નામસાધિત ધાતુ

મિત્રો ! આ ચેપ્ટર ખૂબ જ વિસ્તૃત છે. અહીં આપણે માત્ર તેની ઝાંખી જ જોઈશું :-

### તદ્ધિત પ્રકરણ

૧. **સાધિત ધાતુ** = ધાતુ + પ્રત્યયથી બનતો ધાતુ.
**દા.ત.** गम् → गम् + अय = गमय - પ્રેરક

૨. **કૃદન્ત** = ધાતુ + પ્રત્યયથી બનતું નામ **દા.ત.** चल् → चल् + अत् = चलत् ।

૩. **નામ ધાતુ** = નામ + પ્રત્યયથી બનતા ધાતુ. **દા.ત.** चिंतामणि + य = चिंतामणीयते

૪. **તદ્ધિત** = નામ + પ્રત્યયથી બનતું નામ. **દા.ત.** धन + वत् = धनवत् ।

NOTE :- I : અનેકવિધ અર્થોમાં અનેકવિધ તદ્ધિત પ્રત્યયો લાગતા હોય છે. તેથી પ્રકરણ સંગતિ વિચારી અર્થ કરવો અહીં તો દિગ્દર્શન માત્ર જ છે.

II તદ્ધિતમાં પ્રત્યય લાગતા ક્યારેક સ્વર વૃદ્ધિ થાય. ક્યારેક ન થાય. જ્યારે થાય, ત્યારે આદ્યસ્વરની વૃદ્ધિ સમજવી. તદ્ધિતના પ્રત્યયો લાગતા પ્રાયઃ અંત્યસ્વરનો લોપ થાય. મુખ્ય પ્રત્યયો → अ, अक, इक, एय, ईय, क, य

अ પ્રત્યય → મુખ્યતયા નીચેના અર્થોમાં આવે.

I તેનાથી રંગાયેલું **દા.ત.** → हरिद्रया रक्तम् = हारिद्रं वस्त्रम् ।

II તેઓનો સમુદાય **દા.ત.** → भिक्षाणां समूहः = भैक्षम् ।

ક્યાંક अक → राजकम् । ક્યાંક ता → ग्रामता । जनता ।

III દેવતા અર્થ **દા.ત.** → जिनः अस्य देवता = जैनः । शैवः ।

IV તેના વડે કરાયું **દા.ત.** → मक्षिकाभिः कृतं = माक्षिकं मधु ।

B इक પ્રત્યય મુખ્યતયા નીચેના અર્થમાં આવે.

I તેનાથી સંસ્કૃત **દા.ત.** → दध्ना संस्कृतं = दाधिकं ओदनम् ।

II તેનાથી તરવું **દા.ત.** → नावा तरति = नाविकः ।

III તેનાથી જવું. **દા.ત.** → हस्तिना चरति = हास्तिकः ।

IV તે આચરવું **દા.ત.** → धर्म आचरित इति धार्मिकः ।

V જીવિકા **દા.ત.** → वेतनेन जीवति = वैतनिकः ।

VI હણવું **દા.ત.** → पक्षिणं हन्ति = पाक्षिकः ।

VII શસ્ત્ર **દા.ત.** → असिः प्रहरणमस्य = आसिकः ।

VIII કાળની મર્યાદાથી પ્રસંગ દા.ત. → अष्टाह्निक: उत्सव: ।

IX માન(= વજન) દા.ત. → द्रौणिक: ।

C મુખ્યતયા अ અને इक પ્રત્યય

१. જાણવું/ભણવું અર્થમાં દા.ત. → मुहूर्त्तं वेत्ति अधीते वा = मौहूर्त: । (अ)
न्यायं वेत्ति अधीते वा = नैयायिक: ।

२. સ્વાર્થે (= અર્થમાં ફેરફાર ન થાય) દા.ત. प्रज्ञ: एव = प्राज्ञ: (अ) ।
विनय: एव = वैनयिक: (इक) ।

D ईय પ્રત્યય १. 'તેનું આ' અર્થમાં દા.ત. → तव इदं = त्वदीयं તથા मदीयं, मदीया, मदीय: ઈત્યાદિ.

ક્યાંક આ જ અર્થમાં अ પ્રત્યય દા.ત. दशरथस्यायं = दाशरथ: राम: ।

२. તેનાથી કહેવાયેલું દા.ત. पाणिनिना प्रोक्तम् = पाणिनीयं व्याकरणम् ।
एवं हरिभद्रीया टीका । ઈત્યાદિ.. ક્યાંક अ પ્રત્યય भाद्रबाहव: ग्रन्थ: ।

E क પ્રત્યય १. સંખ્યાવાચી શબ્દથી પ્રમાણાર્થે
દા.ત. शतश्लोकप्रमाणं = शतकं स्तोत्रम् ।
(મૂલ્ય, લાભ, દેય વગેરે અર્થમાં) शतकम् (સો મૂલ્યવાળું કે સોનો લાભ)

२. મુખ્યતા સૂચકમાં દા.ત. देवदत्तमुख्य: = देवदत्तक: सङ्घ: ।

३. રોગના હેત્વર્થે. દા.ત. शीतहेतुक: = शीतक: ज्वर: ।

४. નિંદા, અલ્પ, લઘુ, અનુકંપાદિ અર્થે. દા.ત. दुष्ट: अश्व: =अश्वक: ।
एवं बालक: । वत्सक: ।

F य પ્રત્યય १. અનપેત = સહિત અર્થમાં. દા.ત. न्यायादनपेत: = न्याय्य: ।
२. સાધુ (= સારું) અર્થમાં દા.ત. पथि साधु = पाथेय: ।
३. યોગ્ય અર્થમાં દા.ત. दण्डमर्हति = दण्ड्य: ।
ક્યાંક इक પ્રત્યય પણ લાગે. દા.ત. विषं अर्हति = वैषिक: ।

**એક અર્થમાં અનેક પ્રત્યય :-**

I અપત્ય અર્થમાં १. સામાન્યથી अ પ્રત્યય. દા.ત. उपगो:अपत्यं = औपगव: ।

२. પ્રાય: अ કારાંતને इ પ્રત્યય. દા.ત. दक्षस्य अपत्यं = दाक्षि: ।

३. आ-इ-ई-ऊ કારાંતથી एय દા.ત. वामाया: अपत्यं = वामेय: ।
(नाभि) नाभेय: । (सुपर्णी) सौपर्णेय: । (कमण्डलू) कामण्डलेय: ।

II વિકાર અર્થમાં

१. મુખ્યતયા अ અને मय પ્રત્યય દા.ત. अश्मन: विकार: = आश्मन: ।
भस्मन: विकार: = भस्ममय: ।

III ભવ–જાત અર્થમાં.

(૧) સામાન્યથી તથા નક્ષત્રવાચી શબ્દથી अ પ્રત્યય
**દા.ત.** पुष्ये भवः = पौषः । मथुरायां भवः = माथुरः ।

(૨) કાલવાચી તથા અન્ય કેટલાક શબ્દથી इक પ્રત્યય.
**દા.ત.** अध्यात्मनि भवः = आध्यात्मिकः । एवं वार्षिकः ।

(૩) કેટલાક કાળવાચીથી तन પ્રત્યય **દા.ત.** चिरंतनः । अद्यतनः ।

(૪) વર્ગાન્ત શબ્દથી ईय પ્રત્યય. **દા.ત.** कवर्गे भवः कवर्गीयः ।

(૫) શરીરના અંગવાચી શબ્દથી य પ્રત્યય. **દા.ત.** कण्ठ्यः । मूर्धन्यः ।

IV તુલ્ય અર્થમાં **૧.** अश्वतुल्यः = अश्वकः (क પ્રત્યય) **૨.** शर्करातुल्यम् = शार्करम् दधि (अ) । **૩.** मुखतुल्यः = मुख्यः ('य' પ્રત્યય)

❀ કેટલાક મહત્ત્વના તદ્ધિત પ્રત્યયો.

A ત્યાંથી આવેલું (વિદ્યા / યોનિ સંબંધમાં) अक પ્રત્યય.
**દા.ત.** पितुरागतं = पैतृकम् ऋणम् । ક્યાંક अ લોપાય.

B વય અર્થમાં अ પ્રત્યય. **દા.ત.** द्विवर्षो बालः (બે વર્ષનો બાળક)

C પ્રમાણ અર્થમાં मात्र પ્રત્યય. **દા.ત.** रेखा प्रमाणमस्य = रेखामात्रम् ।

D પ્રસિદ્ધ અર્થમાં चञ्चु, चण પ્રત્યય.
**દા.ત.** विद्यया वित्तः = विद्याचञ्चुः । विद्याचणः ।

E સંજાત અર્થમાં इत પ્રત્યય **દા.ત.** तारकाणि संजातानि अस्य इति तारकितम् नभः । एवं मण्डितः । ઈત્યાદિ....

F પ્રકારમાં I સમાનતા અર્થે जातीय પ્રત્યય. **દા.ત.** पटुजातीयः ।

II સંખ્યાથી था, विध પ્રત્યય. **દા.ત.** सर्वेण प्रकारेण सर्वथा । सर्वविधः ।

III સર્વનામથી धा પ્રત્યય. **દા.ત.** एकेन प्रकारेण = एकधा।

G વિપ્સા, અતિ અર્થમાં शस् પ્રત્યય. **દા.ત.** बहुशः । कोटीशः ।

H પ્રચુર / પ્રધાન અર્થમાં मय પ્રત્યય. **દા.ત.** शाकमयं भोजनम् ।

I નિંદા અર્થમાં पाश પ્રત્યય. **દા.ત.** निन्द्यः छान्दसः = छान्दसपाशः ।

J પ્રશંસા અર્થે ક્રિયાપદથી રૂપ પ્રત્યય. **દા.ત.** सुष्ठु पचति = पचतिरूपम् ।

K કંઈક ન્યૂનતા અર્થમાં कल्प, देश्य, देशीय પ્રત્યય.
**દા.ત.** पटुकल्पः । आचार्यदेशीयः । विद्वद्देश्यः ।

## ❀ સ્વામિત્વ દર્શક બીજા પ્રત્યયો ❀

૧) अ પ્રત્યય **દા.ત.** जटा अस्य अस्ति इति जटः ।

૨) र પ્રત્યય **દા.ત.** मधु अस्ति अस्मिन् इति मधुरः । एवं खरः ।

૩) इक પ્રત્યય દા.ત. माया अस्ति अस्मिन् = मायिकः ।

૪) इन् પ્રત્યય દા.ત. बर्हाणि सन्ति अस्य = बर्हिणः ।

૫) आलु પ્રત્યય દા.ત. हृदयं अस्ति इति हृदयालुः ।

કદાચિત્ અન્ય અર્થમાં આવે. દા.ત. शीतं न सहते इति शीतालुः ।

**સપ્તમી અર્થમાં**

૧. સર્વનામથી त्र પ્રત્યય દા.ત. अस्मिन् इति अत्र । एवं तत्र । सर्वत्र ।

૨. કાલ અર્થમાં दा પ્રત્યય દા.ત. कस्मिन् काले इति कदा ।

एवं सदा, तदा ઈત્યાદિ...

**પંચમી વિભક્તિના અર્થમાં**

૧. શબ્દથી तस् પ્રત્યય દા.ત. देवात् इति देवतः । एवं ततः । मालातः ।

૨. वत् પ્રત્યય ક્રિયાસંબંધી સમાનતા કે સદશતા બતાવવા અર્થમાં.

દા.ત. चैत्रस्य इव = चैत्रवत् । विधिवत् વગેરે

૩. सात् પ્રત્યય વસ્તુમાં પૂર્ણ પરિવર્તન થઈ જાય અથવા તેની સાથે એકમેક થઈ જાય ત્યારે લાગે. દા.ત. कृत्स्नं शस्त्रं अग्निः संपद्यते इति अग्निसात् भवति ।

एवं आत्मसात् । भस्मसात् करोति । राजसात् ।

**વિશેષ નિયમો :-**

1 ધાતુને इन् પ્રત્યય લાગે.

A આગળ કોઈ નામ ન હોય :-

अनुसरति इत्येवं शीलः = अनुसारी [अनुसारिन्]।

तिष्ठतीत्येवं शीलः = स्थायिन् ।

B આગળ કોઈ નામ હોય :-

तुरगमनुसरति = तुरगानुसारी । स्थण्डिलं शेते = स्थण्डिलशायी ।

2 ધાતુને સ્વભાવના અર્થમાં वर પ્રત્યય.

ईष्टे इत्येवं शीलः ईश्वरः । एवं... जित्वरः, नश्वरः, स्थावरः ઈત્યાદિ

3 આ જ અર્થમાં र પ્રત્યય.

हिनस्ति इत्येवं शीलः हिंस्रः। शोभते इत्येवं शीलः=शुभ्रः, नम्रः, दीप्रः વગેરે.

## ❀ નામસાધિત ધાતુ ❀

કેટલીકવાર 'તુલ્ય આચરણ' આદિ અર્થમાં નામને 'य' પ્રત્યય લાગી નામધાતુ બને છે અને આત્મનેપદમાં રૂપ થાય છે.

દા.ત. चिंतामणिरिव आचरति = चिंतामणीयते ।

ક્યારેક य લાગ્યા વિના જ પરસ્મૈપદના પ્રત્યય લાગે.

દા.ત. जलमिवाचरति = जलति ।

❀ અનિયમિત રૂપો :-

1 भू = પૃથ્વી [સ્ત્રી.]

| | | | |
|---|---|---|---|
| પ્ર.→ | भूः | भुवौ | भुवः |
| દ્વિ.→ | भुवम् | " | " |
| તૃ.→ | भुवा | भूभ्याम् | भूभिः |
| ચ.→ | भुवे, भुवै | " | भूभ्यः |
| પં.→ | भुवः, भुवाः | " | " |
| ષ.→ | " , " | भुवोः | भुवाम्, भूनाम् |
| સ.→ | भुवि, भुवाम् | " | भूषु |
| સંબો.→ | भूः ! | भुवौ ! | भुवः ! |

2 दन्त = દાંત [પુ.]

| | | | |
|---|---|---|---|
| પ્ર.→ | दन्तः | दन्तौ | दन्ताः |
| દ્વિ.→ | दन्तम् | " | दन्तान्, दतः |
| તૃ.→ | दन्तेन, दता | दन्ताभ्याम्, दद्भ्याम् | दन्तैः, दद्भिः |
| ચ.→ | दन्ताय, दते | " , " | दन्तेभ्यः, दद्भ्यः |
| પં.→ | दन्तात्, दतः | " , " | " , " |
| ષ.→ | दन्तस्य, दतः | दन्तयोः, दतोः | दन्तानाम्, दताम् |
| સ.→ | दन्ते, दति | " , " | दन्तेषु, दत्सु |
| સંબો.→ | दन्त ! | दन्तौ ! | दन्ताः ! |

## ધાતુઓ

➤ ગણ - ૧ - આત્મનેપદ :-

गर्ह् = નિન્દા કરવી [*To Condemn*]

घु = અવાજ કરવો [*To Make Noise*]

जृम्भ् = બગાસું ખાવું [*To Yawn*]

वि+जृम्भ् = વિકસિત થવું [*To Blossom*]

➤ ગણ - ૧ - પરસ્મૈપદ :-

ग्रस् = ગળી જવું [*To Swallow*]

आ+वह् = લાવવું [*To Bring*]

## શબ્દો

➤ પુલ્લિંગ :-

परलोक = પરલોક [*Next Birth*]

नास्तिक = નાસ્તિક [*An Atheist*]

वैद्य = વૈદ [*Physician*]

अमृत = અમૃત [*Nectar*]

बलभद्र = બલભદ્રમુનિ

बुद्ध = ગૌતમ બુદ્ધ

वर्ग = સમૂહ [*Group*]

➤ સ્ત્રીલિંગ :-

त्रिशला = ત્રિશલા માતા

वामा = વામા માતા
चिकित्सा = રોગનો ઉપચાર [*Treatment*]
उपमा = ઉપમા [*Comparison*]
भू = પૃથ્વી [*Earth*]

➤ **વિશેષણ :-**

अतिरिक्त = જૂદું [*Different*]
अदृष्टमूलपर्यन्त = અનન્ત [*Infinite*]
नव = નવું [*New*]

➤ **નપુંસકલિંગ :-**

संवेदन = સંવેદન, અનુભવ [*Experience*]
कटुफल = કડવા ફલ [*Bitter Result*]
पण्य = કરિયાણું [*Commodity*]
मूल्य = મૂલ્ય [*Worth/Price*]
कण्ठ = ગળુ [*Throat*]
हट्ट = દુકાન, બજાર [*Shop*]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. पृथ्वी - पानीय - पावक - पवन - गगनातिरिक्तः नाऽस्ति जीवः परलोकयायीति नास्तिका मन्यन्ते ।
2. तन्न, सुखदुःखसंवेदनकार्यात्मा शरीरातिरिक्तः परलोकगामी च विद्यते ।
3. त्रैशलेयो महावीरो वामेयश्च पार्श्वनाथः - एतौ द्वावपि जिनौ अस्माकं कल्याणं कुरुताम् ।
4. भवन्ति हि महात्मानो गुर्वाज्ञाभङ्गभीरवः ।
5. ज्ञानं मददर्पहरं माद्यति, यस्तेन तस्य को वैद्यः ? ।
अमृतं यस्य विषायते, तस्य चिकित्सा कथं क्रियते ? ॥
6. सुखावहो धर्मस्सदा, विषया असुखावहाः क्षणं सुखदायिनोऽपि परम्परया कटुफलायन्ते ।
7. बलभद्रमुनिप्रभावेण अस्मिन् वने हिंस्रा अपि पशवो न शत्रुं हिंसन्ति । न जिघांसन्त्यपि ।
8. संसारोऽयं अदृष्टमूलपर्यन्तनामा नगरोऽस्ति, युक्तञ्चेदं यतोऽस्मिन् संसारे देवलोकादिस्थानानि प्रासादायन्ते ।
9. नवनवजन्ममार्गाः हट्टमार्गायन्ते, विविधसुखदुःखानि पण्यायन्ते, तदनुरूपं मूल्यायन्ते बहुविधपुण्यपापानि ।

**[2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-**

1. શીલના પ્રભાવથી અગ્નિ પણ **પાણી થાય છે,** [અહીં अग्निः जलायते કે जलति આ પ્રમાણે પ્રયોગો કરવા] સાપ પણ **માળા થાય છે,** વાઘ પણ **હરણ થાય છે.**
2. તથા પર્વત પણ **પથ્થર થઈ જાય છે,** ઝેર પણ **અમૃત થાય છે,** વિઘ્ન પણ **મહોત્સવ થઈ જાય છે.** અરે ! જંગલ પણ **પોતાના ઘર જેવું બની જાય છે.**
3. પુણ્ય અને પાપ જ **પરલોકમાં આવનારા** છે, પૈસો વગેરે નહીં.

4. **બુદ્ધના અનુયાયીઓ** પણ જૈનોના સિદ્ધાંતને સ્વીકારે છે.
5. **કવર્ગના શબ્દો કંઠથી ઉત્પન્ન થનારા** છે તથા **તવર્ગના શબ્દો દાંતથી ઉત્પન્ન થનારા** છે.
6. **હેમચંદ્રાચાર્યજીની** વાર્તાઓમાં ઉપમાઓ અત્યંત સુંદર હોય છે.
7. આ ગ્રન્થ **પ્રાચીન** આચાર્યે રચેલ છે.
8. તે જ જ્ઞાન સાચું છે, જેને મેળવીને જીવ વધારે **નમવાના સ્વભાવવાળો** થાય છે.
9. અનંત ઉપકારી મહાવીર પરમાત્માને **કરોડો વખત** નમસ્કાર હો !

**[3] નીચેના શબ્દોને ઓળખો :-**

| નં. | તદ્ધિત | મૂળશબ્દ | અર્થ | નં. | તદ્ધિત | મૂળશબ્દ | અર્થ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | वैयाकरण | | | 6. | मानसिक | | |
| 2. | द्वात्रिंशद्द्वात्रिंशिका | | | 7. | पुरातन | | |
| 3. | नैमित्तिक | | | 8. | दयालु | | |
| 4. | शैत्य | | | 9. | शोभतेरूपम् | | |
| 5. | मासिक | | | | | | |

**[4] (A) નામ સાધિત ધાતુઓ ઓળખો :-**

1. राजायते – ______
2. कुबेरायते – ______
3. कुञ्जरायते – ______
4. मन्दरति – ______
5. उपायनायते – ______
6. पर्णति – ______
7. पुत्रायते – ______
8. उपलति – ______
9. शवायते – ______

**[B] જાતે નામસાધિત ધાતુઓ બનાવો :-**

1. नगर – ______
2. सर्प – ______
3. सङ्केत – ______
4. धान्य – ______
5. आपण – ______
6. दुःख – ______
7. वदन – ______
8. श्वभ्र – ______
9. मोदक – ______

**[5] રૂપ ઓળખાવો :-** [ઈચ્છાદર્શક છે કે પ્રેરક તે પણ જણાવો.]

| નં. | રૂપ | મૂળધાતુ | કાળ | સાદો અર્થ | પુરુષ | વચન | બાકીના બે રૂપ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | अतिस्तीर्षिष्यतम् | | | | | | |
| 2. | जिजरिषितास्मः | | | | | | |
| 3. | क्षोभयाञ्चकृव | | | | | | |
| 4. | चिखादिषति | | | | | | |
| 5. | अविविदिषिष्यताम् | | | | | | |

# પાઠ - ૨૯

## અનિયમિત રૂપો

મિત્રો ! આપણે દરેક પાઠમાં એક બે અનિયમિત રૂપો જોતા જ આવ્યા છીએ. બાકીના બધાં રૂપો હવે એક સાથે અહીં જોઈ લઈએ. રૂપ ગોખ્યા છે અને રૂપ જ ગોખવાના છે તે નીચેના નિયમો માત્ર સમજી લે તો પણ ચાલે. નિયમોને ગોખવાની જરૂર નહીં. રૂપો જરૂર ગોખવા !

➤ **અનિયમિત રૂપના નિયમો :- गोपा = ગોવાળ [પુ.]**

પ્રત્યયો વ્યંજનાન્તનામ પ્રમાણે

| | | | |
|---|---|---|---|
| પ્ર. ➔ | गोपा | गोपौ | गोपाः |
| દ્વિ. ➔ | गोपाम् | ” | गोपः |
| તૃ. ➔ | गोपा | गोपाभ्याम् | गोपाभिः |
| ચ. ➔ | गोपे | ” | गोपाभ्यः |
| પં. ➔ | गोपः | ” | ” |
| ષ. ➔ | ” | गोपोः | गोपाम् |
| સ. ➔ | गोपि | ” | गोपासु |
| સં. ➔ | गोपाः ! | બાકીની પ્રથમા વિભક્તિની જેમ | |

गोपा શબ્દની જેમ विश्वपा, धूम्रपा, शङ्खध्मा, सोमपा, बलदा વગેરે આ કારાંત પુલ્લિંગના રૂપો કરવા.

➤ શ્રીના રૂપ પ્રમાણે धी, भ्रू વગેરે ધાતુ સાધિત સ્ત્રીલિંગ નામના તથા सुधी (સ્ત્રીલિંગ)ના રૂપ કરવા.

➤ सखि ના પહેલાં છ રૂપ ☛ सखा, सखायौ, सखायः ।
सखायाम्, सखायौ, सखीन् । બાકીના રૂપ पति શબ્દ પ્રમાણે.

➤ अवी, तरी, तन्त्री, लक्ष्मी તથા प्रधी વગેરે દીર્ઘ ई કારાંત શબ્દોને પ્રથમા એકવચનમાં स् નિત્ય લાગે. અર્થાત્ વિસર્ગ કાયમ રહે. બાકીના રૂપો नदी પ્રમાણે થાય.
अवीः, अव्यौ, अव्यः ઈત્યાદિ....

➤ **सुधी = શ્રેષ્ઠ બુદ્ધિવાળો [પુ.]**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | सुधीः | सुधियौ | सुधियः | ૫ | सुधियः | सुधीभ्याम् | सुधीभ्यः |
| ૨ | सुधीम् | ” | ” | ૬ | ” | सुधियोः | सुधियाम् |
| ૩ | सुधिया | सुधीभ्याम् | सुधीभिः | ૭ | सुधियि | ” | सुधीषु |
| ૪ | सुधिये | ” | सुधीभ्यः | ૮ | सुधि - सुधी ! | | |

નપું. લિંગમાં सुधि (હ્રસ્વ) થઈ वारि જેવા રૂપ થાય.

**દા.ત.** सुधि, सुधिनी, सुधीनि ।

તૃતીય વિ. એ. વ. થી સ્વરાદિ પ્રત્યયો પર વિકલ્પે પુલ્લિંગ જેવા રૂપ થાય.

દા.ત. सुधिना કે सुधिया ।

I પ્રથમાન્ત સિવાયની વિભક્તિથી જેનો વિગ્રહ થઈ શકે તેવો સમાસ થયેલો હોય તથા II પૂર્વપદમાં નામ કે ઉપસર્ગ હોય III ઉત્તરપદ ધાતુ સાધિત નામ હોય અને IV તે શબ્દ અસંયુક્ત પછી इ, ई કે उ, ऊ કારાન્ત હોય તો સ્વરાદિ પ્રત્યયો પર તે इ, ई કે उ, ऊ નો ક્રમશઃ य्, व् થાય. **દા.ત.** प्रधी, प्रध्यौ प्रध्यः ।

જો ઉપરોક્ત મુજબ સામાસિક પદ ન હોય અથવા સંયુક્ત વ્યંજન પછી इ, ई કે उ, ऊ કારાંત શબ્દહોય તો इ, ई નો इय्, उ, ऊ નો उव् થાય.

તથા वर्षाभू, पुनर्भू ને છોડીને भू અંતવાળા શબ્દોમાં પણ उव् થાય છે.

**દા.ત.** અસામાસિક પદમાં नीः, नियौ, नियः ।

સંયુક્ત પર सुश्रीः, सुश्रियौ, सुश्रियः ।

## ➤ वर्षाभू - દેડકો [પુ.]

| | | | |
|---|---|---|---|
| ૧ | वर्षाभूः | वर्षाभ्वौ | वर्षाभ्वः |
| ૨ | वर्षाभ्वम् | ” | ” |
| ૩ | वर्षाभ्वा | वर्षाभूभ्याम् | वर्षाभूभिः |
| ૪ | वर्षाभ्वे | ” | वर्षाभूभ्यः |
| ૫ | वर्षाभ्वः | ” | ” |
| ૬ | ” | वर्षाभ्वोः | वर्षाभ्वाम् |
| ૭ | वर्षाभ्वाम् | ” | वर्षाभूषु |
| ૮ | वर्षाभू ! | | |

## ➤ स्वयंभू -ઈશ્વર [પુ.]

| | | | |
|---|---|---|---|
| ૧ | स्वयंभूः | स्वयंभुवौ | स्वयंभुवः |
| ૨ | स्वयंभुवं | ” | ” |
| ૩ | स्वयंभुवा | स्वयंभूभ्याम् | स्वयंभूभिः |
| ૪ | स्वयंभुवे | ” | स्वयंभूभ्यः |
| ૫ | स्वयंभुवः | ” | ” |
| ૬ | ” | स्वयंभुवोः | स्वयंभुवां |
| ૭ | स्वयंभुवि | ” | स्वयंभूषु |
| ૮ | स्वयंभू ! | | |

## ➤ पपी - સૂર્ય [પુ.]

| | | |
|---|---|---|
| पपीः | पप्यौ | पप्यः |
| पपीम् | ” | पपीन् |
| पप्या | पपीभ्याम् | पपीभिः |
| पप्ये | ” | पपीभ्यः |
| पप्यः | पपीभ्याम् | पपीभ्यः |
| ” | पप्योः | पप्याम् |
| पप्यि | ” | पपीषु |
| पपी ! | | |

આ રીતે ययी વગેરે દીર્ઘ ई કારાંતના રૂપ કરવા

'अस्थि' ના રૂપ પ્રમાણે दधि - सक्थि વગેરેના રૂપો કરવા.

તૃતીયા એક વચનથી સ્વરાદિ પ્રત્યય પર

अस्थि ☛ अस्थन् सक्थि ☛ सक्थन्

दधि ☛ दधन् अक्षि ☛ अक्षन्

આદેશ થાય છે. અને राजन् પ્રમાણે રૂપો થાય છે.

### ➤ क्रोष्टु = શિયાળ [પુ.]

| | | | | |
|---|---|---|---|---|
| १ | क्रोष्टा | क्रोष्टारौ | क्रोष्टारः | તા.ક. સંબોધન દ્વિવચન અને બહુ વચન સર્વત્ર પ્રથમ વિભક્તિ દ્વિવચન અને બહુવચન તુલ્ય હોય છે. |
| २ | क्रोष्टारम् | " | क्रोष्टून् | |
| ३ | क्रोष्ट्रा - क्रोष्टुना | क्रोष्टुभ्याम् | क्रोष्टुभिः | |
| ४ | क्रोष्ट्रे- क्रोष्टवे | " | क्रोष्टुभ्यः | |
| ५ | क्रोष्टुः - क्रोष्टोः | " | " | |
| ६ | " " | क्रोष्ट्रोः, क्रोष्ट्वोः | क्रोष्टूनाम् | |
| ७ | क्रोष्टरि - क्रोष्टौ | " , " | क्रोष्टुषु | |
| ८ | क्रोष्टर् - क्रोष्टो ! | | | |

### ➤ ग्रामणी = નેતા [પુ.]

| | | |
|---|---|---|
| ग्रामणीः | ग्रामण्यौ | ग्रामण्यः |
| ग्रामण्यम् | " | " |
| ग्रामण्या | ग्रामणीभ्याम् | ग्रामणीभिः |
| ग्रामण्ये | " | ग्रामणीभ्यः |
| ग्रामण्यः | " | " |
| " | ग्रामण्योः | ग्रामण्याम् |
| ग्रामण्याम् | " | ग्रामणीषु |
| ग्रामणीः ! | | |

આ પ્રમાણે सेनानी વગેરે नी અંતવાળાના રૂપ કરવા.

### ➤ रै = સંપત્તિ [સ્ત્રી.]

| | | |
|---|---|---|
| राः | रायौ | रायः |
| रायम् | " | " |
| राया | राभ्याम् | राभिः |
| राये | " | राभ्यः |
| रायः | " | " |
| " | रायोः | रायाम् |
| रायि | " | रासु |
| राः ! | | |

આ પ્રમાણે ऐ કારાંત શબ્દના રૂપો કરવા. गो ના રૂપ પ્રમાણે द्यो વગેરે તમામ ओ કારાંત નામના રૂપ કરવા.

### ➤ औ કારાંત નામ

#### ग्लौ - ચંદ્રમા [પુ.]

| | | |
|---|---|---|
| ग्लौः | ग्लावौ | ग्लावः |
| ग्लावम् | " | " |
| ग्लावा | ग्लौभ्याम् | ग्लौभिः |
| ग्लावे | " | ग्लौभ्यः |
| ग्लावः | ग्लौभ्याम् | ग्लौभ्यः |
| " | ग्लावोः | ग्लावाम् |
| ग्लावि | " | ग्लौषु |
| ग्लौः ! | | |

આ રીતે नौ વગેરે औ કારાંત શબ્દના રૂપ કરવા.

पूषन्, वृत्रहन् વગેરે શબ્દોમાં अर्यमन् પ્રમાણે સમજવું.

1 वृत्रहन् માં अ न લોપાય ત્યારે न નો ण् થાય. **દા.ત.** वृत्रहन् + इ = वृत्रहणि ।

2 अ લોપાય ત્યારે ह् નો घ्न થાય. **દા.ત.** वृत्रहन् + अस् = वृत्रघ्नः ।

श्वन्, युवन् અને मघवन् નો દ્વિ. વિ. બહુવ. સ્વરાદિ પ્રત્યયો પર ક્રમશઃ शुन्, यून् અને मघोन् આદેશ થાય.

**દા.ત.** તૃતીયાથી સપ્તમી સુધીના એક વચનના રૂપ.

शुना शुने शुनः शुनः शुनि

यूना यूने यूनः यूनः यूनि

मघोना मघोने मघोनः मघोनः मघोनि

मथिन्, ऋभुक्षिन् ના રૂપો पन्थान् પ્રમાણે કરવા પરન્તુ ऋभुक्षिन् માં પ્રથમ પાંચ પ્રત્યયમાં न् ઉમેરાય નહીં. **દા.ત.** ऋभुक्षा ऋभुक्षाणौ ऋभुक्षाणः ।

ऋभुक्षाणम् ऋभुक्षाणौ ।

→ प्राच् ના પહેલા પાંચ રૂપ આ પ્રમાણે प्राङ् प्राञ्चौ प्राञ्चः

प्राञ्चम् प्राञ्चौ ।

આ પ્રમાણે प्रत्यच्, उदच्, अवाच्, सम्यच्, तिर्यच्, વગેરેના રૂપો સમજવા.

બાકીના સ્વરાદિ પ્રત્યયો પર प्रत्यच् → प्रतीच्, उदच् → उदीच्

सम्यच् → समीच्, तिर्यच् → तिरश्च् આદેશ થાય.

**દા.ત.** દ્વિતીયા વિભક્તિ બહુવચન प्रत्यच् + अस् = प्रतीचः ।

આ જ પ્રમાણે उदीचः ઈત્યાદિ...

**સ્ત્રીલિંગમાં રૂપો :-**

* प्राच् → प्राची * सम्यच् → समीची
* अवाच् → अवाची * प्रत्यच् → प्रतीची
* तिर्यच् → तिरश्ची * उदच् → उदीची

આ બધાંના नदी જેવા રૂપો કરવા.

Note : प्राच् શબ્દ પૂજાર્થક હોય તો બીજા સ્વરાદિ પ્રત્યયો પર પણ ञ् લાગે

**દા.ત.** प्राच् + अस् = प्राञ्च् + अस् = प्राञ्चः ।

નપું. માં રૂપ

प्राक् / प्राग् प्राची प्राञ्चि બાકીનું રૂપ પુ. પ્રમાણે. એ જ રીતે तिर्यच् વગેરેના રૂપો કરવા.

दीर्घाहन् (ઉનાળો) પુલ્લિંગના પહેલા છ રૂપ

दीर्घाहाः दीर्घाहणौ दीर्घाहणः, दीर्घाहणम् दीर्घाहणौ दीर्घाह्णः ।

શેષ રૂપો अहन्... જેવા કરવા **દા.ત.** दीर्घाह्णा ઈત્યાદિ

→ पूर्व, अपर, अवर, दक्षिण, पर, उत्तर, अधर, स्व સર્વનામ તરીકે આવે છે.

**દા.ત.** पूर्वस्मै, अपरस्मिन् ।

પરંતુ.... ઉપરોક્ત શબ્દો જ્યારે કાલ, દિશા, સ્થાન કે પુરુષનો સંબંધ બતાવતા હોય, તથા अन्तर् નો અર્થ અંદરનું (अन्तःवास) હોય ત્યારે વિકલ્પે સર્વનામ તરીકે આવે છે. **દા.ત.** पूर्वे - पूर्वस्मिन् । अपरे - अपरस्मिन् ।

| ➤ पूर्व = पूर्व દિશા | | |
|---|---|---|
| पूर्वः | पूर्वौ | पूर्वाः, पूर्वे |
| पूर्वम् | ” | पूर्वान् |
| पूर्वेण | पूर्वाभ्याम् | पूर्वैः |
| पूर्वाय - पूर्वस्मै | ” | पूर्वेभ्यः |
| पूर्वात् - पूर्वस्मात् | ” | ” |
| पूर्वस्य | पूर्वयोः | पूर्वेषाम् पूर्वाणाम् |
| पूर्वे - पूर्वस्मिन् | ” | पूर्वेषु |

આ રીતે અપર વગેરેના રૂપ કરવા.

अन्य, अन्यतर, कतर-कतम, यतर-यतम, ततर-ततम, एकतर-एकतम, વગેરે तर-तम અંતવાળા શબ્દો સંખ્યાવાચી સર્વનામ બને.

અને ત્યારે નપુંસક પ્રથમા અને દ્વિતીયા વિભક્તિ એકવચનમાં અંતે त्, द्, ઉમેરાય. **દા.ત.** अन्यत् - द् । अन्यतरत् - द् ।

➜ चरम, अल्प, कतिपय અને अर्ध શબ્દના પ્ર. વિ. બ. વ. માં વિકલ્પે जिन જેવા રૂપ થાય. **દા.ત.** चरमाः - चरमे । अल्पाः - अल्पे । नेम શબ્દમાં પણ તે પ્રમાણે થાય છે. **દા.ત.** नेमे - नेमाः ।

➜ वाह् અંતવાળા નામોમાં દ્વિ. વિ. બહુવ. થી સ્વરાદિ પ્ર. પૂર્વે वाह् નો પૂર્વના अ સાથે મળી 'औह्' આદેશ થાય.

**દા.ત.** विश्वौहे, विश्वौहः .... इत्यादि ।

**➤ विश्ववाह् = વિશ્વનો રક્ષક [પુ.]**

| | | |
|---|---|---|
| विश्ववाट्-ड् | विश्ववाहौ | विश्ववाहः |
| विश्ववाहम् | ” | विश्वौहः |
| विश्वौहा | विश्ववाड्भ्याम् | विश्ववाड्भिः |
| विश्वौहे | ” | विश्ववाड्भ्यः |
| विश्वौहः | ” | ” |
| ” | विश्वौहोः | विश्वौहाम् |
| विश्वौहि | ” | विश्ववाट्सु |
| विश्ववाट्-ड् ! | | |

આ પ્રમાણે वाह् અંતવાળાના રૂપો કરવા.

➤ उशनस् – શુક્રાચાર્ય [પુ.] આ શબ્દના રૂપ चन्द्रमस् પ્રમાણે થાય. પરન્તુ પ્ર. વિ. એ. વ. માં વિસર્ગ ન લાગે. **દા.ત.** उशना ।

➤ तुरासाह् + વ્યંજનાદિ પ્રત્યય
= तुराषाट् – ड् + વ્યંજનાદિ પ્રત્યય

**દા.ત.** तुराषाड्भिः, ....भ्यः ઈત્યાદિ.

➤ जरा, निर्जर + સ્વરાદિ પ્રત્યય
= વિકલ્પે जरस्, निर्जरस् + સ્વરાદિ પ્રત્યય

**દા.ત.** जरा ➜ जरसा / जरया ।

શેષ પ્રત્યય પર जरा ના शाला પ્રમાણે રૂપ થાય.
निर्जर ના जिन પ્રમાણે રૂપ થાય.

| ➤ अर्वन् – ઘોડો [પુ.] | | |
|---|---|---|
| अर्वा | अर्वन्तौ | अर्वन्तः |
| अर्वन्तम् | ” | अर्वतः |
| अर्वता | अर्वद्भ्याम् | अर्वद्भिः |
| अर्वते | ” | अर्वद्भ्यः |
| अर्वतः | ” | ” |
| ” | अर्वतोः | अर्वताम् |
| अर्वति | ” | अर्वत्सु |
| अर्वन् ! | | |

નીચેના શબ્દોમાં પ્રથમ પાંચ પ્રત્યય છોડીને શેષ સ્વરાદિ પ્રત્યય પર વિકલ્પે આદેશ થાય છે.

★ सानु (પુ. નપું.) स्नु આદેશ, રૂપ પુ. માં गुरु જેવા થાય. નપું. માં मधु જેવા થાય.

★ दन्त (પુ.) दत् આદેશ, રૂપ मरुत् જેવા થાય. [= દાંત]

★ पृतना (સ્ત્રી.) पृत् આદેશ, રૂપ सरित् જેવા થાય. [= સેના]

★ पाद (પુ.) पद् આદેશ, રૂપ विद् જેવા થાય. [= પગ]

★ असृज् (નપું.) असन् આદેશ, રૂપ नामन् જેવા થાય. [= લોહી]

★ आस्य (નપું.) आसन् આદેશ, રૂપ नामन् જેવા થાય. [= મોઢું]

★ उदक (નપું.) उदन् આદેશ, રૂપ नामन् જેવા થાય. [= પાણી]

★ दोस् (પુ.+નપું.) दोषन् આદેશ, નપું. રૂપ नामन् જેવા થાય. [= દોષ]
પુ. રૂપ राजन् જેવા થાય.

★ शकृत् (નપું.) शकन् આદેશ, રૂપ नामन् જેવા થાય. [= વિષ્ટા]

★ निशा (સ્ત્રી.) निश् આદેશ, રૂપ विश् જેવા થાય. [= રાત્રી]

★ मास (પુ.) मास् આદેશ, રૂપ चन्द्रमस् જેવા થાય. [= મહિનો]

★ मांस (નપું.) मान्स् આદેશ, રૂપ पयस् જેવા થાય. [= માંસ]

★ नासिका (સ્ત્રી.) नस् આદેશ, રૂપ मनस् જેવા થાય. [= નાક]

★ हृदय (નપું.) हृद् આદેશ, રૂપ विद् જેવા થાય. [= હૃદય]

मास्, मान्स् શબ્દનો स् વ્યંજન પ્રત્યય પછી લોપાય પરન્તુ सु પ્રત્યય પર લોપ ન થાય. मास् → माभ्याम् ।

सु → माःसु – मास्सु । मान्स् → मान्भ्याम् । मान्सु

## ધાતુઓ

➤ **ગણ -૧-પરસ્મૈપદ :-**

उत् +लष् = ઉલ્લસિત થવું [*To be Excited*]

अनु + गम् = અનુસરવું [*To Follow*]

## શબ્દો

➤ **પુલ્લિંગ :-**

पृथ्वीनाथ = રાજા [*King*]

तीर्थनाथ = તીર્થંકર [*God*]

मराल = હંસ [*Swan*]

मानस = માનસરોવર

शूकर = ભૂંડ [*Pig*]

कण्डूराजन् = કંડૂરાજા ['राजन्' પ્રમાણે રૂપ]

जन्मिन् = જન્મ લેનારા, જીવો ['शशिन्' પ્રમાણે રૂપ] [*Living Beings*]

➤ **સ્ત્રીલિંગ :-**

विष्टा = વિષ્ટા [*Excrement*]

➤ **વિશેષણ :-**

आदिम = પહેલું [*First*]

➤ **નપુંસકલિંગ :-**

ऐरावतक्षेत्र = ઐરાવત ક્ષેત્ર

भरतक्षेत्र = ભરત ક્ષેત્ર

महाविदेहक्षेत्र = મહાવિદેહક્ષેત્ર

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. महापुंमासो गर्भस्था अपि लोकोपकारिणः ।
2. पूर्वकर्मानुसारिणी हि जन्मिनां धीः ।
3. पथि महामुनिं दृष्ट्वा उल्लसितो कण्डूराजा ।
4. उपादेया शास्त्र-लोकोभयव्यवहारानुगा हि गीः ।
5. आदिमं पृथ्वीनाथमादिमं निष्परिग्रहम् ।
   आदिमं तीर्थनाथञ्च, ऋषभस्वामिनं स्तुमः ॥
6. न सा दीक्षा न सा भिक्षा, न तद्दानं न तत्तपः ।
   न तद्ध्यानं न तन्मौनं, दया यत्र न विद्यते ॥
7. दया लज्जा क्षमा श्रद्धा, प्रज्ञा त्यागः कृतज्ञता ।
   एते यस्य गुणाः सन्ति गृहस्थो मुख्य उच्यते ॥
8. सुधीः प्रमादं परित्यजेत्, ग्लौरिव निर्मलहृदयधारी च भवेत् ।

9. मज्जत्यज्ञ: किलाज्ञाने, विष्टायामिव शूकर: ।
ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥

## [2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-

1. આ જંબૂદ્વીપમાં ઉત્તર દિશામાં ઐરાવતક્ષેત્ર આવેલ છે, દક્ષિણ દિશામાં ભરતક્ષેત્ર છે અને વચ્ચે મહાવિદેહ ક્ષેત્ર છે.
2. શુભ દિવસે વામા માતાએ પાર્શ્વનાથ ભગવાનને જન્મ આપ્યો.
3. દિવસે દહીં ખા, રાત્રે નહીં.
4. કૂતરાના પગમાંથી લોહી નીકળ્યું હતું.
5. ૨૦ ગાયને બે ગોવાળો લઈ જાય છે.
6. તેને વીણા અત્યંત ગમે છે.
7. જે માંસને ખાય છે તે જુવાનીમાં જ ઘરડો થઈ જાય છે.
8. ગરીબોને પૈસાના દાનથી તેણે ઘણું પુણ્ય ભેગું કર્યું.
9. હે મિત્ર ! સ્વયંભૂ એવા મહાવીર ભગવાન આપણા હૃદયમાં જ છે તેને તું જો ! બહાર શા માટે જુવે છે ?

## [3] રૂપ ઓળખાવો :-

| નં. | રૂપ | મૂળશબ્દ | લિંગ | વિભક્તિ | વચન | અર્થ | બાકીના બે રૂપ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | उदञ्चि | | | | | | |
| 2. | उभयस्मात् | | | | | | |
| 3. | क्रोष्टुना | | | | | | |
| 4. | ग्लावाम् | | | | | | |
| 5. | गोप: | | | | | | |
| 6. | दिवि | | | | | | |
| 7. | धिया | | | | | | |
| 8. | द्यवाम् | | | | | | |
| 9. | नौभ्याम् | | | | | | |

[4] આપેલ માહિતી મુજબ રૂપ પૂરો :-

| નં. | વિભક્તિ / વચન | पाद् | पुंस् | पृतना | सुधी | भू | पथिन् | पति | सखि | स्त्री |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | 1/2 | | | | | | | | | |
| 2. | 2/1 | | | | | | | | | |
| 3. | 3/2 | | | | | | | | | |
| 4. | 4/3 | | | | | | | | | |
| 5. | 5/1 | | | | | | | | | |
| 6. | 6/3 | | | | | | | | | |
| 7. | 7/1 | | | | | | | | | |
| 8. | 8/2 | | | | | | | | | |
| 9. | 2/3 | | | | | | | | | |

[5] આપેલ રૂપ મુજબ તેની આજુબાજુના અન્ય શબ્દોના તેવા જ રૂપો બનાવો :-

| નં. | रै | गो | युवन् | ग्रामणी | मास् | विश्वपा | श्वन् | श्री | हृदय |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | राया | | | | | | | | |
| 2. | | गवे | | | | | | | |
| 3. | | | युवभिः | | | | | | |
| 4. | | | | ग्रामण्याम् | | | | | |
| 5. | | | | | मासोः | | | | |
| 6. | | | | | | विश्वपः | | | |
| 7. | | | | | | | श्वभ्यः | | |
| 8. | | | | | | | | श्रीषु | |
| 9. | | | | | | | | | हृदयानि ! |

OOO

## પાઠ - ૩૦

# યઙન્ત & યઙ્લુબન્ત

### यङ् પ્રત્યય

નવ ગણના કોઈપણ વ્યંજનાદિ એકસ્વરી ધાતુના પુનરાવર્તનના અર્થમાં કે આધિક્યના અર્થમાં આ પ્રકારના રૂપો થાય.

अट्, अश्, ऋ, ऊर्णु આ ધાતુંઓના પણ આ પ્રમાણે રૂપો થાય.

**દા.ત.** अट् = अटाट्यते ।

બધાય રૂપો આત્મનેપદમાં જ થાય.

### આત્મનેપદી यङन्त

1 ધાતુમાં કર્મણિ પ્રયોગની જેમ બધા ફેરફાર થયા પછી પ્રત્યય લાગે.

**દા.ત.** दा → दीय । नी → नीय । स्मृ → स्मर्य । पृ → पूर्य ।

2 घ्रा - ध्मा ધાતુના आ નો ई થાય. અને હ્રસ્વ ऋ નો री થાય.

**દા.ત.** घ्रा → घ्रीय → ध्मा → ध्मीय → कृ → क्रीय ।

3 કર્મણિ મુજબ સંપ્રસારણ થાય છે અને शास् નું शिष्, प्याय् નુ पी થાય છે. તથા ઉપાંત્ય इ, उ, ऋ, लृ વાળા र्, ल् કારાંત ધાતુઓનો સ્વર દીર્ઘ થાય.

4 સામાન્ય નિયમ મુજબ દ્વિરુક્તિ થાય. સ્વરાદિમાં પછીના વ્યંજનની દ્વિરુક્તિ થાય. દ્વિરુક્તિના इ, उ નો ગુણ થાય અને अ નો आ થાય.

पुनः पुनः भवति અથવા अतिशयेन भवति = बोभूयते ।

पुनः पुनः पचति = पापच्यते । ऋ → अरार्यते । कृ → चेक्रीयते ।

व्यच् → विच्य, विविच्य – वेविच्यते ।

5 अम्, अन् અંતવાળા ધાતુમાં દ્વિરુક્તિના अ પછી न् લાગે છે. અને अ નો आ થતો નથી.

**દા.ત.** यम् → यम्य, ययम्य, यंयम्यते ।

जन् → जंजन्यते - जञ्जन्यते ।

6 चर्, फल्, जप्, जभ्, दह्, दंश्, भञ्ज्, पश् ધાતુમાં પણ નિયમ (૫) લાગે.

चर् → चंचूर्यते - चञ्चूर्यते । जप् → जंजप्यते / जञ्जप्यते

7 वञ्च्, स्रंस्, ध्वंस्, भ्रंस्, कस्, पत्, पद्, स्कन्द् ધાતુમાં દ્વિરુક્તિ પછી नी લાગે છે. અને अ નો आ ન થાય.

**દા.ત.** वञ्च् → वनीवच्यते । पत् → पनीपत्यते

8 (મૂળધાતુ કે સંપ્રસારણથી) ઉપાંત્યે ऋ, लृ વાળા ધાતુઓમાં દ્વિરુક્તિ પછી री લાગે છે. अ નો आ થતો નથી.

દા.ત. ग्रह् → जरीगृह्यते । वृत् → ववृत्य, वरीवृत्यते ।

9 આ પ્રત્યય પછી રૂપો ચોથો ગણ આત્મનેપદ પ્રમાણે થાય છે.

દા.ત. बुध् → बोबुध्यते, अबोबुध्यत, बोबुध्यताम्, बोबुध्येत, बोबुधिता, अबोबुधिष्ट, बोबुधिष्यते, अबोबुधिष्यत, बोबुधिषीष्ट, बोबुधांचक्रे ।

## ❁ यङ्लुबन्त (પરસ્મૈ) ❁

ઘણીવાર य પ્રત્યયનો લોપ થાય છે. સામાન્ય નિયમ મુજબ દ્વિરુક્તિ થાય છે. દ્વિરુક્તિ इ, उ નો ગુણ અને अ નો આ થાય છે. દા.ત. दा → दादा ।

भू → बोभू નિયમ (૫ + ૭) અહીં લાગે.

➤ **વિશેષ નિયમ** - ૧. ઉપાંત્યે હ્રસ્વ ऋ કારાંત ધાતુમાં દ્વિરુક્તિ अ પછી र्, रि, કે री લાગે. દા.ત. वृत् → वर्वत्, वरिवृत् કે वरीवृत् ।

૨. ઉપાંત્યે હ્રસ્વ लृ કારાંત ધાતુમાં દ્વિરુક્તિના अ પછી ल्, लि કે ली લાગે છે.
દા.ત. क्लृप् → चल्क्लृप्, चलिक्लृप, चलीक्लृप् ।

૩. આના રૂપ ત્રીજો ગણ પરસ્મૈપદ પ્રમાણે.

**રૂપો :-** भू - 1/P

| વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|
| बोभोमि बोभवीमि | बोभूवः | बोभूमः | अबोभवम् | अबोभूव | अबोभूम |
| बोभोषि बोभवीसि | बोभूथः | बोभूथ | अबोभोः अबोभवीः | अबोभूतम् | अबोभूत |
| बोभोति बोभवीति | बोभूतः | बोभवति | अबोभोत् अबोभवीत् | अबोभूताम् | अबोभवुः |

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| बोभवानि | बोभवाव | बोभवाव | बोभूयाम् | बोभूयाव | बोभूयाम |
| बोभूहि | बोभूतम् | बोभूत | बोभूयाः | बोभूयातम् | बोभूयात |
| बोभोतु–बोभवीतु | बोभूताम् | बोभुवतु | बोभूयात् | बोभूयाताम् | बोभूयुः |

**શ્વસ્તન ભવિષ્યકાળ**

| | | |
|---|---|---|
| बोभवितास्मि | बोभवितास्वः | बोभवितास्मः |
| बोभवितासि | बोभवितास्थः | बोभवितास्थ |
| बोभविता | बोभवितारौ | बोभवितारः |

## સામાન્ય ભવિષ્યકાળ

| | | |
|---|---|---|
| बोभविष्यामि | बोभविष्याव: | बोभविष्याम: |
| बोभविष्यसि | बोभविष्यथ: | बोभविष्यथ |
| बोभविष्यति | बोभविष्यत: | बोभविष्यन्ति |

## ક્રિયાતિપત્ત્યર્થ

| | | |
|---|---|---|
| अबोभविष्यम् | अबोभविष्याव | अबोभविष्याम |
| अबोभविष्य: | अबोभविष्यतम् | अबोभविष्यत |
| अबोभविष्यत् | अबोभविष्यताम् | अबोभविष्यन् |

## આશીર્વાદાર્થ

| | | |
|---|---|---|
| बोभूयासम् | बोभूयास्व | बोभूयास्म |
| बोभूया: | बोभूयास्तम् | बोभूयास्त |
| बोभूयात् | बोभूयास्ताम् | बोभूयासु: |

## પરોક્ષ ભૂતકાળ

| | | |
|---|---|---|
| बोभवांचकार/चकर | बोभवांचकृव | बोभवांचकृम |
| बोभवांचकर्थ | बोभवांचक्रथु: | बोभवांचक्र |
| बोभवांचकार | बोभवांचक्रतु: | बोभवांचक्रु: |

## ધાતુઓ

➤ **ગણ -૧૦-ઉભયપદ :-**

उप+अर्ज्=ઉપાર્જન કરવું [*To Acquire*]

➤ **ગણ -૧-આત્મનેપદ :-**

मुद् = ખુશ થવું [*To Be Happy*]

## શબ્દો

➤ **પુલ્લિંગ :-**

शम = ક્ષમા [*Pardon*]
मद्य = દારૂ [*Alcohol*]
आजि = લડાઈ [*War*]
चूत = આંબો [*Mango*]
वर = વરદાન [*Boon*]
स्तम्भ = થાંભલો [*Pole*]
प्रचार = ફેલાવો [*Expansion*]
हय = ઘોડો [*Horse*]
विस्मय = વિસ્મય [*Wonder*]
भट = સૈનિક [*Soldier*]
शुल्क = કર, મૂલ્ય [*Tax*]
संधि = સમાધાન, મિત્રતા [*Compromise*]
अणु = નાનામાં નાનો કણ [*Atom*]
केश = વાળ [*Hair*]
कलाप = સમૂહ [*Gothering*]

युग = ૫ વર્ષ [*Time Period of 5 yrs.*]

महार्णव = મહાસાગર [*Ocean*]

संदेह = શંકા [*Doubt*]

पक्ष = પાંખ [*Wing*]

वसन्त = વસન્ત [*Spring*]

➤ **નપુંસકલિંગ :-**

दुष्कार्य = ખરાબ કામ [*Evil Deed*]

कालचक्र = ૧ ઉત્સર્પિણી + ૧ અવસર્પિણી [*Wheel of time*]

➤ **સ્ત્રીલિંગ :-**

तृष्णा = તૃષ્ણા [*Desire*]

➤ **વિશેષણ :-**

पर = શ્રેષ્ઠ [*Noble*]

मत्त = ઉન્મત્ત થયેલો [*Intoxicated*]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. सीतामन्विष्यमाणो रामो लक्ष्मणेन सहाटाट्यते ।
2. स सज्जनं नेनिन्दाञ्चक्रे, अतस्तस्य जिह्वारोग उदपद्यत ।
3. नरीनृत्ये, अनरीनृत्ये, नरीनृत्यै, नरीनृत्येय, नरीनृतिताहे, नरीनृतिष्ये, अनरीनृतिष्ये, नरीनृतिषीय इत्यादीनि नृद्धातोः रूपाणि विद्यन्ते ।
4. दुष्कार्यकरणकाले वयं जेह्रीयामहै, सत्यञ्च बाभाष्यामहै, गुणिनो दृष्ट्वा मोमुद्यामहै, सद्गुणगिरिं रोरुह्यामहै ।
5. सद्गुरुं सेसेव्यामहै, ज्ञानामृतं पेपीयामहै, दानं देदीयामहै, सत्यं जरीगृह्यामहै, सर्वेषु गुणान् लोलोक्यामहै ।
6. गोशालकः स्वोपार्जितपापकर्मवशाद् भवान्तरेऽपि शस्त्रेणाऽग्निना वा मेम्रीयिष्यते ।
7. शक्राः श्रीवीरं नोनूयाञ्चक्रिरे । स्थूलभद्रं चतुरशीतिकालचक्रं यावत् सर्वे नोनूयिष्यन्ति ।
8. शम एव परं तीर्थम्, शम एव परं तपः ।<br>शम एव परं ज्ञानम्, शमो योगः परस्तथा ॥
9. मद्यमत्तो न जानाति, स्वजनान्यन्यजनानि च,<br>न शत्रुं नैव मित्रञ्च, न कलत्रं न मातरम् ॥

**[2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-**

1. તેઓએ ગુરુ પાસેથી આત્માને **અત્યંત સારી રીતે જાણ્યો.**
2. મારે તૃષ્ણાને **અત્યંત છેદી નાંખવી જોઈએ.**
3. ભગવાન મહાવીરે બ્રાહ્મણને આપવા માટે વસ્ત્ર **ફાડી નાંખ્યું.**
4. ચંદ્ર ઊગે છતે સમુદ્ર **અત્યંત ખળભળશે.**

5. વસંત ઋતુમાં વૃક્ષો ઉપર ફૂલો **ઉત્પન્ન થશે** અને લોકોના મનમાં આનંદ **ઉત્પન્ન થશે.**
6. જો તું ગુરુને **વારેવારે વંદીશ** તો તારો અહંકાર **અત્યંત નાશ પામશે.**
7. તું **વારેવારે** નમસ્કાર મહામંત્રને **જપ !**
8. तत्याज्ये, अतत्याज्ये, तत्याज्यै, तत्याज्येय, तातजिताहे, तातजिष्ये, अतातजिष्ये, तातजिषीय, तातजाञ्चक्रे વગેરે त्यज् ધાતુના રૂપો જાણવા.
9. અજ્ઞાન જીવોના વિવેકને **અત્યંત હણે છે.**

[3] **ખૂટતી વિગત પૂરો :-**

| નં. | રૂપ | મૂળધાતુ | પુરુષ | વચન | કાળ | સાદો અર્થ | બાકીના બે રૂપ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | अजरीजृम्भिष्येथाम् | | | | | | |
| 2. | शाश्लाघ्येरन् | | | | | | |
| 3. | सासह्यामहै | | | | | | |
| 4. | दोदुहितासे | | | | | | |
| 5. | अजोहूयत | | | | | | |
| 6. | जाजक्ष्यावहे | | | | | | |
| 7. | बेभीयिष्येते | | | | | | |
| 8. | देधीयिषीध्वम् | | | | | | |
| 9. | बेभ्रीयाञ्चक्रे | | | | | | |

[4] **યઙન્ત રૂપ બનાવો :-** [વર્તમાનકાળ તૃતીય પુરુષ એકવચન]

1. क्रुध् - ______ 2. कुप् - ______ 3. द्विष् - ______
4. सिच् - ______ 5. घुष् - ______ 6. निज् - ______
7. क्री - ______ 8. अश् - ______ 9. कृ - ______

[5] **રૂપ પૂરો :-**

| | | | |
|---|---|---|---|
| 1. | अमरीमृजिष्ये | ___ | ___ |
| | ___ | ___ | ___ |
| | ___ | ___ | ___ |

| | | | |
|---|---|---|---|
| 2. | ___ | चोक्षुभ्यावहे | ___ |
| | ___ | ___ | ___ |
| | ___ | ___ | ___ |

| | | | |
|---|---|---|---|
| 3. | ___ | ___ | बाबध्येमहि |
| | ___ | ___ | ___ |
| | ___ | ___ | ___ |

# અદ્યતન ભૂતકાળ [ Part - I ]

**નિયમો :-** [અદ્યતન ભૂતકાળમાં ઘણાં નિયમો અને જુદા - જુદા ભાંગાઓ છે. અહીં તે બધા નિયમો આપ્યા છે જ. છતાં વાંચન માટે આ બધું યાદ રાખવું તે સામાન્ય ક્ષયોપશમવાળા વિદ્યાર્થીઓ માટે ઘણું કઠિન છે. તેઓ માટે **એક શોર્ટ પદ્ધતિ** આ પ્રમાણે છે – 'अ' ત્રણ કાળમાં આવે - હ્યસ્તન ભૂતકાળ, ક્રિયાતિપત્ત્યર્થ તથા અદ્યતન ભૂતકાળ. તેમાં હ્યસ્તન ભૂતકાળ અને ક્રિયાતિપત્ત્યર્થ તો તમે ભણી જ ગયા છો. તે સિવાય જે રૂપ 'अ' વાળું હોય તે અદ્યતનનું છે એમ ઓટોમેટીક ખબર પડી જ જાય.

**દા.ત.** (૧) अगच्छत्, अगमिष्यत्, अगमत् [અ. ભૂ.]

(૨) असिञ्चत्, असेक्ष्यत्, असिचत् ઈત્યાદિ...

નિયમો અને પ્રત્યયો એક વાર વાંચી અને સમજી ચોક્કસ જશો.]

➤ ચોવીસ કલાકમાં થઈ ગયેલી ક્રિયાનું સૂચક રૂપ તે અદ્યતન ભૂતકાળનું રૂપ.

**દા.ત.** सोऽगमत् = તે ગઈકાલે ગયો. [હ્યસ્તન ભૂતકાળ, પરોક્ષ ભૂતકાળની જગ્યાએ અદ્યતન ભૂતકાળ વાપરી શકાય છે.]

અદ્યતનમાં તમામ ધાતુઓ સાત પ્રકારમાં વિભાજિત થયેલ છે.

(૧) **૧લો પ્રકાર** - આ પ્રકાર માત્ર પરસ્મૈપદી છે इ (गा), स्था, पा, भू, दा, धा (दा- धा અંગવાળા दे, दो, धे વગેરે પણ) આ ધાતુઓ અવશ્ય તથા घ्रा, धे, शो, सो, छो વિકલ્પે પ્રથમ પ્રકારમાં આવે.

(૨) **૨જો પ્રકાર** - ख्यातीर्यती વાળી કારિકાના પરસ્મૈપદી, આત્મનેપદી કે ઉભયપદી ધાતુઓ અવશ્ય આવે. તથા 'श्वयति जीर्यति' કારિકાના ધાતુઓ વિકલ્પે આવે. અને વિકલ્પે ૪થા/૫મા માં જાય. તથા 'रुचिर्घुटिरुटि' કારિકાના આત્મનેપદી (૨૫) ધાતુઓનો આ પ્રકારમાં સમાવેશ થાય છે.

(૩) **૩જો પ્રકાર** - દશમા ગણના ધાતુ, અનેક સ્વરી ધાતુ, કેટલાક સાધિત ધાતુ, અને कम्, श्रि, द्रु, स्रु ધાતુ અવશ્ય આવે.

તથા धे, श्वि આ બે ધાતુ વિકલ્પે આવે.

(૪) **૬ઠ્ઠો પ્રકાર** - ઉપરોક્ત ત્રણ પ્રકારમાં નહીં આવેલા आ કારાંત ધાતુ તથા यम्, रम् (वि,आ, परि ઉપસર્ગ સહિત) અને नम् ધાતુ આવે. આ પ્રકાર માત્ર પરસ્મૈપદી છે.

Note :- यम् ધાતુ उप કે उद् ઉપસર્ગ યુક્ત હોય તો ૪થા પ્રકારમાં આવે.

(૫) **૭મો પ્રકાર** - 'दृश्' ધાતુને છોડીને श्, स्, ष् અને ह् અંતમાં હોય તેવા ધાતુઓ અને अ–आ સિવાયનો સ્વર ઉપાંત્યે હોય તેવા અનિટ્ ધાતુઓ આ પ્રકારમાં આવે.

I 'दृश्' ધાતુ ચોથા પ્રકારમાં આવે છે. II मृश्, स्पृश्, कृष् (૧ પ./૬ ઉ.) વિકલ્પે આવે.

(૬) **૪થો પ્રકાર** - ઉપરોક્ત પાંચ પ્રકારમાં ન આવેલા તમામ અનિટ્ ધાતુઓ આવે.

(૭) **૫મો પ્રકાર** - ઉપરોક્ત પાંચ પ્રકારમાં ન આવેલા તમામ સેટ્ ધાતુઓ આવે.

## પ્રથમ પ્રકાર

**પ્રત્યયો :- પરસ્મૈપદ**

| | | |
|---|---|---|
| अम् | व | म |
| स् | तम् | त |
| त् | ताम् | उस् |

(૧) આ પ્રકારના ધાતુના આત્મનેપદી રૂપ ચોથા કે પાંચમા પ્રકાર પ્રમાણે થાય.

(૨) भू ધાતુના કર્મણિ રૂપ પાંચમાં પ્રકાર પ્રમાણે થાય.

(૩) दा, धा, स्था અને अधि + इ ના રૂપ ચોથા પ્રકાર પ્રમાણે.

(૪) 'उस्' પ્રત્યય પૂર્વે ધાતુના आ નો લોપ થાય. स्था ➔ अस्थुः ।

(૫) भू ધાતુમાં 'उस्' ના બદલે 'अन्' લાગે છે. અને સ્વરાદિ પ્રત્યય પૂર્વે 'व्' ઉમેરાય છે. **દા.ત.** 'भू' ➔ अ + भू + व् + अन् = अभूवन् ।

(૬) 'इ' ધાતુનો 'गा' આદેશ થાય છે. **દા.ત.** 'इ' ➔ अगात् ।

## દ્વિતીય પ્રકાર

**પ્રત્યયો :-**

| પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| अम् | व | म | इ | वहि | महि |
| स् | तम् | त | थाः | इथाम् | ध्वम् |
| त् | ताम् | अन् | त | इताम् | अन्त |

૧ 1. દરેક ધાતુ પર अ લાગ્યા બાદ પ્રત્યય લાગે.

**દા.ત.** क्रुध् ➔ अ + क्रुध् + अ + त् = अक्रुधत् ।

2. 'अ' થી શરૂ થતાં પ્રત્યય પર આ 'अ' લોપાય.

**દા.ત.** 'क्रुध्' ➔ अ + क्रुध् + अ + अम् = अक्रुधम् ।

3. વાદિ, માદિ પ્રત્યય આવે તો अ નો आ થાય.

**દા.ત.** क्रुध् ➔ अक्रुधाव । अक्रुधाम ।

૨. I ધાતુના સ્વરની ગુણ કે વૃદ્ધિ ન થાય. **દા.ત.** अक्रुधम् ।

પરન્તુ II દીર્ઘ–હ્રસ્વ 'ऋ' કારાંત તથા 'दृश्' ધાતુમાં ગુણ થાય છે.

**દા.ત.** 'ऋ' ➔ आरम् । 'सृ' ➔ असरत् । 'दृश्' ➔ अदर्शत् ।

૩. ધાતુના ઉપાંત્ય અનુનાસિકનો લોપ થાય છે. **દા.ત.** भ्रंश् ➔ अभ्रशत् ।

૪. ધાતુના થતા આદેશ :-

| ધાતુ | આદેશ | ઉદાહરણ | ધાતુ | આદેશ | ઉદાહરણ |
|---|---|---|---|---|---|
| अस् (૪ ગણ) | अस्थ् | आस्थत् | शास् | शिष् | अशिषत् |
| ख्या | ख्य | अख्यत् | श्वि | श्व | अश्वत् |
| पत् | पप्त | अपप्तत् | ह्वे | ह्व | अह्वत्-त |
| वच् | वोच् | अवोचत् | | | |

૫. ધાતુના ભિન્ન ભિન્ન પ્રકારમાં થતા રૂપ.

★ लिप्, सिच्, ह्वे આત્મનેપદ ધાતુના રૂપ બીજા/ચોથા પ્રકાર પ્રમાણે થાય.
**દા.ત.** लिप् → अलिपत - अलिप्त ।

★ शक् આત્મનેપદીના રૂપ ચોથા /પાંચમા પ્રકાર જેવા થાય.
**દા.ત.** अशकिष्ट । अशक्त ।

★ विद् આત્મનેપદીના રૂપ ચોથા / પાંચમા પ્રકાર જેવા થાય.
**દા.ત.** अवेदिष्ट / अवित्त ।

★ विष् આત્મનેપદીના રૂપ સાતમા પ્રકાર જેવા થાય. **દા.ત.** अविक्षत ।

★ लुप् આત્મનેપદીના રૂપ ચોથા પ્રકાર જેવા થાય. **દા.ત.** अलुप्त ।

## ख्यातीर्यती કારિકાના ધાતુઓ

○ ख्या, ऋ, सृ, ह्वे, शक्, उच्, मुच्, वच्, सिच्, लुट्, पत्, क्लिद्, क्ष्विद्, मद्, विद्, शद्, सद्, स्विद्, ऋध्, क्रुध्, क्षुध्, ग्रुध्, रध्, शुध्, सिध्, आप्, कुप्, गुप्, दिप्, युप्, रुप्, लिप्, लुप्, सृप्, क्षुभ्, तुभ्, नभ्, लभ्, क्लम्, क्षम्, गम्, तम्, दम्, भ्रम्, शम्, श्रम्, सम्, कृश्, नश्, भृश्, भ्रश्, वृश्, तुष्, तृष्, दुष्, विष्, पुष्, प्लुष्, रिष्, रुष्, विष्, वुष्, व्युष्, शिष्, शुष्, हृष्, अस्, कुस्, घस्, जस्, तस्, दस्, बस्, बिस्, ब्युस्, मस्, मुस्, यस्, वस्, विस्, वुस्, शास्, द्रुह्, मुह्, स्निह्, स्नुह् ।

કુલ ૮૭ ધાતુઓ છે. અવશ્ય દ્વિતીય પ્રકારમાં આવે છે.

## श्वयतीजीर्यति કારિકાના ધાતુઓ

○ श्वि, जृ, ग्रुच्, ग्लुच्, ग्लुञ्च, म्रुच्, म्लुच्, रिच्, विच्, शुच्, निज्, युज्, विज्, स्फुट्, चुत्, च्युत्, श्रुत्, श्चुत्, श्च्युत्, क्षुद्, छिद्, छृद्, तृद्, बुन्द्, भिद्, रुद्, स्कन्द्, बुध्, रुध्. तृप्, दृप्, स्तम्भ्, दृश्, श्लिष्, घुष्, उह्, तुह्, दुह्, बृह् ।

કુલ ૩૯ ધાતુઓ છે. વિકલ્પે દ્વિતીય પ્રકારમાં આવે છે.

## રુચિ–ઘુટિ કારિકાના ધાતુઓ

○ रुच्, घुट्, रुट्, लुट्, लुठ्, द्युत्, वृत्, श्वित्, श्विद्, स्यन्द्, मिद्, स्विद्, वृध्, शृध्, क्लृप्, क्षुभ्, तुभ्, नभ्, शुभ्, स्रंभ्, भ्रश्, भ्रंश्, ध्वंस्, भ्रंस्, स्रंस् ।

કુલ **૨૫** ધાતુઓ છે. બીજા પ્રકારમાં પરસ્મૈપદમાં આવે છે.

**નોંધ :-** 'मा' અવ્યય આવે ત્યારે અદ્યતન ભૂતકાળના अ નો લોપ થઈ જાય છે.

**દા.ત.** मा प्रतिबन्धं कृथाः ।

**રૂપો :- પ્રકાર - ૧ [માત્ર - પરસ્મૈપદ]**

**इ (2/P) = જવું**

| | | |
|---|---|---|
| अगाम् | अगाव | अगाम |
| अगाः | अगातम् | अगात |
| अगात् | अगाताम् | अगुः |

**घ्रा (1/P) = સૂંઘવું**

| | | |
|---|---|---|
| अघ्राम् | अघ्राव | अघ्राम |
| अघ्राः | अघ्रातम् | अघ्रात |
| अघ्रात् | अघ्राताम् | अघ्रुः |

**પ્રકાર - ૨**

**अस् (4/P)**

| | | |
|---|---|---|
| आस्थम् | आस्थाव | आस्थाम |
| आस्थः | आस्थतम् | आस्थत |
| आस्थत् | आस्थताम् | आस्थन् |

**कुप् (4/P)**

| | | |
|---|---|---|
| अकुपम् | अकुपाव | अकुपाम |
| अकुपः | अकुपतम् | अकुपत |
| अकुपत् | अकुपताम् | अकुपन् |

**सिच् (6/U)**

| | | |
|---|---|---|
| असिचे | असिचावहि | असिचामहि |
| असिचथाः | असिचेथाम् | असिचध्वम् |
| असिचत | असिचेताम् | असिचन्त |

**ह्वे (1/U)**

| | | |
|---|---|---|
| अह्वे | अह्वावहि | अह्वामहि |
| अह्वथाः | अह्वेथाम् | अह्वध्वम् |
| अह्वत | अह्वेताम् | अह्वन्त |

### ધાતુઓ

➤ **ગણ-૧ - ઉભયપદ :-** निर् + जि = જીતી લેવું. [*To Win*]

### શબ્દો

➤ **પુલ્લિંગ :-**

प्रमोद = આનંદ [*Happiness*]

दम = ઈન્દ્રિયોનું દમન [*Control*]

ब्रह्मन् = બ્રહ્મા ['आत्मन्' પ્રમાણે રૂપ]

विनमि = વિનમિ રાજા

विरागिन् = વૈરાગી [*Detached*] ['शशिन्' પ્રમાણે રૂપ]

विष्णु = વિષ્ણુ

हर = શંકર

नमि = નમિરાજા

वैताढ्य = વૈતાઢ્ય પર્વત

मल्ल = પહેલવાન [*Wrestler*]

➤ **વિશેષણ :-**

निखिल = સઘળું [*Everything*]

धारक = ધારણ કરનાર [*Bearer*]

➤ **અવ્યય :-**

वै = પાદપૂર્તિ માટે [*Expletive*]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. वन्द्यास्ते मदनुजाः, व्रजेयम् वन्दितुमिति विमृश्य यावदेकं पादम् अचालयत् तावत् बाहुबलिः केवलज्ञानमापत् ।
2. महावीरजिनस्य निर्वाणवार्तां श्रुत्वा भृशं चिखेद श्रीगौतमो गणधरः ।
3. संसारं, धनं, परिवारादिकञ्च त्यक्त्वा स दीक्षामगृह्णात् ।
4. प्रसन्नीभूतो देवोऽवग् – तव पुत्रो भविष्यति ।
5. जम्बूकुमारः कलत्रादीन् सर्वान् अजहात् ।
6. महाज्ञानं भवेद्यस्य, लोकालोकप्रकाशकम् ।
   महादया दमो ध्यानं, महादेवः स उच्यते ॥
7. रागद्वेषौ महामल्लौ, दुर्जयौ येन निर्जितौ ।
   महादेवं तु तं मन्ये, शेषा वै नामधारकाः ॥
8. महाक्रोधो महामानम्, महामाया महामदः ।
   महालोभो हतो येन, महादेवः स उच्यते ॥
9. यस्य निखिलाश्च दोषा न सन्ति सर्वे गुणाश्च विद्यन्ते ।
   ब्रह्म वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥

**[2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-**

1. તું શોક ન કર.
2. ગૌતમસ્વામીએ મહાવીર ભગવાનને પૂછ્યું.
3. વિરાગી શાલિભદ્રે ક્યાંય પણ આનંદ ન મેળવ્યો.
4. ચારિત્ર પાળી તેણે દેવલોકને મેળવ્યો.
5. ભગવાન વીતરાગ હતા એટલે ક્યારેય પણ ન તો ભગવાન ખુશ થયા કે ગુસ્સે થયા.
6. વૈતાઢ્ય પર્વત ઉપર નમિરાજા અને વિનમિરાજાએ રાજ કર્યું.
7. 'વનસ્પતિ જીવ છે' – એ પ્રમાણે સિદ્ધ થયું.
8. પાર્શ્વનાથ ભગવાને તો ઉપસર્ગ કરનારા કમઠ દેવને પણ ક્ષમા આપી.
9. તારો રોગ નાશ પામ્યો તેથી અમે ખુશ થયા.

---

નોંધ :– અદ્યતન ભૂતકાળ ન કર્યો હોય તો પણ આ પાઠ અવશ્ય કરવો. જેણે અદ્યતન ભૂતકાળ માટેની વિશેષ પ્રેક્ટિસ કરવી છે તેણે 'પ્રયોગ મંદિરમ્' પુસ્તક જોવું.

[3] **ખૂટતી વિગતો પૂરો :-**

| નં. | રૂપ | મૂળધાતુ | સાદો અર્થ | પુરુષ/ વચન | પ્રત્યય | પ્રકાર | તેની લાઈનના બીજા બે રૂપ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | अकुपः | | | | | | |
| 2. | अक्रुधाम | | | | | | |
| 3. | अपुषतम् | | | | | | |
| 4. | अनेशत | | | | | | |
| 5. | असिचध्वम् | | | | | | |
| 6. | अमुहाम | | | | | | |
| 7. | अलुभम् | | | | | | |
| 8. | अक्षुभन् | | | | | | |
| 9. | अमुचताम् | | | | | | |

[4] **અદ્યતન રૂપ બનાવો :-** [પ્રથમ પુરુષ એકવચન]

1. सिध् - ____ 2. रुष् - ____ 3. क्षम् - ____

4. लुप् - ____ 5. अस् - ____ 6. सृ - ____

7. क्लम् - ____ 8. दम् - ____ 9. तम् - ____

[5] **રૂપ પૂરો :-**

| 1. | | | |
|---|---|---|---|
| | ____ | अश्रमाव | ____ |
| | ____ | ____ | ____ |
| | ____ | ____ | ____ |

| 2. | | | |
|---|---|---|---|
| | ____ | ____ | ____ |
| | ____ | ____ | ____ |
| | अशमत् | ____ | ____ |

| 3. | | | |
|---|---|---|---|
| | ____ | ____ | ____ |
| | ____ | ____ | ____ |
| | ____ | ____ | असिधन् |

OOO

# અદ્યતન ભૂતકાળ - [ Part - II ]

## તૃતીય પ્રકાર

★ પ્રત્યયો બીજા પ્રકાર મુજબ.

૧ I દ્વિરુક્તિ થાય. II ધાતુને अ લાગે.

III ધાતુના અંત્ય इ, उ નો ક્રમશઃ इय्, उव् થાય છે.

**દા.ત.** श्रि → अशिश्रियम् ।

IV ધાતુના અંત્ય ओ નો લોપ થાય છે. **દા.ત.** द्रु → अदुद्रुवम् ।

૨ 1. દશમા ગણના તથા પ્રેરક ધાતુના અંગમાંથી अय નો લોપ થાય છે.

**દા.ત.** 'भू' → भावयति = भाव् બને.

2. દીર્ઘ સ્વર હ્રસ્વ થાય. **દા.ત.** भाव् = भव् જો એમાં ए, ऐ હોય તો 'इ' થાય. અને ओ, औ હોય તો उ થાય. પછી દ્વિરુક્તિ થાય.

**દા.ત.** 'चुर्' → चोरय - चोर् - चुर् - चुचुर्

3. દ્વિરુક્તિ પછીનો વર્ણ લઘુ હોય તો દ્વિરુક્તિના अ નો इ થાય. (લઘુ=પોતે હ્રસ્વ સ્વર હોય અને પછી સંયુક્ત વ્યંજન ન હોય તો. ગુરુ–પોતે દીર્ઘ હોય અથવા પછીનો વ્યંજન સંયુક્ત હોય તો હ્રસ્વ પણ ગુરુ બને.)

**દા.ત.** भव् → बभव् , बिभव् ।

4. દ્વિરુક્તિની આગળ કે પાછળ ગુરુ સ્વર ન હોય અથવા દ્વિરુક્તિનો સ્વર ગુરુ ન હોય તો દ્વિરુક્તિનો સ્વર દીર્ઘ થાય. **દા.ત.** बिभव - बीभव - अबीभवत् ।

પરન્તુ 'एज्' → एजज् - ऐजिजत् અહિં દીર્ઘ ન થાય.

'स्पन्द्' → पस्पन्द् - अपस्पन्दत् અહીં પછીનો સ્વર ગુરુ હોવાથી નિયમ ત્રણ અને પોતે ગુરુ હોવાથી નિયમ ચોથો લાગશે નહિ.

स्खल् = चस्खल = अचिस्खलत् ।

5. સ્વરાદિ ધાતુમાં સ્વર પછીના વ્યંજનની સ્વર સહિત દ્વિરુક્તિ કરવી.

**દા.ત.** 'अट्' → आटिटत् ।

A સ્વરાદિ ધાતુમાં સ્વર પછીનો વ્યંજન સંયુક્ત હોય અને તેમાં પ્રથમ વર્ણ न्, द्, र्, ब् હોય તો તેની દ્વિરુક્તિ ન કરતા પાછળના વ્યંજનની દ્વિરુક્તિ કરવી.

**દા.ત.** 'अर्ह्' → अर्हह्–अर्जह्–अर्जिह् = आर्जिहत् ।

'उब्ज्' → औब्जिजत् । 'उन्द्' → उन्दद्–उन्दिद् = औन्दिदत् ।

6. હ્રસ્વ/દીર્ઘ 'उ' અંતે હોય તેવા ધાતુમાં દ્વિરુક્તિ પછી अ કે आ અંતે હોય તેવા

ઔષ્ઠ્ય, અંતસ્થ કે ज् વ્યંજન હોય તો દ્વિરુક્તિનો 'उ' ન થતા इ થાય. એ સિવાયના उ કારાંત ધાતુમાં દ્વિરુક્તિનો સ્વર 'उ' થાય.

**દા.ત.** 'कु' → कावय - काव - कव - चकव = अचूकवत् ।
'नू' → अनूनवत् । પરન્તુ 'भू' → अबीभवत् ।
'पू' → अपीपवत्। 'लू' → अलीलवत् ।

**અપવાદ** स्रु, श्रु, द्रु, प्रु, प्लु, च्यु ધાતુમાં વિકલ્પે इ કે उ થાય છે.

**દા.ત.** 'स्रु' → असिस्रवत् । असुस्रवत् ।
'श्रु' → श्राव्-श्रव्-शश्रव् = अशिश्रवत् । अशुश्रवत् ।

7. अ નો 'इ' થવાના અપવાદો

I कथ्, वर्, शठ्, रच्, स्पृह्, सूच्, मृग्, ध्वन्, अर्थ्, पार्, गद्, वर्ण्, शप् આટલા ધાતુઓમાં अ નો इ વગેરે ફેરફાર ન થાય.

**દા.ત.** 'कथ्' → अचकथत् । 'ध्वन्' → अदध्वनत् ।
'वर्' → अववरत् ।

II स्मृ, दृ, त्वर्, प्रथ्, म्रद्, स्तृ, स्पृश् ધાતુના દ્વિરુક્તિમાં अ નો इ ન થાય. તેમજ સ્વર દીર્ઘ પણ ન થાય. **દા.ત.** 'स्मृ → असस्मरत् ।
'दृ' → अददरत् । 'म्रद्' → अमम्रदत् ।

III गण् ધાતુમાં વિકલ્પે ફેરફાર થાય. **દા.ત.** अजीगणत् । अजगणत् ।

IV वेष्ट्, चेष्ट् ધાતુમાં વિકલ્પે 'इ' લાગે.

**દા.ત.** 'वेष्ट्' → अववेष्टत्, अविवेष्टत् ।

8. भ्राज्, भाष्, भास्, दीप्, जीव्, मील्, पीड्, कण्, चण्, रण्, बण्, भण्, श्रण्, हठ्, ह्वे, लुप्, लुट्, लुठ् વગેરે ધાતુઓમાં ઉપાંત્ય સ્વર વિકલ્પે હ્રસ્વ થાય છે. **દા.ત.** 'भ्राज्' → अबिभ्रजत् । अबभ्राजत् ।

9. शास्, एज्, काश्, क्रीड्, क्षीब्, खाद्, खेल्, ढौक्, ताय्, दाश्, देव्, नाथ्, प्रोद्, बाध्, याच्, योध्, राध्, राज्, लाध्, लेप्, लोक्, लोच्, वेप्, वेल्, श्लाघ्, श्लोक्, सेक्, सेव्, हेष्, सेव्, सार्, वास्, निवास् વગેરે ધાતુઓમાં ઉપાંત્યસ્વર હ્રસ્વ થાય છે.

**દા.ત.** 'शास' → अशशासत् । एज् → एजिजत् ।

10. ह्वे, स्वप् માં સંપ્રસારણ થાય. 'श्वि'માં વિકલ્પે સંપ્રસારણ થાય.

**દા.ત.** अशिश्वयत् । अशूशवत् । अजूहवत्-अजुहावत् ।

11. ધાતુના ઉપાંત્ય હ્રસ્વ 'ऋ' નો ગુણ વિકલ્પે ન થાય. અર્થાત્ હ્રસ્વ 'ऋ' વિકલ્પે કાયમ રહે. અને દીર્ઘ ॠ વિકલ્પે હ્રસ્વ થાય છે.

**દા.ત.** 'वृत्' → वर्तय् = वर्त् કે वृत् ।

દ્વિરુક્તિ થતા ववर्त् કે वृवृत् થાય. ववर्त्, अववर्तत् । वृवृत्-ववृत्-विवृत् = अवीवृतत् । 'कृत्' → कीर्त्, अचिकीर्तत् । કે कृत् → अचीकृतत् ।

12. આદેશ થઈને થતાં રૂપો

पा નું अपीप्यत् । स्था નું પ્રેરક स्थापय થઈને अतिष्ठिपत् ।

घ्रा નું अजिघ्रपत् । अजिघ्रिपत् ।

अधि + इ (ભણવું) નું अध्यापिपत् । अध्यजीगपत् ।

अधि + इ (યાદ રાખવું) નું अध्यजीगमत् । ईर्ष्य નું ऐर्षिष्यत्-ऐर्ष्यियत् ।

ऊर्णु નું और्णूनवत् । चकास् નું अचीचकासत् - अचचकासत् ।

द्युत् નું अदुद्युतत् । स्फुर् નું अपुस्फुरत् ।

રૂપો :- **ત્રીજો પ્રકાર**

**પરસ્મૈપદ** **दण्ड्** **આત્મનેપદ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| अददण्डम् | अददण्डाव | अददण्डाम | अददण्डे | अददण्डावहि | अददण्डामहि |
| अददण्डः | अददण्डतम् | अददण्डत | अददण्डथाः | अददण्डेथाम् | अददण्डध्वम् |
| अददण्डत् | अददण्डताम् | अददण्डन् | अददण्डत | अददण्डेताम् | अददण्डन्त |

**અદ્ય. ત્રીજા પ્રકારમાં અનિયમિત રૂપો**

वेष्ट् = अववेष्टत्, अविवेष्टत्
चेष्ट् = अचचेष्टत्, अचिचेष्टत्
स्वप् = असुषुपत्
स्पर्श् = अपस्पर्शत्
वृत् = अवीवृतत्, अववर्तत्
कृत् = अचीकृतत्, अचिकीर्तत्
रच् = अररचत्
वस् = अववसत्

कथ् = अचकथत्
गण् = अजीगणत्, अजगणत्
स्तन् = अतस्तनत्
गद् = अजगदत्
पत् = अपपतत्
शास् = अशशासत्

## ધાતુઓ

➤ **ગણ -૬ - ઉભયપદ :-**

नि+विश् = બેસવું, નિવેશ કરવો. [*To sit*]

➤ **ગણ -૧ - પરસ્મૈપદ :-**

प्र + चल् = પ્રયાણ કરવું [*To Begin*]

➤ **ગણ - ૯ - ઉભયપદ :-**

वि+ज्ञा = વિશેષ રીતે જાણવું [*To Know*]

## શબ્દો

➤ **પુલ્લિંગ :-**

अपत्य = દીકરો [*Son*]

अजितनाथ = અજિતનાથ ભગવાન

याम = પ્રહર

कार्पटिक = સંન્યાસી, ભટકનાર [*Saint*]

गाङ्गेय = ગાંગેય રાજા

विचित्रवीर्य = વિચિત્રવીર્ય રાજા
यूथ = સમૂહ [*Group*]
नाद = ગર્જના [*Roar*]
कृतान्त = યમરાજ, મોત [*Death*]

➤ **સ્ત્રીલિંગ :-**

यामिनी = રાત્રિ [*Night*]
रति = આનંદ [*Happiness*]

➤ **વિશેષણ :-**

पश्चिम = છેલ્લું [*Last*]
क्षुद्र = ક્ષુદ્ર, તુચ્છ [*Negligible*]
प्रबुद्ध = જાગેલ, બોધ પામેલ [*Awake*]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. भरतो मरुदेवीमातरं व्यजिज्ञपत् ।
2. अजितनाथजिनः प्रजाः स्वापत्यमिवाऽपीपलत् ।
3. यामिन्याः पश्चिमे यामे, स सुप्तः स्वप्नमैक्षत ।
   अन्यकार्पटिकानाञ्च, प्रबुद्धस्तमचीकथत् ॥
4. नैमित्तिकाः प्रचिचलिषूनां राज्ञां शकुनान्यजीगणत् ।
5. भृशं विरागी श्रीस्थूलिभद्रः प्रमदासु धनेषु अमात्यपदव्यां वा न क्वापि रतिं अवीविदत् ।
6. गाङ्गेयः स्वानुजं विचित्रवीर्यं राज्ये न्यवेशयत् ।
7. गजसुकुमालोऽतीव मोक्षमपस्पृहत् ।
8. सिंहो वनेऽजगर्जत् तं श्रुत्वा पलायिता मृगाः । तद्वद् भगवद्देशनाऽपि क्षुद्रमृगयूथसंत्रासनसिंहनादोऽस्ति ।
9. न काऽप्यवस्था न च कोऽपि कालः,
   न कोऽपि देशः, न च केऽपि जीवाः।
   न वस्तु किञ्चित् तदिहाऽस्ति लोके,
   जीयेत यैरेव रिपुः कृतान्तः ॥

**[2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-**

1. ગણધરોએ દ્વાદશાંગીને રચી.
2. ગોશાળો દુર્ગતિમાં પડ્યો.
3. ભગવાન મહાવીરે છેલ્લી દેશના સોળ પહોર સુધી કહી.
4. કુમારપાળ રાજાએ હિંસા કરનારને દંડ્યો.
5. પ્રભુભક્તિ સ્વરૂપ પાણીથી તેણે પોતાના આત્માનું પ્રક્ષાલન કર્યું.
6. સિદ્ધસેન દિવાકર સૂરિજીએ પાર્શ્વનાથ ભગવાનને વર્ણવ્યા.
7. પીડિત થયેલા બાળકોને માતાએ સાંત્વના આપી.

8. મેં આદિનાથ ભગવાનની પૂજા કરી.
9. શ્રીહરિભદ્રસૂરિજીએ તત્ત્વને ચિંતવ્યું અને તેનો સાર મેળવ્યો.

**[3] ખૂટતી વિગતો પૂરો :-**

| નં. | રૂપ | મૂળધાતુ | પુરુષ | વચન | પ્રત્યય | સાદો અર્થ | તેની લાઈનના બીજા બે રૂપ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | अचिचिन्तत् | | | | | | |
| 2. | अददण्डतम् | | | | | | |
| 3. | अपिपीडम् | | | | | | |
| 4. | अपुपूजत | | | | | | |
| 5. | अववर्णाव | | | | | | |
| 6. | अचूचुरतम् | | | | | | |
| 7. | अजूघुषाम | | | | | | |
| 8. | अतीतड: | | | | | | |
| 9. | अबुभूषाव | | | | | | |

**[4] રૂપ લખો :-** [અ. ભૂ. તૃ. પુ. એ. વ.]

1. अर्च् - ____ | 2. गण् - ____ | 3. रच् - ____
4. प्रथ् - ____ | 5. स्पृह् - ____ | 6. वञ्च् - ____
7. वर्ज् - ____ | 8. अर्प् - ____ | 9. सान्त्व् - ____

**[5] રૂપ પૂરો :-**

1.

| | | |
|---|---|---|
| ____ | ____ | ____ |
| अबभक्ष: | ____ | ____ |
| ____ | ____ | ____ |

2.

| | | |
|---|---|---|
| ____ | ____ | अररचाम |
| ____ | ____ | ____ |
| ____ | ____ | ____ |

3.

| | | |
|---|---|---|
| ____ | ____ | ____ |
| अममृगथा: | ____ | ____ |
| ____ | ____ | ____ |

OOO

# પાઠ - 33

## અદ્યતન ભૂતકાળ [ Part - III ]

### ચતુર્થ પ્રકાર

પ્રત્યયો :-

| પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| सम् | स्व | स्म | सि | स्वहि | स्महि |
| सीः | स्तम् | स्त | स्थाः | साथाम् | ध्वम् |
| सीत् | स्ताम् | सुः | स्त | साताम् | सत |

### પંચમ પ્રકાર

પ્રત્યયો :-

| પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| इषम् | इष्व | इष्म | इषि | इष्वहि | इष्महि |
| ईः | इष्टम् | इष्ट | इष्ठाः | इषाथाम् | इध्वम् |
| ईत् | इष्टाम् | इषु | इष्ट | इषाताम् | इषत |

### ચતુર્થ / પંચમ પ્રકારના સામાન્ય નિયમો

(૧) અન્ય પાંચ પ્રકારમાં ન આવેલા વેટ્ ધાતુઓ વિકલ્પે અહીં આવે.

(૨) સંયુક્ત વ્યંજન પછી હ્રસ્વ/દીર્ઘ ऋ કારાંત, वृ અને धू ધાતુ વિકલ્પે આવે.

(૩) तृप्–दृप् દ્વિતીય પ્રકારમાં પણ આવે.

(૪) दा,धा,स्था આત્મનેપદમાં ચોથા પ્રકારમાં અને પરસ્મૈપદમાં પાંચમા પ્રકારમાં આવે.

(૫) 'हन्' પરસ્મૈપદી, आ + हन् આત્મનેપદી અહીં આવે.

NOTE :- પરસ્મૈપદ પાંચમાં પ્રકારમાં हन् નો આદેશ 'वध्' અને આત્મનેપદમાં વિકલ્પે 'वध्' થાય છે.

(૬) स्तु, क्रम् આત્મનેપદી ચોથા પ્રકારમાં આવે.

(૭) स्तु, सू, धू, अञ्ज् ધાતુ પરસ્મૈપદમાં પાંચમાં પ્રકારમાં આવે.

### ★ ચતુર્થ પ્રકારના નિયમો ★

**પરસ્મૈપદી**

(૧) ધાતુના સ્વરની વૃદ્ધિ થાય. **દા.ત.** → 'कृ' → अकार्षीत् । 'नी' → अनैषीत् । 'रञ्ज्' → अरांक्षित् ।

(૨) ૨૪ વ્યંજન અને હ્રસ્વ સ્વર પછી 'स्त','स्थ'થી શરૂ થતા પ્રત્યયનો 'स्' લોપાય.
**દા.ત.** अहन् + स्तम् = अहतम् । अहन् + स्थाः = अहस्थाः

(૩) 'हन्'नो અનુનાસિક લોપાય. अहत (આત્મનેપદ)

(૪) कृष + सीत् = अकार्क्षीत् - अक्राक्षीत् રૂપ થાય.

**આત્મનેપદી**

૧. ધાતુના અંત્ય હ્રસ્વ/દીર્ઘ 'इ' - 'उ' નો ગુણ થાય. એ સિવાય ક્યાંય ગુણ ન થાય. અંત્ય દીર્ઘ ॠ નો 'इर्', 'उर्' થાય છે.

**દા.ત.** चि → चि + स्त = अचेष्ट । स्तॄ → स्तॄ + स्त = अस्तीर्ष्ट ।

૨. दा, धा અંગવાળા ધાતુ તથા 'स्था' ધાતુના અંત્ય સ્વરનો (= आ નો) 'इ' થાય અને ગુણ ન થાય.

**દા.ત.** सम + स्था = समस्थिषि । धा → अधिषि । दा → अदित ।

૩. गम् તથા उप + यम् માં વિકલ્પે અનુનાસિક લોપાય.

**દા.ત.** सम + गम् = समगंस्त / समगत । उप + यम् = उपायत / उपायंस्त

પરન્તુ उद् + यम् માં અવશ્ય લોપાય.

उद् + यम् → उदायत / उपायंस्त ।

૪. હ્રસ્વ સ્વર, અનુનાસિક કે र् પછી 'स्त' અને 'स्था' પ્રત્યયનો 'स्' લોપાય.

**દા.ત.** दा → अदित ।

૫. ધાતુના અંત્ય હ્રસ્વ ऋ નો તથા ઉપાંત્ય સ્વરનો ગુણ ન થાય.

**દા.ત.** 'भृ' → अभृष्ट । भिद् → अभित्त ।

૬. दीप्, जन्, बुध्, पुर्, ताय्, प्याय् ને વિકલ્પે અને पद् ને નિત્ય તૃતીય પુરુષ એકવચનમાં 'स्त' ના બદલે 'इ' લાગે. ત્યારે વૃદ્ધિનો નિયમ લાગે.

**દા.ત.** बुध् → अबोधि । पद् → अपादि ।

## પંચમ પ્રકારના નિયમ

**પરસ્મૈપદી** ૧. ધાતુના અંત્ય સ્વરની અને 'वद्', 'व्रज्' તથા 'र्', 'ल्' અંતવાળા ધાતુના ઉપાંત્ય अ ની વૃદ્ધિ થાય છે. **દા.ત.** लू → अलौ + ईत् = अलावीत् ।

वद् → अवादीत् । चर् → अचारीत् ।

૨. ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે. जागृ–श्वि માં અંત્ય પણ સ્વરનો ગુણ થાય છે. जागृ → अजागरीत् । कृत् → अकर्तीत् । बुध् → अबोधीत् ।

૩. र्, ल् સિવાયના વ્યંજનાન્ત, વ્યંજનાદિ ધાતુના ઉપાંત્ય अ ની વિકલ્પે વૃદ્ધિ.

**દા.ત.** गद् → अगदीत् – अगादीत् ।

**અપવાદ** – I ह्, म्, य् અંતવાળા તથા क्षण्, वध्, जन्, श्वस्, कुट्, हस्, चट्, चत्, चद्, पथ्, मथ्, ह्लस्, लग् આટલા ધાતુમાં વૃદ્ધિ ન થાય. वध् → अवधीत् ।

૪. ऊर्णु માં વિકલ્પે સ્વર ફેરફાર ન થાય. વિકલ્પે ગુણ/વૃદ્ધિ થાય.

**દા.ત.** और्णुविषम्, और्णाविषम्, और्णविषम् ।

## આત્મનેપદી

૧. અંત્ય સ્વરનો અને ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય.
'लू' → अलविष्ट । 'मुद्' → अमोदिष्ट ।

૨. 'दरिद्रा' નો આ વિકલ્પે લોપાય. अदरिद्रीत् । अदरिद्रासीत् ।

૩. दीप्, जन्, पूर्, प्याय्, ताय् ધાતુને વિકલ્પે હ્રસ્વ इ લાગે. ત્યારે વૃદ્ધિના નિયમ લાગે. **દા.ત.** दीप् → अदीपि – अदीपिष्ट ।

૪. तन्, मन्, वन्, सन्, क्षण्, क्षिण्, ऋण्, घृण्, तृण् (૮મા ગણના न्, ण् કારાંત) ધાતુઓનો અનુનાસિક દ્વિતીય / તૃતીય પુરુષ એકવચનના પ્રત્યય પૂર્વે વિકલ્પે લોપાય. અને તે 'इष्ठाः', 'इष्ट' પ્રત્યયના સ્થાને ક્રમશઃ 'थास्' – 'त' પ્રત્યય લાગે છે.
**દા.ત.** तन् → अतनिष्ठाः । अतथाः / अतनिषिष्ट / अतत ।

૫. ऊर्णु માં વિકલ્પે ગુણ થાય. और्णुविषि કે और्णविषि ।

### પ્રકાર - ૪ क्षुद् = ભુક્કો કરવો (7/U)

| પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| अक्षौत्सम् | अक्षौत्स्व | अक्षौत्स्म | अक्षुत्सि | अक्षुत्स्वहि | अक्षुत्स्महि |
| अक्षौत्सीः | अक्षौत्तम् | अक्षौत्त | अक्षुत्थाः | अक्षुत्साथाम् | अक्षुद्ध्वम् |
| अक्षौत्सीत् | अक्षौत्ताम् | अक्षौत्सुः | अक्षुत्त | अक्षुत्साताम् | अक्षुत्सत |

### ચોથા પ્રકારમાં કેટલાંક અનિયમિત રૂપો

| | | |
|---|---|---|
| क्री = अक्रैषीत्, अक्रैष्ट | जि = अजैषीत् | भुज् = अभौक्षीत् |
| तुद् = अतौत्सीत्, अतुत्त | भी = अभैषीत् | भुज् = अभुक्त |
| धृ = अधार्षित्, अधृत | आ+दृ = आदृत | सृ = असार्षीत् |
| भृ = अभार्षित्, अभृत | मृ = अमृत | स्मि = अस्मैष्ट |
| भ्रस्ज् = अभ्राक्षीत्, अभ्रष्ट | राध् = अरात्सीत् | हु = अहौषीत् |
| वे = अवासीत्, अवास्त | व्यध् = अव्यात्सीत् | ह्री = अह्रैषीत् |
| हृ = अहार्षीत्, अहृत | ह्वु = अह्वोष्ट | |

### પ્રકાર - ૫ क्षण् (8/U) = મારવું

| પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| अक्षणिषम् | अक्षणिष्व | अक्षणिष्म | अक्षणिषि | अक्षणिष्वहि | अक्षणिष्महि |
| अक्षणीः | अक्षणिष्टम् | अक्षणिष्ट | अक्षणिष्ठाः<br>अक्षथाः | अक्षणिषाथाम् | अक्षणिध्वम्<br>अक्षणिद्वम् |
| अक्षणीत् | अक्षणिष्टाम् | अक्षणिषुः | अक्षणिष्ट<br>अक्षत | अक्षणिषाताम् | अक्षणिषत |

## પાચમાં પ્રકારના અનિયમિત રૂપો

| | | | |
|---|---|---|---|
| अट्=आटीत् | ऋज्=आर्जिष्ट | जृ=अजारीत् | दृ=अदारीत् |
| अन्=आनीत् | कत्थ्=अकत्थिष्ट | दल्=अदालीत् | बाध्=अबाधिष्ट |
| उद+अद्=उदायिष्ट | प्रकाश्=प्राकाशिष्ट | दिव्=अदेवीत् | मृद्=अमर्दीत् |
| अर्च्=आर्चीत् | क्वथ्=अक्वथीत् | दीक्ष्=अदीक्षिष्ट | लू=अलावीत्, अलविष्ट |
| अर्ज्=आर्जीत् | गॄ=अगारीत् | दय=अदयिष्ट | शङ्क्=अशङ्किष्ट |
| इष्=ऐषीत् | कृत्=अकर्तीत् | नद्=अनदीत्, अनादीत् | पॄ=अपारीत् |
| ईक्ष्=ऐक्षीष्ट | ग्रन्थ=अग्रन्थीत् | पण्=अपणायीत् | प्री=अप्रैषीत्, अप्रैष्ठ |
| इन्ध्=ऐन्धिष्ट | चम्=अचमीत् | पृ=अपार्पीत | |
| उज्झ्=औज्झीत् | चल्=अचालीत् | पृच्=अपर्चीत् | |
| ऋ=आर्षीत् | जक्ष्=अजक्षीत् | | |

### ધાતુઓ

➤ **ગણ -૧ - પરસ્મૈપદ :-**

एज् = કંપવું [*To Tremble*]

उंह् = દુઃખ આપવું [*To Hurt*]

➤ **ગણ -૧ - આત્મનેપદ :-**

ईह् = વિચારવું, ઈચ્છવું [*To Think*]

कत्थ् = બડાઈ હાંકવી [*To Boast*]

➤ **ગણ-૧૦ - ઉભયપદ :-**

आ+कल् = જાણવું, વિચારવું [*To Know*] [*To Think*]

### શબ્દો

➤ **પુલ્લિંગ :-**

साधर्मिक = સમાન ધર્મવાળો [*Being of Same Religion*]

अनुराग = પ્રીતિ, વાત્સલ્ય [*Affection*]

दिनेश = સૂર્ય [*Sun*]

मिष्टभाव = મીઠો સ્વભાવ [*Sweet Nature*]

➤ **નપુંસકલિંગ :-**

शैत्य = શીતળતા [*Cold*]

श्रद्धान = શ્રદ્ધા [*Faith*]

तोय = પાણી [*Water*]

➤ **સ્ત્રીલિંગ :-**

प्रकृति = સ્વભાવ [*Nature*]

➤ **વિશેષણ :-**

उत्तम = શ્રેષ્ઠ, ઉત્તમ [*Excellent*]

### સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. युवां संस्कृतम् अपठिष्टम् ।
2. जिनो मां सङ्कटे अरक्षीत् ।
3. आचार्य: शिष्यमभणीत् - मा प्रमादं कुरु ।

4. सर्वे गणधराः तच्छिष्याश्चाऽव्यवादिषुः - अयं महावीर एव वीतरागः, स एव जिनः ।
5. ते महात्मानः स्वकर्माणि अधाक्षुः ।
6. तौ संसारं आटिष्टाम् ।
7. वयं सङ्घेन समं शत्रुञ्जयं प्रति अचालिष्म ।
8. जिनपूजा गुरौ भक्तिस्तत्त्वे श्रद्धानमुत्तमम् ।
साधर्मिकानुरागश्च सारमेतज्जिनागमे ॥
9. शैत्यं तोये चलनमनिले पावके दाहकत्वम्,
चन्द्रज्योत्स्नास्वमृतमयता द्योतकत्वं दिनेशे ।
काठिन्यञ्च प्रकृतिरुपले सज्जने मिष्टभावः,
तद्वज्जगति जनताजीविते चञ्चलत्वम् ॥

[2] **ગુજરાતીનું સંસ્કૃત કરો :-**

1. બે ગાયો જંગલમાં ચરી.
2. નમસ્કાર મહામંત્રના પ્રભાવે તે રાજા જીવ્યો.
3. પાર્શ્વનાથ ભગવાનને મેં જપ્યા.
4. ધન્ના અણગારે આયંબિલનો જ આહાર વાપર્યો [जिम्]
5. તેણે ગુરુની નિંદા કરી, તેના કડવા ફળ અત્યારે અનુભવે છે.
6. ચોવીસે તીર્થંકરોએ બધાં કર્મોને જીતી લીધાં.
7. હે મહાપુરુષો ! તમે ખરેખર સંસારને તરી ગયા.
8. તેનું શરીર ક્ષય પામ્યું પણ તેનો સંકલ્પ ક્ષય નથી પામ્યો.
9. તમે બેએ આદિનાથ ભગવાનની મૂર્તિ જોઈ, તમે બે ધન્ય થઈ ગયા.

[3] **રૂપ પૂરો :-** [તૃ. પુ. એ. વ.]

| | | |
|---|---|---|
| 1. रभ् - ____ | 2. श्वि - ____ | 3. धृ - ____ |
| 4. स्मि - ____ | 5. शंस् - ____ | 6. अर्ह् - ____ |
| 7. परा+अय् - ____ | 8. राज् - ____ | 9. याच् - ____ |

[4] **રૂપ પૂરો :-**

| 1. | | | |
|---|---|---|---|
| | ____ | ____ | ____ |
| | ____ | अमोदिषाथाम् | ____ |
| | ____ | ____ | ____ |

| 2. | | | |
|---|---|---|---|
| | अभाक्षम् | ____ | ____ |
| | ____ | ____ | ____ |
| | ____ | ____ | ____ |

| 3. | | | |
|---|---|---|---|
| | ____ | ____ | ____ |
| | ____ | ____ | ____ |
| | अगोपायीत् | ____ | ____ |

## પાઠ - ૩૪

# અદ્યતન ભૂતકાળ - [ Part - IV ]

### ષષ્ઠ પ્રકાર

આ પ્રકાર માત્ર પરસ્મૈપદી છે.

**પ્રત્યય**

| | | |
|---|---|---|
| सिषम् | सिष्व | सिष्म |
| सीः | सिष्टम् | सिष्ट |
| सीत् | सिष्टाम् | सिषुः |

**કેટલાક ધાતુના રૂપો**

✸ यम् - अयंसिषम्, अयंसिष्व - म.... ।
✸ नम् - अनंसिषम्, अनंसिष्व - म..... ।
✸ वि+रम् - व्यरंसिषम्, सिष्व -म... ।
✸ मि/मी - अमासिषम्, सिष्व - म... ।
✸ ली - अलासिषम्, सिष्व-म...। ✸ शो - अशासिषम्, सिष्व - म..।

### સપ્તમપ્રકાર

| પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| सम् | साव | साम | सि | सावहि | सामहि |
| सः | सतम् | सत | सथाः | साथाम् | सध्वम् |
| सत् | सताम् | सन् | सत | साताम् | सन्त |

1. दिह् - द्रुह् - लिह् - गुह् આત્મનેપદમાં હોય ત્યારે

A પ્રથમ પુરુષ દ્વિવચન B દ્વિતીય પુરુષ એકવચન/બહુવચન અને

C તૃતીય પુરુષ એકવચનના પ્રત્યયોમાંથી 'स' નો વિકલ્પે લોપ થાય.

**દા.ત.** 'दिह' → अधिक्षावहि અથવા अदिह्वहि । अधिक्षथाः । अदिग्धाः ।
अदिक्षध्वम् / अधिग्ध्वम् । अधिक्षत / अदिग्ध ।

### અદ્યતન કર્મણિ

૧. તમામ ધાતુના રૂપો માત્ર ચોથા, પાંચમા અને સાતમા પ્રકારમાં થાય.

સાતમા પ્રકારના ધાતુ માટે સાતમો પ્રકાર. બાકીના અનિટ્ ધાતુ માટે ચોથો પ્રકાર અને સેટ્ ધાતુ માટે પાંચમો પ્રકાર. આ બધામાં આત્મનેપદ રૂપ એ જ અદ્યતન કર્મણિ રૂપ.

૨. તૃતીય પુરુષ એકવચનમાં માત્ર 'इ' પ્રત્યય લાગે ત્યારે A. ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય અને અંત્ય સ્વર તથા ઉપાંત્ય 'अ' ની વૃદ્ધિ થાય.

**દા.ત.** 'तुद्' → अतोदि । 'पठ्' → अपाठि ।

<u>**અપવાદ**</u> :- कम्, चम्, आ + चम्, रम्, नम्, गम्, वम् આટલા ધાતુને છોડીને 'अम्' અંતવાળા તથા बध्, जन् ધાતુમાં ગુણ વૃદ્ધિ ન થાય.

**દા.ત.** 'कम्' નું अकामि । जन् → अजनि । क्षम् → अक्षमि ।

B आ કારાંત અંગવાળા ધાતુમાં 'य' ઉમેરાય. **દા.ત.** पा → अपायि ।

C દસમા ગણમાં ગુણ-વૃદ્ધિ થાય પણ ગણની નિશાની ન લાગે.
**દા.ત.** चुर् → अचोरि । पीड् → अपीडि ।

૩. કેટલાક ધાતુના રૂપો :–
गुप् → अगोपि → अगोपायि । मृज् → अमार्जि । इ → अगायि ।
अधि + इ → अध्यायि / अध्यगायि । हन् → अघानि ।

**રૂપો :-** **છટ્ઠો પ્રકાર**

| **घ्रा = સૂંઘવું** | | | **नम् = નમવું** | | |
|---|---|---|---|---|---|
| अघ्रासिषम् | अघ्रासिष्व | अघ्रासिष्म | अनंसिषम् | अनंसिष्व | अनंसिष्म |
| अघ्रासीः | अघ्रासिष्टम् | अघ्रासिष्ट | अनंसीः | अनंसिष्टम् | अनंसिष्ट |
| अघ्रासीत् | अघ्रासिष्टाम् | अघ्रासिषुः | अनंसीत् | अनंसिष्टाम् | अनंसिषुः |

**સાતમો પ્રકાર**

**कृष् = ખેડવું**

| **પરસ્મૈપદ** | | | **આત્મનેપદ** | | |
|---|---|---|---|---|---|
| अकृक्षम् | अकृक्षाव | अकृक्षाम | अकृक्षि | अकृक्षावहि | अकृक्षामहि |
| अकृक्षः | अकृक्षतम् | अकृक्षत | अकृक्षथाः | अकृक्षाथाम् | अकृक्षध्वम् |
| अकृक्षत् | अकृक्षताम् | अकृक्षन् | अकृक्षत | अकृक्षाताम् | अकृक्षन्त |

**તૃ પુ. એ. વ. માં કેટલાક રૂપો**

क्रुश् = अक्रुक्षत्
गृह् = अघृक्षत
क्लिश् = अक्लिक्षत्
दिश् = अदिक्षत्
गुह् = अघुक्षत्, अघुक्षत, अगूढ

दुह् = अधुक्षत्, अदुग्धाः, अधुक्षत
दिह् = अधिक्ष, अधिक्षत, अदिग्ध
लिह् = अलिक्षत्, अलिक्षत, अलीढ

**ધાતુઓ**

➤ **ગણ -૧૦- ઉભયપદ :-**
वि+रज् = વિરાગી થવું, ઉદ્વિગ્ન થવું [*To Be Detached*]

**શબ્દો**

➤ **પુલ્લિંગ :-**
कुक्कुट = કૂકડો [*Hen*]
कीट = કીડા [*Worms*]

उद्यान = બગીચો [*Garden*]
राजर्षि = રાજા થઈ ઋષિ થયેલ [*Monk*]

मानतुङ्ग = માનતુંગસૂરિ
देशान्तर = બીજો દેશ [Foreign Country]

➤ **સ્ત્રીલિંગ :-**

लीला = રમત [Game]
क्षुधा = ભૂખ [Hunger]

➤ **નપુંસકલિંગ :-**

हर्षण = હર્ષ [Pleasure]
भक्तामरस्तोत्र = ભક્તામર સ્તોત્ર
निगड = બેડી [Fetter]
शिखर = શિખર [Peak]
भस्मन् = ભસ્મ ['कर्मन्' પ્રમાણે ૩૫] [Ashes]
व्याकरण = વ્યાકરણ [Grammar]

➤ **વિશેષણ :-**

आतुर = પીડિત [Diseased]
व्याधित = રોગી [Sick]
क्षुधित = ભૂખ્યું [Hungry]
कर्कश = કર્કશ [Rough]

➤ **અવ્યય :-**

ध्रुवम् = ચોક્કસ [Difinite]

## સ્વાધ્યાય

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. उद्याने कमलादीनि पुष्पाणि अघ्रासिष्म ।
2. भक्तामरस्तोत्रेण लीलया मानतुङ्गाचार्यो निगडान्यच्छासीत् ।
3. अधुना जातं जिनमभ्यसिक्षत देवाः मेरुशिखरे ।
4. लक्ष्म्याः प्राभृत्येऽपि स्वीयं भाग्यं परीक्षितुं देशान्तरे क्षितिप्रतिष्ठितं पुरमगात् ।
5. दध्यौ चैवं स राजर्षिरहो तेषां कुमन्त्रिणाम् ।
   सन्मानो यो मयाऽकारि स भस्मनि हुतं ध्रुवम् ॥
6. विरज्यते परिवारो नित्यं कर्कशभाषया ।
   परिवारे विरक्ते तु प्रभुत्वं हीयते नृणाम् ।
7. भीतेभ्यश्चाभयं दानम्, व्याधितेभ्यस्तथौषधम् ।
   देया विद्यार्थिनां विद्या, देयमन्नं क्षुधातुरे ॥
8. विपद्यपि गताः सन्तः, पापकर्म न कुर्वते ।
   हंसः कुक्कुटवत्कीटानत्ति किं क्षुधितोऽपि हि ॥
9. भवितव्यं भवत्येव, कर्मणामीदृशी गतिः ।
   विपत्तौ किं विषादेन, संपत्तौ हर्षणेन किम् ॥

**[2] ગુજરાતીનું સંસ્કૃત કરો :-**

1. તમે બન્નેએ કિલ્લાને ઘેરો ઘાલ્યો.
2. તેણે સાકરનો ભૂક્કો કર્યો.

3. તેણે પોતાના કર્મોને છેદ્યા.
4. મેં તેને ધર્મ કહ્યો, તેણે સ્વીકાર્યો પણ.
5. ભગવાન મહાવીરની કાંતિ અત્યંત દીપતી હતી.
6. મેં સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ કર્યો હતો.
7. અમે બે રાજગૃહી નગર ગયા હતા.
8. હે રામ ! જેમ ખલ પુરુષોની વાણીથી તમે મને છોડી, તેમ ભગવાને કહેલા ધર્મને છોડતા નહીં.
9. આ રીતે અમારું સંસ્કૃત પૂરું થયું.

[3] **રૂપ લખો :-** [અ. ભૂ. તૃ. પુ. એ. વે.]

| | | |
|---|---|---|
| 1. ज्वल् - ____ | 2. धि - ____ | 3. धु - ____ |
| 4. धा - ____ | 5. दुह् - ____ | 6. लिह् - ____ |
| 7. द्विष् - ____ | 8. जक्ष् - ____ | 9. रिच् - ____ |

[4] **રૂપ ઓળખાવો :-**

| નં. | રૂપ | મૂળધાતુ | અર્થ | પુરુષ | વચન | બાકીના બે રૂપ |
|---|---|---|---|---|---|---|
| 1. | असेविष्ठाः | | | | | |
| 2. | अस्वादिषाथाम् | | | | | |
| 3. | अगूहिषत | | | | | |
| 4. | अयाचिषत | | | | | |
| 5. | आर्जिष्व | | | | | |
| 6. | अलषिष्वहि | | | | | |
| 7. | अबोधिषम् | | | | | |
| 8. | अभ्रमिषुः | | | | | |
| 9. | अजृम्भिष्ट | | | | | |

[5] **રૂપ પૂરો :-**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1. | ____ | ____ | ____ | 2. | ____ | ____ | ____ |
| | अश्रौषीः | ____ | ____ | | अवथाः | ____ | ____ |
| | ____ | ____ | ____ | | ____ | ____ | ____ |

OOO

# સંસ્કૃત-ગુજરાતી કોશ

अक्षरशः = શબ્દે શબ્દ [9]*
अक्षि = આંખ [6]
अक्ष् = વ્યાપવું, ફેલાવવું [1]
अगार = ઘર [8]
अग्रज = મોટાભાઈ [24]
अङ्क = ખોળો [10]
अङ्ग = અંગ, અવયવ [8]
अङ्गी+कृ = અંગીકાર કરવો [3]
अङ्गुष्ठ = અંગુઠો [26]
अचेतन = અજીવ [12]
अजा = બકરી [26]
अञ्ज् = ચોપડવું, આંજવું [8]
अणु = પરમાણુ [30]
अतः परम् = આના પછી [15]
अतिरिक्त = જૂદું [28]
अतिशय = ઘણું, લબ્ધિ [21]
अति+शी = ચઢીયાતા થવું [10]
अथ = હવે [8]
अदृष्टमूलपर्यन्त = અનન્ત [28]
अद् = ખાવું [12]
अद्भुत = અદ્‌ભુત [24]
अद्यप्रभृति = આજથી માંડીને [9]
अद्ययावत् = આજ સુધી [23]
अधि+इ = ભણવું [10]
अधिकार = હોદ્દો, હક [9]
अनडुह् = બળદ [6]
अनर्थक = નિરર્થક [27]

अनीक = સૈન્ય [16]
अनुक्रोश = પશ્ચાત્તાપ [11]
अनु + गम् = અનુસરવું [29]
अनुचर = દાસ [25]
अनुज = નાનો ભાઈ [27]
अनु+ज्ञा = અનુજ્ઞા આપવી [6]
अनु+युज् = પૂછવું [9]
अनुराग = પ્રીતિ [33]
अनुरूप = યોગ્ય [16]
अनुशासन = નિયમન કરવું [18]
